# લોકગુર્જરી

## સળંગ અંક : છત્રીસ

**(ત્રૈમાસિક : ચોથું વર્ષ, પહેલો અંક, જૂન-૨૦૧૫)**


: સંપાદક :

**ડૉ. બળવંત જાની**



**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*

*રાજકોટ-૫*

**'Lok Gurjari-36'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રકાશન : ચોથું વર્ષ. પહેલો અંક : જૂન-૨૦૧૫

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૩૪=૧૪૪

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

આવરણ : વિક્રમ ચૌધરી

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫
E-mail : a.k.rohadia@gmail.com

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩
E-mail : krishnagraphics1980@yahoo.co.in

# સંપાદકીય.....

## વનવાસી-આદિવાસી લોકસાહિત્ય સંપાદન : તપ અને તેજ

શાંતિભાઈ આચાર્ય વિશેની સંપાદકીય નોંધ વાંચીને ઘણાં મિત્રો-વિદ્યાર્થીઓ સંશોધકોના ફોન આવેલા. આદિવાસી સાહિત્ય વિશેના એમના શાસ્ત્રીય અભિગમથી થયેલા કાર્ય સંદર્ભે કેટલાક મિત્રો પૂર્વસ્થિતિથી અને પુરોગામીઓ દ્વારા થયેલા સંશોધનથી પણ પરિચિત થવા માગતા હતા. મેં એમને ડૉ. હસુ યાજ્ઞિકનો ગ્રંથ 'ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ' સૂચવેલો. શાંતિભાઈ પૂર્વેના, તડવી દંપતિ અને શાંતિભાઈના સમકાલીન, ડૉ. જયાનંદ જોશી. આ ત્રણેયના કાર્યની મહત્તા ઘણી છે. એ અભ્યાસીઓના ધ્યાનમાં આવેલી જોઈએ. કેવા-કેવા સંન્નિષ્ઠ અભ્યાસી સંશોધકોએ લોકસાહિત્યમાળાના મણકાના માધ્યમથી કેટલું મહત્ત્વનું સાહિત્ય સંપડાવ્યું છે એનો એક આછો પરિચય પ્રસ્તુત કરવો મને આવશ્યક જણાય છે. અનુકૂળતાએ જયાનંદ જોશી, ભગવાનદાસ પટેલ વગેરેના કાર્યનો ખરો પરિચય કરાવવાની પણ ઈપ્સા છે.

* * *

વનવાસી પ્રજાના લોકસાહિત્યના સંપાદનની ઊજળી પરંપરા છે. આપણે લોકસાહિત્યના અભ્યાસમાં આદિવાસી પ્રજાના વનવાસી લોકસાહિત્યને બહુ અવલોક્યું નથી. ડૉ. હસુ યાજ્ઞિકે 'ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ' (ઈ.સ. ૨૦૧૧) પ્રકાશિત કર્યો. મારા માટે તો એ ગ્રંથ હાથપોથી સમાન છે. પ્રસંગોપાત એમાંથી પસાર થતો હોઉં છું. એના વિશે સુદીર્ઘ સમીક્ષાલેખ પણ તૈયાર કર્યો છે. એમાંથી પસાર થતાં હમણાં ખ્યાલ આવ્યો કે આ ઈ.સ. ૨૦૧૫નું વર્ષ નાથજી મહેશ્વર પાઠક સંપાદિત અભ્યાસગ્રંથ 'ભીલોનાં ગીત' નું શતાબ્દિવર્ષ છે. ગુજરાતની વનવાસી પ્રજાના સાહિત્યના સંપાદનનો આરંભ દક્ષિણ ગુજરાતના આદિવાસી સાહિત્યથી થયો ગણાય છે. વ્યવસ્થિત રીતે શાસ્ત્રીય પદ્ધતિથી એમણે આદિવાસી સહાયક કલજી પૂનાજીની મદદથી ભીલીગીતોનું સંપાદન તૈયાર કરેલું. એમને માર્ગદર્શક રૂપ અંગ્રેજ અમલદાર આર.બી. યૂકેબ હતા. તેઓ એ સમયે રેવાકાંઠાના બોર્ડર કોર્ટના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ હતા. અને શ્રી નાથજી મહેશ્વર પાઠક ડુંગરપુરા તાબાના ચિકલીમાં પ્રાથમિક શિક્ષક હતા. કુલ અડસઠ જેટલા ગીતો એમની બોલીમાં અર્થ સાથે સંપાદિત કર્યા છે. વિવિધ વિધિ-વિધાનો સાથે સંકળાયેલા આ ગીતો સાથેના સંદર્ભો પણ એમણે સમજાવ્યા છે. એમના પછી બીજું ભારે મહત્ત્વનું દસ્તાવેજી આધારવાળું કાર્ય રણજીતરામ વાવાભાઈએ પ્રકાશિત કર્યું. એમણે ૧૯૦૫માં લોકગીત વિશે નિબંધ રજૂ કરીને અભ્યાસીઓ સમક્ષ આદિવાસી ધારાનો નિર્દેશ કરેલો. પણ ઈ.સ. ૧૯૨૨માં એમણે પ્રકાશિત થયેલો સંપાદન ગ્રંથ 'લોકગીત' ખૂબ જ મહત્ત્વનો છે. એમાં ૧૩૪ જેટલા ગુજરાતી લોકગીતો સાથે વનવાસી આદિવાસી, દૂબળા સમાજમાં પ્રચલિત થોડાં પરંપરિત ગીતો પણ સંપાદિત કરીને મૂક્યા.

નાથજી મહેશ્વર પાઠકે શિક્ષક તરીકેની કામગીરી સાથે દક્ષિણ ગુજરાતની વનવાસી પ્રજાનું આખું સાહિત્ય એકત્ર કરેલું. એમના બન્ને સુપૂત્રો મનસુખરામ પાઠક અને રતિલાલ નાથજી પાઠક તરફથી પણ દક્ષિણ ગુજરાતની વનવાસી-આદિવાસી પ્રજાનું ઘણું સાહિત્ય ગુજરાતી 'લોકસાહિત્યમાળા'ના વિવિધ મણકા દ્વારા પ્રાપ્ત થતું રહેલું. એમની સાથે લાલચંદ નીનામા, શંકરભાઈ તડવી, રેવાબહેન તડવી, વાડિલાલ ઠક્કરના પ્રદાનનું પણ ઘણું મુલ્ય છે. આપણને ખ્યાલ છેકે લોકસાહિત્યની માફક વનવાસી પ્રજાના સાહિત્યનું સંકલન પણ અંગ્રેજ વહિવટી અધિકારી વિદ્વાનો દ્વારા આરંભાયેલું. એમાં જ્યોર્જ ગ્રિયર્સનનું પાયાનું પ્રદાન છે. જેમ્સ ફોર્બસ, ફાર્બસ એક્લેઝાન્ડર કિન્લોક, ડૉ. બ્હૂલર ઈત્યાદિ દ્વારા ઘણું સાહિત્ય સંપાદિત થયું ગણાય છે. આ બધા અંગ્રેજ અમલદારો અને પારસી વિદ્વાનોના સંપાદનોમાં પણ આદિવાસી સાહિત્ય સંપાદિત થયેલું પરંતુ આપણાં ગુજરાતી લોકસાહિત્યના અભ્યાસમાં આદિવાસી-વનવાસી લોકસાહિત્ય પરંપરાની આગવી પ્રકૃતિ, વિષયસામગ્રી તથા અનોખા ઢાળ-ઢંગની બહુ ચર્ચા થઈ નહીં.

દક્ષિણ ગુજરાત ઉપરાંત પછીથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતનું વનવાસી પ્રજાનું સાહિત્ય પણ ક્રમશઃ 'ગુજરાતી લોકસાહિત્યમાળા'ના વિવિધ મણકામાં પ્રકાશિત થતું રહ્યું. જેમાં કાન્તાબહેન ભગત, ડાહ્યાભાઈ ચૌધરી, ઘેલુભાઈ નાયક, ગણપતભાઈ પીપલીગવાળા, ચંદ્રશોભા દેશમુખ, ઈન્દુશંકર રાવળના કાર્યનું ભારે મહત્ત્વ છે એ બધું વિગતે પ્રમાણવાનું બાકી છે. એમણે ક્ષેત્રકાર્ય દ્વારા મેળવેલ, એમની લાક્ષણિક વિધિ-વિધાનોનો પરિચય કરાવીને અધિકૃત પ્રકારનું લોક ગીત અને કથાસાહિત્ય પ્રાપ્ત થયું એ મહત્ત્વની ઘટના છે જો કે ડૉ. હસુ યાજ્ઞિક દ્વારા મૂલ્યાંકનલક્ષી વિધાન-તારણો, સાહિત્યિક વિષયસામગ્રીના નાવિન્યની વિગતો એમના ઇતિહાસમાં જણાવી છે. પરંતુ આરંભકાલીન સંપાદનોના સ્વરૂપની, મૂલ્યાંકનની વિવિધ વિગતો પૃથ્થકકરણાત્મક રીતે આલોચના કરવા માટે કોઈએ ઉદ્યુક્ત થવું જોઈશે.

* * *

આ બધા વિદ્વાનો પછી બીજા પણ મહત્ત્વના થોડા નામો છે એમાં મોડાસાના એલ.ડી. જોશી દ્વારા આદિવાસી સ્ત્રોતના 'ગલાલેંગ' નામનાં દીર્ઘસ્વરૂપના કથાકાવ્યનું સંપાદન તૈયાર કરેલું એની હસુભાઈ સિવાય કોઈએ નોંધ પણ લગભગ નથી લીધી. એ જ રીતે રાજના છેલિયાને શાસ્ત્રીય રીતે સંપાદિત કરનારા ડૉ. જયાનંદ જોશીના કાર્યનો પણ વિગતે અભ્યાસ થવો જોઈએ. એમના પછી ભારે શાસ્ત્રીય અભિગમયી, દૃષ્ટિબિંદુથી ડૉ. શાંતિભાઈ આચાર્ય દ્વારા થયેલા સાબરકાંઠાની ભીલી વાર્તાઓ, હેંડો વાત માંડીએ', 'લવઘણાની વાર્તા', 'ગુજરાનો અરેલો', 'કુંકણાકથા', 'દેવકનસરીની કથા', અને 'અમે બોલીઓ છીએ' જેવા સાતેક સંપાદનો, વનવાસી પ્રજાની બોલીનું શાસ્ત્રીય લિપ્યંતરણ, અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ, કથા પરિચય, તુલનાત્મક અભિગમ અને મોટિફકેન્દ્રી તથા ભાષારૂપલક્ષી એમ ત્રિવિધ પ્રકારના અભ્યાસથી થયેલા સંપાદનો ગુજરાતી આદિવાસી સાહિત્યનું ગૌરીશંકર શિખર છે. ગુણવત્તાની દૃષ્ટિએ એને આજ સુધી કોઈ આંબી શક્યું નથી. એટલે ડૉ. હસુભાઈ સમુચિત રીતે શાંતિભાઈના આદિવાસી લોકસાહિત્યિક સંશોધનોને 'પહેલી જ શાસ્ત્રીય સંપાદનની નવી કેડી કંડારનારા' સંપાદક તરીકે ઓળખાવ્યા છે.

* * *

પરંતુ આ બધાની વચ્ચે ભારે મહત્ત્વનું પાયાનું પ્રદાન કરનારા તડવી દંપતિના કાર્યને જો પહેલવહેલું વિગતે કોઈએ તપાસ્યું હોય તો એ છે ડૉ. જયાનંદ જોશી અને ડૉ. હસુ યાજ્ઞિક.



ગુજરાતની વનવાસી પ્રજાના કંઠસ્થપરંપરાના સાહિત્યને ક્ષેત્રકાર્ય દ્વારા એકત્ર કરીને, એનું અર્થઘટન અને આસ્વાદ કરાવીને બૃહદ્ ગુજરાતને એ પ્રજાના સાહિત્યની રિદ્ધિ-સિદ્ધિનો વિપુલ માત્રામાં પ્રકાશિત કરીને પરિચય કરાવનારા મહત્ત્વના અને મોટાગજાના સંશોધક-સંપાદક દંપતિ શંકરભાઈ અને રેવાબહેન તડવીના પ્રદાનને ડૉ. હસુ યાજ્ઞિકે બહુ સાચી રીતે મૂલવેલ છે. એમના 'ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ' (૨૦૧૧) ને આધારે આ દંપતિના કાર્યનો આપણને ખરો ખ્યાલ, પુરો હિસાબ પ્રાપ્ત થાય છે.

અમે ઈ.સ. ૨૦૦૨માં 'અખિલ ભારતીય સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે સુબ્બીર-શબરીધામ મુકામે મોરારિબાપુની કથા સમયે રેવાબહેનનું, ભગવાનદાસનું અને આર. ચિતારનું વનવાસી પ્રજાની સંવેદનાને, સાહિત્ય અને ચિત્રના માધ્યમથી ઉદ્ઘાટિત કરનારા સારસ્વત તરીકે મોરારિબાપુ અને સ્વામી અસિમાનંદજીના શુભ હસ્તે સન્માનિત કરેલા. ત્યારે ભૂમિકામાં મેં કહેલું કે ગુજરાતમાં વનવાસી પ્રજાના સાહિત્યને સંપાદિત કરવાના પ્રારંભિક પ્રયાસોમાં મોટું નામ રેવાબહેન અને શંકરભાઈનું છે.

શંકરભાઈ સોમાભાઈ તડવી (જ. ૧૨-૪-૧૯૨૭, અવ. ૬-૧૧-૨૦૦૭). ૧૯૫૪ થી એટલે કે ૨૭ વર્ષની ઉંમરથી તેમણે આદિવાસી લોકસાહિત્યનું સંપાદનકાર્ય આરંભેલું તે ૧૯૯૯ સુધી અવિરતપણે ૪૫ વર્ષ સુધી સતત ચાલતું રહ્યું. રેવાબહેન તડવી (જ. ૨૫-૧૨-૧૯૨૯) પિતાનું નામ કાળાભાઈ અને માતુશ્રીનું નામ રાણકીબહેન. મૂળ વતન સંખેડા તાલુકાનું ભદ્રાલી ગામ. પાંચ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ સૂર્યાત્રાળમાંથી પ્રાપ્ત કરેલું. ઈ.સ. ૧૯૪૮માં એમનું લગ્ન શંકરભાઈ તડવી સાથે થયેલું. ૧૯૫૭ થી ૨૦૦૭ સુધી અર્થાત્ પચાસ વર્ષ  સુધી લેખન-પ્રકાશન કરતાં રહ્યા છે.

શંકરભાઈ તડવીનું પિતાશ્રીના નામ સોમાભાઈ અને માતુશ્રીનું નામ જીતાબહેન. મૂળ વતન સંખેડા તાલુકાનું ગરડા ગામ. ઈ.સ. ૧૯૪૬ થી પોચંબામાંથી પ્રાથમિક શિક્ષક તરીકેની કારકિર્દી શરૂ કરેલી. વાચન-લેખન અને અભ્યાસનો ઊંડો શોખ હોવાને કારણે ગુજરાતી સાહિત્યના-લોકસાહિત્યના ગ્રંથો, શિક્ષણકાર્ય ઉપરાંત વાંચતા-વસાવતા રહ્યા, તેઓ બન્ને 'લોકસાહિત્યમાળાના' (ક્રમાંક ચાર-પાંચને બાદ કરતા) લગભગ તમામ મણકામાં ક્ષેત્રકાર્ય આધારીત મધ્યગુજરાત વિસ્તારના રાઠવા, નાયકા, તડવી, પાલ સંસ્કૃતિ અને સાહિત્યને

સંપાદિત કરતા રહ્યા.

શંકરભાઈનું કેટલુંક સ્વતંત્ર અને કેટલુંક સંપાદનકાર્ય રેવાબહેન સાથે સહિયારું થતું રહ્યું. એ બન્નેના કાર્ય વિશે હરેન્દ્ર ભટ્ટે, ભગવાનદાસ પટેલે અને જયાનંદ જોશીએ પોતાના પ્રતિભાવો આલેખ્યા છે, પણ આદિવાસી સાહિત્યના ગુજરાતના સંપાદન સંશોધન, ઇતિહાસમાં ડૉ. હસુ યાજ્ઞિકે એક આખું પ્રકરણ આલેખ્યું છે, તેમજ મણકામાં પ્રસિદ્ધ થયેલી સામગ્રી વિશે પણ ભારે વિશદ્ રીતે પરિચય કરાવતા લખ્યું કે તેઓ આદિવાસી ભાષાના પુરા જાણીતા. છતાં સમુચિત માહિતીદાતા પાસેથી સાહિત્ય મેળવે, એનો નામોલ્લેખ જ નહીં, પુરો પરિચય પણ આપે. ડૉ. હસુભાઈ આગળ ઉપર લખે છે કે 'શંકરભાઈ અને રેવાબહેન તડવીનું મોટાભાગનું આદિવાસી લોકસાહિત્ય ગુજરાતી 'લોકસાહિત્યમાળા'ના મણકા ક્રમાંક ૧,૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૧૪ માં મુદ્રિત થયેલ છે.' એમના આદિવાસી લોકવિદ્યા, લોકકથા અને લોકગીતો તથા લઘુરચનાઓ પ્રકારની કૃતિઓના સંપાદનોમાં 'લાલકુંવર અને હીરા કુંવરી' (૧૯૬૯) 'મેવાસાની લોકકથા' (૧૯૭૪) પ્રસિદ્ધ છે. અહીં ઠગકથા, કહેવતકથા, ઇતિહાસકથા, વિનોદકથા જેવા નવેક પ્રકારની લોકકથાઓનું વર્ગીકરણ દર્શાવ્યું છે. મોટિફ તારવેલા છે. પોતાની રીતે પુનઃ કથન કર્યું છે એમાં અહીં બોલીનું રૂપ જળવાયું છે. કશું ઉમેરણ કે રંજન-વર્ણન અહીં ઉમેરણ રૂપે ન હોઈને સાંભળેલી કથા મૂળ રૂપે રંગે એમના દ્વારા પ્રાપ્ત થતી હોઈ એનું મૂલ્ય છે. 'નીંદણાંના ગીતો' (૧૯૭૪) તડવી લગ્નગીતો અને વિધિઓ' (૧૯૮૧), 'કેસૂડાં કામણગારા' (૧૯૮૩), પરદેશી પરણનો' (૧૯૮૪) લગ્નપત્રિકા (૧૯૮૭)માં સંપાદિત થયેલા ગીતો રેવાબહેનને કંઠસ્થ હતા, કેટલાક મેળવ્યા. એના વિધિવિધાન સમજાવ્યા. અર્થ પણ આપ્યા હોઈને તથા બોલીના શબ્દો જળવાયા છે તથા ઢાળ સૂચવાયા, એ મોટું પ્રદાન ગણાશે. 'મેવાસાની લોકસંસ્કૃતિ' (૧૯૭૪), 'પાલના રાઠવા' (૧૯૭૭), 'આદિવાસી લોકનૃત્યો' (૧૯૭૯), 'આદિવાસી કલાવારસો' (૧૯૭૯), 'આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય' (૧૯૮૩), 'આદિવાસી લોકમેળા' (૧૯૮૬), 'પાલની લગ્નવિધિ' (૧૯૮૬) આદિવાસી છૂંદણાં' (૧૯૯૦), લોકવિદ્યાવિજ્ઞાનને લગતી લગભગ મહત્ત્વની તમામ બાબતો અહીં આ વિદ્યા કે સિદ્ધાન્તથી અનભિજ્ઞ અભ્યાસીએ વણી લીધી એ એમની કોઠાસૂઝનું સુંદર પરિણામ છે. લોકવિદ્યાકીય અભ્યાસોમાંથી જાતિની માહિતી આપતું પુસ્તક કેવું હોય, એમાં સમાજશાસ્ત્ર, અને ભાષાશાસ્ત્રના પણ કેટલા અંગોનો સમાવેશ થવો જોઈએ એનું આદર્શ માળખું અહીં દૃષ્ટિગોચર થાય છે. આદિવાસી જાતિનું



લોકવિદ્યાનું પ્રથમ પગલું પણ ભારે શાસ્ત્રીય, સર્વસામગ્રીનો સમાવેશ અને ચિત્રો, રેખાંકનો માટે જ્યોતિ ભટ્ટ જેવા તજ્જ્ઞની સહાય લેવાનું વલણ એમની અભ્યાસી દૃષ્ટિનું પરિચાયક છે.

એમના લોકવિદ્યાકીય અભ્યાસગ્રંથો સંદર્ભે ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે કે 'લોકવિદ્યાકીય અભ્યાસમાં જેટલા મહત્ત્વના અંગોનો સમાવેશ થાય છે તે બધા જ એમના પુસ્તકોમાં સમાવિષ્ટ છે. લોકવિદ્યાકીય દૃષ્ટિએ જાતિ વિશેષ પરનું આવું બીજું પુસ્તક લખાયેલું જાણમાં નથી' (પૃ. ૧૭૧). આમ તડવી દંપતીએ આદિવાસી કંઠપ્રવાહના સંપાદન સાથે જ સંશોધન અભ્યાસના પણ પ્રારંભના સીમાસ્તંભ' (પૃ. ૧૭૨).

રેવાબહેનના ઘણાં સંપાદનો શંકરભાઈ સાથે સહિયારા છે. કેટલાંક સંપાદનો એમના સ્વતંત્ર પણ છે. એમાં લોકગીતોના સંપાદનોમાં 'રાધાગોરીને કહાન કાળો' (૧૯૮૫), 'મૂછો એ માળો' (૧૯૮૭), 'ચૈતરે ચંપો મોરિયો' (૧૯૮૮), 'સહેલી રે આંબો મહોરિયો' (૧૯૮૯), 'સાગની સોટી સીસમની ડોડી' (૨૦૦૧), 'ઝમ્મ ઝાંઝરિયું રે' જેવા આદિવાસી લોકગીતો, લગ્નગીતો, ફટાણા અને અન્ય પ્રકારના ગીતો, સંપાદિત કર્યા, રીતરિવાજો-વિધિ-વિધાનો અને અર્થ, મર્મ-ધ્વનિ સમજાવ્યા એ એમની લોકસાંસ્કૃતિક સૂઝનું દ્યોતક છે.

તડવી દંપતિના લોકકથા. લોકગીત સંપાદન સંદર્ભે ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે કે 'અહીં lore of place, Field, person, Cave and road પહેલી જ વખત ચર્ચામાં છે. લોકમંત્ર Secret lore નો પણ અહીં આરંભ છે.' (પૃષ્ઠ ૧૬૨) એ રીતે તડવી દંપતીનું કાર્ય 'ગુજરાતની આદિવાસી કંઠપરંપરાના સંપાદન, સંશોધન અને લોકવિદ્યાકીય અભ્યાસના પાયાની પ્રથમ ઈંટ જ નહીં પરંતુ એનો મજબૂત પાયો બાંધી સાતત્યપૂર્ણ કાર્યથી આ માર્ગનો પ્રથમ જ સીમાસ્તંભ હોય તો તે છે શંકરભાઈ અને રેવાબહેન તડવી. (પૃષ્ઠ ૧૫૬)

તડવી દંપતિની મોટી વિશિષ્ટતા એ છે કે તેમણે ભાયાણી, સાંડેસરા, કે.કા., હસુભાઈ, શાંતિભાઈ જેવા વિદ્વાનોની સંગત રાખેલી. આ કારણથી એમના લોકવિદ્યાકીય કાર્યોમાં ઊંડાણ ભળ્યું. આલોચના અને અર્થઘટન ભળયા. ભગવાનદાસનું કાર્ય ઘણું, વિપુલ પણ એમાં આગળના ભાગે કૃતિસંદર્ભે વિશ્લેષણ, વિવરણ, તુલના વગેરે વિગત સ્થાન પામેલ દૃષ્ટિગોચર થતી નથી. તેથી મેં ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે વિવિધ વિદ્વાનો પાસે ઊંડા અભ્યાસ અને તુલનાત્મક તથા મોટિફકેન્દ્રી અભ્યાસલેખો તૈયાર કરાવ્યા. એ સ્વાધ્યાયને મેં

'વનસ્વર' અને ડૉ. હસુભાઈએ ભીલી સાહિત્ય એમ બે ગ્રંથો એમના સંપાદનમાં પૂર્તિરૂપે તૈયાર કર્યા. એમાં પંદર-વીસ અભ્યાસીઓના લેખો તૈયાર કરીને મુકેલા. મેં એમના અને અન્યના આદિવાસી લોકગીતોને આધારે 'આદિવાસી લોકગીત'નું સ્વરૂપ ચર્ચીને એની સ્વાયત મુદ્દા આલેખી તથા ડૉ. હસુ યાજ્ઞિકે લોકમહાકાવ્યનું સ્વરૂપ સિદ્ધાન્તલક્ષી પાસાઓ તારવ્યા. હવેથી ભગવાનદાસના તે-તે ગ્રંથોના આરંભે પુનઃ પ્રકાશન સમયે એ લેખો મુદ્રિત કરીને અભ્યાસીઓને હાથવગા કરાવવા જોઈએ. કે જેથી અભ્યાસીઓને સ્વાધ્યાય-વિશ્લેષણ સામગ્રી પણ રચનાકૃતિ સાથે જ સુલભ થઈ રહે. ડૉ. હસુભાઈએ શાંતિભાઈ અને ભગવાનદાસ સંપાદિત લોકમહાકાવ્યોમાંથી તારવેલા કથાઘટકો તો આદિવાસી લોકમહાકાવ્યનું ભારે ખોટું પાસું છે. મેં પણ ભગવાનદાસ સંપાદિત કથાકાવ્યોની ટેક્સ્ટને ગુજરાતી પરંપરાની પ્રારંભિક ટેક્સ્ટ-પ્રીટેક્સ્ટ ગણી છે. આ બધાં અભ્યાસ શક્ય બન્યા એમના દ્વારા પ્રાપ્ત રચનાકૃતિઓને કારણે. ગુજરાતી આદિવાસી લોકસાહિત્યનું સંપાદન-સંશોધન એ અંગેની આપણાં દ્વારા સંશોધિત આદિવાસી સાહિત્યની સ્વરૂપલક્ષી વિભાવના, સિદ્ધાન્ત અને સમીક્ષાના ઘણાં નવા પદક્રમ સ્થાપી આપનાર છે એની મહત્તા અંગ્રેજીમાં મુકીએ તો ભારતને-વિશ્વને આપણી ઇન્ડિજીનસ-આગવી સિદ્ધાન્તવિચાર પરંપરાનું પાસુ-રૂપ-ધ્યાનમાં આવી શકે. ઘરદીવડાના તપ અને તેજથી આપણે પરિચિત થઈએ તો એ પણ મોટું વિદ્યાકાર્ય, વિદ્યાતપ ગણાશે. નવઅભ્યાસીઓ એમના સામયિકમાં, સ્વાધ્યાયમાં પુરોગામી અભ્યાસીઓના તપને-તેજને ભેળવશે અને ક્ષેત્રકાર્ય દ્વારા મેળવાયેલી નૂતન સામગ્રી લોકગુર્જરીના માધ્યમથી પ્રગટ કરવા માટે પાઠવશે તો એનો ઉજાસ દીશાદર્શક નીવડશે અને અમારો પ્રયત્ન સાર્થક જણાશે.

૧૦-૫-૨૦૧૫

**બળવંત જાની**
Email : balvantjani9@gmail.com
M.9428207000

# અનુક્રમણિકા

## *: સંતસાહિત્ય :*

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉત્તર ગુજરાતની સૂફી સંતધારા | ડૉ. રાજેશ મકવાણા | ૩ |
| ૨. | ઉત્તર ગુજરાતનું સંત-સાહિત્ય : સંશોધનની નૂતન ક્ષિતિજો | પ્રા. મુકેશ સ્વામી | ૧૪ |
| ૩. | ગંગાસતીની ભજનવાણીમાં ગુરુમહત્તાનું નિરૂપણ | ડૉ. ભરત પંડ્યા | ૨૨ |
| ૪. | સંતસાહિત્ય અને જયમલ્લ પરમાર | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૩૨ |

## *: લોકસાહિત્ય :*

| | | | |
|---|---|---|---|
| ૫. | અભણની કથનાવળી : આકાશજ્ઞાનનું લોકશાસ્ત્ર | ડૉ. બળવંત જાની | ૩૯ |
| ૬. | લોકસંસ્કૃતિની મૂલ્યવાન સરવાણી : મરસિયા | ડૉ. અંબાદાન રોહડિયા | ૪૮ |
| ૭. | કંઠસ્થ પદ લોક-કવિતામાં શૃંગાર | પ્રવીણ ગઢવી | ૭૨ |
| ૮. | મેઘાણીકૃત 'સૌરાષ્ટ્રની રસધાર' : સાહિત્યિક-લોકસાહિત્યિક દૃષ્ટિએ | ડૉ. હસુ યાજ્ઞિક | ૮૩ |
| ૯. | મેઘાણી : લોકકથાઓના સંપાદક કે સર્જક ? | ડૉ. સુહાસ એ. ડાભી | ૧૦૫ |
| ૧૦. | અતુલ્ય લોકવારસો : લોકવાદ્ય ડેરા | ડૉ. વિક્રમ ચૌધરી | ૧૧૮ |
| ૧૧. | દક્ષિણ ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિની આછી ઝલક | ડૉ. બિપિન આશર | ૧૨૪ |
| ૧૨. | કૃષ્ણ-રાધાની રમ્ય રમણા | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૧૨૯ |


સંતસાહિત્ય

# ૧

# ઉત્તર ગુજરાતની સૂફી સંતધારા

## ડૉ. રાજેશ મકવાણા

ઉત્તર ગુજરાત પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી એમ પાંચ જિલ્લામાં વિભાજિત છે. સોલંકીકાળમાં પાટણ ગુજરાતનું પાટનગર હતું ત્યારે ઉત્તર ગુજરાતનો વૈભવ સોળે કલાએ ખીલેલો હતો. આવા આનર્તપ્રદેશની વિવિધ સંતધારા જોઈએ તો રવિ-ભાણસંપ્રદાયના સંતો, જૈન સંતો, વાળીનાથ સંપ્રદાયના સંતો, સૂફી અને ગોદડિયા બાપુની પરંપરા, વૈષ્ણવસંતો, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, નિરાંત સંપ્રદાયના સંતો, કબીર તથા નાથસંપ્રદાયના સંતો, કેવળપંથના સંતો, આદિવાસી સંતો અને અન્ય જાતિ-સંપ્રદાયના સંતોએ લોકજાગૃતિ અને અધ્યાત્મ-જાગરણ માટે જ્ઞાનની ગંગા વહાવી છે.

ગુજરાતમાં સૂફી પરંપરા સોલંકીકાળથી આરંભ થઈ હતી. સૂફીસંતોએ ઈસ્લામમાંથી રહસ્યવાદ અને સમતાવાદ તથા હિન્દુ ધર્મમાંથી અદ્વૈત અને 'તત્ત્વમસિ'ના ખ્યાલની સાથે ભક્તિપરંપરાની પ્રેમલક્ષણા સગુણ ભક્તિ અને ખ્રિસ્તી ધર્મમાંથી માનવપ્રેમ અને સેવાનાં મૂલ્યોનું સમન્વયકારી વલણ અપનાવી કોમી ઐક્યની ભાવના પ્રગટાવી હતી.

આનર્તની સૂફી સંતધારામાં પીર કાયમુદ્દીન ચિશ્તી કડી (જિ. મહેસાણા)ના હતા. એમનો જન્મ સૂફી સંત બદરુદ્દીન સાહેબને ત્યાં થયો હતો. એમણે દલિત, પીડિત, આદિવાસી વગેરેના ઉત્થાન માટે કાર્ય કર્યું હતું. એમની પાસેથી 'નુરે



રોશન' અને 'દિલે રોશન' જેવા બે ગ્રંથો મળ્યા છે. આધ્યાત્મિક સદ્‌બોધમૂલક હિન્દી, ગુજરાતી અને સધુક્કડી ભાષામાં એમની રચનાઓ પ્રસ્તુત સંગ્રહોમાં સંગૃહીત થયેલ. કુરાન અને હિન્દુ ધર્મગ્રંથોનો એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. ગુજરાતી સૂફી-સંતપરંપરાના જ્ઞાતા કાયમુદ્દીન બાવાએ ૧૭૫૫માં ઉર્દૂમાં રચેલ 'નૂરેરોશન' અને ત્યારબાદ રચેલા 'દિલેરોશન' ગ્રંથોમાં ગુજરાતી ભાષાની છાંટ અનુભવાય છે. પ્રેમલક્ષણાભક્તિથી સભર ભજનો, ગરબી, ગરબા, બારમાસી, રવેલી જેવા પ્રકારોમાં એમણે ખેડાણ કર્યું. તો બિલાવલ, કેદાર, આશાવરી, ધનાશ્રી અને ભૈરવી જેવી રાગરાગિણીમાં ગાઈ શકાય એવાં ભજનો પણ રચેલાં. એમનાં ભજનોમાં કટ્ટરવાદી મુસ્લિમો અને હિંદુઓ થોડા ઉદાર બને એવો ઉપદેશ પણ રજૂ થતો હતો. ડૉ. બળવંત જાનીએ એમના 'સ્વાધ્યાય અને સંશોધન' નામનાં મધ્યકાલીન વિવેચન લેખસંગ્રહમાં જે બારમાસી વિશે અભ્યાસલેખ પ્રસ્તુત કર્યો છે એ કાયમુદ્દીન ચિશ્તીની બારમાસી અવલોકીએ :

*ચરણે સતગુરુને રમીએ, ઝીણાં થઈ મુરશદને નમીએ.*
*ત્યારે તો અલખ ધણીને નમીએ... (ટેક)*

*સૂરતના સુન માંહી લાગી કે વાંસળી અગનમાં વાગી*
*ખુમારી પ્રેમ તણી જાગી... ચરણે સદ્‌ગુરુને.*
*કારતકે કાયામાં જાગી, શબ્દે અગમ જાય લાગી,*
*કે ન્યાહાં નહીં વેદ કિતાબ કાજી....ચરણે.*

*માગસરે મન મારું મોહ્યું, દર્શન નૂર તણું જોયું,*
*કે મેં તો અરસ ફરસ જોયું....ચરણે.*

*પોષે પિંડ મારું ખોયું, મન તો સતગુરુસે મોહ્યું*
*કે મેં તો અરસ ફરસ જોયું...ચરણે.*

*માહે મહાસુનમાં ફોડી, સુરના સાહેબશું જોડી,*
*કે શુધ મેં તો દેહ તી છોડી....ચરણે.*

*ફાગણે બ્રહ્મ થયો પ્રકાશ, લાગી મને અંતરઘટમાં આશ,*
*કે ઘટમાં પોતે થયા પ્રકાશ....ચરણે.*

*ચઈતરે ચરણ જઈ લાગી, ધૂન મારી સાહેબશું વાગી,*
*કે ભ્રાંતિ મન તણી ભાગી....ચરણે.*

*વૈશાખે મન સૂનમાં મોહ્યું, કે દર્શન નૂર તણું જોયું,*
*કે તે તો સાહેબશું મોહ્યું....ચરણે.*
*જેઠે જગતમાં જાગી, તાળી આભમંડળ લાગી,*
*ચિત્તમાં ચેતન થઈ જાગી...ચરણે.*

*અષાઢે અલેક રહ્યો ભરપૂર, હું તો જઈ ઊભી હઝૂર,*
*કે વાઝાં વાગે અનહદ તૂર....ચરણે.*

*શ્રાવણે સૂરતા જઈ લાગી, મેં તો મમતા ત્યાગી,*
*પિયુજીસે રંગ કેસરી બાંધી....ચરણે.*

*ભાદરવે વરમંડને ફોડી, સુરતા ગઈ વૈકુંઠ છોડી,*
*દરસ મેં તો જીવતાં જોડી.....ચરણે.*

*આસો માસે હરિરસ પીધો, ગરબો અગમ તણો કીધો,*
*ભેદ શાહ કાયમુદ્દીને લીધો...ચરણે.*

પીર કાયમુદ્દીન ચિશ્તીના હિન્દુ, મુસ્લિમ અને કેટલાક પારસીઓ મળીને બસો જેટલા શિષ્યો હતા. કાયમુદ્દીન બાવાના શિષ્યમંડળમાં ઈબ્રાહિમ તો અભરામ ભગત નામે ઉત્તર ગુજરાતમાં જાણીતા છે. રતનબાઈ, દિવાળીબાઈ અને બાઈ હઝરત જેવી કેટલીક સ્ત્રી-સંતો પણ હતી. હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતીક કાયમુદ્દીનના શિષ્યો 'ભગત' તથા 'બાબા' તરીકે ઓળખાતા હતા.

કાયમુદ્દીન ગુજરાતમાં પરિભ્રમણ કરતાં ડાંગની આદિવાસી પ્રજા વચ્ચે જઈને આત્મસન્માનની ભાવના પ્રગટાવે છે. અંધશ્રદ્ધા અને વ્યસનોને દૂર કરવા અને જંગલની સંપત્તિનો યોગ્ય ઉપયોગ કરવા માટે આદિવાસી પ્રજા વચ્ચે રહી એમને એનો મહિમા સમજાવે છે. ઈ.સ. ૧૭૬૮માં ડાંગનાં જંગલો ઓળંગી મહારાષ્ટ્રના નંદરબાર સુધી જાય છે. ત્યાંથી પરત ફરતાં નંદરબાર પાસેના એક ગામમાં એમનું ૭૮ વર્ષની જૈફ વયે અવસાન થાય છે. તેમની ઇચ્છાનુસાર તેમના દેહને વડોદરા પાસે આવેલા પાદરા તાલુકાના એકલબારા ગામમાં લાવવામાં આવે છે. અંતે એમની દફનક્રિયા બાદ દરગાહ બાંધવામાં આવે છે. આજે પણ ત્યાં હિન્દુ અને મુસ્લિમો સાથે દર્શન કરી પાવન થાય છે.

'જ્ઞાની' અને 'અનવર' એવા તખલ્લુસથી હિન્દી, ગુજરાતી તથા ઉર્દૂમાં રચના કરનાર આનર્તના સૂફીસંત કવિ અનવરકાજી પયગંબરસાહેબના સૈયદ ઘરાનાના હતા. ઈસ્લામના વિકાસના સમયે એમના વડવાઓ આનર્તના પાટણ શહેરમાં આવ્યા હતા. તેઓ ઈસ્લામનું ઉત્કૃષ્ટ જ્ઞાન ધરાવતા હોવાથી મુસ્લિમ



શાસનના સમયમાં તેમને કાજી(ન્યાયાધીશ)નું કાર્ય સોંપવામાં આવ્યું હતું. એના અનુસંધાનમાં વિસનગરમાં તેઓ સ્થાયી થયા હતા. આ ઘરાનામાં વિ.સં. ૧૮૯૦માં વૈશાખ વદ ૭ શુક્રવારે હઝરત અજામિયાં અનુમિયાંને ત્યાં અનવરમિયાંનો જન્મ થયો હતો.

સૂફી સંતો અને સંતોના લોકકલ્યાણ અર્થે લોકભોગ્ય શૈલીમાં એમણે કરેલી શાબ્દિક અભિવ્યક્તિને આપણે સંતસાહિત્ય કહીએ છીએ. પરંતુ વાસ્તવમાં એ એમની રૂહાની અલૌકિક મોજમસ્તીની અભિવ્યક્તિ છે. અનવરમિયાં કામિલ ફકીર સંત હતા. એ બાબતનું સમર્થન તેમના જીવન અને કવનમાંથી પસાર થતાં સ્પષ્ટ થાય છે.

અનવરસાહેબે ઈસ્લામ ધર્મનું શિક્ષણ મેળવી અરબી, ફારસી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો. એમના ચિત્તમાં ઈશ્વર પ્રત્યે પારાવાર પ્રેમ હતો. એમના હૃદમયાં ઈશ્કે હકીકીનાં બીજ રોપાયાં અને સંસાર તેમને અસાર લાગવા માંડ્યો. યુવાનીમાં સાધુ-સંતોનું સાનિધ્ય ગમવા લાગ્યું. અધ્યાત્મદર્શનથી પ્રેરાઈને આત્માના કલ્યાણ અર્થે જંગલ તેમજ કબ્રસ્તાનમાં સમય પસાર કરતા. બાર વર્ષની ઉંમરે સિંધથી આવેલા સૈયદસાહેબની સેવામાં તત્પર થયા. સૈયદ અહેમદુલ્લા બાવામિયાંસાહેબે અનવરને શિષ્ય બનાવ્યા. અનવરમિયાંની ઈબાદત અને રૂહાની તશવ્વુફના કેફથી જે સર્જન થયું તે ભજન, ગરબી, પદ, ગઝલ, નસીહતનામા સ્વરૂપે મળે છે.

અનવરમિયાં કાજીએ હિન્દુ-મુસ્લિમના ભેદ રહિત ઇન્સાનિયતના પાયા ઉપર જીવન અને કવનની ઈમારત આણી હતી. એમની સંતવાણીના વિષયોમાં પયગંબરસાહેબ અને ભગવાન શ્રીકૃષ્ણ બંને છે. જ્ઞાની કવિ અનવરસાહેબ-રચિત ભજન, ગરબી, પદ, ગઝલ, નસીહત અને પરચૂરણ કાવ્યો એમ છ વિભાગમાં 'અનવર કાવ્ય' યાને 'ગુલશને ખુશી' પ્રાપ્ત થાય છે. જ્ઞાનવૈરાગ્યની રચનામાં હિન્દુ ધર્મનું તત્ત્વજ્ઞાન રજૂ થયું છે. ગરબીમાં પ્રેમલક્ષણાભક્તિ અને ભજનોમાં આત્મા-પરમાત્માની ઓળખ રજૂ થઈ છે. ગઝલમાં પરમાત્મા વિશેની સુંદર કલ્પનાઓ છે. પદમાં આત્મજ્ઞાનની સમજ ભરેલી છે. નસીહતોમાં બોધક કવિતા સંગ્રહાયેલી છે જેમાં હિન્દુ-મુસ્લિમ બંનેને ઉપયોગી શિખામણો આપે છે.

કવિ અનવરમિયાં કાજી આત્મસ્વરૂપ સંબંધી ભજનમાં કહે છે કે,

*'સંતો સત બતલાના રે કે મેંને મુજે ન જાના જી*
*નહીં મેં હિન્દુ નહીં મુસલમાન નહીં યોગીકા ચેલા રે ભાઈ,*
*સબ લોંગોસે મેં હૂં મિલા સબસે રહૂં એકીલા'*

સરળ અને સચોટ શૈલીમાં થયેલી રજૂઆત સ્પર્શી જાય તેવી છે. અનવર કાજીનાં પદોમાં ભાષાની ભભક નથી, પરંતુ અનુભવોના ઉદ્‌ગારો છે.

*'સાની ખલકતુલ ખલ્ક કો દિલસે અપને પેખ,*
*ઈલ્લત સારી છોડ દે, અસલ અપની કો દેખ'*

○ ○ ○

*'જ્ઞાની જિસકો ઢૂંઢતા વ્હો તો હે તુજ માંહી*
*ભીતર ઢૂંઢે તો મિલે, બાહર પામે નહીં'*

અહીં 'તત્ત્વમસિ'ના ભાવનું આલેખન છે. અનવર કાજીએ પાલનપુરમાં વસવાટ કરેલો એ સંદર્ભમાં એમનાં કેટલાંક પદોની ભાષામાં ગુર્જર મારવાડીની અસર જણાય છે. અનવર કાજીની રચનામાં ગુરુમહિમાનું આલેખન પણ ઉત્કટ રીતે થયેલું છે.

*'કૂડ અને કપટમાં તેં જનમ ગુમાવ્યો પ્રાણી,*
*ગુરુ વિના નહીં પડે ગમ હે જી !*
*ગુરુ રે મળે તો તને પાપથી છોડાવે પ્રાણી*
*પછી તારો આ ભવ તરે, મૂરખ મન રે !'*

હજયાત્રા, દેવદર્શન, નદીસ્નાનથી તો માત્ર આત્મસંતોષ પ્રાપ્ત થશે, પરંતુ આત્માને ઓળખ્યા વિના આવરણ દૂર નહીં થાય, તે માટે સાચા ગુરુનું સાંનિધ્ય જરૂરી છે.

*'ગુરુને મુજકો જ્ઞાન બતાયા રે, મેરે મન અચરજ આયાજી,*
*સાહેબ મેરા મુજકો સમાયા રે, ગુરુ ને દરશન દિખાયાજી'*

આમ, અનવર કાજીસાહેબનાં ભજનોમાં આત્મસિદ્ધિ માટે ગુરુનું શરણ જરૂરી છે. એનો મહિમા કેવો અપરંપાર છે એ વિશે પણ કેટલીક રચનાઓ મળે છે.

*'સાધુ તમે સદ્‌ગુરુ વશ થાઓ*
*પછી અંતરમાં તમે ધ્યાન લગાવો'*

અહીં સદ્‌ગુરુ કરવા સંબંધી આ ભજનમાં સદ્‌ગુરુ કરવાથી જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાનના ઉપદેશ સંબંધી, આત્મસ્વરૂપ સંબંધી, આત્મા તથા કાયાના ભિન્ન ભાવ સંબંધી વગેરે વિષયો અહીં આલેખાયા છે. અહીં અનવર કાજીના ૬૮ ભજનો મુદ્રિત રૂપે પ્રાપ્ત થાય છે.

અધ્યાત્મયાત્રા ખરા અર્થમાં પ્રેમપંથની જ મજલ છે. ઇશ્કે મિજાજીથી શરૂ



થઈ ઇશ્કેહકીકીમાં પરિણમે છે. અનવર સાહેબની ગરબીઓ અને ગઝલોમાં ઇશ્કેહકીકીનો પ્રેમરસ છલોછલ વહે છે. અનવર સાહેબની ગરબીઓમાં એમનો ગોપીભાવ રજૂ થયો છે. કૃષ્ણપ્રેમનો તીવ્ર તલસાટ અહીં દાસીભાવે રજૂ થયો છે.

*'દાસી જાણીને દયાળા, દયા દિલમાં લાવો રે*
*હાથ જોડીને કહું છું, મારા સમ માનો ને'*

હિન્દુ અને મુસ્લિમ બન્નેમાં ભક્તિશૃંગારરસની રચનાઓ મળે છે. મુસ્લિમ કવિઓ ફારસી ભાષામાં ભક્તિશૃંગારનાં કાવ્યો લખે છે જેમાં તેઓ પરમેશ્વરની અપ્સરા રૂપે કલ્પના કરી, એની ખૂબસૂરતીનું આલેખન ભક્તિમય ભાવથી કરે છે. ગુજરાતીમાં પરમેશ્વરને પતિ તરીકે સ્થાપી ભક્તિભાવ રજૂ થાય છે. અનવર-સાહેબની ગરબીસ્વરૂપની રચનામાં ભક્તિશૃંગારનું આલેખન દાસીભાવે થયું છે. મુસ્લિમ ભાવકો આ શૃંગારને સમજી શકે, એના અર્થને પામી શકે એ માટે શબ્દોના અર્થ અને ભાવાર્થ ઉર્દૂમાં વિગતે સમજૂતી સાથે રજૂ કરેલ છે.

એક મુસ્લિમ સૂફી સંત ગોપીભાવથી તન્મય થઈ ગરબીમાં પ્રભુમય બની જાય એ કેટલી ઉત્કૃષ્ટ ભક્તિનું કારણ હશે ! પોતે ગોપી ભાવથી પ્રભુને વીનવે છે. ભક્તિરસથી ઓતપ્રોત થઈ ગરબીઓ ગાય છે.

દોરંગી દુનિયા જોઈને કવિ કહે છે કે,

*'કહેણી છે રહેણી નહીં, તેમાં શું ફળ પાવે જી ?*
*કંઠી રે બાંધે કાષ્ઠની તાલ મૃદંગ બનાવે જી*
*ભેદ ન જાણે ભજનનો જૂઠી ભક્તિ ચલાવેજી*
*ભગવાં રે રંગ લૂંગડાં અંગે ભભૂતિ લગાવેજી'*

તો ક્યાંક પ્રભુને પણ ઠપકો આપે છે :

*'કોના ઘેર રહો છો રાત, સાચુ બોલે શામળિયા*
*આથી જ્ઞાનીને પ્રભાત શા માટે જગાવે રે...'*

અને જ્યારે મોહનને મળે છે ત્યારે,

*'મોહન મંદિર આવ્યા રે મહાપાદ હું પામી*
*મેસી સખીઓની ટોળી રે, ભાવે ભેટિયા સ્વામી...'*

પ્રભુ પ્રત્યેનો અગાધ પ્રેમ, અનહદ તલસાટ વ્યક્ત થાય છે.

*'અરજ સાંભળો જ્ઞાની છે સ્વામી તમારી દાસી રે*
*મને દર્શન દો ને તમે શામળિયા સલુણા રે...'*

અનવરસાહેબે ગઝલોમાં પરમાત્માને હૂર એટલે અપ્સરા રૂપે કલ્પીને તેના સ્વરૂપની તારીફ કરી છે. અલબત્ત, એ ગઝલોમાં ભક્તિશૃંગારનું આલેખન પ્રબળ રીતે થયું છે. ઉર્દૂમાં લખાયેલી કેટલીક ગઝલોમાં પરમાત્મા વિશેની સુંદર કલ્પનાઓ છે. 'દિલ સદા બેચેન હૈ મુજ ઇશ્ક કે બીમાર કા' જ્ઞાનના રંગે રંગાયેલી કેટલીક પંક્તિઓ અહીં સહજ રીતે જ અવતરેલી છે.

અનવરસાહેબની નસીહતોમાં બોધપ્રધાન ઉપદેશરૂપી શિખામણો છે.

અનવર કાજીના નસીહતનામાના ચાર ભાગમાં હિન્દુ અને મુસ્લિમ બન્ને માટે એટલું જ ઉપયોગી જ્ઞાન-ઉપદેશમૂલક સાહિત્ય છે. ચોથું નસીહતનામું સ્ત્રીઓ માટે રચાયેલ છે. નસીહતમાં કવિજગતની સ્થિતિ અને માનવીના અહંકારપ્રેરિત વાણી-વર્તનથી વ્યથિત થઈ નોંધે છે :

*'યા ઈલાહી ઈસ જમાને કા અજબ હે રંગો ઢંગ,*
*દેખ એસે વક્તકો ઓર હો ગઈ કે અકલ દંગ,*
*હર કિસીકે દિલમેં ઉઠતા હે નયા અબ તો તુરંગ,*
*હાલ એસા દેખકર સબ તૂટ ગઈ દિલ કી ઉમંગ'*

કવિએ સમકાલીન સમયનું આલેખન કરી લોકોને શિખામણ આપી છે :

*'દિલ મેં રખતે હૈં નીફાક ઓર કુછ નહીં અલ્લાહ કા ડર,*
*હાલ ક્યા હોગા ખુદા જાને કે ઉનકા દર હશર ?'*

લોકસુધારણાઅર્થે કવિએ આવી બોધક કવિતાનું સર્જન કર્યું છે.

અનવરસાહેબની કેટલીક રચનાઓમાં માત્ર શિખામણનો સૂર હોવાથી કાવ્યતત્ત્વના ઉચ્ચશૃંગ સુધી પહોંચી શકતી નથી. પરંતુ સરળ શૈલીમાં જ્ઞાનદીપ પ્રગટાવવાનો કવિનો ઉપક્રમ સ્પર્શી જાય છે. ત્રણસોથી વધારે ભજનો, પદો, ગરબી, ગઝલ, નસીહત, માતમ, જોગીનામા, સિંધી-કાફીઓ, તારીખ, ફારસી ગઝલો જેવી રચનાઓ એમની પાસેથી પ્રાપ્ત થાય છે જે 'અનવરકાવ્ય'માં સંકલિત થયેલ છે. એમણે જીવનપર્યંત લોકોને ઉપદેશ અને અધ્યાત્મખોજીઓને માર્ગદર્શન આપ્યું હતું. પ્રત્યેક પંથના આધ્યાત્મિક સાધકો એમને હૃદયથી માનતા હતા. પાલનપુરના નવાબ શેર મહંમદખાનજીએ પણ એમની સેવા કરેલી. વિ.સં. ૧૯૭૨ના પોષ વદ-૨ને શનિવારના રોજ ૭૩ વર્ષની વયે એમણે દેહત્યાગ કર્યો હતો. પાલનપુરમાં એમની દરગાહ ઉપર નવાબે સુંદર રોઝો બનાવ્યો છે જ્યાં મેળો ભરાય છે. સર્વ ધર્મના લોકો આજે પણ એમને શ્રદ્ધાપૂર્વક યાદ કરે છે.

સાંઈ દીન દરવેશનું નામ ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં વિશેષ જાણીતું



છે. એમનો જન્મ ઉત્તર ગુજરાતના ખેરાલુ તાલુકાના ડભોડા મુકામે ઈ.સ. ૧૮૦૭માં થયો હતો. વ્યવસાયે લુહાર એવા દીન દરવેશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં કામ કરતી વેળાએ તોપ ફાટતાં એમને હાથ ગુમાવવો પડેલો, અને એથી નોકરી પણ છોડવી પડેલી. આ પછી ઘણા સમય સુધી તેઓ પાલનપુરમાં રહ્યા હતા. રાજસ્થાનમાં પણ એમણે વસવાટ કરેલો એની નોંધ પણ મળે છે. એમની પાસેથી કુંડળિયા છંદમાં 'દરવેશ ગીતા' ઉપરાંત 'ચિતાવન સાર', 'રાજચેતાવણી', 'ભરમતોડ', 'ગગડનિસાણી' જેવા ગ્રંથો અને કેટલીક છૂટક પદરચનાઓ પણ મળે છે. દીન દરવેશની શિષ્યપરંપરામાં સાંઈ પીરૂદ્દીન, બાબા ફાજલ, હુસેનખાન, બાબા નબી, સાંઈ નૂરુદ્દીન, મુરાદ, દેવપુરી, નેકખાન વગેરે સૂફી સંતકવિઓ તેમજ કવયિત્રી મદનાવતી પણ છે.

બનાસની મીરાં તરીકે ઓળખાતી મદનાવતી શેઠાજી જાટ જેવા બહારવટિયાની પુત્રી હતી. મદનાવતીને બાળપણથી જ સંસાર પ્રત્યે અનુરાગ થઈ ગયો હતો. બાળપણમાં બાબા દીન દરવેશને જોયા ત્યારથી જ એમને ગુરુપદે સ્થાપી દીધા હતા. પાલનપુરના નવાબ સામે બહારવટે ચડેલા પિતાની સાથે એ પણ ડુંગરે ડુંગરે ફરેલી. પોતાના ગુરુ દીન દરવેશને મળવા એ કેટલી વ્યાકુળ હતી એનું પ્રતિબિંબ આ કુંડળિયામાં ઝિલાયું છે :

*'સાઁયા તુમ્હારે દરશકી, ઉરમેં બડી અભિલાષા,*
*આન નવાબી રાજમેં કૈસે હોત વિશ્વાસ...?*
*કૈસે હોત વિશ્વાસ, જાટ કો પ્રતીત ન આવે,*
*સુનતે મોરે બેન, કારમી તેગ દિખાવે'*

મદનાવતી ધીરે ધીરે ગુરુના સ્મરણમાં તલ્લીન રહેવા લાગી શરીર સુકાવા લાગ્યું... એનું કારણ સખીએ પૂછ્યું ત્યારે જવાબમાં કહે છે કે,

*'દરવેશા એકે' આઇયા, આલી હમારે દેશ,*
*તા દિન રંગ બિલાઇયા, ઊડ ગયો જોબનવેશ*
*ઊડ ગયો જોબનવેશ, અલખ સો લાગી યારી,*
*સુખ સપના સંસાર દિશત જહાઁ આકારી*
*મદનાવતી કે ઉર સે, મોહ વિકાર મિટાયા,*
*આલી હમારે દેશ, દરવેશા એક આયા.'*

*મદનાવતીએ કૃષ્ણને મીરાંની માફક પ્રેમ સ્વરૂપે ગાયા છે.*

*'પિયરા મેરા આઇયા, પ્રીત નિભાવન નાથ,*
*અપની જાત અનુજ કો, કર ગ્રહી કિન્હ સનાથ.*

*કર ગ્રહી કિન્હ સનાથ, મદનીકો મરમ પાયા,*
*અખંડ મેરા સોહાગ, શ્યામ સે અગલી સગાયા.*
*મદની-પિયુ કે સંગ મેં ચલી ચલી કે દેશ*
*બાબા મેરા જુહાર હૈ, દીન દિયા ઉપદેશ.'*

પચીસ વર્ષની નાની ઉંમરે તો મદનાવતી આ ફાની દુનિયા છોડી જાય છે. આજે પણ એ બનાસની મીરાં તરીકે ઓળખાય છે.

સંત અમીરૂદીન જાતે કસાઈ જ્ઞાતિના હતા. સાંઈ દીન દરવેશના શિષ્ય અમીરૂદીને વિમલ વાણી રચીને વંદનીય સંત તરીકે સ્થાપિત થયા. એમના પાસેથી કલયુગ અંગેની કેટલીક રચનાઓ મળે છે :

*'જિન દેખો તિત સ્વાર્થ ખડો, પરમારથ કે પંથ સે રહે આગે,*
*'સાંઈ અમીરૂ' સૈયા ઉબાર બીજે, તેરે દરજે યહી દરવેશ માગે.'*

સાઈ દીન દરવેશના પ્રભાવી શિષ્ય તરીકે ખ્યાત નુરૂદ્દીને પણ મહત્ત્વપૂર્ણ રચનાઓ કરી છે. મુસ્લિમ સંતો કૃષ્ણભક્તિના રંગે રંગાયેલા એમાં એકમાત્ર મુસ્લિમ સંત નુરૂદ્દીન છે કે જેઓ ભગવાન રામના અનુરાગી હતા. એથી જ મુસ્લિમોએ એમને ખૂબ જ સંતાપ આપ્યો હતો. છતાં પણ એમની રામભક્તિ અટલ રહી હતી. આ રામકૃષ્ણ સંત અયોધ્યા પણ ગયેલા અને ત્યાંથી શ્રી રામદર્શનની અભિલાષામાં અવધપુર, સરદ્યુતટ, મણીકર અને લક્ષ્મણઘાટ જેવાં સ્થળોએ વિહાર કર્યો હતો.

નુરૂદ્દીન પાસેથી શ્રીરામભક્તિનું પ્રતિબિંબ પાડતી પદો, કુંડલિયા જેવી રચનાઓ મળે છે. રામદર્શનમાં મસ્ત બનીને વિહાર કરનાર આ સંત-ભક્તને જ્યારે રામ નથી મળતા ત્યારે તેઓએ હનુમાનજીની ઉપાસના કરી હતી અને એમને ઉદ્દેશીને કુંડલિયા રૂપની રચનાઓ આપી છે :

*'નૂરકાફિર' અબ કયું જીયેં, દો દિનકે મિજબાન*
*મોરે પિયા દિખલાઈએ, અય દાની હનુમાન !*

ત્યારબાદ પોતે મુસ્લિમ છે એટલે સ્પર્શ કરતા નથી કે શું ? એવા ભાવ સાથે વ્યંગમાં કહે છે કે,

*'સિયા રામજી સે યે મન રૂઠ ગયે...*
*પતીત ઉબારન પેખકે આયો, અજ હું દરશ નહિ હુબે*
*બિરહા કી પીર બાલમ કહાં જાને ? બહુરી નીર ખુવે*



*દર દર સાંઈ અવધ મેં ખોજે, દર્દ મેં હૃદય રૂવે*
*'નૂરફકીર' કો યવન જાનકે, સૈંયા કૈસે છૂવે ?*

ત્યારબાદ રામનો સાક્ષાત્કાર થતાં પરમપાદને પામેલા આ સંત રામજીનાં અનેક પદ, કુંડલિયાની રચના કરે છે.

*'રામહિ રામ સંભારો, મનલા રામહિ રામ સંભારો*
*કિરીટ, મુકટ, મકરાકૃત સોહે, ગૌર છબિ હિયધારો*
*ચરણ પરસ્તે અહલ્યા તારે, તબહી યવન કો ઉબારો*
*રામહિ......*
*શબરી કે જૂઠે ફળ ખાયે, છોછ હૃદય ન ધારો,*
*બિલખત સાંઈ ડરપે ઠાઢો, રાઘવ હૃદય બિચારો*
*રામહિ.....*
*ગીધ, જટાયુ ઔર કિરાત તારે, નાવિક કુળ ઉબારો,*
*તારન તરન રામ મુખ સાગર, રઘુપતિ ખેવનહારો...*
*રામહિ.....*
*બિભીષન કો લંકા દીની, અવિચલ રાજ પઠાયો*
*'નૂરફકિર' નૂરાની સૂરત વો, રામ હૃદય દરશાયો....*
*રામહિ.....*

આમ, નુરૂદ્દીન પાસેથી રામજીના ચરિત્રને આકારિત કરતાં અનેક પદો કુંડલિયા રૂપની રચનાઓ મળે છે. તેઓ રામનાં દર્શન કરીને સરયૂઘાટ પર જ પરમપદને પામ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં થઈ ગયેલા મુસ્લિમ સંત 'સુબ્હાન' ફકીરી ધારણ કર્યા પૂર્વે એવું કહેવાય છે કે, તેઓ ખૂબ નિર્દયી અને ક્રૂર હતા. પરંતુ એ સમયે જ સાંઈ દીન દરવેશના દર્શનમાત્રથી એમનામાં હૃદયપલટો આવેલો. એમના ઉપદેશથી ફકીરી વેશ ધારણ કર્યો હતો. સુબ્હાન પાસેથી કૃષ્ણભક્તિનાં તથા અવતારલીલાનાં પદો તથા કળિયુગ વિશેનાં પદો મળે છે જેમાં ભાઈચારો, ભક્તિભાવ, નેકી-ટેકી પર ચાલવાનો ઉપદેશ રજૂ થયેલો છે. એમની પાસેથી 'અવતારલીલા' તથા અન્ય વચનામૃતનું ભક્તિપૂર્ણ સાહિત્ય મળે છે.

*કલંકિ અવતાર ધરેંગે હરિ, ખલમારન હિત પિયુરાયા*
*પ્રાગટ્ય સંચર દેશ પછાહ બમ્મન કે દ્વાર મેં રંગ છાયા*
*કલિ અર્ધ બિતત્ સાંઈ આવે, એસી બેદ પુરાન મેં શાખ ભાયા*
*'સુબ્હાન' કે નાથકો આયે બિના, કૈસે મિટત યહિ પાપ પાયા.*

સાંપ્રત સમય વિશે સુબ્હાન નોંધે છે કે,

*'સૈયાં ઇસ કલિયુગમેં કૈસા ચલા અંધેરા,*
*રાજા-પ્રજામેં ના બને, જિત દેખું તિત બૈર.*
*જિત દેખુ તિત બૈર, હિન્દુ મુસલ્માં ન જપે,*
*ચલે ગગન તલવાર, સુનત હિ હૈયા કાંપે.*
*કહત 'સાંઈ સુબ્હાન ખાલમ સો અર્જ કરૈયા'*
*કૈસ ચલા અંધેર ? ઈસ કલિયુગ મેં સૈયા !'*

આમ, રામ અને કૃષ્ણભક્ત મુસ્લિમ સંતોની વાણીમાંથી ભાઈચારાની સુગંધ રેલાય છે. સમાજને સાચી દિશા તરફ અંગુલીનિર્દેશ કરનાર આવા સંતોનું ઋણ આપણા ઉપર કેટલું મોટું છે એ સ્પષ્ટ જોઈ શકાય છે.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલા ઉનાવા ગામમાં પુષ્પાવતી નદીના કાંઠે મીરાં દાતારની દરગાહ આવેલી છે. સલ્તનત કાળના આ સૂફી સંતની શહાદતનું એ પ્રતીક છે.

સૈયદઅલી તરીકે ઓળખાતા આ પ્રભાવી સંત પહેલેથી જ ખુદાની ઈબાદતમાં તલ્લીન રહેતા. કુરાને શરીફનું પઠન કરતા એમનો એકમાત્ર આદર્શ હજરત ઈમામ હુસેન હતા. ઉત્તર ગુજરાતમાં મધ્યકાળમાં અનેક સૂફીસંતોનું આવાગમન રહ્યું છે. એમાંના એક સૈયદઅલીના દાદા ઈલુદ્દીન પણ હતા. તેઓ હિ.સં. ૮૩૦ (ઈ.સ. ૧૪૨૬)માં ગુજરાત આવેલા. અહમદશાહ બાદશાહે ઈલુદ્દીનને પાટણમાં ભીલ અને ડાકુઓથી ત્રાહિમામ પોકારી ગયેલી પ્રજાના રક્ષણ માટે જવાનું સૂચન કર્યું.

મહંમદ બેગડાની સાથે સૈયદ અલીને પણ રણભૂમિમાં તેડાવવામાં આવ્યા. માંડુ રાજાઓ સામેના ભીષણ યુદ્ધમાં માંડુ રાજાનો પરાજય થયો. એટલે એણે સૈયદઅલીને દગો કરી ગુફામાં લઈ જઈને વધ કર્યો. આમ સૈયદઅલી શહીદ થયા. એ દિવસે મહોરમ હતી. શુક્રવારના દિવસે ઉનાવા ગામમાં એમને દફનાવવામાં આવેલા. અને એમને મીરાદાતારનું નામ આપવામાં આવ્યું. આજે પણ હિન્દુ અને મુસ્લિમો આ કોમી એકતાનું પ્રતીક, શહાદતનું પ્રતીક એવી મીરદાતારની દરગાહ પર શ્રદ્ધા-આસ્થાથી પોતાનું મસ્તક નમાવે છે. પ્રતિવર્ષ મહુર્રમની ૨૮ તારીખે અહીં ઉર્સ ભરાય છે.

❖



૨

# ઉત્તર ગુજરાતનું સંત-સાહિત્ય : સંશોધનની નૂતન ક્ષિતિજો

**પ્રા. મુકેશ સ્વામી**

ગુજરાતની આ ભૂમિ સંતો-મહંતો, જતિ-સતિ, વીર-પીર, શૂરવીર, દાનવીર અને ભક્તોની ભૂમિ રહી છે. અહીં ગામડે-ગામડે, નેસડે-નેસડે કે વેરાન વગડા વચ્ચે આવેલ તેમની યશગાથાઓ ગાતા પાળિયાઓ, આશ્રમો કે સંત-સ્થાનકો વર્ષોથી પોતાની શ્રદ્ધાની સુવાસ ફેલાવતા રહ્યા છે. એમાંય ગુજરાતની સંત-પરંપરા બહુ મોટી અને ઊજળી રહી છે. ગુજરાતની આ પ્રતાપી અને પુણ્યભૂમિમાં હજારો વર્ષની પરંપરામાં કંઈ-કેટલાય કીર્તિવાન સંતપુરુષોએ જન્મ ધારણ કરીને તેને વધુ ગૌરવશાળી બનાવી છે. આ સંત-પરંપરામાં પંથ-સંપ્રદાય, વિચારધારા, જપ-તપ-સાધના, અનુષ્ઠાનો, પૂજા-અર્ચન વિધિ, શિષ્યમંડળ, આરાધ્ય દેવ-દેવી કે અવતારી પુરુષો, પરંપરાગત નીતિ-નિયમો, સિદ્ધાંતો વગેરેમાં વિવિધતા ધરાવતા આ સંતો-મહંતો ગુજરાતની અધ્યાત્મ-સંસ્કૃતિનાં ગિરિશિખરો છે. જન અને જગત-કલ્યાણની ભાવના ધરાવનારા આ સંતો લોકોની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર રહ્યા છે. દુઃખિયા અને રોગિયાની સેવાની સાથે, જીવનરાહ ભૂલેલાના પથદર્શક બની, આ સંતોએ હરિનામ-સ્મરણની સાથે-સાથે 'ભૂખ્યાંને ભોજન અને તરસ્યાંને પાણી'ને પોતાનો જીવનમંત્ર બનાવી અનેક ભૂખ્યા-તરસ્યા લોકો, અબોલ

પશુ-પક્ષીઓને પાણી પિવડાવી, ભોજન કરાવીને પોતાની ફરજ અદા કરી છે. 'ટુકડો ત્યાં પ્રભુ ઢૂકડો'ના હિમાયતી એવા આ સંતોના સ્થાનકે-આશ્રમે સદાય સદાવ્રત ચાલુ જ હોય છે. આ સંતો લોકો માટે લોકદેવતાથી જરાય ઊતરતા નથી. ગુરુપૂનમ તેમજ જે-તે સંતની જન્મ કે નિર્વાણતિથિએ આવાં સંતસ્થાનકો-આશ્રમો માનવ-મહેરામણથી ઊભરાય છે.

આ સંતો સમાજ કે જનસમુદાયમાં પૂજનીય સ્થાન ધરાવતા હોવા છતાં તેમના જીવનવિષયક તેમજ તેમણે રચેલ સાહિત્ય અંગેનાં સંશોધનો ખૂબ ઓછાં થયાં છે. ગુજરાતના ઘણાબધા વિસ્તારો-પ્રદેશો સંતસાહિત્યક્ષેત્રે વણખેડાયેલા રહ્યા છે. એમાં ઉત્તર ગુજરાતનો પણ સમાવેશ થાય છે. અહીં મારો ઉપક્રમ ઉત્તર ગુજરાતના પ્રદેશને ધ્યાનમાં રાખીને ત્યાંના સંતો, સંત-પરંપરા અને સંત-સાહિત્યની વર્તમાન સ્થિતિ-ગતિની, સંશોધન અને તેની સમસ્યાઓની તેમજ સંત-સાહિત્યના સંશોધન માટેના ભાવિ આયોજન અંગેની ચર્ચા કરવાનો છે.

ગુજરાતની સંત-પરંપરા ઘણાબધા પંથ-સંપ્રદાયોમાં ફેલાયેલી છે. ગુજરાતમાં કબીરપંથ, રવિભાણ સંપ્રદાય, મહાપંથ, નાથપંથ, વૈષ્ણવ સંપ્રદાય, પુષ્ટિમાર્ગ, સ્વામિનારાયણ સંપ્રદાય, નિજીયા, નિજાર વગેરે અસંખ્ય પંથ-પરંપરાઓ અને એક એક પંથ-સંપ્રદાયમાં થયેલા અનેક સંતો, તેમની જુદી જુદી વિચારધારાઓ, તેમના જપ-તપ-ઉપાસના અને તેમનું વિશાળ માત્રામાં કંઠોપકંઠ રીતે ભક્ત સમુદાય કે જન સમુદાયમાં કે હસ્તલિખિત પ્રતોમાં સચવાયેલું વિવિધ પ્રકારનું સંત-સાહિત્ય ગુજરાતની સંત-પરંપરાને ઉજ્જવળ બનાવે છે. ગુજરાતની સંત-પરંપરામાં સૌરાષ્ટ્રનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. સૌરાષ્ટ્રની સંત-પરંપરા પણ ખૂબ મોટી રહી છે. ગરવો ગઢ ગિરનાર સૌરાષ્ટ્રની તેમજ સમગ્ર ગુજરાતની સંત-પરંપરાનું કેન્દ્ર રહ્યો છે. સૌરાષ્ટ્રના સંત-સાહિત્યને ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ સંશોધકોએ પ્રકાશમાં લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. પણ સૌરાષ્ટ્ર સિવાયના ગુજરાતના બીજા પ્રદેશોને સંત-સાહિત્યક્ષેત્રનું સંશોધન કરનાર કોઈ વિદ્વાન સંશોધકો ન મળવાથી ત્યાંનું સંત-સાહિત્ય પ્રકાશમાં આવ્યું નથી. કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં જુદા જુદા પંથ-સંપ્રદાયોના અનેક સંતો થઈ ગયા. તેમનું સંત-સાહિત્ય પણ વિપુલ માત્રામાં છે જેનું સંશોધનકાર્ય હજુ સુધી થયું નથી.

સંત-સાહિત્યક્ષેત્રે અલ્પ ખેડાયેલો આવો જ એક પ્રદેશ એટલે ઉત્તર ગુજરાત. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને



ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના છેક પશ્ચિમે આવેલ સાંતલપુરથી માંડીને પૂર્વમાં છેક સાબરકાંઠા જિલ્લાના શામળાજી, વિજયનગર, ધનસુરા તેમજ રાજસ્થાનની સરહદ સુધીનો વિસ્તાર અને ઉત્તરે બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલ રાજસ્થાન સરહદથી છેક દક્ષિણમાં આવેલ મહેસાણા જિલ્લાના કડી, બેચરાજી સુધીના વિસ્તારમાં પુષ્કળ પ્રમાણમાં સંત-સાહિત્ય સચવાયેલું છે. વળી, આ ઉત્તર ગુજરાતની સંત-પરંપરા પણ ભવ્ય રહી છે. ઉત્તર ગુજરાતની સંત-પરંપરામાં મહાપંથ, રવિભાણ સંપ્રદાય, નિજીયા, નિજાર, હંસનિર્વાણ, પુષ્ટિમાર્ગ અને સ્વામિનારાયણ જેવી વિવિધ પંથ-પરંપરાઓ ફેલાયેલી છે. આ દરેક પંથ-પરંપરાને આગવાં નીતિ-નિયમો, સિદ્ધાંતો, વિચારધારાઓ, પૂજા-અર્ચન-અનુષ્ઠાનોની વિધિઓ, ગુરુ-શિષ્યપરંપરાઓ અલાયદાં રહ્યાં છે. ઉત્તર ગુજરાતની પંથ-પરંપરામાં અનેક સંતો થઈ ગયા છે. જેમાં દશનામી સંતોનો ફાળો સવિશેષ રહ્યો છે.

ઉત્તર ગુજરાતના સંતોએ વિવિધ પ્રકારનું સંત-સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં રચ્યું છે. અહીંના એક-એક સંત અને તેમનું સઘળું સાહિત્ય પીએચ.ડી.ના સંશોધન-અભ્યાસનો વિષય બની શકે એટલું સત્ત્વશીલ અને માતબર છે. જેમાં ભજનો, પદો, ધોળ, ગરબી, ગરબા, સાખીઓ, લાવણી, ઓઝણા, છંદો, સ્તુતિઓ, આરતી, પ્રભાતિયાં વગેરેનો સમાવેશ થાય છે. અહીંના સંતસાહિત્યમાંથી ભજનો સૌથી વધુ પ્રમાણમાં મળી આવે છે. આ પ્રદેશનું મોટાભાગનું સંત-સાહિત્ય જનસમુદાય, શિષ્ય-પરંપરામાં કે ભક્તજનોમાં કંઠોપકંઠ જળવાયેલું છે. નિરક્ષર સંતો દ્વારા રચાયેલ સાહિત્ય કે સંતવાણી કંઠોપકંઠ જળવાતી રહી છે. તો સાક્ષર સંતોએ રચેલ કેટલુંક સંત-સાહિત્ય-સંતવાણી હસ્તપ્રતોમાં જગ્યાધારી પાસે, મઠાધારીઓ કે મહંતો પાસે સચવાયેલાં પડ્યાં છે. ઉત્તર ગુજરાતનું આ સંત-સાહિત્ય જે-તે પ્રદેશની લોકબોલીમાં જ સંતો દ્વારા રચાયેલું હોવાથી વિવિધ લોકબોલીઓ આ સાહિત્યને વિશેષ ઓળખ અપાવે છે. તો કેટલુંક સંત-સાહિત્ય એક કરતાં વધારે પ્રદેશોમાં ફેલાયેલું અને ગવાતું હોવાથી બોલીગત, લય-લઢણ અને લહેકાગત ફેરફારો તેમાં જોવા મળે છે.

ઉત્તર ગુજરાતની પંથસંપ્રદાય-પરંપરા પણ ખૂબ મોટી છે. તેના વિષયક પણ સંશોધનને ખૂબ અવકાશ રહેલો છે. ઉત્તર ગુજરાતની ભજનવાણી-સંતવાણી તેમજ પંથ-પરંપરા ઉપર રાજસ્થાની રામદેવપીર પરંપરાનો ઘણો પ્રભાવ પડ્યો છે. રામદેવપીરની ભજનવાણી અહીં વિશેષ ગવાય છે. ખાસ કરીને, રાજસ્થાનની

સરહદને અડીને આવેલા પ્રદેશો જેવા કે, થરાદરી (થરાદ તાલુકાનો વિસ્તાર), વાવેસી (વાવ તાલુકો), હિંદવાણી, કાકરેશી, ડીસાવળ જેવા પંથકોની બોલી પર મારવાડી બોલીની અસર જોઈ શકાય છે. સાબરકાંઠા જિલ્લાના રાજસ્થાન સરહદને અડીને આવેલ વિવિધ પંથકોના સંત-સાહિત્ય ઉપર પણ રાજસ્થાની બોલીનો પ્રભાવ જોઈ શકાય છે. અહીં બોલીગત તફાવતના આધારે પણ સંત-સાહિત્યના સંશોધનને ખૂબ અવકાશ રહેલો છે. ઉત્તર ગુજરાતની લોકબોલીમાં રચાયેલાં દેશી ભજનો કે સંતવાણી રામસાગર, મંજીરાં, ઢોલક કે નરઘાં (તબલાં)ના તાલે જ્યારે લહેકાબદ્ધ રજૂ થાય છે ત્યારે તેની અસર સાંભળનાર સૌ લોકોનાં તન-મનને ડોલાવી દે એવી હોય છે. સાદી, સરળ અને દેશી ભાષામાં રચાયેલું સંતસાહિત્ય લોકોને ઉપદેશ આપીને સાચો જીવનરાહ બતાવવાની સાથે સાથે માનવમૂલ્યોની તેમજ જીવ, જગત, આત્મા, પરમાત્મા, મોહ અને માયા વગેરે વિશેનું ઊંડું તત્ત્વજ્ઞાન પણ સમજાવે છે.

ઉત્તર ગુજરાતના પશ્ચિમ ભાગમાં કચ્છના નાના રણકાંઠાને અડીને આવેલા વઢિયાર, જતોડા અને ચોરાડ પંથકની સંત-પરંપરા પણ મોટી છે. આ પ્રદેશોમાં હીરાપુરી બાપુ, કાળુરામ, કાશીગીરી બાપુ, નારાયણ સ્વામી વગેરે ઘણા સંતો થઈ ગયા છે. એમનું રચેલ સંતસાહિત્ય પણ ખૂબ પ્રમાણમાં જનસમુદાયમાં કંઠોપકંઠ તો કેટલુંક હસ્તપ્રતો દ્વારા જળવાયેલું છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના છેક પશ્ચિમ છેવાડે કચ્છ પ્રદેશને અડીને આવેલ સાંતલપુરની આજુબાજુનો પ્રદેશ પણ ઊજળી એવી સંત-પરંપરા ધરાવે છે. અહીંનું સંત-સાહિત્ય પણ સંશોધનની પ્રતીક્ષામાં છે. આ વિસ્તાર ખાસ કરીને કચ્છની નજીક હોવાથી અહીંની સંતવાણી ઉપર કચ્છી-વાગડની લોકબોલીનો પ્રભાવ વિશેષ જોઈ શકાય છે. પાટણ પંથકમાં સંત શ્રી નર્મદાગિરિ બાપુ, હમીરભારથી બાપુ, ગેંડાગીરી બાપુ જેવા અનેક સંતો થઈ ગયા છે. જેમનું સંશોધનકાર્ય આજ સુધી થયું નથી.

બનાસકાંઠાના ભાભર, દિયોદર, ડીસા, વાવ, કાંકરેજ પંથકમાં પણ અનેક સંતો થઈ ગયા જેમાં સંતશ્રી ક્રિષ્ણાનંદગીરી બાપુ, સંત શ્રી સદારામ બાપુ જેવા અનેક સંતોનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠાના જંગલવિસ્તાર અને આદિવાસી વિસ્તારોમાં પણ સંત-પરંપરા ફેલાયેલી છે. બનાસકાંઠાના દાંતા, અંબાજી, બાલારામ તથા સાબરકાંઠાના ખેડબ્રહ્મા, મોડાસા, ધનસુરા, શામળાજી જેવા છેવાડાના જંગલીય પ્રદેશોમાં અનેક સંતો થઈ ગયા છે. તેમનું સંત-સાહિત્ય, તેમની પંથ-પરંપરા અને પ્રણાલિકાઓ સંશોધનની રાહ જોતી



બેઠી છે. વળી, બનાસકાંઠા અને સાબરકાંઠાના રાજસ્થાનની સરહદે અડીને આવેલા અંતરિયાળ એવા પ્રદેશોમાં પ્રાચીન અરવલ્લીની ગિરિમાળા આવેલી છે. આ અરવલ્લીની ગિરિમાળામાં અનેક પ્રતાપી સંતો થઈ ગયા. તેમનું સાહિત્ય તથા અરવલ્લીની સંત-પરંપરા પણ સંશોધનની પ્રતીક્ષામાં છે. સાબરકાંઠા જિલ્લામાં અનેક મઠો અને અખાડાઓ કે આશ્રમો આવેલા છે. ત્યાંની સંત અને પંથ-પરંપરા પણ ખૂબ વિશાળ છે. જેમાં અનેક દશનામી સંતો તથા જેસંગબાપા જેવા પાટીદાર સંત તેમજ અન્ય સમાજોના સંતોની વિશાળ પરંપરા અહીં પથરાયેલી છે. મહેસાણા જિલ્લાના કડી, બેચરાજી, મોઢેરા, ઊંઝા, સિદ્ધપુર, વિસનગર, ખેરાલુ અને સતલાસણા જેવા પ્રદેશોમાં પણ ઘણા સંતો થઈ ગયા જેમાં વિસનગર વિસ્તારના કહલપુરી, ઉમેદપુરી તથા વિહતપુરી જેવા સમર્થ સંતોએ આ ભૂમિને પુણ્યશાળી બનાવી છે. ઉપરોક્ત પ્રદેશોમાં પણ સંત-સાહિત્ય ખૂબ મોટા પ્રમાણમાં સચવાયેલું છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના માણસા, દહેગામ તેમજ અન્ય પ્રદેશોની સંત અને પંથ-પરંપરા વિશાળ રહી છે જેનું સંશોધનકાર્ય હજી પણ બાકી છે.

આમ, અહીં આપણે ઉત્તર ગુજરાતના વિવિધ પ્રદેશોના સંતો, તેમની સંત-પરંપરા અને તેમના સંત-સાહિત્યના સંશોધન માટેની શક્યતાઓ જોઈ. સમગ્ર રીતે આ તમામ પ્રદેશો ઉપર નજર કરતાં કહી શકાય કે સંત-સાહિત્યક્ષેત્રે સમગ્ર ઉત્તર ગુજરાતનો પ્રદેશ બહુ ઝાઝો ખેડાયો નથી.

ઉત્તર ગુજરાતના સંત-સાહિત્યમાં મોટા ભાગે સંતોનાં જપ-તપ-સાધના કે ઉપાસનાની વિધિ કે અનુભવો, તેમણે કરેલી ઈશ્વરોપાસના, મેળવેલ સિદ્ધિઓ, ઈશ્વરદર્શન કે ઈશ્વરની દિવ્ય અનુભૂતિની પ્રાપ્તિનું નિરૂપણ થયેલું છે. તેમણે મેળવેલ અનુભવજ્ઞાન પરાકોટીનું છે. ઉત્તર ગુજરાતના મોટા ભાગના સંતો નિરક્ષર હોવા છતાં તેમની સંતવાણી કે ભજનવાણીમાં વેદ, ઉપનિષદો, પુરાણોની ઊંચી તત્ત્વમીમાંસા કે જ્ઞાન સાવ સાદી, સીધી અને સરળ રીતે લોકબોલીમાં રજૂ થયેલી છે. ઉત્તર ગુજરાતનું આવું ઘણુંબધું સંત-સાહિત્ય લોકોમાં, જનસમુદાયમાં કે ભક્ત-સમુદાયમાં કંઠોપકંઠ તો કેટલુંક સાક્ષર સંતો દ્વારા રચાયેલ સંત-સાહિત્ય હસ્તપ્રતોમાં વિવિધ મઠાધિપતિઓ પાસે, અખાડાઓમાં, આશ્રમોમાં કે પંથ-પરંપરાના અનુયાયીઓ પાસે હસ્તપ્રતો રૂપે સચવાયેલું હોવા છતાં આજ દિન સુધી તે સાહિત્યનું સંશોધન કે સંપાદનકાર્ય થયું નથી. આ ક્ષેત્રે કામગીરી ન થવા માટેનાં ઘણાં કારણો છે. પ્રથમ તો આ વિસ્તારને સંત-સાહિત્યના અભ્યાસુ વિદ્વાન સંશોધકો ન મળવાથી અહીંના સંત-સાહિત્યના સંશોધનની કામગીરી થઈ ન શકી. વળી, આ વિસ્તારમાં

શિક્ષણનું પ્રમાણ પહેલેથી જ ઓછું રહ્યું હોવાથી ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહી છે. સંશોધનના એક વિષય તરીકે ‘સંત-સાહિત્ય’ની પસંદગી કરવામાં આવતી નથી. કેમ કે, આ વિષય ખૂબ મહેનત અને ફિલ્ડવર્ક માંગી લેતું ક્ષેત્ર છે. વળી, આ વિષયના સંશોધન માટે પહેલાં સંશોધક સજ્જ હોવો જરૂરી છે. સંશોધક જ્યાં સુધી સંત-પરંપરા, પંથ-સંપ્રદાય-પરંપરા, તેમનાં જપ-તપ-સાધના, અનુષ્ઠાનો, વિધિવિધાનો, ભક્તિમાર્ગ, મેળવેલી સિદ્ધિઓ, તેમને મળેલ અનુભવજ્ઞાન અને ઈશ્વરની પ્રાપ્તિ કે અનુભૂતિ આ બધી જ બાબતોથી વાકેફ ન થાય ત્યાં સુધી સંત-સાહિત્યનું સાચું સંશોધન થઈ શકે નહીં. આ બધું સમજવા માટે સાચા સદ્‌ગુરુ બનાવવા જરૂરી છે. સદ્‌ગુરુ વિના સંત-સાહિત્યના મૂળમાં જઈ શકાય નહીં. કેમ કે એમણે મેળવેલું અનુભવજ્ઞાન દીક્ષિતને જ મંત્ર દ્વારા - શબ્દગાન દ્વારા અપાય છે. અને એમની વાણીમાં પણ તેમનું જ્ઞાન પ્રતીકો, રૂપકો દ્વારા પ્રગટ થતું હોય છે જે સામાન્ય માણસ સમજી શકે નહીં. આથી સદ્‌ગુરુના સાંનિધ્યમાં ઘણો સમય રહેવાથી તે પ્રાપ્ત થઈ શકે. સંત-સાહિત્યના સંશોધકને આ બધી પ્રક્રિયામાંથી પસાર થવા ખૂબ સમય આપવો પડે.

આમ, સંતસાહિત્યનું સંશોધન અલ્પ સમયમાં શક્ય ન હોવાથી સંશોધનના ક્ષેત્રે તેની ઉપેક્ષા થઈ છે. ખાસ, કૉલેજ કે યુનિવર્સિટી કક્ષાએ સંત-સાહિત્યલક્ષી અભ્યાસક્રમ અમલમાં ન હોવાથી તથા અલગ સંશોધનકેન્દ્ર, અભ્યાસકેન્દ્ર કે સંશોધન-તાલીમકેન્દ્ર ન હોવાથી તેમજ યુનિવર્સિટી દ્વારા તેના સંશોધન માટેના પ્રયાસો ન થવાથી ઉત્તર ગુજરાતનું વિપુલ માત્રામાં રહેલું સત્ત્વશીલ સંત-સાહિત્ય-સંશોધનની પ્રતિક્ષામાં છે.

ઉત્તર ગુજરાતની સંત-પરંપરા, પંથ-પરંપરા અને તેમનું સઘળું સંત-સાહિત્ય એ તો આપણી મહામૂલી મૂડી છે. કપરા સંજોગોમાં, દુઃખની વેળામાં સાચો માર્ગ બતાવનાર અને સાથ આપનાર એકમાત્ર સંત-સાહિત્ય જ છે. એટલું જ નહિ, પણ આપણી ધર્મ-સંસ્કૃતિનો આધાર પણ આ સંતો અને સાહિત્ય જ છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના યુગમાં માનવી યંત્રવત્ બનતો જાય છે. વિકાસની આંધળી દોટમાં માણસ અધોગતિ તરફ ધકેલાઈ રહ્યા છે. લોકો ચારિત્ર્યહીન અને વિવેકહીન બનતા થાય છે. ધર્મ પરની શ્રદ્ધા ઓશરવા લાગી છે. સત્ય, પ્રેમ, કરુણા, દયા, પ્રામાણિકતા, નિષ્ઠા, વિવેક, સેવા, પરોપકાર જેવા સદ્‌ગુણોનો પ્રભાવ ઘટવા માંડ્યો છે. જેના કારણે ખૂન, લૂંટ, બળાત્કારો, ચોરી, અત્યાચારો વગેરે ગુનાખોરી રોજબરોજ વધતાં જ જાય છે જેનું કારણ ભારતીય અધ્યાત્મ-ધર્મ-



સંસ્કૃતિનું રક્ષણ કરવું પડશે. સંતોએ પણ ધર્મના ફેલાવાનું અને લોકજાગૃતિ કે સુધારણાનાં જ કાર્યો કર્યા છે. એ સઘળી બાબતો એમના સાહિત્યમાં રહેલી છે. જેને ઉજાગર કરવી જરૂરી છે. કેમ કે લોકોને ચારિત્ર્યવાન, ધર્મવાન બનાવવાનું, તેમનામાં સેવા, દાન, પુણ્ય, પરોપકાર, કરૂણા, માનવતા જેવા માનવમૂલ્યોને સ્થાપિત કરવાનું, ધર્મના ફેલાવાનું, સમાજસેવા-સમાજઉત્થાનનું, દુઃખિયાની સેવા કરવાનું, ભૂખ્યા-તરસ્યા જીવને ખાવા-પીવાનું આપવાનું અને લોકોને સાચો જીવનરાહ બતાવવાનું કામ સંતોએ અને તેમના સંત-સાહિત્યે કર્યું છે. આવા સંત-સાહિત્યને શોધીને પ્રકાશમાં લાવવું એ આજના સમયની જરૂરિયાત છે. આ સંતોનું જીવન અને સાહિત્ય લોકો સુધી પહોંચશે તો તેમની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ મજબૂત બનશે અને સર્વત્ર ઉચ્ચ વિચારોનો ફેલાવો થશે. આમ, ભારતીય સંસ્કૃતિને ધબકતી રાખવા સંત-સાહિત્યક્ષેત્રના સંશોધનની અત્યંત આવશ્યકતા છે. વળી, આ ક્ષેત્ર સંશોધક માટે જીવનપરિવર્તન લાવનારું છે.

ઉત્તર ગુજરાતનું મોટાભાગનું સંત-સાહિત્ય વર્ષોથી કંઠોપકંઠ પરંપરામાં જીવતું હોવાથી સમયની સાથે કેટલુંક વિસરાઈ પણ ગયું હશે. પરંતુ હાલની કંઠસ્થ પરંપરામાં કે હસ્તપ્રતોમાં જેટલું સાહિત્ય સચવાયેલ છે, તે નાશ પામે તે પહેલાં જાળવવા મોટના પ્રયત્નો કરવા જરૂરી છે.

ઉત્તર ગુજરાતનું સંત-સાહિત્ય સંશોધનની નવીન ક્ષિતિજો ધરાવતું ક્ષેત્ર છે. આ ક્ષેત્રનાં સંશોધનકાર્યમાં સંશોધનની અપાર શક્યતાઓ પડેલી છે. જે માટે રસજ્ઞ વિદ્યાર્થીઓ તથા અભ્યાસુ સંશોધકો રસ લેતા થાય તે જરૂરી છે. આ સંત-સાહિત્યને પ્રકાશમાં લાવવા કેવા પ્રકારના પ્રયાસો કરી શકાય, એ અંગે અહીં થોડીક ચર્ચા કરી લઈએ.

ઉત્તર ગુજરાતના સંત-સાહિત્યને સંશોધન થકી પ્રકાશમાં લાવવાના પ્રયત્નો કરવા જરૂરી છે, કેમ કે તે અંગેના વધુ પ્રયાસો હજી સુધી થયા જ નથી. ઉ.ગુ.યુનિવર્સીટી દ્વારા અનુસ્નાતક કક્ષાએ સંત-સાહિત્યલક્ષી અભ્યાસક્રમ અમલમાં મૂકવામાં આવે તો વધુ વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં રસ લેતા થાય. અનુસ્નાતક કક્ષાએ જ સંત-સાહિત્યલક્ષી અભ્યાસક્રમ અને તેના સંશોધનની તાલીમ અપાય તો આ વિદ્યાર્થીઓ જ આગળ જતાં એક સારા સંશોધક બની ઉત્તર ગુજરાત કે અન્ય પ્રદેશોના સંત-સાહિત્યનું સંશોધન-કાર્ય કરવા પ્રેરાય. યુનિવર્સિટી કક્ષાએ પણ સંત-સાહિત્યનું સંશોધનકેન્દ્ર કે વિભાગ બનાવી તેના સંશોધન કે સંપાદનની કામગીરી થઈ શકે છે. સંત-સાહિત્યલક્ષી સેમિનારો ગોઠવીને વિદ્યાર્થીઓને આ દિશામાં રસ

લેતા કરી શકાય. આમ, કૉલેજ, યુનિવર્સિટીઓ દ્વારા સંત-સાહિત્યના સંશોધન માટે યોગ્ય પ્રયત્નો કરવામાં આવે તો માત્ર ઉત્તર ગુજરાતનું જ નહિ પણ સમગ્ર ગુજરાતમાંથી સંત-સાહિત્યક્ષેત્રે વણખેડાયેલા તમામ પ્રદેશોના સંત-સાહિત્યના સંશોધનની કામગીરી ઝડપી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવતી લોકસાહિત્ય, સંત-સાહિત્ય અને ચારણી સાહિત્યના સંશોધન-સંપાદનની વિવિધ યોજનાઓ અને કામગીરી નોંધપાત્ર છે. એ જોતાં લાગે છે કે લોકસાહિત્ય - સંતસાહિત્ય અને ચારણી સાહિત્યનાં સંશોધન-સંપાદન માટે સોનાનો સૂરજ ઊગ્યો છે.

❖



૩

# ગંગાસતીની ભજનવાણીમાં ગુરુમહત્તાનું નિરૂપણ

**ડૉ. ભરત પંડ્યા**

રામસાગર અને મંજીરાના તાલે ગળતી રાતોમાં - સૂરોમાં રેલાતી ભજનવાણી આપણી અમૂલ્ય મીરાંત છે. કંઠોપકંઠ જળવાઈ રહેલી આ સંતવાણી જ્ઞાન, ભક્તિ, યોગ અને કથા રૂપે ગુંજી રહી છે. ડૉ. નિરંજન રાજ્યગુરુ કહે છે તેમ - ''સૌરાષ્ટ્રની તમામ સંતપરંપરાની સાધના ધારાઓ અને સંતવાણી તરફ નજર માંડીએ ત્યારે સૌથી વિશેષ પ્રભાવકપણે એક સમાન લક્ષણ તરી આવે છે એ છે ગુરુ મહિમાનું.''[૧] અત્રે મેં ગંગાસતીની રચનાઓમાં જોવા મળતા ગુરુમહિમાને કેન્દ્રસ્થ રાખી મારો વિષય ચર્ચવા ધાર્યો છે. તેમાં સૌપ્રથમ ગંગાસતીના જીવન-સર્જનવિષયક અને ત્યાર બાદ તેમનાં ભજનોમાંથી પ્રગટ થતા ગુરુમહિમા વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

### ગંગાસતીનું જીવન

ભક્તિનો મર્મ ઉદ્‌ઘાટિત કરતાં બાવન ભજનથી જ લોકમુખે અમર બનેલા ગંગાસતીના જીવન વિશેની નક્કર વિગતો આપણને મળે છે. આમ તો તેમને ગઈ સદીના - અર્વાચીન યુગનાં જ સંત કવયિત્રી કહી શકાય. પાલીતાણાથી ૩૫ કિલોમીટરના અંતરે આવેલા રાજપરા ગામે ભાઈજીભી સરવૈયાને ત્યાં તેમનો જન્મ થયો. ચાર નાના ભાઈ સાથે તેઓ કુટુંબનાં મોટાં પુત્રી હતાં. નાનપણમાં તેઓ

હીરબાના લાડકા નામે ઓળખાતાં હતાં. આ જ રાજપરા ગામમાં હમીરભાઈ પઢિયારને ત્યાં પાનબાઈ નામની પુત્રી હતી. પાનબાઈ અને ગંગાબા બન્ને નાનપણથી જ સહિયર હતાં. બન્નેમાં ભક્તિભાવ નાનપણથી જ ખૂબ પ્રબળ હતો. સમઢિયાળાના કહળસંગ ભગત સાથે ગંગાબાનો વિવાહ થયો. કહળસંગને યુવાન વયે સીમમાં એક અવધૂત મળ્યા. તેમની પાસેથી કહળસંગે સાધના શીખી અને સમય જતાં સાત્ત્વિક વૃત્તિથી સંત કહળસંગ 'ભગત' તરીકે પ્રસિદ્ધ થયા. આવા સાધુવૃત્તિના કહળસંગ અને ગંગાબા બે પુત્રીનાં માતાપિતા બન્યાં. ગંગાબાની બાળપણની સખી પાનબાઈ ક્ષત્રિય સમાજના રિવાજ મુજબ દીકરીના સાસરે ખાસ મદદ માટે તેમની સાથે જ સમઢિયાળા આવ્યાં. જીવનભર અપરણિત રહી ઈશ્વરના ભક્તિમાર્ગે જ વળી ગયાં. ગંગાસતી અને કહળસંગ સંસારમાં રહીને પણ સાધુજીવન જીવતાં હતાં. એકવાર ભક્તિને પ્રતાપે કહળસંગે મૃત ગાયને સજીવન કરી. ગામના ઈર્ષાળુ લોકોથી આ સહન ન થયું. તેમણે કહળસંગની મશ્કરી કરી, તો કેટલાક લોકો તેમની સિદ્ધિથી અત્યંત પ્રભાવિત થયા. પણ પોતાની સિદ્ધિ અધ્યાત્મજીવનમાં અડચણ ઊભી ન કરે અને લોકો વ્યક્તિપૂજા ન કરે તે માટે સ્વચ્છાએ જ તેમણે દેહત્યાગનો સંકલ્પ કર્યો. સતી પણ તેમની સાથે દેહ છોડવા તૈયાર થયાં, પણ કહળસંગે ગંગાબાને વિનંતી કરી કે જ્યાં સુધી પાનબાઈ ભક્તિના માર્ગે ચાલવા સક્ષમ ન બને ત્યાં સુધી રોકાઈ જવું. ૨૧ જાન્યુઆરી ૧૮૯૪ના દિને કહળસંગે જીવતાં સમાધિ માત્ર એકાવન વર્ષની ઉંમરે લીધી. હવે પરિવારને ભક્તિ-પરંપરાના સંસ્કાર આપવા ગંગાસતીએ સળંગ બાવન દિવસ સુધી રોજ એક એક એમ બાવન ભજનો રચી પાનબાઈને સંભળાવ્યાં. પાનબાઈને શિષ્યા માની ગંગાસતીએ જ્ઞાન, ભક્તિ, યોગ અને ગુરુમહિમાનાં ગૂઢ રહસ્યો સમજાવતાં ભજનો સંતસાહિત્યના અમૂલ્ય રત્ન સમા બની રહ્યાં. બરાબર બાવનમા દિવસે ૧૮૯૪માં ગંગાસતીએ પોતાનાં કર્તવ્યને પૂરુ માની ૧૫મી માર્ચે પોતાનો દેહ ત્યજ્યો. ઈશ્વર સાથે એકાકાર થનાર જ્ઞાનનો પ્રકાશ પાડનારા ગુરુ-મિત્ર ગંગાસતીનો વિયોગ પાનબાઈથી સહન ન થયો. ચોથા દિવસે તેમણે પણ પ્રાણ છોડ્યો. આજે પણ સમઢિયાળા ગામે કહળસંગ અને ગંગાસતીની સમાધિ છે. પાનબાઈની સમાધિ નથી ચણાવાઈ પણ તેમનો પણ નામોલ્લેખ કરવામાં આવ્યો છે. આવા ઉચ્ચ વિચારો ધરાવતી સંત ત્રિપુટીના અધ્યાત્મજીવનનો બોધ ગંગાસતીના ભજનોમાં પ્રગટ્યો છે. હવે તેમના કવન વિશે જોઈએ.

**ગંગાસતીનાં ભજનો :**

પોતાની બાળસખીને સમજાવતાં ગંગાસતીનાં ભજનોની વાત ચોટદાર



છે. પણ તેમની વાણીમાં કઠોરતા નથી; પ્રેમ છે, વાત્સલ્ય છે. જ્ઞાનનો અહંકાર કે મોહ નથી. બલકે એક વડીલની અદામાં માર્ગદર્શકની જેમ ગંગાસતી જીવનનાં રહસ્યોનો પથ ચીંધે છે. એમાં અનુભવોમાં મોતીબિંદુઓ છે. તેમાં વેદો-ઉપનિષદ અને યોગસાધનાના પોતાના અનુભવ તેમણે વણ્યા છે. તે વાણી તેમની પોતીકી છે. એટલે જ તે વાણીમાં સ્વયં તેજ છે. ભગવાનની ભક્તિનો ભાવ તેમણે કેટલાં સચોટ ઉદાહરણ સાથે ટાંક્યો છે કે ભગવાનની ભક્તિ કરતાં ક્ષણ પણ પ્રકાશ મળશે તો તમારું જીવન તરી જશો. ભક્તિરૂપી મોતી જીવનમાં પરોવવાનું તો તેમના જેવાં ગૃહિણી જ કહી શકે ને !

*''વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ !*
*નહીંતર અચાનક અંધાર થાશે,*
*નિરમળ થૈને આવો મેદાનમાં,*
*જાણી લિયો જીવની જાત.''* (પૃ. ૭૫ સો. સંતવાણી)

અહમ્‌નો નાશ થાય અને આત્માનો દેદીપ્યમાન પ્રકાશ ફેલાય તો જીવનનો ઉદ્ધાર થાય, તેવું સાવ સરળ શબ્દમાં સમજાવવા ક્ષણના પ્રકાશ માટે 'વીજળીનો ઝબકાર'નું કલ્પન કેટલું સચોટ છે !

ભક્તિ માટે કેટલાક આવશ્યક ગુણો સમજાવવા ગંગાસતી પ્રપંચ અને અશુદ્ધ કર્મોનો ત્યાગ કરવા વીનવે છે.

*દળી દળીને ઢાંકણીમાં ઉઘરાવવું ને,*
*એવું કરવું નહીં કામ રે.*
*આપણી વસ્તુ ન જાય ને, અવરથા એ*
*એ જોવાનું લેવું નહીં નામ રે.* (પૃ. ૯૫, સો. સંતવાણી)

*ભાઈ રે ! હરિમય જ્યારે જગતનું જાણ્યું રે*
*ત્યારે પરપંચથી રહેવું દૂર રે.* (પૃ. ૯૦, સો. સંતવાણી)

*ભાઈ રે ! હરિમય જ્યારે જગતનું જાણ્યું રે*
*ત્યારે પરપંચથી રહેવું દૂર રે.* (પૃ. ૯૦, સો. સંતવાણી)

મન, વચન, કર્મથી નિર્મળ રહેવાનું વિનવતા ગંગાસતીની વાણીના ઈરાળું લ્હેકો અને સાદગી નોંધવા જેવાં છે. પાનબાઈને ભક્તિની સરવાણીમાં જીવન વ્હેવડાવવાનું કહેતાં ગંગાસતી કહે છે :

*ભાઈ રે ! સાંગોપાગ એકરસ સરખો પાનબાઈ*
*બદલાય ન બીજો રંગ,*
*સાયની સંગે કામય રમવું*
*પાનબાઈ, કરવી ભક્તિ અભંગ.* (પૃ. ૭૦, સો.સંતવાણી)

ગીતાના નિસ્પૃહ ભાવથી આ ભક્તિરંગ પણ ક્યાં જુદો પડે છે ! આ ભક્તિનો ભાવ જ્યારે મનમાં જાગે ત્યારે હું ને મારું મટી જાય, પછી વખાણ કે નિંદા પણ એકસરખાં જ બની જાય છે. નિંદા થાય છે તે પણ 'હું'ની નથી, વખાણ પણ 'હું'ના નથી, કારણ કે એ હુંકારનો ભાવ તો ભક્તિરસમાં ઓગળી ગયો છે :

*નિંદા ને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે*
*ત્યારે અભય ભાવ કે'વાય. ભગતી....* (પૃ. ૬૯, સો. સંતવાણી)

* * *

ભક્તિ માટે તો જીવન જ આખું પલટાવવું પડે; જેમ કે :

*સૂક્ષ્મ રહેવું ને સૂક્ષ્મ ચાલવું* (પૃ. ૮૧, સો. સંતવાણી)

* * *

*આણવું નહિ અંતરમાં અભિમાન* રે (પૃ. ૮૩, સો.સંતવાણી)

મોહ, માયા, અહમ્, નિંદા જેવા દોષોને ત્યાગી નિત્ય ભક્તિરસનું સેવન કરવા ગંગાસતી વીનવે છે. અને આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે ઇચ્છાશક્તિ ખૂબ જ પ્રબળ હોય, મન પર લગામ હોય...

*મેરુ તો ડગે ને જેનાં મન નો ડગે*
*મરને ભાંગી રે પડે ભરમાંડ રે,*
*વિપદ પડે વણસે નહિ, ઈ તો હરિજનનાં પરમાણ રે.*
(પૃ. ૬૧ સોરઠી સંતવાણી)

માનવદેહ જ્યારે આત્માની અલખ જ્યોતને જગતી રાખે, કોઈ પણ સ્થિતિમાં ચલિત ન થાય ત્યારે જ ભક્તિમાર્ગ પામે અને ભક્તિમાર્ગમાંથી તેને ચલિત થતો રોકે છે, તેના ગુરુ ! ગુરુપ્રાપ્તિની, શિષ્યની સ્વીકૃતિ માટેની એક વિધિ લોકસંત પરંપરામાં પ્રચલિત છે. તેને 'પ્યાલો પાવાની વિધિ' તરીકેની ઓળખ મળેલ છે. 'પ્યાલો' પ્રકારનાં અસંખ્ય ભજનો આ કારણથી જ અસ્તિત્વમાં આવ્યાનું – ઝવેરચંદ મેઘાણી અને જયમલ્લ પરમારના કથનને મકરંદભાઈ, નિરંજન રાજ્યગુરુ, નાથાલાલ ગોહિલ અને બળવંત જાની આદિએ પોતાના લેખોથી સમર્થન આપ્યું



છે. ડૉ. બળવંત જાની 'ગુજરાતી સંત સાહિત્યવિમર્શ'માં 'પ્યાલો : ભજનપ્રકારનું સ્વરૂપ અને ભજનો' લેખમાં જણાવે છે કે ''પ્યાલો એક ખાસ પ્રકારની ભજન રચના માટેનું નામાભિધાન છે. ભારતીય પરંપરાનુસાર શિષ્યને મંત્રદીક્ષા અપાય એ ક્રિયાનું ખૂબ મહત્ત્વ છે. સોળ સંસ્કારમાં તેનો સમાવેશ થાય છે. દ્વિજક્રિયા એ રીતે સાર્થ છે. ખરા અર્થમાં દિશા દર્શાવનારું પરિણામ ઉમેરાય ગુરુમંત્રથી. આ ક્રિયા ગુપ્ત છે, એટલી જ સાંકેતિક અને પ્રતીકાત્મક પણ છે. એનું યજ્ઞોપવીત સંસ્કાર જેટલું જ મૂલ્ય છે. આ માટે અનેક ક્રિયાઓ જેવી કે કાન ફૂંકવા, કંઠી બાંધવી, પ્યાલો પાવો, પરમોદવું આ બધી ક્રિયાઓ આખરે તો ગુરુ તરફથી શિષ્ય પ્રતિની પ્રીતિના પ્રતીક સમાન છે.''[૨]

**ગુરુમહિમા :**

સંતવાણીનું પ્રાણતત્ત્વ ગુરુ ગુણસંકીર્તન છે. પરમતત્ત્વની તુલ્ય એનું સ્થાન-માન છે. ગુરુકૃપાથી જ ગુરુના શક્તિપાતથી જ શિષ્યની કુંડલિની જાગૃત થાય છે અને પ્યોર માઈન્ડમાંથી પદગાન સહજ સ્ફુરે છે. એના ઢાળ, એની ધ્રુવા અને એનું ભાવવિશ્વ આપોઆપ પ્રગટે છે. વાહન શબ્દના માધ્યમથી આ કારણે મકરંદ દવે જેવા મહાસાધક એને પરાવાણી કહે છે. સંતવાણીમાં સંતની નામછાપ પૂર્વે 'ગુરુ પ્રતાપે' એવી સંજ્ઞા અને ગુરુનો નિર્દેશ લગભગ બહુધા બધે જ દૃષ્ટિગોચર થાય છે. એની પાછળનું પ્રબળ કારણ એનો ગુરુનો પ્રભાવ, એની શક્તિનું સુફળ આ સંતવાણી જણાય છે. અહીં મને ગંગાસતીનાં ભજનોના સ્વાધ્યાય દરમ્યાન પણ જણાયું છે કે એમણે ગુરુનું નામ ગુપ્ત રાખ્યું છે પણ એનો અપાર મહિમા અનેક સ્થાને પ્રસ્તુત કર્યો છે. એ રીતે મારી દૃષ્ટિએ ગુરુનો મહિમા ગંગાસતીનાં ભજનમાં પણ ખૂબ પ્રભાવક રીતે ઝિલાયો છે. પીપરાળી ગામના ગુરુ ભૂધરદાસજીને ગંગાસતી ગુરુ માનતાં હતાં. 'ગુરુજીનું ધ્યાન', 'સાધુની સંગત', 'વચનની શક્તિ', 'વચનનો વિવેક', 'મરજીવા થઈને', 'અભયભાવ', 'મન જ્યારે મરી જાય', 'ઠાલવવાનું ઠેકાણું' આદિ ભજનોમાં ગંગાસતીએ ગુરુમહિમા ગાયો છે. અહીં 'ગુરુજીનું ધ્યાન' ભજનમાંથી પ્રગટ થતા ગુરુમહિમા વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

**ગુરુજીનું ધ્યાન**

*નવધા ભગતિમાં નિરમળ રે'વું ને*
*શીખવો વચનુંનો વશવાસ રે,*
*સતગુરુને પૂછીને પગલાં ભરવાં ને*
*થઈને રહેવું તેના દાસ રે.*

*ભાઈ રે - રંગરૂપમાં રમવું નહિ ને*
*કરવો ભજનુંનો અભિયાસ રે*
*સતગુરુ સંગે એકાંતમાં રે'વું ને*
*તજી દેવી ફળની આશા રે... નવધા૦*
*ભાઈ રે ! - દાતાને ભોગતા હરિ એમ કે'વું ને*
*રાખવું નિરમળ જ્ઞાન રે,*
*સતગુરુ ચરણમાં શીશ નમાવવું રે,*
*ધરવું ગુરુજીનું ધ્યાન રે...નવધા૦*
*ભાઈ રે ! - અભ્યાસીને એવી રીતે રે'વું ને*
*જાણવો વચનનો મરમ રે,*
*ગંગાસતી એમ બોલિયાં ને*
*છોડી દેવાં અશુધ કરમ રે...નવધા૦* (પૃ.૬૩, સોરઠી સંતવાણી)

* * *

ભક્તિના નવ પ્રકાર છે. આ નવધા ભક્તિમાંથી કોઈ પણ પ્રકારની ભક્તિમાં પૂરેપૂરું તન્મય થવાનું ગંગાસતી કહે છે.

*'નવધા ભગતિમાં નિરમળ રે'વું ને*
*શીખવો વચનુંનો વશવાસ રે,*
*સતગુરુને પૂછીને પગલાં ભરવાં ને*
*થઈને રહેવું તેના દાસ રે.'*

અહીં 'નિરમળ' શબ્દમાં કેટલી અર્થછાયાઓ પડેલી છે ! જેનામાં 'મલિનતા નથી તે નિર્મળ' એવા શાબ્દિક અર્થ પાછળ એ 'મલિનતા'ના કેટલાય અર્થ નિહિત છે ! જેના મનમાં કપટ, ક્રોધ, પ્રપંચ, માયા, મોહ નથી; જેને સાંસારિક માયા અડકી શકતી નથી તેને નિરમળ કહી શકાય. કાદવમાં રહેલ કમળની માફક નિર્લેપ ભાવે દરેક જીવનઘટનાને જે કોઈ પણ જાતના દ્વેષ વિના સ્વીકારી શકે તેને નિરમળ કહેવાય. અને ભક્તિ માટે 'નિરમળ' હોવું અનિવાર્ય છે. જ્યારે દોષ રહિત - નિરમળ બનીને મન ભક્તિ માટે તૈયાર થાય છે, ત્યારે તેને સત્‌ગુરુ મળવો અનિવાર્ય છે. એવા ગુરુ કે જે મનચક્ષુ ઉઘાડી આપે. તેના વાક્યમાં શાશ્વત સત્ય સમાયેલું હોય તેવા 'વચન'માં વિશ્વાસ રાખવાનું ગંગાસતી કહે છે. આવા સતગુરુને ચલિત થવાય તેવા દરેક પ્રસંગે પૂછવું અને પછી ગુરુએ ચીંધેલા માર્ગ પર



ચાલવું તે જ રીતે ભક્તિરસ પામી શકાય છે. સાચા ગુરુના દાસ થઈ તેમને મન, વચન, કર્મથી અનુસરીને જ ભક્તિ દ્વારા પ્રભુની પ્રાપ્તિ શક્ય બને છે તેવું તેમનું માનવું છે. આગળ કહે છે :

*ભાઈ રે - રંગરૂપમાં રમવું નહિ ને*
*કરવો ભજનુંનો અભિયાસ રે*
*સતગુરુ સંગે એકાંતમાં રે'વું ને*
*તજી દેવી ફળની આશ રે... નવધા૦*

ગુરુના દાસ થવા માટે રંગરૂપમાં મોહવું નહિ. તેવું કહેવા પાછળ ગંગાસતીનો આશય એ છે કે, જ્યાં બાહ્ય રંગરૂપની રમણા મોહ પમાડતી હોય ત્યાં સુધી આંતરચક્ષુ ખૂલવાનાં નથી. જ્યારે બાહ્ય સુંદરતા ભૂલી આંતર સૌંદર્ય અનુભવાય ત્યારે જ ભક્તનાં દ્વાર ખૂલે અને તેના માટે ખૂબ જ એકાગ્રતાથી ભજનનો અભ્યાસ મતલબ આપણા વેદપુરાણ ગ્રંથોનું જ્ઞાન વારંવાર ચયન કરવું. 'અભિયાસ' એટલે વારંવાર જેને મનની અંદર પસાર કરી જીવનમાં ઉતારવામાં આવે તે. આવો અભ્યાસ વારંવારનો પ્રયત્ન કરી ભજનરૂપી સત્‌ગુરુની વાણીને મનમાં ભરી દેવાનું તેઓ કહે છે. આ માટે સાચા ગુરુની પાસે એકાંતમાં રહેવાનું તેઓ સૂચવે છે. ભીડમાં નહિ, પરંતુ એકાંતમાં જ્યાં ગુરુ અને શિષ્ય વચ્ચે સાચો 'સંવાદ' શક્ય બને. આમ હૃદયથી ગુરુની સાથે તાર જોડાય, તેવું તેઓ આ પંક્તિમાં કહેવા ઈચ્છે છે. છેલ્લે કહે છે 'તજી દેવી ફળની આશ' — ગુરુના જ્ઞાનથી કોઈ ચમત્કાર થશે, કશુંક મહાન પ્રાપ્ત થશે તેવી આશા સાથે કોઈ પ્રયાસ કરવો નહીં. ગીતામાં કૃષ્ણએ કહ્યું છે કે 'ફળની આશા વિના કર્મ કરવું' તેનું જ અનુકરણ અહીં પણ છે. આગળ જુઓ :

*ભાઈ રે ! - દાતાને ભોગતા હરિ એમ કે'વું ને*
*રાખવું નિરમળ જ્ઞાન રે,*
*સત્‌ગુરુ ચરણમાં શીશ નમાવવું રે,*
*ધરવું ગુરુજીનું ધ્યાન રે...નવધા૦*

કર્મને કરતાં ફળની આશા ન રાખવી તેવું કહેતા ગંગાસતી આગળ કહે છે : આ માટે જે કાંઈ મળે છે તે બધું ઈશ્વરનું આપેલું છે. જે કાંઈ ભોગવવું પડે છે તે પણ ઈશ્વરનું જ આપેલું છે તેવી સ્થિર ચિત્તબુદ્ધિ રાખીને રહેવું જોઈએ. અહીં 'રાખવું નિરમળ જ્ઞાન' શબ્દ છે. તે કેટલું સરસ સૂચવે છે કે જે જ્ઞાન મળે છે તેમાં પણ પોતાના અહમ્‌ભાવનું કોઈ આરોપણ ન કરવું. એ બધું હરિનું જ જ્ઞાન છે

તેવી નિર્વિકાર ભાવના જ જ્ઞાનના સાચા અધિકારી બનાવે. તેવું ગંગાસતીનું માનવું છે. જે જ્ઞાન મળ્યું છે, તેમણે જ મનની અંદર આ અપાર પ્રકાશ રેલાવ્યો છે. તેવી કૃતજ્ઞતા અનુભવીને હંમેશા આવા સદ્‌ગુરુના ચરણમાં શીશ નમાવવું જોઈએ, મતલબ કે મનથી તેમનો ખૂબ જ આદર કરવો જોઈએ. નિત્ય તેમનું ધ્યાન ધરીને જ્ઞાનમાર્ગના સાધક બનવું જોઈએ. છેલ્લે તેઓ કહે છે કે :

*ભાઈ રે ! - અભ્યાસીને એવી રીતે રે'વું ને*
*જાણવો વચનનો મરમ રે,*
*ગંગાસતી એમ બોલિયાં ને.*
*છોડી દેવા અશુધ કરમ રે...નવધા૦*

ભક્તિની કેડી કાંટાળી છે. બધાં જ પ્રલોભનોથી દૂર થઈ કેવી રીતે નિત્ય અભ્યાસી રહેવું તે આખા પદમાં ગંગાસતી કહેવા માગે છે. આ રીતે નિરમળ ભાવે, બાહ્ય પ્રલોભન ત્યજી, સાચા હૃદયથી ગુરુજીના ચરણે રહી અભ્યાસ કરવાથી જ સાચી રીતે ભક્તિરસ પામી શકાય છે. અને તે માટે 'વચનનો મરમ' જાણવો આવશ્યક છે. સત્યના મૂળ રૂપને જાણવા માટે બધાં જ અશુદ્ધ કર્મોને ત્યજવાં પડે, તો અને તો જ ભક્તિ અને ગુરુ બન્નેની પ્રાપ્તિ થાય. પણ તે માટે સાચા ગુરુ મળવા અત્યંત આવશ્યક છે. સાચા ગુરુ લાખોમાં એક હોય, અને એવા ગુરુને અધિકારી શિષ્ય મળવો પણ સદ્‌ભાગ્ય છે. ગુરુ અને શિષ્ય જ્યારે એકભાવે ચિદાકાશ સાથે સંવાદ સાધે ત્યારે જ બ્રહ્મજ્ઞાન મેળવી શકે.

આ ઉપરાંત તેમનાં ભજનોમાંથી ગુરુમહિમાને વ્યંજિત કરતી કેટલીક પંક્તિઓ નોંધું છું :

*સાનમાં સાન એક ગુરુજીની કહું પાનબાઈ !*
*જેથી ઊપજે આનંદના ઓઘ રે.* ('વચનની શક્તિ')

* * *

*ભાઈ રે ! - શરીર પડે પણ વચન ચૂકે નહિ,*
*ગુરુજીના વેચ્યા તે તો વેચાય,* ('મરજીવો થઈને')

* * *

*સત્તગુરુના ચરણમાં શીશ નમાવે*
*ત્યારે પૂરણ નિજારી કે'વાય - જ્યાં લગી.* ('મરજીવા કોણ કહેવાય')

* * *



*ભાઈ રે ! સત્‌ગુરુ વચનમાં સુરતાને રાખો,*
*તો તો હું ને મારું મટી જાય.* ('અભયવાદ')

* * *

*ભાઈ રે ! સતસંગ રસ એ તો અગમ અપાર છે,*
*તે તો પીવે કોઈ પીવનહાર.* ('મન જ્યારે મરી જાય')

* * *

*ભાઈ રે આપ મુવા વિના અંત નહિ આવે પાનબાઈ !*
*ગુરુગમ વિના ગોથાં મરને ખાવે.* ('ઠાલવવાનું ઠેકાણું')

* * *

*ભાઈ રે ! રે'ણી થકી ગુરુજી સાનમાં સમજાવે,*
*રે'ણી થકી અમર જો ને થવાય.* ('રહેણીમાં રસ')

સંતવાણીમાં ગુરુપ્રાપ્તિથી સંતૃપ્તિના ભાવને અનન્ય સ્વરૂપે દાસીજીવણે ગાયો છે. એમની એક ભજનરચનામાં ગુરુપ્રાપ્તિથી-મુલાકાત-સંગતથી પ્રાપ્ત થયેલા પથને આલેખે છે. 'અજવાળું' હવે અજવાળું ભજનરચના સંદર્ભે 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું'માં યથાર્થ રીતે જ ડૉ. બળવંત જાનીએ આલેખ્યું છે કે : 'અજવાળું એટલે પ્રકાશ નહીં પણ એવો પ્રકાશ કે જેને કારણે ખરી વસ્તુનો, વિગતોનો ખ્યાલ આવે. એની ખરી ઓળખ થઈ શકે એ પ્રકારની પરિસ્થિતિના નિર્માણ માટેનું આ અજવાળું છે. જે અધ્યાત્મ સંદર્ભે અર્થનિર્દેશ છે. એટલે કહે છે કે તમે પ્રાપ્ત થયા એટલે મારું અજ્ઞાન-અંધારું ટળી ગયું. 'ભાંગ્યું ભ્રમનું તાળું'- પરમાત્મા ક્યાંક બહાર છે એવી મારી ભ્રમણા નાશ પામી. મારી અનેક શંકા-કુશંકાઓ તથા આશંકાઓ હતી તે બધી જ નાશ પામી. જ્ઞાનનો અહમ્ નહીં પણ જ્ઞાન-ગરીબી, તેમાંથી પ્રગટતી નમ્રતા અહીં દૃષ્ટિગોચર થાય છે. સાધુ-સંતોની સેવા અને અખંડ પ્રેમભક્તિ પ્રાપ્ત થઈ. ખીમસાહેબ, ભાણસાહેબની સાથોસાથ સળંગ રામરટણ કરતા દેખાયા. જે તેજ તત્ત્વની અનુભૂતિ થઈ એમાં માત્ર ગુરુ જ દેખાયા છે. ગુરુ સિવાય અન્ય કશું હવે દેખાતું નથી. અહીં ગુરુમાં જ પરમાત્માને જોવાની વાતનો નિર્દેશ છે. ગુરુજીના આવા પરિબળ અને પીઠબળને કારણે અન્ય ગુરુ ધારણ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. દાસીજીવણની ગુરુખોજની પૂર્ણાહુતિની વિગતોને આલેખતું આ ભજન ભારે માર્મિક છે. અહીં અજવાળું શબ્દ સ્થૂળ રૂપે પ્રકાશનો નિર્દેશ કરતો નથી એમાં અધ્યાત્મ-તેજની વાત નિહિત છે. બેથી ત્રણ વખત અજવાળું

શબ્દ પ્રયોજાયો એ પણ સાર્થક છે. અભ્યાસ દૃઢીકરણની પ્રતીતિ છે. ગુરુ ભીમસાહેબ દાસીજીવણને ઘેર સ્વયં પધારેલા. ત્યાં ભીતરની મૂંઝવણનો ઉકેલ આવ્યો અને ઉકેલની ગુરુચાવીથી પ્રાપ્ત પ્રસન્નતાની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ એટલે દાસીજીવણનું આ ભજન. ગુરુપ્રાપ્તિના આવા આનંદોદ્‌ગાર કે પરમ તૃપ્તિના ઓડકાર સમું આ ભજન સંતસાહિત્યને સમજવા માટેની ચાવી સમાન છે.''[૩]

કેટલાક અભ્યાસીઓના મતે ગંગાસતી મહાપંથથી દીક્ષિત તરીકે ઓળખાવાયાં છે. અને કેટલાક અભ્યાસીઓ સાધાર પુરાવા સાથે ગંગાસતીને મહાપંથથી દીક્ષિત ગણતા નથી. મને પણ ગંગાસતીની ભજનરચનાઓના આંતરસત્ત્વમાંથી અને પાનબાઈ તથા પતિને ઉદ્દેશીને કહેવાયેલી ભજનરચનાઓને આધારે જણાય છે કે, ગંગાસતી યોગ-સાધના તથા ષટ્‌ચક્રભેદનની પ્રક્રિયામાં ક્રિયાશીલ છે. ક્ષત્રિય ગૃહિણી, યોગસાધિકા અને યોગપરંપરાનાં રહસ્યોને પોતાની અનુભવસિદ્ધ અનુભૂતિ, સરળ રસળતી પદાવલિમાં અને આરાધના ઢંગમાં જ સતત ગાય છે. અને આરાધના પણ અનુભૂતિની અભિવ્યક્તિ અને સાધનાધારાની રીત કહેવી તેમને અભિપ્રેત છે. મને આવાં બધાં કારણથી ગંગાસતી મહાપંથી આરાધિકા નહિ પણ યોગસાધિકા લાગે છે.[૪]

### સંદર્ભસૂચિ

૧. 'સૌરાષ્ટ્રનું સંતસાહિત્ય', નિરંજન રાજ્યગુરુ, પ્રકાશક : સંત નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, પુનઃ મુદ્રણ-૨૦૦૦, પૃ. ૪૪
૨. 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ', બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૦, પૃ. ૭૭
૩. 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું', બળવંત જાની, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬, પૃ. ૧૧૭-૧૧૮
૪. 'સોરઠી સંતવાણી', સં. ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૧૯૪૭

❖



૪

# સંતસાહિત્ય અને જયમલ્લ પરમાર

ડૉ. નિરંજન રાજ્યગુરુ

ગુજરાતી સંતસાહિત્ય અને એમાંયે ખાસ કરીને સૌરાષ્ટ્રની સંતવાણી-ક્ષેત્રે સંશોધનકાર્યના શ્રીગણેશ મંડાયા શાંતિનિકેતનના આચાર્ય ક્ષિતિમોહન સેન દ્વારા. એ પછી ગુજરાતી ભાષા-સાહિત્યના અનેક વિદ્વાનોએ મધ્યકાલીન ગુજરાતી પદ્ય પ્રકારો - ખાસ કરીને પદ, ભજન, કીર્તન, ધોળ, આખ્યાન વગેરેનાં સ્વરૂપ, વ્યાખ્યાઓ, પ્રકારો, વર્ગીકરણ, વિભાગીકરણ અને પરંપરાઓ વિશે થોડુંઘણું ચિંતન આપેલું, એમાં વિશદ્ રીતે શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા સંતસાહિત્ય સંશોધન-સંપાદનની દિશામાં આગવી કેડી કંડારવામાં આવી. 'સોરઠી સંતો', 'પુરાતન જ્યોત' અને 'સોરઠી સંતવાણી' એ ત્રણ પુસ્તકોમાં મેઘાણીભાઈએ સૌરાષ્ટ્ર પ્રદેશમાં કંઠસ્થ પરંપરામાં સચવાયેલું સંતસાહિત્ય સમગ્ર ભારતીય સંતસાહિત્યમાં કેટલું અગત્યનું સ્થાન ભોગવે છે એની વિગતે વાત કરેલી. મેઘાણીભાઈ પાસેથી જ જેમને લોકસાહિત્ય, સંતસાહિત્ય, ચારણી-બારોટી સાહિત્યનાં સંશોધન-અધ્યયન-સંપાદનની તાલીમ મળેલી એવા ગુજરાતના બે મૂર્ધન્ય સાહિત્યકારો એટલે શ્રી મકરન્દ દવે અને શ્રી જયમલ્લ પરમાર. જેમાં મરમી કવિશ્રી મકરન્દ દવે દ્વારા 'સત કેરી વાણી', 'ભજનરસ' અને 'નરસિંહનાં પદોમાં સિદ્ધરસ' જેવા ગ્રંથો ઉપરાંત અનેક પુસ્તકો-લેખો દ્વારા સંતવાણી-સંતસાહિત્ય વિશે અધ્યયન પ્રાપ્ત થયું.આજે શ્રી જયમલ્લ પરમાર દ્વારા ગુજરાતી સંતસાહિત્યના ક્ષેત્રે થયેલ સંશોધન-

સંપાદન-અધ્યયન-પ્રકાશન વિશે મારે થોડીક વાતો કરવી છે.

શ્રી જયમલ્લભાઈનો તા. ૦૬/૧૧/૧૯૧૧ના દિવસે જન્મ અને ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવીને તા. ૧૨/૬/૧૯૯૧ના રોજ અવસાન પામ્યા. ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૨ સુધી ઝવેરચંદ મેઘાણી સાથે 'ફૂલછાબ' સાપ્તાહિકના સહતંત્રી તરીકે. ઈ.સ. ૧૯૫૬ સુધી ફૂલછાબમાં રહ્યા. ઈ.સ. ૧૯૬૭ થી ૧૯૯૧ માર્ચ સુધીના ૨૪ વર્ષ 'ઊર્મિ નવરચના'ના તંત્રી તરીકે સેવાઓ આપી.

જયમલ્લભાઈ દ્વારા ગુજરાતી સંતસાહિત્ય / ખાસ કરીને સૌરાષ્ટ્રના સંતસાહિત્યના ક્ષેત્રમાં ચતુર્વિધ દૃષ્ટિકોણથી કાર્ય થયું છે.

(૧) વ્યક્તિગત રીતે પોતે કંઠસ્થ પરંપરામાં સચવાયેલ સંતવાણી/ભજનોનાં સંગ્રહ, સંપાદન, અધ્યયન, અર્થઘટન અને પ્રકાશનનું કાર્ય કર્યું.

(૨) વ્યક્તિગત રીતે પોતાના દ્વારા કંઠસ્થ પરંપરામાં સચવાયેલા સંતો-ભક્તો-કવિઓના જીવનવિષયક ચરિત્રાત્મક વિગતોનું સંશોધન/સંપાદન/પ્રકાશન.

(૩) 'ઊર્મિ નવરચના'ના માધ્યમથી વિવિધ લેખકો / સંશોધકો / અભ્યાસીઓ પાસે ગુજરાતી સંતપરંપરાઓ, સંત કવિઓ, સંત-સ્થાનકોનો ઈતિહાસ, સંતવાણીના પ્રકારો વગેરે વિષયો પર ખાસ સંશોધન-આલેખો તૈયાર કરાવ્યા અને પ્રકાશિત કર્યા. તથા પરંપરિત ભજનગાયકો પાસે કંઠસ્થ રીતે જળવાયેલાં ભજનો 'ઊર્મિ નવરચના'માં જે-તે ભજનિકના નામથી જ પ્રકાશિત કર્યાં.

(૪) આકાશવાણી અને લોકસાહિત્ય પરિવારના કલાકારો દ્વારા સંતસાહિત્યની પ્રસ્તુતિમાં લોકસંગીત / ભક્તિસંગીતના તજ્જ્ઞ વિદ્વાન તરીકે માર્ગદર્શન આપ્યું અને કલાકારોની નવી પેઢીનું ઘડતર કર્યું.

હવે સમયાનુક્રમે જયમલ્લભાઈ દ્વારા સંતસાહિત્યના ક્ષેત્રમાં થયેલ કામ ઉપર દૃષ્ટિપાત કરીએ તો —

(૧) જયમલ્લભાઈ દ્વારા સંતસાહિત્ય વિશે સૌથી પ્રથમ ઈ.સ. ૧૯૫૭ના ફેબ્રુઆરીમાં પ્રકાશિત થયેલ 'આપણી લોકસંસ્કૃતિ' પુસ્તકમાં બે પ્રકરણો અપાયાં. આ પુસ્તકમાં પ્રકરણ ૪ અને ૫ 'સંતસરવાણી' તથા 'સંતવાણીના વિશિષ્ટ પ્રકાર' નામના છે.

પ્રથમ 'સંત સરવાણી' આલેખમાં મહાપંથ અને નાથપંથની અસરો વચ્ચે રામાનુજનો ભક્તિવાદ, કબીરપંથની સંતપરંપરા, વાણી, તત્ત્વદર્શન, વિચારધારા



અને લોકાદર... જેવાં ઉપશીર્ષકો આપીને સૌરાષ્ટ્રના સંતો અને ભક્તોની વિવિધ પરંપરાઓ તથા ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ભાણસાહેબ દ્વારા ઊતરી આવેલી કબીરપંથની વિચારધારા સાથે રવિ-ભાણ સંપ્રદાયના ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ તથા મોરારસાહેબની ભજનરચનાઓની પંક્તિઓ સાથે જીવનપરિચય આપે છે. ઉપરાંત અન્ય ગૌણ સંત-કવિઓનો સંક્ષિપ્ત પરિચય કરાવે છે.

તો બીજા આલેખ 'સંતવાણીના વિશિષ્ટ પ્રકાર'માં ગણપતિનાં ભજનો, પ્યાલાનાં ભજનો, આગમવાણી, મુસ્લિમ સંતોની વાણી, માર્ગીપંથની વાણી એમ પાંચ વિભાગોમાં સંતવાણીનો વિગતે અભ્યાસ અપાયો છે. ગવરીપુત્ર ગણેશ; ગણપતિ-સ્વરૂપની મૂળ કલ્પના; ગુરુસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ, સર્વસ્વરૂપ ગણપતિ; ગણપતિનાં ભજનો ઉત્તમ કક્ષાનાં છે ?... વગેરે ચર્ચા કરીને લખમો માળી, કનડપરી, નરસિંહ મહેતા, દેવારામ, નારણદાસ, મીઠો, ડુંગરપુરી, તોરલપરી અને દેવાયત પંડિત એમ નવ જુદા જુદા સર્જકકવિઓ દ્વારા રચાયેલાં ભજનોનું સંપાદન અર્થ-ભૂમિકા સાથે આપે છે. 'મન મતવાલા પ્યાલા પ્રેમના' શીર્ષક નીચે સંતકવિ લખીરામ, રવિસાહેબ અને કબીરસાહેબ-રચિત 'પાંચ પ્યાલા' રચનાઓ અર્થઘટન સાથે અપાઈ છે, તો 'આગમવાણી' શીર્ષક નીચે કબીર, ખીમડો, કોટવાળ, મેઘ ધારૂ, મછંદર, દેવાયત પંડિત, સરવણ કાપડી, વેલા બાવા, લીળલબાઈ, સહદેવ જોશી જેવા સંતકવિઓ દ્વારા રચિત દસ આગમનાં ભજનો વિસ્તૃત ભૂમિકા અને અર્થઘટનો સાથે અપાયાં છે. 'હિન્દુ સંત અને મુસ્લિમ સાંઈ' શીર્ષક નીચે કતીબશા, કાજી મામદશા, હીરલશા સાંઈની એક એક ભજનરચનાઓ અને 'માર્ગીપંથની વાણી' શીર્ષક નીચે ખીમરા કોટવાળ - રાવત રણશીના પ્રસંગ સાથે જોડાયેલ ભજનનાં બે પાઠાંતરો આપીને બીજમાર્ગ - મહાપંથ - માર્ગીપંથની ગુપ્ત સાધના વિશે પરિચયાત્મક વિગતો અપાઈ છે.

(૨) શ્રી જયમલ્લભાઈએ સપ્ટે. ૧૯૬૭ના સળંગ અંક ૪૫૦થી 'ઊર્મિ-નવરચના'નું સંપાદન સંભાળ્યું અને માર્ચ ૧૯૯૧ના સળંગ અંક ૭૩૨થી પ્રકાશન બંધ થયું ત્યાં સુધીના કુલ ૨૮૨ અંકોમાંથી અનેક અંકોમાં સંતવાણી, સંતકથાઓ અને સંતસાહિત્યનો સ્વાધ્યાય એમ ત્રિવિધ રૂપે સંતસાહિત્યના ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપ્યું છે. એમાંની કેટલીક વિશિષ્ટ સામગ્રીને યાદ કરીએ તો - ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૩ દરમ્યાન 'ઊર્મિ-નવરચના'નો દીપાવલી વિશેષાંક 'સૌરાષ્ટ્રની ધર્મસાધના' વિષય પર પ્રકાશિત થયો. જેમાં ૨૦૦ જેટલાં પૃષ્ઠોમાં વેદકાલીન સમયના સૌરાષ્ટ્રના ધર્મ-સંપ્રદાયોથી લઈને વર્તમાન સમયકાળ સુધીના સુદીર્ઘ

સમયપટમાં પ્રચલિત વિવિધ ધર્મ-પંથ-સંપ્રદાયો વિશે જુદા જુદા ક્ષેત્રના વિદ્વાન અભ્યાસી લેખકો પાસે શોધનિબંધો તૈયાર કરાવીને પ્રકાશિત કરવામાં આવ્યા. સિંધુતટની સંસ્કૃતિના સમયે સૌરાષ્ટ્રમાં વિદ્યમાન ધર્મો, શૈવ સંપ્રદાય, દેવી પૂજા, પાશુપત સંપ્રદાય, મંત્ર, તંત્ર અને શિવશક્તિની ઉપાસના, પ્રણામી સંપ્રદાય, લોકવ્રતો અને માન્યતાઓ, મુસ્લિમપંથી પ્રવાહો, કબીરપંથ, હિન્દુ પીરાણા, ભક્તિમાર્ગ, પુષ્ટિમાર્ગ, રામાનુજી સાધુ સંપ્રદાયો, સ્વામિનારાયણ સંપ્રદાય, થિયોસૉફિકલ સોસાયટી તથા મહાત્મા ગાંધીજી દ્વારા માનવધર્મ... જેવા વિષયો ઉપરાંત સૌરાષ્ટ્રમાં દ્વારકા, સોમનાથ, ગિરનાર સહિતનાં ધાર્મિક સ્થળો, સૌરાષ્ટ્રમાંથી લુપ્ત થયેલા ધર્મો, નાગપૂજા, હનુમાનપૂજા, પાટપૂજા વિશે પણ વિસ્તૃત વિગતો જયમલ્લભાઈ દ્વારા સંપાદિત અને પ્રકાશિત કરવામાં આવી.

'ઊર્મિ-નવરચના'માં ઑક્ટોબર ૧૯૭૬ના અંકથી પોતે વર્ષો પહેલાં સંગ્રહિત કરેલી 'હરિજન સંતોની ભજનવાણી'નું સંપાદન પ્રકાશિત કરવા માંડ્યું. એમાં જેઠા કાપડી, દયારામ, ત્રિકમદાસ, પૂરણદાસ, હમીર રૂખી, રોહીદાસ, વીસાભગત, નથુ બારોટ, માણસુર વિંઝુડા, ભાણા ભગત, મેઘ ધારૂ, નાભા ભગત અને મીઠાદાસ એમ બાર સંત-ભક્તોના ૧૯ ભજનો આપેલાં. એ પછી છેક જાન્યુઆરી ૧૯૭૯ના અંકથી ભીમસાહેબ તથા દાસી જીવણનાં ભજનો ક્રમશઃ બાર હપ્તામાં અપાયાં. માર્ચ ૧૯૮૦ સુધીમાં દાસી જીવણનાં કુલ ૧૦૬ પદો પ્રકાશિત થયાં, ત્યારબાદ જૂન ૧૯૮૦ના અંકથી ફરી દાસી જીવણનું સમાધિવેળાનું છેલ્લું પદ 'હાટડીયે કેમ રેવાશે ભઈ...' આપીને પ્રેમસાહેબના શિષ્ય રૂખી વાઘાભગતના ચાર પદો પ્રકાશિત કરવામાં આવ્યાં. જુલાઈ ૧૯૮૦ના અંકમાં લક્ષ્મીસાહેબ/કરમણ શિષ્ય લખીરામનાં છ પદો, અને ઑગસ્ટ ૧૯૮૦માં મેઘ જીવાનાં સાત ભજનો મળી કુલ ૧૪૩ જેટલાં હરિજન સંત/ભક્તકવિઓનાં ભજનો જયમલ્લભાઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યાં. એ સિવાય ફેબ્રુઆરી ૧૯૭૭ના અંકમાં ૧૦૨ પંક્તિનું રૂપાવેલ/રૂપારેલ ભજન હરજી ભાટીના નામાચરણ અંકમાં સંત તુલસીદાસજીના મૂળ હિન્દી પદ 'કહાંકે પથિક કહાં કીન્હ હે ગમનવા...'નું ગુજરાતી લોકીકરણ પામેલ 'હું તુંને પૂછું મારી બેની રે સુવાગણ સુંદરી રે...' સાથે, મે ૧૯૮૨ના પ્રકાશિત કર્યું. એ પછી આવાં અનેક ભજનો પ્રકાશિત થતાં રહ્યાં.

(૩) 'સંતસાહિત્ય વિશેષાંક' (માર્ચ ૧૯૮૬)ના સંપાદકીયમાં જયમલ્લભાઈએ : 'સંતોના જીવનમાં પડેલું વસ્તુગત સત્ય ગમે તે હોય પણ એનું



ભાવગત સત્ય જ સત્ત્વશીલ રહ્યું છે, ને એ જ ભાવગત સત્ય લોકધર્મની આધારશિલા છે...વિભિન્ન જાતિઓ, કુળો, ધર્મો, સંપ્રદાયો અને પંથોને એકસૂત્રે પરોવવાનું કાર્ય સંતો કરે છે ને અઢારેય આલમને એક ધારે લાવી સમન્વયનું સંગીત રેલાવે છે. આખી સંતસંસ્કૃતિ સમન્વયકારી રહેલ છે..' એમ જણાવીને વિવિધ વિદ્વાન અભ્યાસીઓ પાસે ખાસ તૈયાર કરાવેલા સંતસાહિત્ય-વિષયક પચીસેક જેટલા આલેખો પ્રકાશિત કર્યા છે. એમાં જેસલ-તોરલ, નરસિંહ મહેતા, મેકરણદાદા, સંત દેવીદાસ, મૂળદાસજી, દાસી જીવણ, પ્રાણનાથ સ્વામી, લાલજી મહારાજ, ભોજા ભગત, આપા દાના, રાણીમા-રૂડીમા અને જલારામબાપા જેવા બાવીસેક સંત-ભક્તોનાં ચરિત્રોની સાથોસાથ 'મહાપંથ અને તેના સંતો', 'રવિ-ભાણ સંપ્રદાયના સંતો' જેવા સંશોધનાત્મક અભ્યાસલેખો પણ સંપાદિત થયા છે.

(૪) 'ફૂલછાબ' દૈનિકપત્રમાં 'સંત શૂરાની ભૂમિ સૌરાષ્ટ્રમાં સેવા ધરમનાં અમરધામ' શીર્ષક નીચે જયમલ્લભાઈ દ્વારા રાજુલ દવેના સહકારથી તા. ૨૫/૨/૧૯૮૭ થી તા. ૨૬/૨/૧૯૮૯ સુધીના ૧૧૦ હપ્તામાં દર અઠવાડિયે પ્રકાશિત થયેલ લેખમાળામાં ૬૭ જેટલાં ધાર્મિક સ્થાનકો અને ૧૫ જેટલા સંતો-ભક્તોનો પરિચય અપાયો. ત્યારબાદ 'સેવા ધરમનાં અમરધામ'ના નામે ઑક્ટો. ૧૯૯૦માં ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, અમરેલી દ્વારા ૫૬૪ પૃષ્ઠોમાં પ્રથમ આવૃત્તિ જયમલ્લભાઈ તથા રાજુલભાઈ દવેનાં સંયુક્ત નામથી પ્રકાશિત થઈ. એમાં સૌરાષ્ટ્રનાં શિવાલયો, ધર્મારણ્યો, સ્ત્રીસંતો, શક્તિપૂજા, ધાર્મિક જગ્યાઓ, સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો, અભેદના ઉપાસકો, અમરેલી પંથકના સંતો, અર્વાચીન સંતો અને સ્થાનકો, આપણી ભૂમિ, આપણી ભજનવાણી, આગમવાણીનાં ભજનો, માર્ગીપંથની વાણી અને ભજન રૂપારેલ - એવા પંદરેક વિભાગોમાં સંતો, સંતસ્થાનો, સંતપરંપરાઓ, સંતસાહિત્યનાં વિભિન્ન સ્વરૂપ-પ્રકારો વિશે પ્રમાણભૂત એવી સામગ્રી આપવામાં આવી છે.

❖


લોકસાહિત્ય

## ૫

# અભણની કથનાવળી : આકાશજ્ઞાનનું લોકશાસ્ત્ર

બળવંત જાની

નિરક્ષર સંતોનું સાહિત્ય, લોકસાહિત્ય અને ચારણીસાહિત્ય પરત્વેના મારા પક્ષપાતનું એક કારણ મને એમાંથી જ્ઞાન, ડહાપણ અને પ્રાચીન ભારતીય વિચાર પરંપરાનું લૌકિકીકરણ રૂપ ખૂબ જ પ્રભાવિત કરી ગયું તે છે. પેન્સિલવિનિયા યુનિવર્સિટીના પરિસરમાં વિદ્વાન વ્યાકરણી પ્રોફે. કાર્ડોના સંગે બાબુ સુથારને એકાદ વખત મેં આવું કહેલું. બાબુ સુથારે મારા વિચારને યાદ રાખીને મને ઓરલ ટ્રેડિશનના કેટલાક ગ્રંથો, લેખો મોકલેલા. હમણાં ગયા વરસે મને Hens Magnus Enzensbergerનો અભ્યાસ લેખ 'In praice of Illiteracy મોકલ્યો. જર્મનકવિ, સમુહમાધ્યમોના મીમાંસક, ફિલસુફ અને વિવેચક તરીકે હન્સ મેગ્નુસ એન્ઝસબર્ગર સમકાલીનોમાં સમાદર ભર્યું સ્થાન ધરાવે છે. એના મૂળલેખમાંથી પસાર થયો. ડૉ. બાબુ સુથારે એમના દૃષ્ટિપૂર્ણ સંપાદન સામયિક 'સન્ધિ' - ૩૨માં અંકમાં અભ્યાસપૂર્ણ સંપાદકીય 'નિરક્ષરતાની તરફેણમાં એન્ઝસબર્ગર' લખીને પાયાની વિચારણા પ્રસ્તુત કરી છે. અહીં મેં એ બન્નેને આધારે એ આખી વિભાવના અંગેનું મારું દૃષ્ટિબિંદુ, મારા પરિચિત વાતાવરણમાંથી પ્રાપ્ત દૃષ્ટાંતો અને અંતે ભડલી દ્વારા રચીત કેટલીક કથનાવળીમાંથી પ્રગટતું વૈશ્વિકસત્ય પ્રસ્તુત કરવા ધાર્યું છે.

હવે નિરક્ષરો લઘુમતીમાં મુકાઈ રહ્યા છે એ કારણે અનુભવમૂલક



અર્થઘટન, વિચાર કે સત્ય પણ ઓછી માત્રામાં પ્રગટ થઈ રહ્યું છે એવા માંદા દિવસોમાં પુનઃ લોકલ નોલેજ, ડહાપણ-કોઠાસૂઝના દૃષ્ટાંતોની પુનઃ સ્થાપના કરવા ઉદ્યુક્ત થયો છું. આમાં નિરંજન રાજ્યગુરુ, નરેશ વેદ, મનોજ રાવલ, અંબાદાન રોહડિયા, દલપત પઢિયાર અને નાથાલાલ ગોહિલ જેવા સન્મિત્રોનો સહયોગ મળશે એવી ઈચ્છા છે. એ બધાનાં લેખોથી બાબુ સુથારે આદરેલી નિરક્ષરોના-અભણના જ્ઞાનની જ્યોત વધુ ઓજ તેજ ધારણ કરશે. નિરક્ષર પાસેથી અમે શું શીખ્યા એની કેફિયત આખરે જર્મન વિચારકની વિભાવનાને દૃઢ બનાવશે. આપણી ઉપર સાક્ષર ગુરુઓનો પ્રભાવ ચોક્કસ છે જ. એમનો મહિમા ઓછા કે આછો આંકવાનો લેશ પણ આશય નથી. પણ નિરક્ષરો દ્વારા આપણાં વિચાર ઘડતરમાં, વ્યક્તિત્વ ઘડતરમાં જે બહુ મોટું યોગદાન છે એ નિરક્ષર ગુરુઓની મહત્તા પ્રસ્તુત કરીને આપણો ઋણભાવ પ્રગટ કરવો અનિવાર્ય અને આવશ્યક જણાય છે.

: ૧ :

જર્મન પરંપરામાં કાન્ટને કારણે enlightenment નું મહત્ત્વ ઘણું છે. એને અતિક્રમ્યા વગર હંસ મેગ્નુસ એન્ઝસબર્ગર કહે છે કે 'આપણી બહુ મોટી વિશિષ્ટતા તો એ છે કે આપણે enlightenment ની જગ્યાએ Education મુકી દીધું અને માની લીધું કે - સ્વીકારી લીધું કે અંધકારમાંથી પ્રકાશ તરફ શિક્ષણ જ લઈ જઈ શકશે. અત્યારે તો પરિસ્થિતિ એવી ઉભી થઈ છેકે શિક્ષણ સંસ્થાએ માન્ય ન કર્યું હોય એ જ્ઞાન enlightenment સુધી ન લઈ જઈ શકે. શિક્ષણ સંસ્થાઓ આનો ભારે મોટા લાભ ખાટી રહી છે. સામાજિક સંગઠનો અને રાજકીય વ્યવસ્થાતંત્રની પણ આમાં સામેલગીરી થઈ ચૂકી છે. આ કારણે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે જે સાક્ષર થવા નથી માગતું એને દબાણ કરીને ફરજિયાતપણે શિક્ષણ લાદવામાં આવે છે. શું ગરીબ માણસોનો ઉદ્ધાર માત્ર સાક્ષરતાથી થઈ જવાનો છે' આવી ભ્રાંતિમાંથી હંસ મેગ્નુસ એન્ઝસબર્ગર બહાર કાઢવા ઈચ્છે છે અને જણાવે છે કે 'હકીકતે તો સાક્ષરોએ ખડી કરેલી આ ભ્રાંતિ છે. જ્યારે સાક્ષરતા ન હતી ત્યારે વ્યક્તિ નિયતિને ખોળે હતો કે એમને મોક્ષ નહતો મળતો એવું નથી. સાક્ષરતા અનિવાર્ય છે એ વિચાર તો સાક્ષરતાની શોધ પછી અસ્તિત્વમાં આવેલ છે.'

આપણી પ્રાચીન પરંપરામાં પણ કંઈ શિક્ષણ સર્વ માટે હતુ એવી વિગત પ્રાપ્ત થતી નથી અને શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન નહીં. સર્વલક્ષી-

સર્વકેન્દ્રી જ્ઞાન-કૌશલ્ય. દર્શન-ચિંતન પરંપરાનું જ્ઞાન. યોગ, આસન, ધ્યાન, પ્રાણાયમ, જે શરીરને તંદુરસ્ત નિરોગી રાખે છે. એટલું જ નહીં મન-ચિત્ત સ્વસ્થ રહે, હકારાત્મક વિચારો પ્રગટે, આગવું સૂઝે અને ચિત્તમાં પ્રગટે.

પણ આજની આ સાક્ષરવિભાવના તો એમની યુનિવર્સિટીમાંથી કેટલા નોકરિયાતો, ધંધાર્થીઓ પ્રગટ્યા એની નોંધ રાખે છે કેટલા ચિંતકો, સારસ્વતો, બૌદ્ધિક વિચારકો આપ્યા એની સંખ્યાની એમને-સમાજને કે રાજસત્તાને પડી નથી. સાક્ષરતાનાં માર્કેટિંગમાં મહાલી રહેલું માનવધન હંસ મેગ્નુસ એન્ઝસબર્ગરને નજરે ચડ્યું અને એમણે એની નહીં પણ નિરક્ષરોની મીમાંસા કરી, ગણના કરી, અને કહ્યું કે 'નિરક્ષર-અભણને-બહુ યાદ રહેતું હોય છે. સ્મરણશક્તિના ભારે મોટા માલીક અભણ વડિલો અક્ષરસઃ પ્રસંગને- ભાવને કથતા હોય છે. એમના સરવા કાન, દૂરનું જોઈ શકનારું અનુમાનજગત એમને પોતીકા નિરીક્ષણમાંથી લાધ્યું હોય છે. નિરક્ષકોનું નિરીક્ષણ, તોલન અને ધારણા મોટા પંડિતને પણ પાછા પાડે એવા જણાયા છે.

ક્યાં ચૂપકીદી સેવવી, ક્યાં અભિપ્રાય આપવો અને શું સ્વીકારવું એની ભારે ઊંડી સૂઝ તેઓ ધરાવતા હોય છે.' આગળ ઉપર એન્ઝસબર્ગર કહે છે કે 'સાક્ષરોને અક્ષરજ્ઞાન મળતું થયું એ પૂર્વેની વાત ભૂલી જવાની હોય છે. નિરક્ષર સમયની વાતનું - કાર્યનું કશું મહત્ત્વ અંકાતું નથી.' આની સામે પુનઃ એન્ઝસબર્ગરે લખ્યું કે 'નિરક્ષરતા નિવારણ અને સાક્ષરતા અભિયાનને પગલે-પગલે ઐતિહાસિક સ્મૃતિ ખૂબ અલ્પ થઈ ગઈ છે, એવી એક બહુ મોટી શ્રેણી ખડી થઈ છે. એમની પાસે સાક્ષર થયા એની કોઈ સ્મૃતિ ટકી નથી. સાક્ષર બન્યા ત્યારે કહેવાયુ કે પહેલાનું ભૂલી જાઓ. પહેલા તમારું અસ્તિત્ત્વ હતું જ નહીં.'

આમ નિરક્ષરની સ્મૃતિમંજૂષા અને એમનું દૈવત હતુ એનાથી વંચિત કરી દેવાના કાવતરાની સામે નિરક્ષરોની જ્ઞાનોપાસના, કોઠાસૂઝ, વિચારોત્તેજક વિધિકાર્યો - ઈનોવેટિવ-આગવી બૌદ્ધિકતાનું પ્રવર્તન એની મહત્તા સાથે સમજાવે છે, એ આખી વિચારણા સિદ્ધાંતરૂપે સ્થાપે છે.

: ૨ :

હમણાં મારી બાનો ૯૪મો જન્મદિવસ ઊજવ્યો. એ પ્રસંગે અમે નિરાંત બેઠા હતા. મારા પુત્રવધુ કહે બા કશુંક કહો. 'બા કહે શું કહું બેટા. તમે બધા તો ભારે સુખી તમારી જાતને લાગતા હશો, પણ અમે બળવંતના લગ્ન પૂર્વે પંદર દિવસથી પાપડ વણતા, બપોરે રાત્રે અનાજ કઠોળ સાફ કરતા. કુટુંબીઓ



તો ગામડામાં ક્યાંથી હોય પડોશી, સ્નેહીઓની મહિલાઓ ઓસરીમાં પાપડ વણતી હોય. કોઈ સુકવતું હોય, કોઈ ખીચું ચાખતું હોય. ભેગા મળીને જે મજા હતી એ તમારે નથી. તમને તો બધું તૈયાર મળે. કંઈ કડાકૂટ નથી. પણ અમારા સમયમાં આપસનો સહયોગ, વાતો અને આનંદ. તમારે તો બધું એકલું-અટુલું-ટી.વી. સામે બેઠા રહીને કે મોબાઈલ ફેરવતા રહીને સમય પસાર કરવાનો. બળ્યું આ તમારું ભણેલાનું સુખ. મને તો અમારું સુખ, મળવું-હળવું અને હળવા થવું પ્રસંગનો-કામનો કોઈ ભાર નહોતો. તમારે તો ટેન્શન-ટેન્શન ને ટેન્શન.' બા તો ઘણુબધુ બોલેલા. બધા છક્ક થઈ ગયેલા. બાને કેટલું બધું યાદ છે : નાનકડી પૌત્રી ભવ્યાએ વચ્ચે પુછેલું બા તમે ગેઈમ રમતા. બાએ કહેલું અમે તો ચોપાટ રમતા. હું નતોડ રહેતી. ભવ્યાએ બીજે દિવસે મને પૂછેલું કે દાદા બાએ નતોડ રહેતી એમ કહેલું એટલે શું ? મેં તૂર્ત જ કહેલું કે ક્યારેય હાર્યા ન હોય હંમેશા વિજયી જ રહેતા હોય.' ભવ્યા કહે કે 'દાદા તમને આખું સ્પેલચેક મોઢે છે.' મેં હા કહેલી.

હંસ મેગ્નુસ એન્ઝસબર્ગરનું માનવું છે કે સાહિત્યની પરંપરા સર્જનની શરૂઆત આલેખનથી નહી પણ કંઠસ્થ દ્વારા અભણ વ્યક્તિએ કરી છે. આ વિધાનને યથાર્થ ઠેરવતો મારો નીજી અનુભવ છે. અમારે ત્યાં ભીમકાભાઈ બોધરા ત્વરિત દુહા-પાંચિકડા બનાવતા એની સાથે મને ભારે મજા પડતી. અમારે ગામડે નવરાત્રીમાં બાલિકાઓના ગરબા પછી ગામની મંડળી વેશ કાઢે. એમનો વેશ શરૂ થાય એ પહેલાં પ્રેક્ષકવૃંદને પાંચીકડા ગાઈને હસાવવાનું અને મનોરંજન પીરસવાનું કામ ભીમકાભાઈ કરે.

હું દાદાજી અને બીજા વડિલો સાથે શ્રોતાવૃંદમાં બેઠક જમાવી બેઠો હતો. મારા પિતાશ્રી ચોકની બાજુના હનુમાનજીના મંદિરમાં દીવાબત્તી કરીને ફરતા હતા. ભીમકાભાઈ બનાવેલું પાંચિકડો-દોહો મને હજુ યાદ છે.

*'કોઈ ઉડાડે હોલા ને કોઈ ઉડાડે મોર*
*હનુમાનની દેરીમાં આંટા મારે શાંતિબાપુ ગોર'*

પાલરવભા પાલિયા સાવ અભણ હતા. એમના કંઠસ્થપરંપરામાં જળવાયેલા દુહાઓ અંબાદાન રોહડિયાના સહયોગમાં પાંચાળ પંથકમાં મારા નર્મદા સ્કૂટર પર ફરીને કાઠી, ચારણ અને કોળી મિત્રોની પ્રત્યક્ષ મુલાકાતે ચારેક વેકેશનમાં એક-એક સપ્તાહ સુધી ક્ષેત્રકાર્ય માટે ગયેલા. લગભગ તમામ દુહા મેળવી શકેલા. એનું પુસ્તક 'સ્વર્ગ ભૂલાવું શામળા' હવે અપ્રાપ્ય છે. પણ એ

દુહામાંથી દ્રવ્યે છે. તત્ત્વદર્શન, સમાજદર્શન અને સમકાલીનો પરત્વના સ્નેહના પ્રતિભાવ. એક અભણ-નિરક્ષર કેવા અર્થપૂર્ણ અને હૃદયસ્પર્શી દુહા, વીશી વગેરે રચે-બોલે અને બધાને યાદ રહી ગયા હોય. કંઠમાં આ સાહિત્ય ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કરે. ઉપનિષદના સૂત્રો જેવી સરળ-સહજ, ભાવબોધ પ્રગટાવતા દુહા પથદર્શી બની રહ્યા છે આજે પણ.

દાદાજી પાસે અમારે ઘેર એક કોળીભગત વાલા ગાબૂ હંમેશા આવતા. અને એક ગોબર વળાળિયા, ખાટલામાં કાથીનું ભરવાનું અને એમાં કલાત્મક ગુંથણી કરીને વચ્ચે ચોરસ-લંબચોરસ ડિઝાઈન કરવાનું ગજબનુ કૌશલ્ય તેઓ ધરાવતા. પાંગથ પાસે અને ખાટલા વચ્ચે પહેલા કાથી બાંધે એને જીવાદોરી કહેતા. જીવાદોરી બાંધી એટલે ખાટલો ઝડપથી ભરાઈ જાય. ખાટલો ભરાય જાય પછી તેમાં પ્રથમ એમાં કુતરાને રોટલાની ચાનકી નાખીને નિમંત્રીને બેસાડે.

મેં એક વખત પુછેલું ‘વાલાઆતા કુતરાને કેમ બેસાડો ?’ તો મને કહે જમરાજા કુતરાને કળાય. એટલે એને પહેલા બેસાડીએ તો આ ખાટલામાં સુનારાને જમરાજા અકાળે લેવા ન આવે. વાલા આતા અમારે ત્યાં વરસાદ પહેલા નળિયા ચાળવા પણ આવતા. એમાં પાછી ડિઝાઈન પાડે. મંદિરમાં ફૂલ ચડાવે તોય વચ્ચે ગુલાબી કરેણનું ફૂલ અને ફરતા પીળાં ફૂલ ગોઠવે. એમની સૌંદર્યદષ્ટિ, કલરસેન્સ, ખાટલા ભરવાનું કૌશલ્ય મને ભારે સ્મરણમાં છે અભણ લોકોની આ શાસ્ત્રીય જણાય એવી કલાપૂર્ણ આવડત વાળી એ બધી કળાઓ આપણા નિરીક્ષણમાં અને અભ્યાસમાં સમાવિષ્ટ થઈ નહીં. અત્યારે તો એ કાળ જ ચાલી ગઈ. ખાટલા.- કાથી-વ્હાણ. કંઈ નથી રહ્યું હવે. તેઓ તુટેલા-સાવ નાખી દેવાના કપડા-લુગડામાંથી વરત બનાવે. ભારે જાડુ રાંઢવું. આ બધું કરતા કરતાં તેઓ ઓળ-કિરતન ગાતા જાય. શતાંધીક ધોળ કીર્તન પણ એમને કંઠસ્થ. મંજીરા વગાડવાની આવડત એમણે ક્યાંથી હસ્તગત કરી હશે. કાળીચતરદશીએ અમારે ત્યાં આવતા. દીવાનું આંજણ અમને પાડી આપતા. આખુ વરસ એ ચાલતું. મારી બા એમને વડા ખવરાવે. ભારે પોચા કહીને પાછા બે-ચાર વધુ આપીએ તો ના કહે. મને કહેતા કે આંજણ દરરોજ અંજાવવું. મેં કહ્યું કેમ ! તો કહે કે —

‘આંખે કાજળ મોઢે લૂણ, પેટ ન ભરીએ ચારે ખૂણ
ડાબુ પડખું દઈને સૂવે, એતો રોગ રણ વગાડામાં જઈ રૂવે.’

આવા ટચૂકડા દુહા તો એમને ઘણા કંઠસ્થ. વાત-વાતમાં કહે. ટાંકે. ભારે અર્થપૂર્ણ - રૂઢિપ્રયોગો પણ ખૂબ સાંભળેલા.



અમને છોકરાઓને બોઘલાભગતની, હોથલ પદમણીની વારતાઓ કહેતા થાકે નહીં. અમે વારતા સાંભળતા ઊંઘી જઈએ. એટલે ખભે પછેડી નાખીને પોતે ચોરે - રાવટીએ બેસે. સાંજે કથાશ્રવણ કરવા પાછા આવી ચઢે. કથા ધ્યાનથી સાંભળે વચ્ચે હોંકારા રૂપે ‘હરે નમઃ’ કહેતા જાય.

આવા અભણને સમાજ અજ્ઞાની ગણે પણ એનામાં કોઠાસૂઝ, હકારાત્મક દૃષ્ટિકોણ, આવડત અને કંઠસ્થ પરંપરાનું સ્મૃતિનું ખજાનાનું તેજ આપણને ભણેલાને આંજી દે. આવા વાતડાહ્યા-કોઠાસૂઝવાળા અને વિવિધ પ્રકારની આવડત કૌશલ્ય ધરાવતા લોક એ આપણા પરંપરિત જ્ઞાનખજાનાના સંરક્ષકો છે-વાહકો છે.

: ૩ :

‘અભણ બોલે અને ધ્યાનથી, એકચિત્ત થઈને એને ભણેલા સાંભળે એ લોકસાહિત્ય’ એવું મનુભાઈ ગઢવી વારંવાર કહેતા. મનુભાઈ ગઢવી લોકસાહિત્યના ભારે મર્મી કથક હતા. એમના લોકસાહિત્યિક પ્રસ્તુતિકરણના કાર્યક્રમો ભારે સફળ રહેતા. મુંબઈનિવાસી થયા પછી પણ મોટી સભ્ય સૉસાયટી - ઇલિટ સોસાયટી સમક્ષ પણ તેઓ ખૂબ લોકપ્રિય રહેતા. એમના દ્વારા પ્રસ્તુત થતાં લોકગીતો, લોકકથાઓ કે દુહા-કવિત અને પ્રસંગઘટનાકથન શ્રોતાઓને પરમ સંતોષનો-તૃપ્તિનો અનુભવ કરાવનાર રહ્યાં હોય એનો હું અનેકવખત સાક્ષી બનેલો.

લોકસાહિત્ય પરત્વે મોટાગજાના રામાયણ મિમાંસક મોરારિબાપુને પણ અપાર પ્રીતિ છે. લોકસાહિત્યને યથાપ્રસંગે તેઓ પ્રસ્તુત કરે અને પ્રસ્તુતકર્તાઓને સતત સન્માનતા રહે. કથાશ્રવણમાં કોઈ લોકસાહિત્યનો મર્મી ઉપસ્થિત હોય તો એની વ્યાસપીઠ પર પધરામણી કરાવીને કશોક પ્રસાદ પીરસવા કહે. અને જ્યારે આ અભણ ગણાતા દુહાગીરો-કથકો કંઈક વાતના દુહા કહે એમાં સામુદ્રિકશાસ્ત્ર અર્થાત્ શરીરના અંગની રચનાના વળોટને આધારે નિરીક્ષણના સારરૂપ અનુભવમૂલક જ્ઞાન એમાંથી નિપજતું અનુભવાય. યોગ, ષટ્ચક્રભેદનની અનુભૂતિને અભિવ્યક્તિ અર્પતાં ઘણાં લોકસંતોના ભજનો યોગની લૌકિક સમજણ રજૂ કરતા જણાયાં છે. લોકસાહિત્ય એ એક રીતે આપણા ડહાપણને-નૉલેજને સંરક્ષતું સાહિત્ય છે. એ સાવ, માત્ર પ્રાસ-અનુપ્રાસ મેળવવા કે લય-નાદથી, વર્ણનકલાના સિંજારવથી સૌંદર્યાનુભવ કરાવતી કોરી કવિતા નથી. એમાં વરસોનાં નિરીક્ષણ, ચિંતન અને મનન-મંથનના પરિપાકરૂપ જીવનસત્યો ભંડારાયેલાં હોય છે. આ વાણીને અનુસંગે એમાંથી પ્રગટતા-ઊપસતા જ્ઞાનનો પરિચય કરાવતાં દુહા, સાખી, ઉક્તિઓ,

રૂઢિપ્રયોગો પ્રસ્તુત કરવાનો અને એ નિમિત્તે આપણે જેમને અભણ અને અજ્ઞાની ગણીએ છીએ એ સમાજની કથનાવળી આકાશજ્ઞાનના-ખગોળવિદ્યાના લોકશાસ્ત્રને કેવી સરળતાથી સમાજમાં પ્રચલિત કરે છે, વહેતા મૂકે છે અને એમાં વૈજ્ઞાનિક તથ્ય ભંડારાયેલ છે એનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે. હકીકતે ભડલી નામની એક ગ્રામિણ કન્યા બાર વર્ષ સુધી રાત્રે ફળિયામાં સૂતી-સૂતી, સતત આકાશનું નિરીક્ષણ કરતી રહી અને પછી ઋતુએ ઋતુના ફળાદેશરૂપ દોહરા રચ્યા. એ 'ભડલી દુહા', 'ભડલી વાક્યો' કે 'ભડલી-કથનાવળી' તરીકે કંઠસ્થ પરંપરામાં સુખ્યાત છે. અહીં એમના દ્વારા એ કહેવાયેલાં હજારેક દોહરા, વાક્યોમાંથી થોડાં પ્રસ્તુત કરીને એમાંના મર્મને ચીંધી બતાવવાનો પ્રયાસ કર્યો છે.

* * *

ભડલીના સંપૂર્ણ વાઙ્મયને, પ્રચલિત પરંપરિત જીવંત પરંપરામાં સચવાયેલા એ મુદ્રિત-અમુદ્રિત સાહિત્યને એકત્ર કરવાનું, એનું અર્થઘટન પ્રસ્તુત કરવાનું કાર્ય છેલ્લાં પાંચ-સાત વરસથી હું કરી રહ્યો છું. ભવિષ્યમાં સંપૂર્ણ ભડલી લોકવાઙ્મય પ્રકાશિત કરવાની સ્પૃહા છે. એસ્ટ્રોનોમીના વિશ્વવિખ્યાત વિદ્વાન પ્રો. જયંત નારલીકરને પૂનામાં એક વખત મળવાનું થયેલું અને એમની સમક્ષ ભડલીના દોહરા કહ્યા. એમણે આકાશનું, નક્ષત્રમાળાનું મૅચિંગ બનાવીને કહ્યું કે, આ વિગતો વૈજ્ઞાનિક તથ્ય અને સત્યને સાચવનારી છે. એમાં તથ્યોની માવજત એમને કળાયેલી. ભડલીનાં કથનો જે ખૂબ પ્રચલિત છે એ એમાંથી થોડાં અવલોકીએ અને સમજીએ :

*'પુષ્યનાં પાણી તો અમરત પાણી'*

પુષ્યનક્ષત્રમાં થતો વરસાદ ઊગેલા પાક માટે અમૃત સમાન ગણાય છે.

*'વખ પખ બે ભઈલા*
*વરસે તો વરસે*
*વાયલા તો વાયલા'*

'વખ' લોકભાષા-બોલીમાં પુનર્વસુ નક્ષત્રનું નામ છે. અને 'પખ' પુષ્યનક્ષત્રનું નામ છે. આ બન્ને નક્ષત્રો જોડિયા ભાઈ સમાન છે. એક નક્ષત્રમાં વરસાદ વરસે તો બીજામાં પણ વરસે. એકમાં વરસાદ ન થાય તો બીજું પણ કોરુંધાકોડ રહે.

*'જો વરસે હાથિયો તો મોતીએ પુરાય સાથિયો'*

'હાથિયો' અર્થાત્ હસ્તિ નક્ષત્રમાં જો વરસાદ થાય તો વરસ ઘણું સમૃદ્ધિ



લાવનારું ગણાય.

મઘા નક્ષત્રમાં વરસાદ થાય તો પછી સમયાંતરે વરસાદ વરસ્યા કરે અને ધન-ધાન્ય-અનાજ વિપુલ માત્રામાં પાકે —

*'જો વરસે મઘા તો થાય ધાનના ઢગા.'*
*'જો વરસે આદરા તો બારે મહિના પાધરા'* અર્થાત્

આર્દ્રા નક્ષત્રમાં વરસાદ આરંભાય તો એ પછીથી આવતા પુનર્વસુ, પુષ્ય વગેરે નક્ષત્રમાં પણ સારો વરસાદ પડે. ૨૧ જૂનથી આર્દ્રા આરંભાય. આ નક્ષત્રમાં પવન વાય તો એના માટે પણ લોકજીવનમાં એક કથન પ્રચલિત છે. 'આદરાના વા, જવાય એટલે જા.' મુસાફરને ઉદ્દેશીને કથન છે કે, 'આર્દ્રા નક્ષત્રમાં પવન વાય છે એટલે વરસાદ થવાનો નથી, તારે સુધી જવાય ત્યાં સુધી પ્રવાસ કરવાની છૂટ છે.

* * *

ભડલીના જે દોહરા કે સાખીઓ લોકપરંપરામાં કંઠસ્થ પરંપરામાં જીવંત રૂપે જળવાયેલાં છે. આજે પણ વડીલ-વૃદ્ધને અષાઢ મહિને આકાશદર્શન કરતા અને ભડલીના દુહા બોલતા મેં જોયા છે. એ અંગેના થોડા દુહા અને એમાંથી નીપજતા આકાશદર્શનના તથ્યને સમજીએ.

*આષાઢ પૂનમે આકાશમાં, નિરમળો ચંદ્રાભાસ;*
*સાજણ સિધાવ તું માળવે, દુ:ખી દેશમાં કરું નિવાસ.*

અષાઢ મહિનાની પૂર્ણિમાની રાત્રિએ ચંદ્ર સાવ નિર્મળ દેખાય અથવા તો કૂંડાળાનો આભાસવાળો દેખાય તો પ્રિયતમ, તું માળવામાં કમાવા જા એ હું અહીં દેશમાં દુઃખના દિવસો પસાર કરીશ.

*'આદરા વરસે નહીં ને માગશરે વા નો વાય;*
*ભડલી કહે તું જાણજે, છાંટો પણ મે'નો થાય.'*

આર્દ્રા નક્ષત્રમાં વરસાદ ન આવે અને માગશર માસમાં પવન ન હોય તો આખું વરસ વરસાદ વગરનું પસાર થઈ જાય.

*'શ્રાવણ અજવાળી સાતમે, જો હોય સ્વાતિ યોગ;*
*પરવત અંદર ઘર કરો, પૂરપાણીથી બચવા જોગ.*

શ્રાવણના શુકલપક્ષની સાતમ તિથિએ જો સ્વાતિ નક્ષત્રનો યોગ હોય તો ડુંગરામાં ગુફા કોરીને નિવાસ કરો કારણ કે અનરાધાર અતિવૃષ્ટિ-પૂરથી તો જ

બચી શકાશે.

*'મહા સુદિ જો સપ્તમી, હોમ વીજળી હોય;*
*વરસે ચારે માસમાં, શોચ કરો ન કોય.'*

જો મહા સુદિ સાતમને વીજળી દેખાય તો ચોમાસાના ચારેય માસ વરસાદ વરસે, આ અંગે વિચાર કરવાની અન્ય આવશ્યકતા નથી.

*'મહા સુદિ જો સપ્તમી, સૂર્ય નિર્મળો હોય;*
*ભડલી ભાખે એમ જે જળ વિણ પૃથ્વી હોય.'*

મહા સુદિ સાતમને દિવસે સૂર્ય આકાશમાં નિર્મળ જણાય, અર્થાત્ વાદળના આવરણથી સૂર્ય આચ્છાદિત ન હોય તો ચોમાસું, અષાઢ-શ્રાવણ, સાવ વરસાદ વગરના જાય; પૃથ્વી ઉપર પાણી જોવા ન મળે.

*'અષાઢી પૂનમ દિને, વાદળભીનો ચંદ્ર;*
*તો ભડલીના જોશ કહે, સઘળા નરમાં આનંદ.'*

અષાઢી પૂર્ણિમાની રાત્રિએ જો ચંદ્ર વાદળની ભીનાશથી ઢંકાયેલો હોય તો ભડલીનું જ્યોતિષ એમ કહે છે કે, જનસમાજમાં આનંદ વ્યાપ્ત રહે. અર્થાત્ ચોમાસુ સારું જાય.

*'શ્રાવણ શુક્લા સપ્તમી, સ્વાતિનો જો યોગ;*
*બહોળા નીર ને અન્ન ઘણાં, બડભાગી સંયોગ.'*

શ્રાવણના અજવાળિયા પક્ષમાં જો સપ્તમી તિથિએ સ્વાતિ નક્ષત્રનો યોગ રચાય તો પૃથ્વી પર ખૂબ જ પાણી રહે અને અતિમાત્રામાં અન્ન ભંડાર ભરાય, આવો બડભાગી-ભાગ્યવાન સંયોગ રચાય.

ભડલીના કથનમાં મર્મ છે, શાશ્વત સત્યો અને પોતાના આકાશનિરીક્ષણથી પ્રાપ્ત સનાતન મૂલ્યનિષ્ઠ સત્યો એમને સમજાયાં. એ દુહાબંધમાં કથ્યાં. એટલે સ્મરણમાં રહે. ટૂંકાં કથન-રૂઢિપ્રયોગો પ્રચલતિ બન્યાં. ઘણાંબધા દુહા કંઠસ્થ પરંપરામાં સ્મરણમાં સચવાયા. એ કોઠાસૂઝ અને અનુભવમૂલક વાણીનો મહિમા કોઈ વૈજ્ઞાનિક, સંશોધકે તારવેલા તથ્યથી સહેજ પણ ઓછો કે અલ્પકક્ષાનો નથી.

(સન્મિત્ર બાબુ સુથારને અર્પણ)

❖



૬

# લોકસંસ્કૃતિની મૂલ્યવાન સરવાણી : મરસિયા

**ડૉ. અંબાદાન રોહડિયા**

લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં એક મહત્ત્વનું સ્વરૂપ છે લોકગીત. લોકગીતનો ઉદ્ભવ ક્યારે થયો એ અંગે પ્રમાણભૂત વિગતો મળતી નથી, પરન્તુ અરણ્યવાસી માનવોમાં જ્યારે ભાવનાઓના અંકુરો ફૂટ્યા હશે, બુદ્ધિ વિકસી હશે અને પ્રકૃતિની વિવિધ લીલાની અનુભૂતિ અને અભિવ્યક્તિ શક્ય બની હશે ત્યારે સૌપ્રથમ લોકગીત ઉદ્ભવ્યું હશે. ઝવેરચંદ મેઘાણી 'રઢિયાળી રાત'માં નોંધે છે કે 'જેનાં રચનારાંએ કદી કાગળ અને લેખણ પકડ્યાં નહિ હોય, એ રચનારાં કોણ તેની કોઈને ખબર નહીં હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વ કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે, તેનીય કોઈ ભાળ નહીં લઈ શક્યું હોય એનું નામ લોકગીત. ધરતીના કોઈ અગમ્ય અંધારાં પડોમાંથી વહ્યાં આવતાં ઝરણાંનું મૂળ જેમ કદાપિ શોધી શકાયું નથી, તેમ આ લોકગીતોનાં ઉત્પત્તિસ્થાન પણ અણશોધ્યાં જ રહ્યાં છે.'[૧]

આદિકાળથી માનવજીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલ લોકગીતના વિવિધ પ્રકારો છે. લોકસાહિત્યવિદ્દોએ એ સંદર્ભે ભિન્ન ભિન્ન મંતવ્યો આપ્યાં છે, તેમાં વૈવિધ્ય છે, પરન્તુ મુખ્યત્વે લોકગીતોનું સ્વરૂપગત વર્ગીકરણ કરી તેના દસ પ્રકારો ગણાવ્યા છે; જેમાં (૧) હાલરડાં - બાળગીત, (૨) ગોરમાનાં ગીતો,

(૩) લગ્નગીતો અને ખાયણાં, (૪) રાંદલનાં ગીતો, (૫) તુલસીવિવાહનાં ગીતો, (૬) ઉત્સવ-મેળાનાં ગીતો, (૭) રાસ અને રાસડા, (૮) ગરબા અને ગરબીઓ, (૯) મરસિયા અને (૧૦) સંતવાણી અથવા ભજન સમાવિષ્ટ છે. આ દસ પ્રકારમાંથી અહીં મરસિયા વિશે થોડી વાત કરવાનો ઉપક્રમ છે.

મારા પૂર્વ વક્તાએ હાલરડાં વિશે વાત કરી છે, તેમાં બાળજન્મનો સંદર્ભ નિહિત છે તો મારે મૃત્યુ સાથે નિહિત મરસિયાની વાત કરવાની છે. વસ્તુતઃ તો પ્રભુએ આ અકળ સૃષ્ટિનું સર્જન કર્યું છે, તેમની અલૌકિક લીલાને પામવા માટે આદિકાળથી માનવ મથતો આવ્યો છે, પરન્તુ તેને જન્મ અને મૃત્યુનું રહસ્ય સમજાયું નથી. જરા, મરણ અને વિયોગ જેવી હૃદયવિદારક ઘટના સનાતન અને શાશ્વત છે, જે પડકાર રૂપે આખા વિશ્વને હચમચાવે છે, છતાં તેનો કોઈ ઉકેલ ન મળવાથી માનવજીવન દોજખ જેવું બની જાય છે. સ્વર્ગથી પણ સુંદર માનવલોક આ કારણે જ બિહામણું બની જાય છે. એ વાત કંઠસ્થ પરંપરાના દુહામાં કલાત્મક રીતે અભિવ્યક્ત થઈ છે. જુઓ :

*સ્વર્ગથી સોહામણું, માનવને આ મૃત્યુલોક;*
*બે-ત્રણ વાતો દોહ્યલી, જરા મરણ ને વિયોગ.*

ભારતીય સંતો, ઋષિમુનિઓ, ચિંતકો અને સમર્થ સાહિત્યકારોએ મૃત્યુ સન્દર્ભે અનેક વાતો કરી છે. તેમણે અધ્યાત્મ દ્વારા મૃત્યુ પર વિજય મેળવવાની વાત કરી છે. જો મૃત્યુ અનિવાર્ય હોય અને તે જન્મની સાથોસાથ દેવના આશીર્વાદ કે અભિશાપ રૂપે મળ્યું જ હોય તો તેનાથી ડરવાને બદલે હસતા મુખે તેનો સ્વીકાર કરવો જોઈએ, હકારાત્મક અભિગમથી જો મૃત્યુનો સ્વીકાર કરવામાં આવે તો આપોઆપ દુન્યવી મોહ, માયા અને આસક્તિ પર કાબૂ મેળવી શકાય છે. વળી, આત્મા તો અમર છે અને તે તો અનંત યાત્રા કરતો જ રહે છે. શરીર તો તેના માટે એક વસ્ત્ર, પિંજર કે ધર્મશાળા સમાન છે. એ વાત ભારતીય વિચારધારાનો પાયાનો સિદ્ધાંત બની ગયો છે. ભગવાન કૃષ્ણએ પણ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવીને આત્માની અમરતા, દેહની નશ્વરતા અને કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે :

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुव जन्म मृतस्य च ।[२]

(જે જન્મે છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે અને મરે તે જન્મે છે.)

જગતનિયંતાએ આ સૃષ્ટિમાં કેટલાંક દ્વંદ્વ-યુગ્મ બનાવ્યાં છે, જેમ કે જન્મ-



મૃત્યુ, મિલન-વિયોગ, રાત-દિવસ, ઉદય-અસ્ત, દેવ-દાનવ, સજ્જન-દુર્જન અને સંત-શૈતાન ઇત્યાદિ. વસ્તુતઃ તો એ એક સિક્કાની બે બાજુ સમાન છે, આથી એકમેકની સાથે અભિન્ન રૂપે સંકળાયેલ છે, માટે તેને સ્વીકારવાં જ રહ્યાં. અલબત્ત, આ ફિલૉસોફી કે તત્ત્વજ્ઞાનની વાત કે ગીતાજીનું જ્ઞાન એક યા બીજા રૂપે સૌ સમજે છે, પરન્તુ જ્યારે પોતાને ત્યાં મૃત્યુ આવે છે ત્યારે તેનો સ્વીકાર કરી શકતા નથી. આથી જ તે વેદના અનુભવે છે. એ વેદના જ્યારે શબ્દ રૂપે પ્રગટે છે ત્યારે અવનવાં રૂપો ધરે છે. ક્યારેક એ ક્રૌંચપક્ષીની વેદનાયુક્ત ચીસના પ્રતિઘોષ રૂપે વાલ્મીકિ ઋષિના મુખેથી અનુષ્ટુપ શ્લોક રૂપે પ્રગટે છે કે :

मा निषाद प्रतिष्ठां त्वम् गमः शाश्वतीः समाः ।
यत्क्रौंच मिथुनादेकमवधिः काम मोहितम् ॥[३]

માનવજીવનની નશ્વરતા શાશ્વત હોવા છતાં વ્યક્તિ દુન્યવી મોહમાયાને કારણે સંબંધોની માયાજાળમાં ફસાય છે, આથી તેને સ્વજનની વિદાય ખટકે છે. એ વિયોગની વેદના ઊનાં-ઊનાં આંસુ રૂપે વહે છે. તે શબ્દદેહ ધરે છે ત્યારે લોકો તેનું વારંવાર ગાન કરીને પોતાની વેદના ભૂલવા પ્રયત્ન કરે છે. એ પરંપરા માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં પણ વિશ્વના બધા જ દેશો, વિવિધ ભાષાઓ અને વિવિધ પ્રજાઓમાં દૃષ્ટિગોચર થાય છે, એ વિષય સાર્વભોમ અને સનાતન જણાય છે.

**મરસિયાનો અર્થ :**

મરસિ(શિ)યો પુ.(અર-મર્સિયહ) શોકનું ગીત, મરેલા પાછળ ગવાતું પ્રશસ્તિગીત, રાજિયો-પરજિયો.[૪]

**અરબી 'મરસી' પરથી મરસિયો -**

ગુજરાતી વિશ્વકોશમાં મરસિયા વિશે કહ્યું છે કે, 'કાવ્યનો એક પ્રકાર. તેમાં મૃત્યુ પામનાર વ્યક્તિ માટે શોકની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. તે સાથે તેના ગુણ વર્ણવવામાં આવે છે. કોઈ આપત્તિ અથવા દુઃખદ ઘટના વિશે લખાયેલ શોકગીતને પણ 'મરસિયા' કહેવામાં આવે છે. અરબીમાં તેનો અર્થ રુદન થાય છે. વિશ્વની અનેક ભાષાઓમાં શોકગીત રચવાનો રિવાજ પ્રચલિત છે.' અંગ્રેજીમાં તેને એલિજી (Elegy) કહેવામાં આવે છે.

ઉર્દૂ મરસિયામાં શહીદના જીવનપ્રસંગો જન્મ, યૌવન, વૈભવ-મૃત્યુની વાત છે. તેમાં ૮ ભાગ - (૧) ચહેરો, (૨) સરોપા (૩) રવાનગી (લડાઈ માટે),

(૪) આગમન (લડાઈના મેદાનમાં), (૫) શૌર્યગીતો, (૬) યુદ્ધ, (૭) શહાદત, (૮) શોક. - ઉર્દૂ મરસિયાકાવ્ય મોટાભાગે મુસદસ પ્રકારમાં હોય છે. - ઈમામહુસેન અને પરિવારની શહાદત વિષયક ઘટનામાં શિયાપંથીઓની શ્રદ્ધા ભળે છે. આથી શિયાપંથી મુસ્લિમ રાજયોમાં પરંપરા વિશેષ રૂપે મળે છે. 'અધર્મ અથવા અસત્ય ઉપર ધર્મ કે સત્યનો વિજય બલિદાન વડે જ શક્ય બને છે'[૫]

**કરુણપ્રશસ્તિ (Elegy)**

શોકગીત કરતાં વધુ સુબદ્ધ અને દીર્ઘકવિતા પ્રકાર. મૃતક વિશેના શોકને, મૃત્યુજન્ય વિષાદને વ્યક્ત કરે છે.

**કૉલરિજ** કહે છે : 'ચિંતનશીલ ચિત્ત માટે સ્વાભાવિક એવો આ કવિતા-પ્રકાર છે. અને તેથી ક્યારેક તેમાં કોઈ શાશ્વત સિદ્ધાંતના અનુસંધાને સાંત્વના પણ ભળે છે. વર્તમાનના અભાવ કરતાં, જે કાંઈ વીતી ગયું છે અને જે હવે પ્રાપ્ય નથી એ પરત્વેનો ખરખરો. જીવનની ભંગુરતા કેન્દ્રસ્થાને રહે છે.'

મૂળ ગ્રીક અને રોમન પ્રશિષ્ટ સાહિત્યની પરંપરા... શોકગીત.

**થોમસ ગ્રે :** Elegy written in country church yard. નાના ગામના સ્મશાનમાં જઈ કહે છે કે, અહીંના લોકોને પણ જો તક મળત તો ક્રોમવેલ જેમ રાજા કે શેક્સપિયર અને મિલ્ટન જેમ કવિ બનત... દીર્ઘકથાના કેન્દ્રમાં સમાજ.

**ટેનિસન** -'ઇન મેમોરિયમ' - મિત્રના મૃત્યુ પછી શ્રદ્ધાંજલીનું કાવ્ય છે.

યુરોપમાં પણ મરસિયા ગાવાની પરંપરા મેઘાણીએ નોંધી છે.

**મરસિયાની વ્યાખ્યા :**

- હૈયાના ઊના-ઊના નિશ્વાસની કથની એટલે મરસિયા. — મેઘાણી
- 'મરસિયા કરુણ શોકોદ્ગાર છે. મરસિયા એટલે વિલાપનાં ગીતો.

  મરસિયાના ગાન, તાન ને લયપલટાની પદ્ધતિ, તેમાં સમૂહવૃંદમાંથી પ્રકટતા કરુણધ્વનિઓ કઠણ કાળજાના માનવીને પણ પિગળાવે છે.'[૬]
- મૃત્યુ-વિલાપની વેદનાને વર્ણવતી પદ્યરચનાઓ... મુખ્યત્વે દુહામાં હોય, પણ છંદો કે ગીતો-લોકગીતોમાં પણ લોકકવિઓએ તેનું ગાન કર્યું છે. એમાં કારુણ્ય- ભર્યો સ્વર - રાગ હોય છે. — ભીખુદાન ગઢવી
- જન્મથી મૃત્યુ સુધીના જીવનચક્ર જેમ રાગના જન્મથી માંડીને મૃત્યુ સુધીનું વૈવિધ્ય રાગ-રાગિણી રૂપે. રાગના મૃત્યુ પાછળનો રાગ તે મરસિયા. તે ખાસ સોરઠ સાથે સંકળાયેલ છે. જે વાત 'શારદા'ના એક અંકમાં છે. — ભીખુદાન ગઢવી



- 'સદ્ગુણી સ્વજનોનાં સંભારણાં તે મરસિયા' — કવિ 'દાદ'
- એલિજી કાવ્યો આરંભમાં યુદ્ધ કે પ્રેમ વિશે સર્જાતા. પછી વખત જતાં ગ્રીસ અને રોમમાં શોકાંજલિના ગીત રૂપે તેનો ઉપયોગ થવા લાગ્યો. સંભવ છે કે દફન વખતે સંગીતના સૂરોની સાથે ઉચ્ચારાતી પદાવલિને એલિજી તરીકે ઓળખાવી હોય. સ્પેન્સરનું 'ટેફનેઈદા' પ્રથમ એલિજી, સોળમી સદીમાં છે.
- મરસિયા માત્ર સ્વજનના જ નહિ, અંગત ખોટ લાગે તેવી વ્યક્તિના પણ હોય.
- 'જીવનયાત્રામાં વ્હાલાના વિયોગે હૃદયના ઊંડાણમાંથી પ્રગટતી આંસુસિક્ત કવિતા તે આપણા મરસિયા'.[૭]
- 'વિલાપને બદલે મરનારની ગુણપ્રશસ્તિ તે મરસિયા. મરનારની વય, જાતિ, ગુણને છાજે તેવું ગાન તે છાજિયા. મરનારને ત્યાં વહેલી સવારે ગવાતાં વિલાપગીતોને 'પરોઢિયા' કે 'પ્રોવિયા' કહે છે. ગુજરાતમાં વાગડના 'હરિયા' અને ઈસ્લામમાં 'માતમકૂટણા' વગેરે મૃતકના શોકનાં અને પ્રશસ્તિનાં ગીતો છે'.[૮] — ખોડીદાસ પરમાર
- મૃત્યુની વેદના અવશ્ય, પણ વીરમૃત્યુને મહોત્સવ ગણેલ છે.
- શહીદની માતાની છાતી ગજગજ ફુલાય, પત્ની હસતા મુખે સાથ નિભાવે...
- 'હથેળવે જૂડિયો જકે, હમે ન છૂટે હાથ' - પાબૂજી રાઠોડ - સોઢી રાણી
- પંડિત જગન્નાથ અને પૃથ્વીરાજ રાઠોડે મૃત પત્નીના વિરહના કાવ્યો-દુહાઓ રચ્યાં છે.
- **સંસ્કૃત સાહિત્યમાં વિલાપ કાવ્યો :**

  (૧) 'રામયણ'માં મંદોદરી - સુલોચના વિલાપ

  (૨) 'મહાભારત'માં ઉત્તરા વિલાપ તેમજ કૌરવ સ્ત્રીઓનો વિલાપ અને

  (૩) 'રઘુવંશ'માં અજવિલાપ પ્રસિદ્ધ છે.
- ગુજરાતી સાહિત્યમાં —

  (૧) દલપતરામ - 'ફાર્બસવિરહ'

  (૨) ન્હાનાલાલ - 'પિતૃતર્પણ',

(૩) કવિ ત્રિભુવન - 'કલાપીનો વિરહ' અને

(૪) નરસિંહરાવ - 'મંગલ મંદિર ખોલો' કાવ્યમાં મૃત્યુની વાત કરી છે.

- લોકોએ વેદનાને હળવી કરવા, દુઃખનું કેથાર્સિસ-વિરેચન કરવા માટે અપનાવેલી મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા મરસિયા સ્વરૂપે લોકજીવનમાં વણાઈ ગઈ છે.

**❑ 'મરસિયા'માં વિષય વૈવિધ્ય :**

૧. વીરોની પ્રશસ્તિ રૂપે મરસિયા :

(૧) હમીરજી ગોહિલ, (૨) મહારાણા પ્રતાપ, (૩) ચાંપરાજ વાળો, (૪) કાનિયો ઝાંપડો, (૫) વાછડાદાદા, (૬) જોધો માણેક - મૂળુ માણેક, (૭) હનુભા ગોહિલ, (૮) અણનમ માથાં - વિહળ રાબા.

૨. માતાએ પુત્ર માટે ગાયેલ મરસિયા :

(૧) ચેલૈયાના મરસિયા, (૨) વાહણ-ઉગો દેવાયત બોદર, (૩) દીકરાનું દાન

૩. જીવનસાથીની વસમી વિદાય - પતિ-પત્નીએ ગાયેલ મરસિયા :

(૧) રાણકદેવી - રા'ખેંગાર, (૨) રતન ગિયું રોળ-ચારણ દંપતિ. (૩) મરસિયાની મોજ (૪) પૃથ્વીરાજ રાઠોડ (૫) કીસે બંધાવું પાળ.

૪. પ્રિયતમ-પ્રિયતમાના મરસિયા :

(૧) સોન હલામણ, (૨) લોડણ-ખીમરો, (૩) નાગ-નાગમદે

૫. રાજકવિઓએ રચેલ રાજવીઓના મરસિયા :

(૧) વિસરશા ન વાઘને, (૨) જામ રાવળના મરસિયા, (૩) માણસિયા વાળો, જેતપુર (૪) રાઓ, લખપતજીના મરસિયા (૫) ભોજ ખાચરના મરસિયા (૬) ઓઢા ખાચરના મરસિયા (૭) મોકા ખાચરના મરસિયા

૬. ભાઈ-બહેનના મરસિયા :

(૧) ભાઈ-જોગડો ઢોલી (૨) રેશમિયો ભેડો (૩) કોણ હલાવે લીંબડી

૭. મિત્ર-વિષયક મરસિયા :

(૧) હિપા મોભના મરસિયા, (૨) વીસળના મરસિયા, (૩) જયમલ્લ પરમારના મરસિયા, (૪) મેઘાણીના મરસિયા, (૫) હેમુ ગઢવીના મરસિયા, (૬) શંકરદાનજીના મરસિયા, (૭) બાંકિદાસ આશિયાના મરસિયા, (૮) ઓપાજી આઢાના મરસિયા, (૯) કાનજી ભુટા બારોટના મરસિયા, (૧૦) મેરૂભાના મરસિયા



૮. સદ્‌ગુણી-રાષ્ટ્રનેતા-રાજવીના મરસિયા :

(૧) ગાંધીજીના મરસિયા, (૨) જવાહરલાલ નહેરુના મરસિયા, (૩) સરદાર પટેલના મરસિયા, (૪) રાજીવ ગાંધીના મરસિયા.

૯. માતા માટે કે દીકરી માટે ગવાયેલ મરસિયા :

(૧) કાગબાપુ - મોઢે બોલું મા. (૨) દીકરી.

૧૦. સંતોની ઉમાઓ રચનાઓ :

(૧) થીમ સાહેબનો ઉમાઓ (૨) શામદાસજીનો ઉમાઓ (૩) મોરાર સાહેબનો ઉમાઓ (૪) જીવણદાસજીનો ઉમાઓ.

**મૃત્યુની શાશ્વતતા : ભારતીય દૃષ્ટિબિંદુ**

મરસિયામાં અપાર વૈવિધ્ય છે, તો તેમાં વિરલ વ્યક્તિત્વની સુવાસ છે. અનન્ય વીરતા દાખવનાર શૂરવીર, અનુપમ દાતાર, ચારિત્ર્યશીલ અને મુઠ્ઠી ઊંચેરા વ્યક્તિના જ મરસિયા રચાયા છે. વળી, ભારતીય સંસ્કૃતિમાં તો વીર મૃત્યુને મંગળ ગણી તેનો શોક ન કરવાની વાત પણ કહેલ છે, એટલું જ નહીં સ્વમાન ભેર જીવવાની વાત પણ કેટલાંક દુહાઓમાં કહેવાયેલ છે. જુઓ :

– *મરદાં મરણો હક હૈ, ઉબરસી ગલ્લાંહ;*
*સાપુરસાં રા જીવણાં, થોડા હી ભલ્લાંહ... ૧*

– *સૂરાં દાતાં પિંડિતા, તીનું એક સ્વભાવ;*
*જનમૈ સૌ મરસી, મરી અમર બાત રહ જાય... ૨*

– *પાણી કેરા બુદબુદા, એસી નર કી દેહ;*
*દિનાં છિપ જાવસી, જ્યૂં તારા પ્રભાત... ૩*

– *માણ રાખે મરજે, મતી મરે મૂકે ન માણ;*
*જબ લગ સાસ સરીર મેં, તબ લગ ઊંચી તાણ... ૪*

**૧. વીરોની પ્રશસ્તિ રૂપે મરસિયા :**

**(૧) હમીરજી ગોહિલના મરસિયા :**

ભારતીય સંસ્કૃતિમાં વીરોની શહાદતને ખૂબ જ ભાવપૂર્વક વધાવી છે.

તેમાં પણ સોમનાથ પર આક્રમણ થયું, એ વખતે 'કલાપી'ના પૂર્વજ હમીરજી ગોહિલ સોમનાથની સખાતે ગયેલા. ગીરના ભીલો પણ તેમની સાથે ગયેલા, તેમણે તો હમીરજીના લગ્ન પ્રસંગે હાથધરણામાં માથા લખાવ્યાં હતા. ચારણ આઈ લાખબાઈ પણ તેમની સાથે સોમનાથ ગયા અને એમની શહાદતને મરસિયામાં અમર કરી દીધી, જેને કાળનો કાટ લાગ્યો નથી, એવી મર્મસ્પર્શી રચનામાંથી ઉદાહરણો જુઓ :

*'વહેલો આવે વીર, સખાતે સોમેયાની;*
*હિલોળવા હમીર, ભાલા અણીએ ભીમાઉત... ૧*
*કરમાં કરમાળ કરે, ઈ જુએ જગદીશ,*
*સોમેયાને શિશ, આલ્યું અરઠીલા ધણી... ૨*
*વેળ તહારી વીર, આવીને ઉંવાટી નઈ;*
*હાકેમ તણી હમીર, ભેખડ આડી ભીમાઉત... ૩*
*વેગડ વડ જૂજાર, ગઢ બારીએ ગરે નઈ;*
*સીંગ સમારણહાર, અંબર લગ અડાડિયા... ૪*
*તું પડતે પડિયા, હર શશિયર હીમા પતિ;*
*છ ચૂડા ચડિયા, ભજ તો ભાંગે ભીમાઉત....૫*
*એકે સર સાચવ્યું, બજડ વાઈ બીજે;*
*(એમાં) કયો વખાણવો કે, હાથ તારો હમીરયા... ૬*
*વન કાંટાળા વીર, મારે જીવીને જોયા રયા,*
*આંબો અળવ હમીર, ભાંગ્યો મોરીને ભીમાઉત[૯]...૭*

(૨) અકબર સામે જીવનપર્યન્ત અણનમ રહેલા હિન્દવા શાલિગ્રામ મહારાણા પ્રતાપની વીરતા, દૃઢતા અને સંસ્કૃતિપ્રીતિ વિશ્વવિખ્યાત છે. એક દિવસ અકબરની કચેરીમાં સમાચાર મળ્યા કે મહારાણા પ્રતાપે પરલોકે પ્રયાણ કર્યું. એ ક્ષણે અકબરની આંખમાં આવેલ આંસુને જોતાં રાષ્ટ્રવાદી કવિ દુરસાજી આઢાએ મહારાણા પ્રતાપની શહાદતને વધાવી, અણનમ રહીને અકબર સામે જીતી જનારા રાણાને કવિએ શ્રદ્ધાંજલિ આપી :

*અસલેગો અણદાગ, પાઘ લેગો અણનામી;*
*ગોઆડા ગવડાય, જતે વહેતૌ ઘૂર વામી;*
*નવરોજે નહ ગયો, ન ગૌ આતસાં નવલ્લી;*
*ન ગૌ ઝરોખા હેઠ, જેથ દુનિયાંણ દિહલ્લી;*



*ગેહલોત રાણ જીતે ગયૌ, ડસણ મૂંદ રસણા ડસી;*
*નીસાંસ મૂક ભરિયા નયણ, તો મ્રત સાહ પ્રતાપસી[૧૦]... ૧*

(૩) મહુવાના પાધરમાં વત્સરાજ સોલંકીએ ગાયોને બચાવવા ધિંગાણું ખેલ્યું, ચારણ આઈની ગાયોને બચાવવા માટે એ મીંઢોળબંધા યુવાને શહાદત વ્હોરી. લોકોએ તેની વાછડાદાદા તરીકે પૂજા કરી. આઈએ ગાયેલ મરસિયા આજે પણ લોકમુખે ગવાતા રહે છે :

*'સોલંકી સોના તણો, કુંડળ ઝળકે કાન;*
*રમતો દીઠો રાણ, વીર સચંગો વાછરો... ૧*
*પોપટ ને પારવા તણી, રાણા રમત્યું મેલ;*
*ધર ખાંડાનો ખેલ, વીર સચંગો વાછરા... ૨*
*ઘણ આવ્યું ઘડેસર, ખાડું આવ્યું ખાખરે;*
*દૂધડીએ દીવા બળે, વેગડ નાવી વાછરા[૧૧]... ૩*

(૪) અંગ્રેજ સરકાર સામે બહારવટે નીકળેલા જોધા માણેક અને મૂળુ માણેકે ૧૮૫૭ની લડાઈ વખતે ૮ વર્ષ સુધી ઓખામંડળમાં સંઘર્ષ કર્યો. ચોમેરથી ઘેરાઈ ગયા પછી પણ શરણાગતિ સ્વીકારવાને બદલે વીરતાથી લડ્યા. આથી તો 'ના છંડિયા, હથિયાર, ઓખાજા બેલી'. એ ગીતે આજે પણ ડાયરે ડાયરે ગવાય છે. તેમના મૃત્યુની પળે રણછોડરાય રડે, ગોમતીજી વિલાપ કરે અને 'ઓખો' (પ્રદેશ) રંડાય એ વાત તો કોઈ લોકકવિને જ સૂઝેને ? કવિની બળકટબાનીમાં પ્રગટેલ મરસિયા કાન માંડીને સાંભળો :

*ગોમતીએ ઘૂંઘટ તાણીઆ, રોયા રણછોડરાય;*
*મોતી હૂતું તે રોળાઈ ગયું, માણેક ડુંગરમાંય... ૧*
*નારીયું નત્ય રંડાય, નર કે દિ રંડાય નહિ;*
*ઓખો રંડાણો આજ, માણેક મરતે મૂળવો... ૨*
*મૂળુ મૂછે હાથ, તરવારે બીજો તવાં;*
*હત જો ત્રીજો હાથ, નર અંગ્રેજને નમત[૧૨]... ૩*

(૫) સાયલા પાસેના સુદામડા ગામે કટક આવ્યું. ત્યારે ગામ ધણીની ગેરહાજરીમાં પ્રજાજનો લડ્યાં. કાનિયો ઝાંપડો તો હાડકાંનો નળો લઈ ઝૂઝ્યો. ચારણ કવિએ છંદોબદ્ધ રચનામાં તેની વીરતાને આ રીતે વધાવી :

*'અડડ માળિઓ કટક સુદામડે આફળ્યો,*

*ભૂજ નગર વાતનો થિયો ભામો;*
*કોક અપસર તણા ચૂડલા કાજે;*
*સૂંડલાનો વાળતલ ગિયો સામો*[૧૩]*... ૧*

(૬) ગોહિલવાડમાં લીંબડી ગામે હનુભા ગોહિલ ખૂબ જ પ્રતાપી અને શૂરવીર થયા. તેમની વીરતાને સ્વજનો જ સહી ન શક્યા. કાવાદાવાથી કાંટો દૂર કરાવવા પ્રપંચ કર્યો. ગામની ગાયો વળાવી. હનુભાને સમાચાર મળતા વ્હારે ચડ્યા, અંતરિયાળ દગાથી મરાયા. લોકોએ છંદો અને રાસડા બનાવીને તેમની વીરતાની સરાહના કરી જુઓ :

*બકે હનુ એમ બોલ્યો, અવળા પગ ભરું કેમ આજ;*
*જૂનારા પગ લંગર જડાણા, (મારે) લાઠી તણા તખત રી લાજ. ૧*

હનુભાનો રાસડો : સ્ત્રીઓ ગાય છે :

*'હું હનુભૈ રાણીજાયો રજપૂત જોને રે;*
*હનુ ચડૈયો તે પાછો નો ફરે હો રાજ,*
*વારનાં ઘોડા મારગે હાલ્યાં જાય જો,*
*આડબીડ હાલે હનુભાની રોજડી રે લોલ*[૧૪]*...૧*

(૭) જેતપુરના ચાંપરાજ વાળાએ તો અપૂર્વ શૌર્ય દાખવેલું. તેમનું મસ્તક પડ્યાં પછી પણ ધડ લડ્યું હતું અને મૃત્યુ પછી ચારણને ઘોડાનું દાન કરેલું; એ વાત એક દુહામાં આ રીતે મળે છે કે :

*કમળ વિણ ભારથ કિયો, દેહ વિણ દીધાં દાન;*
*વાળા એ વિધાન, ચાંપા વિણ કિને ચડાવીએ.*[૧૫]

આ ચાંપરાજ વાળાનો ઢોલી જોગડો એ યુદ્ધમાં સૌથી પહેલા મરણ પામ્યો. તેની શહાદતને કવિઓએ આ રીતે વધાવી છે. જુઓ :

*'રાંપીનો રાખણહાર, કલબાં લે વેત્રણ કિયા;*
*વીજળ તણો વિચાર, તેં કિં જાણ્યો જોગડા...*
*શંકરને જડિયું નહિ, માથું ખળા માંય;*
*તલ તલ અપસર તાય, જે જધ માંચ્યે જોગડા*[૧૬]*...*

(૮) પંચાળના આંબરડી ગામના ચારણ વિહળભા રાબા અને તેમના અગિયાર ભાઈબંધોએ અણનમ રહેવાનું વ્રત લીધેલું. એથી મુસ્લિમ સૈન્ય સામે લડવું પડ્યું, પણ વ્રત ન છોડ્યું. ક્ષાત્રવટ્ટ માટે લડીને કૂંડાળે મરવાની પ્રતિજ્ઞા પાળનારા વિહળભા રાબા અને તેમના મિત્રોની વીરતાને એક છંદોબદ્ધ રચનામાં કવિએ આલેખી છે : 'નિશાણી' છંદમાં વર્ણવાયેલ 'અણનમ માથા'ની એક પંક્તિ જુઓ, જેમાં વીરમૃત્યુનો મહિમા છે.



*વીહળ પૂછે બ્રાહ્મણાં, સુણ કેસવ કાંધાળા;*
*કણ પગલે સ્રગ પામીએં પશતક નૈયાળા;*
*કૂંડી મરણ જે કરે, ગળે હેમાળા;*
*કરવત ભેરવ કરે, શીખળ શંખાળાં;*
*ત્રિયા ત્રંબાસ આપતળ, જે મરે હઠાળા;*
*તે વરદિયાં વીહળા, સ્રગ થિયે ભવાળા...૮*

એક મિત્ર તેજરવ સોયા બહાર ગામ હતો, તેણે આવીને ઝૂંપમાં ઝંપલાવીને મિત્રોનો સાથ નીભાવ્યો. તેનો દુહો મળે છે કે :

*તેજરવ તન લે, હાડાં માથે હોમિયાં;*
*સોયે મરણ સટે, વીસળસુ વાચા બંધેલ*[૧૭]*... ૧*

**૨. માતાએ પુત્ર માટે ગાયેલ મરસિયા :**

માનવજીવનમાં કાળજા કંપાવતી આવી ક્ષણ ખૂબ જ દોહ્યલી હોય છે, એ વેદનાની શું વાત કરવી, પણ જીવનમાં બનતી અસહ્ય ઘટનાની પળે દરેક માતાની મનોસ્થિતિ અહીં પ્રગટતી હોય છે. તેમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ.

**(૧) ચેલૈયાના મરસિયા :**

ગિરનાર નજીક આવેલ બીલખા ગામના શેઠ સગાળશા અને ચંગાવતી. સાધુને જમાડીને જમવાનું વ્રત. આઠદિવસના ઉપવાસ, અઘોરી સંતે માનવની માટી માગી, પુત્રને ખાંડીને ખવડાવવા તૈયાર થનારને આદેશ મળ્યો, હસતામુખે ગીત ગાતી જા. માતાએ સાંબેલાના તાલ સાથે જે ગીત ગાયેલું, તે આજે પણ લોકહૃદયે કોરાયેલું છે :

*અમે જાણ્યું ચેલૈયાને પરણાવશું, એની જાડેરી જોડશું જાન;*
*(પણ) ઓચિંતાના મરણ આવ્યા, કુંવર તને ખમ્મા ખમ્મા...*
*મેલામાં મેલો નૂગરો, એથી ય મેલો લોભ.;*
*એથી મેલા અમે દંપતી, અમને મૂવે ન મળે મોક્ષ*[૧૮]*... કુંવર...*

**(૨) વાહણ-ઉગો દેવાયત બોદર :**

જૂનાગઢના રાડિયાસને પાટણપતિએ હરાવ્યા, માતાએ બાળ નવઘણને દેવાયત બોદરને આશ્રયે પહોંચાડવા વાલબાઈને સોંપી પ્રાણ છોડ્યા. વાલબાઈ અને ભીમડા રખેહરે બોડીદર પહોંચાડ્યો. ભીમડાએ દેહત્યાગ કર્યો. આહિર દંપતીએ જીવથી અદકેરું જતન કર્યું. વાત પહોંચી, સોલંકીનું સૈન્ય આવ્યું. પોતાનો પુત્ર સોંપ્યો. છેલ્લી કસોટી રૂપે માતાને તેડાવી, આંખમાં આંસુ ન આવે તો બરોબર. માતાએ હૈયાને હાંકલી રાખ્યું, છેવટે નવઘણને ગાદીએ બેસાડ્યા પછી માતાએ ઉગાના મરસિયા ગાયા, તે વેદનાસિક્ત કાવ્ય :

*'ઉગા તું તો ઉગયો, (પણ) અમારે તો ઉગીને ય આથમ્યો;*
*અરેરે હવે કઈ દશ્ય જોવું વાટ, આવે ક્યાંથી ઉગલો... ૧*
*તું જાતા તૂટ્યા, અમારી વંશવેલીના મૂળિયા;*
*અરેરે હવે કઈ દશ્ય જોવું વાટ, આવે ક્યાંથી ઉગલો*[૧૯]*...૨*

**(૩) હરભમ બારોટના મરસિયા :**

ઠળિયા ગામના લખમણ બારોટનું ગામતરું. દુષ્કાળમાં દીકરા હરભમને લઈ વિધવા માતા યજમાન મેપા મોભને ત્યાં ત્રાપજ આવ્યા. ભાવથી સાચવ્યાં. હરભમ મોટા થઈ જાય ત્યાં સુધી રોક્યા. સર્પદંશથી હરભમનું મૃત્યું, માતાનો કાળો કલપાંત. આહિર કહે, આઈ ! યમદ્વારેથી પાછો કેમ લાવી શકું, પણ મારો દીકરો દેવશી તમને દાનમાં આપું છું, હવે છાના રહો.' હરભમની માતાની વેદના પ્રગટાવતાં મરસિયા જુઓ :

*'હતું કે કાંધે લઈ હભો, દેશે અગનિ દાહ્ય,*
*લીધી તેં લખધીરકા, માની પાસે માગ્ય... ૧*
*હતું કે 'મા, મા' કહી હભો, વાની ઠારશે વીર;*
*રાખી તેં લખધીરકા, મારી ધખતી વાની ધીર... ૨*
*માની મરણ પથારીએ, કોણ પાથું મૂકશે પોક;*
*દરવાજા દેવાય ગયા, સરગે તાળાં શોક'*[૨૦]*... ૩*

**૩. જીવનસાથીની વસમી વિદાય - પતિ-પત્ની એ ગાયેલ મરસિયા :**

જીવનસાથીની વસમી વિદાય ખૂબ જ કપરી હોય છે, તેમાંય બે ખોળિયા અને એક પ્રાણ જેવી જોડલી હોય ત્યારે તો વાત જ શું કરવી ? ખંડિત દંપતીની



મનોવેદનાને વાચા આપતી રચનાઓમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ :

**(૧) પત્ની વિયોગે ઝૂરતો ચારણ :**

ગર્ય કાંઠાનું ચારણ દંપતી, દુષ્કાળ ઉતરવા દક્ષિણ ગુજરાત ગયા, 'વરસ વળ્યે પાછા વળ્યાં, પોરહા વાળાની હદમાં આવી ભાદર કાંઠે ભેંસો અને ચારણ્યને મૂકી, ચારણ કચેરીમાં ગયો, ડાયરાની જમાવટ, ઉપરવાસનો મે, પૂર આવ્યું અને પતિને આપેલ વચનને કારણે ચારણ્ય ન ખસી. રીડિયારમણ થઈ, ખબર મળતાં ચારણ દોડ્યો, પણ મોડો પડ્યો. પત્નીના વિયોગે ઝૂરતા ચારણે વેદનાને દુહામાં વહેતી કરી :

*હતું ઈ હારી બેઠો, ખજાનો બેઠો ખોય;*
*કામણગારુ કોય, પાધર તમાણું પોરહા... ૧*
*અમે આવી ઉતારો કર્યો, જબ્બર વસીલો જોય;*
*(પણ) કામણગારું કોય, પાધર તમાણું પોરહા... ૨*
*વાછરડું વાળા, ભાંભરતું ભળાય;*
*(પણ) થર આતમ નો થાય, પરસ્યા વણનો પોરહા*[૨૧]*... ૩*

**(૨) પૃથ્વીરાજ રાઠોડે રચેલ લાલાદેના મરસિયા :**

બિકાનેરના પૃથ્વીરાજ રાઠોડના પત્ની લાલાદેનું અવસાન થતાં, તેમણે પત્ની વિયોગની વેદનાને કાવ્યાંકિત કરી છે. તેમણે તો પ્રભુ રામને પણ સીતાજીના વિયોગની વેદનાનું સ્મરણ કરાવ્યું છે અને લાલાદેના દેહને બાળનારા અગ્નિદેવે પકવેલ અન્નનો ત્યાગ કર્યો છે, જુઓ :

*મેં દેખ્યા તેં બાળ્યાં, લાલાં કેરાં હડ્ડ;*
*થારો રાંધ્યો ન જિમાં, ફટ્ય ગોઝારા અગન્ન... ૧*
*કંથા પેલા કામની, સાંયા મ માર્ય;*
*રાવણ સીતા લે ગયો, વો દનડાં સંભાર્ય*[૨૨]*... ૨*

**(૩) ચારણ આઈ હોલબાઈએ રચેલ મરસિયા :**

ચારણ આઈ હોલબાઈના પતિ રાજદે ચારણનું અકાળે અવસાન થયું. આઈએ વેદનાને દુહામાં વહાવી. એ વખતે સાંખડા દરબારે આદેશ કર્યો કે, મારા રાજ્યમાં રડવાની મનાઈ છે, રોકકળ બંધ કરો, આઈની વ્યથા ન સમજાણી, વારંવાર સમજાવવા છતાં હઠ પક્કડી રાખી. એ વખતે આઈએ કહ્યું કે, 'ભાઈ !

આ વેદના તને નહીં સમજાય, પણ તને સોનંગની વિદાયે સમજાશે.' લોકકથા કહે છે કે, કાળને કરવું ને ઘેર જાય ત્યાં જ તેને પુત્રના મરણના સમાચાર મળ્યાં, હૈયાફાટ રુદન કરતાં બાપે સૌને રોવાની છૂટ આપી. આઈની વેદનાસિક્ત વાણીમાંથી પ્રગટેલ દુહાઓ :

*આભ ફાટ્યો, ઘર લડથડી, કાયાએ જડિયું કડિયું;*
*જાય કીં એકેક ઘડિયું, મારો રુદિયો ફાટે રાજદે... ૧*
*ડુંગરથી દીધેલ દોટ, દડવડિયાં દુઃખડાં;*
*સગાં સઘળાં સુખડાં, હેમાળે હાલ્યા હોલનાં... ૨*
*સૌ રૂવો સંસાર, મોકળિયું મેલી કરી;*
*હવે કીસે બંધાવું પાળ, સાયર ફાટ્યો સાંખડા... ૩*

**(૪) મેરજી વાજાના પત્નીના મુખે કહેવાયેલ મરસિયા :**

અમરેલી પરગણાનું કરજાળા ગામ. મેરજી વાજાનો લગ્નપ્રસંગ સરવૈયાણીજીનું વેલડું આવ્યું, કોઈએ ગામની ગાયો વાળી, મીંઢોળબંધો વરરાજો મેરજી વ્હારે ચડ્યો, વીરતાથી લડી કામ આવ્યો, સરવૈયાણીજીની ચોરીના ચાર ફેરા ફરવાની હામ અધૂરી ગઈ, તે કુંવારી કન્યા પતિ પાછળ સતી થઈ. એ ક્ષણની એની મનોવેદના મરસિયા રૂપે આ રીતે પ્રગટી :

*પાલવડા પેરી અમે, શેલ કાંઠે ચાલ્યા નહીં;*
*તરછોડી ગયા તમે, કુંવારા કરજાળા ધણી... ૧*
*પીઠી ભરેલ દેહ, સજ્યા સોળ શણગાર;*
*અંગ ઉઠ્યા અંગાર, કુંવારા કરજાળા ધણી... ૨*
*હૈયે હતી હામ, ખેલશું ચોપાટ સાથ;*
*હવે રમશું વાલાનાથ, કુંવારા કરજાળા ધણી*[૨૪]*... ૩*

**(૫) નાગાજણ ચારણના મરસિયા :**

જૂનાગઢ પાસેના દાત્રાણા ગામે નાગાજણ ચારણના ઘરે આઈ બહુ સારા મરસિયા ગાય. પતિને એમ થયું કે મારા મરસિયા ગાઈને તે ઝાડવાનેય રોવરાવશે, પણ તે હું નહીં સાંભળી શકું. આથી મરસિયાની મોજ માણવા તેણે પ્રપંચ કર્યું, વાડીએથી સાથીને મોકલી પોતાના મરણના સમાચાર અપાવ્યા. આઈને કાળજે જાણે સારડી મૂકાણી, દસે દિશાઓ ધૂંધળી થવા મંડાણી, ગરવો ગિરનાર ધધકતા



લાવારસ જેવો લાગ્યો. આઈએ મરસિયા ઉપાડ્યા, પણ વહેતા જળ જાણે થંભી ગયા, પછીતે ઊભો રહેલ ચારણ સ્તબ્ધ થઈ ગયો, આવી કહે, છાના રયો, મેં મરસિયાની મોજ માણવા પ્રપંચ કરેલું. આઈએ લાજનો ઘૂમટો હૈયા સરખો કર્યો, કહ્યું, 'બીજું તો શું કહું ? પણ આ જન્મે તમારું મોઢું નહીં જોઉં.' ચારણ આઈની વેદનાને વાચા આપતાં દુહાઓ મેઘાણીજીએ લોકવાર્તામાં મૂક્યા છે.

*સૂતો સો સંસાર, સાયર જળ સૂવે નહીં;*
*ઘટમાં ઘૂઘરમાળ, નાખીને હાલ્યો નાગાજણ... ૧*
*ચડિયું ચાક બંબાળ, દશ્યું દાત્રાણાના ધણી;*
*નાગાજણ ગરનાર, ધુંખળિયો પ્હાડાના ધણી... ૨*

**૪. પ્રિયતમ-પ્રિયતમાના મરસિયા :**

લગ્નસંબંધથી જોડાયેલ જીવનસાથીએ ગાયેલ મરસિયાથી પણ વધારે કરુણ મરસિયા તો પ્રેમની વેદી પર સમર્પિત થયેલ પ્રેમભીના પ્રેમીઓના છે. જીવનની રાહે જે એક ન થઈ શક્યા તેની અનેક દોહાબદ્ધ લોકકથાઓ મળે છે, તેમાં જે વેદનાની વાત છે, તેમાંથી બે ઉદાહરણ જોઈએ :

**(૧) ખીમરા આહિરના મરસિયા :**

ખંભાતથી સંઘ સાથે દ્વારિકા જતી લોડણને પુરુષનું મુખ ન જોવાનું વ્રત. જામ રાવલ ગામે આહિરાણીઓના વૃંદમાં ભાભીના કહેવાથી સ્ત્રીવેશે ખીમરો સાથે ગયો, નદી ઉતરતાં પારખ્યો અને બથ્થ ભરીને મળતાં ઉભયનું હૈયું હાથ ન રહ્યું. વળતાં આવવાનું વચન આપી લોડણ સંઘ સાથે ચાલી, અહીં પ્રિયતમાના વિયોગે ઝૂરીને ખીમરાએ દેહ છોડ્યો, લોડણ પણ અડધેથી પાછી આવી. સ્મશાનમાં ચિતા સળગતી જોઈ, પૂછ્યું, લોકો કહે ખીમરાએ લોડણની પાછળ ઝૂરીને પ્રાણ આપ્યાં. લોડણની વેદનાને વાચા આપતાં મરસિયા :

*જાતાં જોયો જુવાન, વળતાં ભાળું પાળિયો;*
*ઉતરાવું આરસપાણ, ખાંતે કંડારું ખીમરો... ૧*
*મારગ કાંઠે મસાણ, ઓળખ્યા નૈ આયર તણાં;*
*પોઢેલ અમણો પ્રાણ, રાવલિયો રિસાવી ગયો... ૨*
*ખંભાતથી હાલી ખીમરા, ના'વા ગોમતી ગઈ;*
*અધૂરા લખ્યા'તા આંકડા, રાવલ અધવચ રઈ... ૩*
*અણિયાળાં અમ ઉર, ભીંસુ તોય ભાંગે નંઈ;*

*બળ કરતી હું બીઉં, (તારી) ખાંભી માથે ખીમરા[૨૬]... ૪*

**(૨) હલામણ જેઠવાના મરસિયા :**

ઘૂમલીનો કુંવર હલામણ જેઠવો પ્રતિભાવંત શૂરવીર. સોન કંસારી તેને દિલ દઈ ચૂકી. અનુપમ રૂપવતી સોનને મેળવવા કાકા શિયાજીએ પ્રપંચ કર્યું. બે યુવા હૈયા ન મળી શક્યા, તો મરીને પણ મળવાનું વચન પાળવા સોને સ્વર્ગના પંથે સાથ નીભાવ્યો, એ વાત પણ મરસિયામાં મળે છે :

*હાબાની હદમાંય, પીઠીભર્યો પોઢાડિયો;*
*મીંઢળ છૂટ્યા મસાણ, હારી બેઠાં હલામણો... ૧*
*બેવડ મીંઢળ બાંધિયા, હલામણને હાથ;*
*સોનલદેને સાથ, બળવું બરડાના ધણી... ૨*

**૫. રાજકવિઓએ રચેલ મરસિયા :**

મધ્યકાળે રાજપરિવાર અને ક્ષત્રિયો સાથે કવિઓ ખૂબજ મૈત્રીપૂર્ણ આત્મીયતાથી રહેતા. એકમેકના સુખ-દુઃખના ભાગીદાર એવા તો અંતરંગ સંબંધોથી બંધાઈ જતા કે મિત્રવિયોગે ઝૂરી ઝૂરીને પ્રાણત્યજી દે, એનું ઉજળું ઉદાહરણ છે. ઝાલણશી કાંટા અને કચ્છના રાજવી રા, દેશળ. રાજકવિઓ કે બારોટો મરસિયા રચે ત્યારે દાન ન લ્યે, એવી ઉજ્જ્વળ પરંપરા હતી. તેમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ :

**(૧) વાઘજી કોટડિયાના મરસિયા :**

જોધપુરના રાજકવિ આસાજી રોહડિયાને વાઘજી રોહડિયા સાથે અનન્ય મૈત્રી. બાર ગામના જાગીરદાર વાઘજીના મૃત્યુ પછી કવિએ તેના મરસિયા રચેલા. જોધપુર અને ઉદેયપુરના રાજવીઓએ કવિને ચાર લાખપશાવ આપવાની લાલચ આપેલી. છતાં જોધપુરનું રાજકવિ પદ અને ચાર લાખપશાવ છોડીને પણ કવિએ તો મૈત્રીનો જ મહિમા ગાયો :

*ચાલ મના રે કોટડે, પગ દે પાવડિયાહ;*
*વાઘા સું વાતા કરે, ગળ ભર બાથડિયાહ... ૧*
*ચિંઘણ ચાળવિયાહ, ખાખમાંહી ખંખેરિયા;*
*રાણા ! રાખ થિયાં, વિસરશું જદ વાઘને... ૨*
*થડે મસાંણ થિયાંહ, આતમ પુગે અલખ પદ;*



*ગંગા હાડ ગયાંહ, વિસરશાં જદ વાઘને... ૩*

**(૨) જામ, રાવળના મરસિયા :**

મૈત્રી માટે જોધપુરનું રાજકવિ પદ ત્યજી દેનારા આસાજી રોહડિયાને ભત્રીજા ઈસરદાસજીએ જામનગર તેડાવ્યા. જામ રાવળે કવિરાજનું ખૂબ જ માન-સન્માન કર્યું. તેમને થયું આસાજી મારા મરસિયા અવશ્ય ગાશે, પણ મને શો લાભ ? તેથી એક દિવસ પ્રપંચ કરી પોતાના મૃત્યુના સમાચાર વહેતા કરાવ્યા. આસાજીને ખબર પડતાં રાજમહેલમાં આવ્યા, શબવત્ સૂતેલ જામ રાવળને જોતાં જ કાવ્ય સરવાણી ફૂટી, 'સારસી' છંદમાં રચાયેલ બારમાસી સાંભળતાં જ જામ રાવળ ઊભા થઈ ભેટી પડ્યા, કહે, 'કવિરાજ ! લાખપશાવ આપું છું, મરસિયા સાંભળવાની મોજ આવી ગઈ.' વાત જાણી કવિરાજ કહે, 'મેં તારા મરસિયા ગાયા છે, હવે તારા લાખપશાવ પણ ન ખપે અને પ્રપંચી તમારું મોઢું પણ હું ન જોઉં, એટલું જ નહીં, તારા રાજ્યનું પાણી પણ અગ્રાજ છે.' આસાજીની હૃદયભાવના અને ચારણત્વનો પરિચય કરાવતી રચનાની એક કડી જુઓ :

॥ દૂહો ॥

*વહેલાં જામ ન વિસરે, અળવ મહાધન ઈન્દ્ર;*
*જણ વારો વરતાવિયો, સારિખો હરિશચંદ્ર... ૧*

॥ છંદ સારસી ॥

*વેશાખ માસે હોય વનફળ, અમ્રત વસંતા આણહી;*
*કેતકી જાઈ કુસુમ કૂંપળ, ભ્રમર લીલા માણહી,*
*શરદ ચંપો વેલ ડમરો, અધિક પ્રેમળ ઊતરે;*
*રાજેન્દ્ર પાત્રા જામ રાવળ, સામ ઉણ રત સંભરે... ૧*

**(૩) ઉમાદે ભટ્ટિયાણીના કવિત :**

જોધપુરના રાવ માલદેવજીના લગ્ન જેસલમેરના રાજકુંવરી ઉમાદે સાથે થયેલા. પતિએ દાસી ભારમલ્લીનું બાવડુ પકડ્યું. ઉમાદેએ જોયું. તેમણે કહ્યું, જે હાથ દાસીને સ્પર્શે, તે ઉમાદેને સ્પર્શી શકે નહીં, વાત વધી ગઈ. જાન પાછી આવી. ઉમાદેને મનાવવા માટે આસાજી ગયા, કવિની આજ્ઞા સ્વીકારી આવ્યા. વચ્ચે વાત થતાં પૂછ્યું કે 'કવિરાજ ! રાવ, મારું માન તો જાળવશેને ? કવિએ દુહો કહ્યો :

*'માણ રખ્ખ તો પિયુ ત્યજ, પિયુ રખ્ખ તો ત્યજ માણ,*

*દો દો ગયંદ ન બંધ હી, હેકણ ખંભો ઠાણ.... ૧*

કવિની વાત સમજી, ઉમાદે કહે હું મારું માન તો નહીં છોડી શકું. કવિએ રાણીને રહેવાની વ્યવસ્થા કરાવી આપી. પતિનું મૃત્યુ થયું, ત્યારે જીવનપર્યંત પતિથી દૂર રહેનાર ઉમાદે માલદેવજીની પાઘ ખોળામાં લઈ સતી થયાં. આસાજી રોહડિયાએ ઉમાદે ભટ્ટિયાણીને કવિતા દ્વારા અમર કરી દીધા. તેમાંથી એક 'કવિત' જુઓ :

*જિણ લાજ હમીર મૂવો, જૂજે રણથંભર;*
*જિણ લાજ પાતલ મૂવો, પાવાગઢ ઉપર*
*જિણ લાજ ચંડરાવ મૂવો, નાગોર તણે સર,*
*કાન્હડદે ઝાલોર મૂવો, ફૂદો જેસલમેર,*
*વડ ધરા બાંધ ગિન્ બાંધણ, કરણ સધુ શત્રવટ કરે,*
*સૌ લાજ આણ ઉમા સતિ, મલ્લરાવ કાજ મરે* [૩૦]...

**(૪) માણસિયા વાળાના મરસિયા :**

જેતપુરના માણસિયા વાળાને રાજ ખટપટને કારણે સ્વજનોએ જ કેદ કર્યા, માણસિયા વાળાએ સ્વહસ્તે દેહના કટકા કરી સમળી-ગીધને ખવડાવીને દેહ પાડી નાખ્યો. કવિએ ગોત્રહત્યા કરનારાને ઉપાલંભ આપ્યો અને આ રીતે દેહ પાડનારા માણસિયા વાળાને પણ આવું મરણ ઉચિત નથી, આ યોગ્ય ટાણું નથી, તેમ કહી કવિધર્મ બજાવ્યો :

*ગરવરનાં ગરજાણ, ઊડી આબૂ પર ગિયાં;*
*માંસાનો ધ્રવતલ મેરાણ, ઢળિયો જેતાણા ધણી,*
*ગઢ રાજાણું ગામ, (જેદી) મેડે ચડી જોવા મળ્યું;*
*તેદી જેતપરા જામ, મરવું હતું માણસી,*
*ગોત્રહત્યા ઊતરે ના, હેમાળામાં હાડ ગાળે;*
*જગ્ન ક્રોડ કર્યે, ગોત્ર હત્યા નહિ જાય;*
*નશાં રવિમંડળમાં, અવિચળ કરી નામ;*
*માણસિયો ગિયો, સૂરાપૂરા લોક માંય* [૩૧]... ૧૦

**૬. ભાઈ-બહેનના મરસિયા :**

**(૧) જોગડા ઢોલીના મરસીયા :**

લોકમુખે કંઠોપકંઠ સચવાયેલી લોકકથાઓમાં ભાઈ-બહેનના મરસિયા



મળે છે, તેમાં ખાંભા પાસેના મીતઆળા ગામની આહિરાણીએ પોતાના ધર્મના માનેલ ભાઈ જોગડાની ઉદારતા અને જે દિવસે ભાઈએ મોઢું સંતાડ્યું એ દિવસે આંસુ લૂછી એક ગાડી અનાજ મોકલાવેલ એ ઉપકારને યાદ કર્યો છે. જુઓ :

*તું વણકર ને અમે વણાર, નાતે પણ નેડો નહીં;*
*(પણ) ગણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું જોગડા.*[૩૨]

**(૨) રેશમિયા ભેડાના મરસિયા :**

એક ચારણ પરિવારે રેશમિયા ભેડાની બાલ્યાવસ્થામાં તેને મદદ કરેલી. ચારણની દીકરીએ તેને ધરમનો ભાઈ માનેલો. વર્ષો પછી એક દુષ્કાળ વખતે વિધવા ચારણ આઈ બાળકો અને પશુઓ સાથે રેશમિયે આવ્યા, કોઈ ઘોડેસ્વાર સામો મળતાં રેશમિયા ભેડાનું ઘર પૂછ્યું. દુષ્કાળે માનવતા મરી પરવારી હતી, આથી તો મૃત્યુ પામ્યો છે, તેમ ખોટેખોટું કહ્યું. ચારણ આઈએ મરસિયા ઉપાડ્યા, કાળજુ વલોવતી વેદનાથી એ સીમ પણ સ્તબ્ધ થઈ ગઈ. આહિરને પોતાની ભૂલ સમજાણી, માફી માગી, આઈ કહે, 'ભાઈ, મોટી ભૂલ કરી, હવે તો આવતે ભવે મળીશું.' તેમની વેદનાને વાચા આપતા આ દુહાઓ લોકમુખે ગવાતા રહે છે :

*ભેડો અમણો ભા, (જાણ્યું) વાંઢ્યાને વરતાવશે;*
*(ત્યાં તો) વાટે વિસામા, રોળ્યા રેશમિયા. ૧*
*આંખે અમરત હોય, (તો) જાતાને જિવાડીએ;*
*હવે ઝરવા માંડ્યું ઝેર, રસ ગ્યો રેશમિયા. ૨*
*ભરદરિયે કોઈ વાણ, ભેડાનું ભાંગી ગયું;*
*પંડ થાતે પાખાણ, રસ ગ્યો રેશમિયા.*[૩૨] *૩*

**૭. મિત્રવિષયક મરસિયા :**

કવિઓના હૃદય અત્યંત લાગણીશીલ અને કોમળ હોય છે. એમની મૈત્રીની કથાઓ ખૂબજ પ્રસિદ્ધિ પામેલી છે. તેમાંથી પણ બે-ત્રણ ઉદાહરણો જોઈએ.

**(૧) હિપા મોભના મરસિયા :**

પદ્મશ્રી ભક્તકવિ દુલા કાગને હિપા મોભ સાથે અતૂટ મૈત્રી હતી. ખૂબ જ આત્મીયતા પૂર્ણ સંબંધ, છેક કિશોરાવસ્થા સાથે સંકળાયેલો હતો. એક વખત પિતાએ એક હાથમાં દારૂ અને બીજા હાથમાં પાઘડી લીધી, એ વખતે હિપા મોભે

આડાપડી વાત વાળી લીધી હતી. એનું સ્મરણ કરતાં કવિ કહે છે કે :

*પિતા ઉતારે પાઘડી, વહમી વેળા વીર;*
*(તેદી) આડો પડ્યો આહિર, ઠાહણ તું હિપા થીયો..*
*હિપા ફાટે હીર, (એને) સાવટ લઈ સાંધીએ;*
*(પણ) આભ ફાટે આહિર, સાંધ (નઈ) સાંગણિયા ધણી*[૩૩]*...૧*

**(૨) બાંકિદાસ આશિયાના મરસિયા :**

જોધપુરના રાજકવિ બાંકિદાસજી આશિયાનું અવસાન થતાં જોધપુરના રાજવી માનસિંહજીએ તેમના મરસિયા રચેલા. તેમાંથી ક્ષત્રિય અને ચારણોના સંબંધનો મહિમા તો પ્રગટે જ છે, સાથોસાથ કવિની વિશિષ્ટતા અને મૈત્રીપૂર્ણ સંબંધની વાત પણ દૃષ્ટિગોચર થાય છે :

*સદ્વિદ્યા બહુ સાજ, બાંકીથી બાંકા વસુ,*
*કર સુધી કવરાજ, આજ કઠીગો આસિયા... ૧*
*વિદ્યા કુળ વિખ્યાત, રાજકાજ હર રહસરી;*
*બાંકા તો વિણ બાત, કિણ આગે મનરી કહાં* [૩૪]*...૨*

**(૩) ઝવેરચંદ મેઘાણીના મરસિયા :**

રાષ્ટ્રીય શાયર મેઘાણીજીએ લોકસાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે કરેલ કાર્ય વિશ્વવિખ્યાત અને વિરલ છે. ભક્તકવિ દુલા કાગ સાથે તેમને અંતરંગ મૈત્રી હતી. 'મીઠપ વાળા માનવી, જગ છોડી જાશે' એ બે દુહાઓની એક એક પંક્તિ બન્ને મિત્રોએ રચેલી છે. મેઘાણીજીની અકાળ અને અણધારી વિદાયની ક્ષણે દુલા કાગે રચેલ મરસિયા જગ પ્રસિદ્ધ છે :

*લેખક સઘળાં લોકની, ટાંકું તોળાણી;*
*(એમાં) વધી તોલે વાળિયાં, તારી લેખણ મેઘાણી. ૧*
*છંદા ગીતાં ને સોરઠા, સોરઠ સરવાણી;*
*(એટલાં) રોયાં રાતે આંસુએ, (આજ) મરતાં મેઘાણી.*[૩૫] *૨*

**(૪) હેમુ ગઢવીના મરસિયા :**

કવિશ્રી 'દાદ' અને હેમુભાઈ ગઢવી આમ તો પારિવારિક સંબંધોમાં મામા-ફૂઈના ભાઈ થાય, પરન્તુ તેમની મૈત્રી સાહિત્યપ્રીતિને કારણે વધુ દઢ બનેલી. તેમાં પણ લોકગાયક હેમુભાઈએ તો યુવાવયે જ ખૂબ જ મોટી સિદ્ધિ



મેળવેલી. આકાશવાણી પર માત્ર ૧૯૫૫ થી ૧૯૬૫ ના એક દસકામાં તેમણે રજૂ કરેલ લોકગીતોએ તેમને લોકહૃદયથી માંડીને વિશ્વના ઉત્તમ ગાયકોના હૃદયમાં સ્થાન અપાયેલું. તેમના અકાળ અવસાને પ્રગટેલી સંવેદનાની સરવાણી પણ કાળજયી બની ગઈ છે. જુઓ :

*ચડશે ઘટા ઘનઘોર, ગગન મેઘજળ વરસાવશે,*
*નીલવર્ણી ઓઢણી જે દિ, ધરા શિર પર ધારશે,*
*ગહેકાટ થાતાં ગીર મોરાં, પિયું ઘન પોકારશે,*
*એ વખતે આ ગુજરાતને, યાદ હેમુ આવશે.*[૩૬]*...૧*

**૮. સદ્ગુણી રાષ્ટ્રનેતાના મરસિયા :**

**(૧) રાષ્ટ્રપિતા ગાંધીજીના મરસિયા :**

રાષ્ટ્રીય અસ્મિતા માટે સદા ઝઝૂમતા રહેનારા રાષ્ટ્રનેતાને પ્રજાનો અનન્ય પ્રેમ મળતો હોય છે. તેમાંય રાષ્ટ્રપિતા ગાંધીજીને તો માત્ર ભારતીયોએ જ નહીં વિશ્વની પ્રજાએ બિરદાવ્યા છે. તેમની હયાતીમાં જ અનેક કવિઓએ તેમને બિરદાવ્યા હતા. ગાંધીજીના મૃત્યુપ્રસંગે લખાયેલ 'ગાંધીશતક' કાવ્યમાં કવિ નાથુસિંહ મહિયારીયાએ સ્વર્ગમાં સ્વરાજ માટે ગાંધીજી ગયાની લાગણી વ્યક્ત કરી છે.

*દેવ સમંદર મન્થિયો, થાક ગયા મથ મથ;*
*ભારતને બિણ શ્રમ મિળિયો, તૂં ગાંધી અમરત....૧*
*નરપત તો સહ ભાજગ્યા, સુરપત જાસી ભાજ;*
*ગાંધી કરવા નૈ ગયૌ, સૂરપર માંહિ સ્વરાજ.... ૨*
*કદ દેખાંણા મિંદરા, કદ જોડાંણ હત્થ;*
*રાંમ કૃષ્ણ રે બીચ મૈં, ગાંધી રી મૂરત*[૩૭]*.... ૩*

**(૨) વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મરસિયા :**

સ્વાતંત્ર્યની લડતમાં ગાંધીજી સાથે રહીને દેશને આઝાદી અપાવનાર પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મરસિયા ભક્તકવિ દુલા કાગે રચેલા, જે આકાશવાણી દિલ્લી પરથી શ્રદ્ધાંજલી રૂપે પ્રસારિત થયેલા. જેમાં પંડિતજીને શીવ સ્વરૂપ કહીને સમુચિત અંજલિ આપી છે. જુઓ :

*વજ્રઘાત ભો હિંદ પર, છાયે સકલ દિશિ શોક*
*અતિ વિકટ ઉત્પાત ભો નેહરુ ગયો પરલોક... ૧*

*જ્વાલામુખી હિરદય જલે હસતો રહ્યો હંમેશ*
*તન તપી તપી કે ખાખ ભો, તદપિ ન કહ્યો ક્લેશ....૨*
*ગલ ભુજંગ વિખ સહિત ધરી, રહ્યો ઉષ્ણજલ કૂપ*
*નીલકંઠ વંદન સદા, નેહરુ શિવ સ્વરુપ... ૩*

**૯. 'મા' માટે ગવાયેલા મરસિયા :**

માતા અને સંતાનનો સંબંધ છેલ્લા શ્વાસ સુધી કેવો, અતૂટ અને અખંડ હોય છે એ વિશે ઘણી બધી રચનાઓ મળે છે. 'મા તે મા' અને જનનીની જોડ સખી'... કાવ્ય અહીં અવશ્ય સ્મરણે ચડે. તો લોક પરંપરામાં કહેવાયું છે કે 'બાળપણમાં જેના માવતર મરે, એને ચો દસના વા વાય'... વસ્તુતઃ તો એમાં માતૃત્વનો જ મહિમા છે. આવી રચનાઓમાંથી એક ઉદાહરણ જોઈએ.

**(૧) કવિશ્રી દુલા કાગે રચેલ 'મા' વિષયક મરસિયા :**

ભક્ત કવિ દુલા કાગના 'મા' થોડા બિમાર હતા, કાગબાપુ ગામતરે ગયા હસે અને અહીં માનું અવસાન થયું. સમાચાર મળતાં જ કાગબાપુ ઘેર આવ્યા. માને સાથરે લઈ લીધેલા. એ સમયે તેમના હૃદયમાંથી પ્રગટેલી સંવેદના દુહા રૂપે પ્રગટી. પ્રત્યેક માનવને માનું સ્મરણ કરાવતા આ દુહા હૃદયસ્પર્શી છે, જુઓ :

મોઢે બોલુ 'મા', ત્યાં સાચેય નાનપ સાંભરે;
(ત્યારે) મોટપની મજા, (મને) કડવી લાગે કાગડા.'[૩૯]... ૧

**(૧૦) સંતોની 'ઉમાવ' રચનાઓ :**

**(૧) ખીમસાહેબનો ઉમાવો :**

સંતોની વસમી વિદાય વેળાએ તેમના શિષ્યો, સેવકો દ્વારા રચાતી 'ઉમાવ' રચનાઓ મરસિયા નહીં પણ કરુણ પ્રશસ્તિ પ્રકારની ગુણાનુવાદ રચનાઓ છે. તેમાંથી એક 'ખીમસાહેબનો ઉમાવો'ની એક પંક્તિ જુઓ :

*'ખેમ ખલક દરિયાવરા બ્રહ્મસાગર ભાવરા ઓચિંતા ચાલ્યા,*
*મૃત્યુલોક મેલી કરી, અમરલોકમાં માલ્યા.[૪૦]'*

કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં મળતી મરસિયા વિષયક આ રચનાઓ વિશે અહીં વિહંગાવલોકન દૃષ્ટિએ થોડી વાત કરી છે. હજૂ પણ આવી અનેક રચનાઓ, છંદો, લોકગીત અને લોકકથાઓનો અહીં ઉલ્લેખ કરવો જોઈએ. મારા



વિદ્યાર્થિની ડાંગર ભારતીબેન પાસે એમ.ફિલ. નિમિત્તે આ વિશે થોડું કામ કરાવ્યું છે, પણ મહાનિબંધ થાય તેટલી વિપુલ સામગ્રી મળે છે, ખરેખર તો આ બધી રચનાઓ વિશે એક પુસ્તક તૈયાર કરી તેને સ્વરબદ્ધ પણ કરવી જોઈએ. આગામી સમયમાં એવો પ્રયાસ અવશ્ય કરીશ. હાલ તો મરસિયામાંથી પ્રગટતી લોકસંસ્કૃતિની સરવાણીની પાવન સ્મૃતિ સાથે એટલું જ કહીશ કે, મરસિયા કૃતક નથી, તે તો હૃદયની ખરલમાં ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રગટતી આંસુસિક્ત કવિતા છે, જેને ક્યારેય કાળનો કાટ નહીં લાગે.'

**સંદર્ભનોંધ :**


૧. ઝવેરચંદ મેઘાણી : રઢિયાળી રાત, પૃ. ૫
૨. મહર્ષિવેદ વ્યાસ : શ્રીમદ્ ભગવતગીતા, પૃ. ૪૮
૩. મહર્ષિ વાલ્મીકિ : રામાયણ, પૃ. ૪૦
૪. કે.કા. શાસ્ત્રી : બૃહદ્ ગુજરાતી કોશ, ભાગ-૨, પૃ. ૧૭૪૦
૫. મેહબૂબહુસેન અબ્બાસી - ગુજરાતી વિશ્વકોશ, પ્રથમ ભાગ, પૃ. ૩૧૭
૬. ડૉ. હિમાંશુ ભટ્ટ : લોકગુર્જરી-૧૫, મરસિયા લોકગીતો, પૃ. ૧૩૯
૭. ડૉ. અંબાદાન રોહડિયા / ડૉ. બળવંત જાની : લોકસાહિત્ય-૧, પૃ. ૧૧૨
૮. ખોડીદાસ પરમાર : 'ગુજરાતનાં લોકગીતો', પૃ. ૩૪
૯. જયમલ્લ પરમાર : ભાગું તો ભોમકા કાજે, પૃ. ૨૪૦
૧૦. ડૉ. શક્તિદાન કવિયાના અંગત સંગ્રહમાંથી.
૧૧. સંદર્ભ નોંધ ૯ પ્રમાણે, પૃ. ૨૪૭
૧૨. ઝવેરચંદ મેઘાણી : 'સોરઠી બહારવટિયા', પૃ. ૨૩૮
૧૩. ઝવેરચંદ મેઘાણી : 'સૌરાષ્ટ્રની રસધાર', પૃ. ૫૪
૧૪. એજન, પૃ. ૧૧૮
૧૫. એજન, પૃ. ૧૪
૧૬. સંદર્ભનોંધ ૯ પ્રમાણે, પૃ. ૨૩૬
૧૭. સંદર્ભનોંધ ૧૩ પ્રમાણે, પૃ. ૨૮૨
૧૮. સંદર્ભનોંધ ૧ પ્રમાણે, પૃ. ૮૦
૧૯. રા, નવઘણ અને જાહલની વાર્તાની ભીખુદાન ગઢવીની કેસેટમાંથી.
૨૦. જયમલ્લ પરમાર : નર પટાધર નીપજે, ભાગ-૧, પૃ. ૩૨
૨૧. સંદર્ભ નોંધ ૧૩ પ્રમાણે, પૃ. ૪૭૨
૨૨. જયમલ્લ પરમાર : નર પટાધર નીપજે, ભાગ-૪, પૃ. ૧૨૬
૨૩. એજન, પૃ. ૧૨૦

૨૪. એજન, ભાગ-૨, પૃ. ૧૫૯
૨૫. સંદર્ભ નોંધ ૧૩ પ્રમાણે, પૃ. ૫૬૦
૨૬. ઝવેરચંદ મેઘાણી : લોકગીત સંચય, પૃ. ૫૦૦
૨૭. એજન, પૃ. ૪૩૧
૨૮. અંબાદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય : સર્જન અને ભાવન', પૃ. ૧૨
૨૯. એજન, પૃ. ૧૪
૩૦. અંબાદાન રોહડિયા : 'અસ્મીતા અને અનુસંધાન', પૃ. ૯૫
૩૧. સંદર્ભ નોંધ ૧૩ પ્રમાણે પૃ. ૧૪૦
૩૨. સંદર્ભ નોંધ ૯ પ્રમાણે, પૃ. ૨૪૯
૩૩. કવિ દુલા કાગ : કાગવાણી, ભાગ-૨, પૃ. ૧૨
૩૪. સંદર્ભનોંધ ૧૦ પ્રમાણે
૩૫. કવિ દુલા કાગ : કાગવાણી, પૃ. ૧૧૧
૩૬. કવિ 'દાદ' : 'ટેરવાં', પૃ. ૩૮
૩૭. ડૉ. શક્તિદાન કવીયા : રાજસ્થાની સાહિત્યકા અનુશિલન, પૃ. ૧૪
૩૮. કવિ દુલા કાગ : કાગવાણી, ભાગ-૬, પૃ. ૨૨૨
૩૯. કવિ દુલા કાગ : કાગવાણી, ભાગ-૩, પૃ. ૭
૪૦. ડૉ. નિરંજન રાજ્યગુરુ, સ્વાતિનાં સરવડાં, પૃ. ૧૪૭

❖



૭

# કંઠસ્થ પદ લોક-કવિતામાં શૃંગાર

**પ્રવીણ ગઢવી**

પૌર્વાત્ય કાવ્યશાસ્ત્રના પ્રથમ શાસ્ત્રી ભરત મુનિએ વિભાવાનુભાવવ્યભિચારિ-સંયોગાદ્રસ નિષ્પતિ' કહીને રસને કાવ્યનો આત્મા કહ્યો છે.

આઠ સ્થાયિભાવોમાંથી આઠ રસ જન્મ્યા છે. શાંતરસ નવમો ગણાય છે. શૃંગાર, કરુણ અને વીર એ મુખ્ય રસ છે. દાનવીર અને કવિતાપ્રેમી રાજા-ભોજ તો એકલા શૃંગારને જ રસ માનતા. શૃંગારના સંભોગ અને વિપ્રલંભ એવા બે પ્રકાર છે. વિયોગમાં જે રતિ થાય તે વિપ્રલંભ શૃંગાર કહેવાય. મિલન એ સંભોગ શૃંગાર.

મધ્યકાલીન પદ લોક-કવિતાના બે પ્રવાહ પ્રાકૃત કે અપભ્રંશ કે જૂની ગુજરાતી અને ડિંગળ કે જૂની રાજસ્થાની. પ્રાકૃતમાં સંસ્કૃતની જેમ શૃંગારરસ મયૂરાસને બિરાજે છે તો ડિંગળી ભાષામાં વીરરસ સિંહાસને બિરાજે છે.

જોકે એવા સ્પષ્ટ ભેદ પાડી પણ ન શકાય. 'કાન્હડદે પ્રબંધ' જેવાં પ્રબંધ-કાવ્યો વીરરસયુક્ત છે તો ફાગુ ને મુક્તકો શૃંગારરસયુક્ત છે.

*'ભીડમાં જોયો પ્રીતમ-*
*ના સંભળાય એના બોલ.*

*વ્હાલાં નયણાં, નફ્ફટ બની જોયા કરો*
*જ્યાં લગ ધરવ ન થાય !'*

પોતાનાં જપના પોતાથી અલગ અસ્તિત્વ ધરાવતાં હોય એવી કેવી મધુર કવિ-કલ્પના !

*'વિરહાનલ-*
*જાણે સળગેલા હૃદયભવનમાં*
*દાઝી રહેલા, ઠેલંઠેલા કરતા*
*ઝટપટ નીકળતા નિશ્વાસો !'*

— વિરહાવસ્થાના નિઃશ્વાસો એ જ વિરહનો અગ્નિ !

*'જે આંખોએ તને નીરખ્યો*
*એ આંખોનું પ્રતિબિંબ*
*નિહાળ્યા કરે દર્પણમાં*
*દિનભર અપલક*
*તારા વિરહે !'*

કેટલી સૂક્ષ્મ કલ્પના ? જે આંખોએ પ્રીતમ જોયો છે એની છબિ આંખમાં રહી ગઈ હોય - સ્થાયી હોય એમ દર્પણમાં જોયા કરે છે ! મધ્યકાલીન કવિતા આધુનિક કવિતાના સૌંદર્યબોધથી જરાય ઊણી ઊતરતી નથી.

*'અહીં રહી*
*અહીં રમી*
*અહીં રિસાઈ*
*અહીં મનાઈ' —*
*સૂનું પડ્યું આ ઘર મારું*
*તોય પ્રિયાથી હર્યુંભર્યું.'*

ચાલી ગયેલી પ્રિયા માટે અહીં વિપ્રલંભશૃંગારરસ નીતરે છે.

'વિરહવૃક્ષ'ની કલ્પના જુઓ :

*વ્યાકુળતાની કૂંપળ,*
*ઉત્કંઠાનાં પાન,*
*દેહદાહનાં પર્ણગુચ્છ*
*ઉન્માદનાં ફૂલ*



*આ વિરહ વૃક્ષ*
*હા ! વિરહીના મૃત્યુના ફળથી ફળતું !'*

— કેટલી સૂક્ષ્મ કલ્પનાશક્તિનો કવિએ વિનિયોગ કર્યો છે ?

*પ્રીતમને પાંખવા*
*ભરી જળની આંજળી ખોબામાં.*
*પોતાનાં નયનનું જોઈ પ્રતિબિંબ,*
*છળી મરી ! જાણે બે મત્સ્ય !*
*ઢોળી અંજળી ફરી ફરી ભરે !*

— પ્રિયા આવું કેમ કરે છે ? પોતાનાં જ નયન એને બે માછલી જેવાં લાગ્યાં એટલે અંજળી ઢોળી દીધી ! ખરી મીન-અક્ષી ! (મીનાક્ષી)

એવી જ સૂક્ષ્મ કલ્પનાનું એક વધુ ઉદાહરણ :

*અઢળક પ્રેમના ઊંડે ધરે*
*ડૂબી જઈશ તો ?*
*જેવી ઊઠી આશંકા, મળી આવી*
*પ્રિયતમ તણા અપરાધની નૌકા !*

---

*વિકસતી મંજરીઓને છેદી નાંખ નખેથી,*
*મલયાનિલને રોક તારાં વસ્ત્રથી,*
*કોકિલકૂજનને ઢાંકી દે તારાં કંકણની રણકથી*
*સખીઓ અનુકંપાથી વદતી*
*સુંદર ! વિરહે વ્યાકુળ તારી વાક્દત્તાને !*

અહીં પણ વિપ્રલંભશૃંગારનું સૂક્ષ્મ નકશીકામ થયું છે. કામવેદના જગવતી મંજરીઓને તોડી નાખવા, મલયાનિલને રોકવા અને કંકણાના રણકારથી, કોયલનું ગાન ઢાંકવા સખીઓ વિરહિણીને ઢાઢસ બંધાવે છે !

*'આજે તો અંધારામાં અડવડિયાં ખાતાં*
*મળવા જવું પ્રિયતમને ગોદાવરી કાંઠે,*
*વિચારી ઓ પગલી, ઘરમાં ચાલે મીંચી આંખો !'*

આપણા 'ગાહાકોસ'નો જર્મન અનુવાદ આલ્બ્રેશ્ટ વેબરે છેક ૧૮૮૧માં પ્રગટ કર્યો હતો. આપણી કવિતા યુરોપને પરિચિત કરવાની પ્રકૃતિ રાષ્ટ્રીય

જુવાળના કોલાહલમાં કમનસીબે અટકી ગઈ. (રવીન્દ્ર, તારાદત્ત, સરોજિની અરવિંદ જેવા અપવાદો બાદ કરતાં) તે ફરીથી શરૂ જ ન થઈ. નહિતર એઝરા પાઉન્ડને કાવ્યમાં લાઘવ શોધવા ચીન જવું ન પડત. ગ્રીક એપિગ્રામ કે જાપાની હાઈકુ લગોલગ ઊભાં રહે તેવાં આપણાં પ્રાકૃત મુક્તકો છે.

*'પ્રિયાનું મુખદર્શન તો*
*આપે જ આનંદ.*
*એના ગામની સીમ જોઈને પણ*
*ઠરે આંખ !'*

બંગાળના રવીન્દ્રનાથ, પછીના કવિ જીવનાનંદ દાસ કહે છે :

*'જોયું છે મેં બંગાળનું મુખ*
*પૃથ્વીનું રૂપ જોવા શાને જવું દૂર ?'*

બીજું એક સરસ પ્રાકૃત મુક્તક :

*'સૂર્યને જોવા ન દે તું તારું*
*સોહામણું સુંવાળું મુખ ઢાંકી ઘૂમટો.*
*કેમ ખબર પડશે સૂર્યને*
*કોણ વધુ સુંવાળું ? તુજ મુખ કે કમળ ?'*

પ્રિયાનું મુખ - આંખો જોવામાં પ્રિયતમ આસપાસનું કાંઈ જોતો નથી :

*'જો ન મીંચી હોત તેં આંખો,*
*નજરે ન ચડ્યું હોત તારું કર્ણાભરણ !'*

સ્ત્રીના પ્રેમી થવું હોય તો સ્વામી-ધણી ન થવાય : જુઓ કવિનું હાસ –

*'પ્રેમી તો એ જણ જે*
*રૂઠેલી પ્રિયાને બની દાસ*
*મનાવ્યા કરે-*
*બાકી બીજા બધા બિચ્ચારા ધણી !'*

વસંતનાં વધામણાં કામીજનનાં :

*'આંબાને ફૂટી નવી કૂંપળો*
*જાણે કામદેવનું રક્ત ટપકતું ભાલું !'*

કાગડો ઉડાડતાં વિરહિણીના દૂબળા હાથમાંથી એક ચૂડી સરી પડી, ત્યાં



પતિને આવતો જોતાં હર્ષમાં લોહી ચઢતાં બીજી ચૂડી તડાક્ તૂટી ગઈ એ મુક્તક તો પ્રાકૃતનું જ્ઞાન બતાવવા 'સૂંઠના ગાંગડે ગાંધી' થવા ખૂબ વપરાયું છે. પણ આ મુક્તક જુઓ :

*'બહેન, પતિ જ્યારે જાય પ્રવાસે*
*ખરેખર શું થતી હશે*
*ચૂડીઓ મોટી ?'*

બીજું મનહર મુક્તક :

*'ઢાંકી દઈશ હાથથી મુજ નયન*
*જોતાં પ્રિયને.*
*કિંતુ કદંબપુષ્પ સમ પુલકિત મુજ દેહ*
*કેમ કરી છુપાવું સખી ?'*

– ઘંટીએ લોટ દળતી ગૃહિણી-પ્રિયાનું અકલ્પ્ય ચિત્ર જોવા જેવું છે :

*'રાંધણછઠની સવારે*
*દળણું દળતી પ્રિયાનાં સ્તન*
*ઊડેલા લોટથી થયા ધવલ*
*જાણે તેના મુખકમળની છાયામાં*
*બેઠા બે રાજહંસ !'*

અશોકવૃક્ષને અવળો ઉપાલંભ આપતી માનુનીનો મદ છલકાય છે :

*'રે અશોકવૃક્ષ,*
*તારા પલ્લવની ઉપમા અપાય*
*સુંદરીના હાથને*
*તે કાંઈ ઓછું છે ?'*

– સૂક્ષ્મ નકશીકામ જેવી કવિતા પ્રાકૃતમાં પુષ્કળ મળે :

*'આભે સાંજની રતાશ વચાળે*
*ઊગેલી બીજ*
*જાણે ભીંજાયેલી ચૂંદડી ઢાંકયા*
*નવવધૂનાં સ્તન પર હોય*
*નખક્ષત !'*

મધ્યકાલીન કવિતા સાથે પુનઃ અનુસંધાન બાંધવું આધુનિક કવિતા માટે ખૂબ જરૂરી છે કેમ કે ટી. એસ. એલિયેટે કહ્યું છે કે, 'દરેક સાહિત્યને એના ઈતિહાસમાં ઊંડે મળી ગયેલાં કેટલાંક તેનાં પોતાનાં જ મૂળ હોવાં જોઈએ.'

'ગાહાકોસ'ના રચયિતા કે સંકલનકાર રાજા સાતવાહન લોકપ્રિય હાલ. રાજા ભોજ સંસ્કૃત શૃંગારકવિતાના આશ્રયદાતા હતા તો રાજા હાલ પ્રાકૃત શૃંગાર-કવિતાના આશ્રયદાતા હતા. હર્ષ, ભોજ, ભર્તૃહરિ, સાતવાહન, કલાપી, બહાદુરશાહ ઝફર, વાજિદ અલી શાહ જેવા રાજવી કવિઓ આપણા ગૌરવરૂપ છે :

*'જેમ જેમ તિર્યકનયના*
*શીખે ધારદાર કટાક્ષ*
*તેમ તેમ કામદેવ પણ કરે*
*તેનાં બાણ ધારદાર*
*હવે બેઉનું મહાયુદ્ધ નથી દૂર !'*

— કલ્પનાનો કેટલો અદ્‌ભુત વિનિયોગ કવિએ રચી આપ્યો છે !

*'એ કોમલાંગીના દેહમાં વસે કામદેવ.*
*એનું છે બધુંય તુચ્છ — કેડયતુચ્છ,*
*વાક્ તુચ્છ (ઓછાબોલી) —*
*રોમાવલિ તુચ્છ —*
*સુપુષ્ટ સ્તનો વચ્ચેનું અંતર તો*
*તુચ્છ એટલું કે મારું મન પણ ન સમાય !'*

— કવિ નેનો ટેક્નૉલોજી જાણતા લાગે છે !

*'ન ખવાય કોળિયા થકી;*
*ન પિવાય ઘૂંટ થકી,*
*તોય આવે અનેરો ઓડકાર !'*

પ્રેમ ભૂખ્યા પેટે થાય તોય પરિતૃપ્તિ અનુભવાય છે, એ રહસ્યને કવિ ઉજાગર કરે છે :

*'જો ન મળાય રૂબરૂ*
*તો પત્ર શા કામનો ?*
*સોણામાં પીધેલ જળથી*
*છીપે શું તૃષ્ણા ?'*



પ્રિયવિરહમાં દૂબળી પડી ગયેલી નાયિકા કંકણ પડી ન જાય તે માટે હાથ ઊંચા કરીને ચાલે છે ત્યારે જાણે —

*'પ્રિયવિરહના મહાસાગરનો*
*જાણે લેવા ન મથતી હોય તાગ !'*

તેરમી સદીમાં થઈ ગયેલા કવિશ્રી સોમપ્રભસૂરિએ પણ તેમના ''કુમારપાલ પ્રતિબોધ'' ગ્રંથમાં હેમચંદ્રજીની જેમ અપભ્રંશ કવિતાનાં ઉદાહરણો આપેલાં છે.

*'રક્તરંગી નવપલ્લવો થકી*
*ઢંકાયેલી વનરાજિ દિસે જાણે*
*લાલ ચૂંદડી ઓઢી બેઠેલી નવોઢા !'*

— બીજી સરસ કલ્પના :

*'આંબાની મંજરીઓ ઉપર ઊડે*
*ભ્રમરગણ*
*જાણે કામજ્વાલાઓમાંથી નીકળતો હોય*
*ધુમાડો !'*

— તારાવિરહમાં તડપતી રહી, કેવી રીતે ?

*'થોડઈજલ જિમ મચ્છલિય !'*

પાણીમાંથી સંપૂર્ણ બહાર કાઢેલી માછલી તો તરત મરી જાય, પરંતુ આછા જળની માછલી તો કેવી તડપે ? કવિની કરામત !

વિપરીત રતિનું તાદૃશ ચિત્ર જુઓ :

*'શ્યામલ વર્ણ પ્રિય પર*
*ચંપકપુષ્પસમ પ્રિયા સૂતી*
*જાણે કસોટીના પથ્થર પર*
*ખેંચી હો સુવર્ણરેખ !'*

દસમી સદીમાં થઈ ગયેલા કવિશ્રી ધનપાલની 'ભવિષયત કહા' રચનાનો જર્મન અનુવાદ ડૉ. હર્મન જેકોબીએ છેક ૧૯૧૮માં મ્યુનિકમાં પ્રગટ કર્યો હતો. આમ આપણી પ્રાકૃત કવિતા ૯૬ વર્ષ પહેલાં યુરોપ પહોંચી હતી.

સન્માનનીય વિદ્વાન શ્રી હરિવલ્લભ ભાયાણીના પ્રયાસોથી મધ્યકાલીન પ્રાકૃત કવિતા પ્રતિ આપણે આધુનિક દૃષ્ટિકોણથી જોતા થયા. ગઈ કાલ સુધી

આપણે ઈતિહાસના સંદર્ભમાં જ જોતા હતા અને કવિકાગ નિર્ણય કરવામાં જ સમય વ્યતીત કરતા હતા. સાચા કવિને સ્થળકાળની મર્યાદા હોતી નથી. એટલે જ એને અમર-અજર કહ્યો છે. કવિતાના આધુનિક કોન્સેપ્ટ-ખ્યાલને પ્રાકૃત કવિતા સાથે બેસાડવો જોઈએ.

*'દરિયાપારના પ્રવાસે જતા પતિએ*
*કહેલું સો દિવસ પછી આવીશ,*
*દિવસો ગણતાં ગણતાં*
*ઘસાઈ ગઈ આંગળીઓ*
*જર્જરિત થયા નખ.'*

* * *

*'કેટલી વાર કહ્યું મેં તને, પ્રિય*
*તીરછી નજરે ન જો,*
*કટારીની જેમ કલેજું વીંધે છે*
*તારી તીરછી નજર..'*

* * *

*'પોતાના જ ગૌર ચ્હેરાની આભામાં,*
*તે પોતાનો હાથ જોઈ શકે છે.'*

* * *

— એક આંખમાં શ્રાવણ, બીજીમાં ભાદરવો... જાણીતી કલ્પના. એની તીવ્રતા મંદ પડી ગઈ છે. પણ કવિ તેથી આગળ વધી કહે છે :

*'વિરહિણીનો ભાલ પ્રદેશ પાંહ,*
*તેથી ત્યાં શરદઋતુ.*
*વક્ષઃસ્થળમાં લાગી લ્હાય,*
*તેથી ત્યાં ગ્રીષ્મઋતુ.*
*ગૌરીનું મુખકમલ મૂરઝાયેલું,*
*તેથી ત્યાં શિશિરઋતુ.*
*ગૌરજંબાપરનાં તલવનોમાં*
*બેઠો જાણે માગશરમાસ.'*

ચંદ્ર કવિઓનો પ્રિય ઉપગ્રહ. ભાસ, કાલિદાસ, ભારવિ, ભવભૂતિ —



સૌનો ચંદ્ર પ્રિય પ્રાકૃત કવિની કલ્પના એકદમ અનોખી છે :

*'જો ચપ્પુ વડે ચંદ્રને છોલીએ*
*તો દૂર થાય એના ડાઘ.*
*ફરી સીવીએ એની છાલ,*
*તો જ ગોરીના મુખ સાથ*
*એ ફૂલડાનો સરખાવી શકાય જરી !'*

— આવી કલ્પના કાલિદાસને આવી હોય તો બતાવો !

*'પ્રિયતમ ઢોલિયે સૂતો હોય*
*મધુર વાતો કરતાં વહી જાય રાત,*
*પ્રિયતમ પરદેશ હોય,*
*ત્યારેય ઊંઘ વિના વહી જાય રાત.'*

— બેઉ સંજોગોમાં ઉજાગરા થાય !

*'પિયુ હજી નથી ગયા વિદેશ,*
*બજારમાં ગયા વેચવા માણેક.*
*આ વિરહ તો જો, બારીના સળિયા ચાવી*
*કરે અટકચાળા બંદર જેમ !'*

— વિરહની સરખામણી મર્કટ સાથે અતિ આધુનિક લાગે છે.

*'લો, પિયુ આવ્યા કે ઊભી પૂંછડીએ*
*નાઠો વિરહ.*
*અરે ! ન ઊડી જરી ધૂળ !'*

— વિરહ એક ભાવ છે. કવિ એને તાદશ કરવાની કરામત કરે છે.

*'અરેરે ! અભાગણી હું ન મરી*
*પ્રિયવિરહમાં.*
*જીવતી રહી, શરમાઉં હું,*
*કેમ કરી મોકલું પત્ર ?'*

સગીર સિદ્ધરાજના પાલક પિતા જેવા પ્રતિભાવાન મુંજાલના છૂપાપ્રેમમાં પડેલી સિદ્ધરાજની વિધવા માતા મીનલદેવી સહસ્રલિંગ તળાવના આસમાની જળમાં મુંજાલનું પ્રતિબિંબ પડેલું છે, તે પાણી પીને જીવ ટકાવી રાખે છે :

*'રક્ખઈ સા વિસ તરુણી*
*બે કર ચંબિઉ જીઉ,*
*પડી બિંબ મુંજાલ જલુ*
*જે હિ અડોહિઉ પીઉ.'*

* * *

*'શ્રાવણના શ્યામલ મેઘ*
*ઓગાળે આખા પ્હાડ,*
*સાકરની પૂતળી સમી વિરહિણી*
*કેમ ન જાય ચોગળી ?'*

— ભાદ્રપદની પૂર્ણિમાનો ચંદ્ર શ્વેત વાદળો પાછળ જમોં છુપાવતો સરકે છે. કારણ ?

*'સરસ્વતીતીરની કો' રમણીના*
*મુખચંદ્રથી ગયો હારી*
*તેથી ફરે સંતાતો વાદળ પાછળ !'*

— મધ્યકાલીન કવિતામાં એઝરા પાઉન્ડની ''ઇમેજ'' સાથે મૂકી શકાય તેવી ઢગલો કવિતા - લઘુકાવ્યો - આપણને મળે છે.

*'મૃણાલ, મારી સોનાની મૃણાલ,*
*જરીક વહી ગયેલા યૌવન કાજ*
*શાને થાય દુઃખી ?*
*કરીએ સો ટુકડા સાકરના,*
*તોય તે રહે મીઠી જ !'*

— મૃણાલ માળવાના પરમાર રાજા મુંજને મોટી પડી હતી, તે તૈલપ - તૈલંગ દેશના રાજાની બહેન હતી. મુંજ તો હતો બંદી. મુંજ હતો કવિતાપ્રેમી.

*'લક્ષ્મી જશે ગોવિંદ ઘેર,*
*વીરશ્રી જશે વીરોને ઘેર.*
*મુજ મુંજ વિણ કવિતા જશે ક્યાં ?'*

એવો કવિતાપ્રેમી હતો મુંજ. રાજા ભોજ તો કવિઓના દાની તરીકે વિખ્યાત છે. કર્ણ તો ગમે તેને દાન કરતો. ભોજ તો કેવળ કવિઓને. ભોજ ન હોત તો કાલિદાસ જીવતો રહ્યો ન હોત !



*'રાજા ભોજ ! તુજ કંઠે શોભે*
*મૌક્તિક માળા*
*જાણે હૃદયમાં લક્ષ્મી કે મુખની સરસ્વતી*
*વચાળે હોય સીમાડો !'*

સિદ્ધરાજ-રા'ખેંગાર ને રાણકની પ્રણયકથા વિખ્યાત છે. સિદ્ધરાજ રા'ખેંગારને હણીને રાણકને હરી જાય છે ત્યારે રાણક કહે છે :

*'યાદ આવે મને મારું*
*જયસિંહે વીંખી નાખેલું ઘર,*
*નવઘણ આવે જો ફરી*
*તોજ આવે મારી નદીમાં પૂર.'*

મધ્યકાલીન પ્રાકૃતકવિતા વૈશાખે ખાકતી કેસરકેરી જેવી શૃંગારરસસભર છે. તેને જેટલી ઘોળો એટલી મીઠી લાગે.

ભાસ, કાલિદાસ, ભવભૂતિ, બાણ સંસ્કૃત કવિઓ તો નસીબદાર, એમનાં નામ રહ્યાં. પ્રાકૃત કવિઓની તો કવિતા રહી ને કવિ ભુલાયા. પણ જાણે એક પ્રાકૃત કાલિદાસ હોય એમ સમગ્ર કવિતામાં શૃંગારરસ ભર્યોભર્યો છે. 'ઉપમા કાલિદાસસ્ય' એમ કહેવાય, તો 'શૃંગારપ્રાકૃતકવિસ્ય' એમ કહેવાય !

**સંદર્ભગ્રંથો**

(૧) 'ભારતીય એવં પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર પરિશીલન', ડૉ. ત્રિભુવન મિશ્ર
(૨) 'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ' - રા.બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
(૩) 'ગાથા સપ્તશતી' - નર્મદેશ્વર ચતુર્વેદી
(૪) 'ગાથા માધુરી' - હરિવલ્લભ ભાયાણી
(૫) 'મુક્તક અંજલિ' - હરિવલ્લભ ભાયાણી
(૬) 'મધ્યકાલીન કાવ્યવિનોદ' - પ્રવીણ ગઢવી

નોંધ : સ્થળ-સંકોચને કારણે મૂળપાઠને બદલે મુક્ત અનુવાદ મૂકવામાં આવ્યો છે.

❖

૮

# મેઘાણીકૃત 'સૌરાષ્ટ્રની રસધાર' : સાહિત્યિક-લોકસાહિત્યિક દૃષ્ટિએ

ડૉ. હસુ યાજ્ઞિક

લોકસાહિત્યનાં તત્ત્વવિચારણા, વિવેચન-સંશોધન, રસદર્શન-અર્થદર્શન, પૃથક્કરણ, વિભાવના, લોકકથા અને લોકગીત-સંપાદન, તુલનાત્મક અધ્યયન જેવાં અનેક અંગોવિષયક શ્રી ઝવેરચંદ મેઘાણીનું કાર્ય અભૂતપૂર્વ અને કેટલેક અંશે આજે પણ અદ્વિતીય છે. ઈ. ૧૯૨૦-૨૧ થી ૧૯૪૬-૪૭ના કેવળ ૨૭-૨૮ દાયકામાં જ એમણે નવલકથા, વાર્તા, ટૂંકીવાર્તા, નાટક, વિવેચન, કાવ્ય, પ્રવાસ તથા પત્રકારત્વ સંલગ્ન અનેક સાહિત્યક્ષેત્રનાં સર્જનાત્મક-વિવેચનાત્મક પુસ્તકો આપ્યાં તે સાથે જ લોકસાહિત્ય, સંતસાહિત્ય, ચારણી સાહિત્ય વિશે પણ પાયાનાં અને નવી જ દિશા-અભિગમનાં પુસ્તકો આપ્યાં એમાંથી અહીં મુખ્ય ઉપક્રમ લોકકથા તેમજ લોકકથાનકાશ્રયી સંગ્રહો વિશે 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ ના આધારે કેટલીક સર્વપાર્શ્વી વિચારણા કરવાનો હેતુ છે. આ સીમાસ્તંભરૂપ પુસ્તકને જ, તે પણ તેના પ્રથમ ભાગ ને જ, સમગ્રલક્ષી મૂલ્યાંકનના કેન્દ્રમાં મૂકવાનો આ લખનારનો હેતુ એ છે કે લોકકથા-સંપાદનસ્વરૂપ અને હેતુ બન્ને દૃષ્ટિએ આ સંગ્રહ સંદર્ભે એવા કેટલાક મુદ્દાઓ છે જે પૂર્ણ ને પુખ્ત રૂપમાં વિચારવા અનિવાર્ય છે. આમ કરવાનો પણ હેતુ આપણા બે અંતિમ છેડાના વલણ-અભિપ્રાય છે. પ્રારંભમાં



આ કૃતિને શુદ્ધ એવા લોકકથાના સંપાદન રૂપે માનવામાં આવી તો બીજે છેડે એમાં લોકકંઠની સાચી બનેલી મનાતી અને કહેવાતી આવતી કથાના કથાનકને મેઘાણીએ સર્જનાત્મક સંસ્પર્શે આપ્યું તેથી લોકકથા તરીકે એનો સંપૂર્ણ છેદ ઉરાડીને એને કેવળ આધુનિક પ્રકારની વાર્તાઓ જ ગણવામાં આવી. આ બીજો સાચો છતાં આત્યંતિક મુદ્દો શ્રી જયમલ્લભાઈ પરમારે પણ 'ઊર્મિ-નવરચના'માં ચર્ચેલો અને લોકકથાના સંપાદનની દૃષ્ટિએ એની પાયાની મર્યાદાઓ પણ ચર્ચેલી. પરંતુ આ પછી તો સૌરાષ્ટ્રની રસધારની કથાઓ કે બહારવટિયા-કથાઓ માત્ર ચારણી ઢબની વ્યક્તિકૃત વાર્તાઓ જ છે એવું કહેવાતું આવ્યું. આમ થતાં લોકસાહિત્ય - લોકપરંપરા - કંઠપરંપરા સાથેના અનુબંધનો તો સંપૂર્ણ છેદ ઊડી જતો હોય એવું થયું એ સાથે એક કૃતિ તરીકેનું તેમજ હેતુ દૃષ્ટિએ કૃતિનું જે સાહિત્યિક - સામયિક કે ઐતિહાસિક મૂલ્ય છે તે સામે પણ આંખો મીંચી દેવામાં આવી !

આ પરિસ્થિતિ સ્પષ્ટ થાય, આવી અશાસ્ત્રીય કે અર્ધશાસ્ત્રીય લાગતી વાર્તાનિરૂપણની રીતિ પણ લોકકથાને જનસામાન્ય સુધી પહોંચતી કરવામાં, એક યુગના લોકમાનસને ઘડતી કેવી મૂલ્યવાન સંપત્તિ છે તે દૃષ્ટિમાં આવે તેથી રસધારના પ્રથમ ભાગને સમગ્ર દૃષ્ટિએ તપાસીએ. મેઘાણીના લોકકથાત્મક સાહિત્યના સંપાદનમાં મુખ્ય ચાર પ્રકારો ૧. શુદ્ધ લોકકથા ૨. દંતકથામૂલક ટુચકા-આધારિત નિરૂપિત કથા ૩. વ્રતકથા અને ૪. સંતકથાનો સમાવેશ થાય છે. આમાં ૧. ડોશીમાની વાતો (૧૯૨૩), ૨. દાદાજીની વાતો (૧૯૨૭), ૩. સોરઠીગીતકથા (૧૯૩૧) અને ૪. રંગ છે બારોટ (૧૯૪૫) શુદ્ધ લોકકથાના પ્રકારની વિશેષ નજીક છે. સૌરાષ્ટ્રની રસધાર ૧ થી ૫ (૧૯૨૩ થી ૧૯૨૭) અને ૨. સોરઠી બહારવટિયા ૧, ૨, ૩ (૧૯૨૭ થી ૧૯૨૯) દંતકથામૂલક છે. કંકાવટી ૧, ૨ (૧૯૨૭, ૧૯૨૮), વ્રતકથા અને 'સોરઠી સંતો (૧૯૨૮) ૨. પુરાતન જ્યોત સંતકથા - સંતચરિતકથા - હિજિયોગ્રાફી સાથે સંબંધ ધરાવે છે.

'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ શ્રી. ઝવેરચંદ કાળીદાસ મેઘાણી (જન્મ ઈ.સ. ૧૮૯૭, અવસાન : ઈ.સ. ૧૯૪૭)-લિખિત લોકપ્રવર્તિત લાક્ષણિક ઘટનાઓને કથ્ય અને લિખિત બન્ને વાર્તાશૈલીમાં રજૂ કરતો અત્યંત લોકપ્રિય બની સીમાચિહ્નરૂપ બનેલો, ઈ.સ. ૧૯૨૩માં પ્રગટ થયેલો કુલ ૨૪ વાર્તાઓનો સંગ્રહ છે. સૌરાષ્ટ્રની તળપદી બોલીમાં ખમીરવંતાં નર-નારીઓનાં ખુમારી, વીરતા, વચનપાલન જેવી મૂલ્યનિષ્ઠાની લોકકથાત્મક કથાઓ એમણે ઈ.સ.૧૯૨૩ થી ૧૯૨૯ સુધીના સમયગાળામાં ગામડે-ગામડે ફરી વિવિધ લોકકથા-કથાકથકોનો

સંપર્ક કરી 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૧, ૨, ૩માં આપી અને તળપદી સંસ્કૃતિનું સામર્થ્ય દર્શાવ્યું. આ ગ્રન્થશ્રેણીની બધી જ કથાઓનાં કથાનકો એટલી ચમત્કૃતિ કરવાનું તત્ત્વ ધરાવે છે વળી લેખકે તળપદી બોલી અને વાતાવરણમાં એનું એટલું રસપ્રદ આલેખન કર્યું કે આ પ્રકારની કથાઓ અત્યંત લોકપ્રિય બની. અનેક અનુગામી લેખકોએ મેઘાણીની શૈલીનું અનુકરણ કરી વિવિધ સંગ્રહો આપ્યા એના પરિણામે લોકકથા અને આધુનિક લિખિત પ્રવાહની ટૂંકીવાર્તા બન્નેનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરતો લોકકથા-નિરૂપણ-શૈલીનો એક તદ્દન નવો અને જુદો જ પ્રકાર ગુજરાતી સાહિત્યમાં આવ્યો.

**કથાઓ માટેનું ક્ષેત્રકાર્ય :**

અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ. થયેલા મેઘાણી આરંભમાં કલકત્તા ગયા, ઍલ્યુમિનિયમની કંપનીમાં જોડાયા, કંપનીના માલિક સાથે ધંધાનો વિશેષ અનુભવ લેવા ઇંગ્લેંડ પણ ગયા પરંતુ વતનનો સાદ સાંભળી ગુજરાતમાં પાછા ફર્યા અને માસિક રૂપિયા પંચોતેરના પગારની પત્રકાર તરીકેની સેવા સ્વીકારી.

લોકકથા અને લોકગીતો મેળવવા માટે એમણે રેલવે, બસ અને ગાડા કે ઊંટ પર બેસીને સૌરાષ્ટ્રના પૂર્વ-પશ્ચિમ દરિયાકાંઠાનો પ્રવાસ કર્યો અને ચારણ-બારોટ તથા વાર્તાના કથકોને મળીને એમણે ક્ષેત્રકાર્યથી લોકસાહિત્યની સામગ્રી મેળવી. એ જમાનામાં ધ્વનિમુદ્રણની સવલત ન હતી આથી મેઘાણીએ લોકકથાઓ અને ગીતોને નોટમાં નોંધ્યાં અને તેના પર વિશેષ સંશોધન કરીને એમણે લોકગીત અને લોકકથાઓના વિવિધ સંગ્રહો આપ્યા અને આવા સંગ્રહોમાં આવાં ગીતો અને કથાઓ પરના સુદીર્ઘ અભ્યાસલેખો આપ્યાં.

**લોકકથાના સંગ્રહો : પ્રકાર**

મેઘાણીના લોકકથાત્મક સંચયો મુખ્યત્વે ચાર પ્રકારના છે : ૧. શુદ્ધ લોકકથાત્મક ૨. દંતકથામૂલક ૩. વ્રતકથા અને ૪. સંતકથા. 'ડોશીમાની વાતો' (૧૯૨૩), 'દાદાજીની વાતો (૧૯૨૭) 'સોરઠી ગીતકથા' (૧૯૩૦), 'રંગ છે બારોટ' (૧૯૪૫)માં મોટેભાગે લોકોના કંઠપ્રવાહમાં જ જન્મેલી, કહેવાતી જતી અને કાળક્રમે પૂર્ણ ને શુદ્ધ લોકકથા રૂપે સિદ્ધ થતી કથાઓ છે.

બીજો પ્રકાર છે તે દંતકથામૂલક લોકકથાઓનો છે. આમાં જે વાસ્તવિક મનાયેલાં પાત્રો અને તેમના જીવનની બનેલી મનાતી ઘટનાને કથા તરીકેનું પૂર્ણ રૂપ મળ્યું હોય તેને લોકકથાના એક પ્રકાર તરીકે દંતકથા - Legend કહેવામાં આવે છે.



બીજો પ્રકાર એવો છે જેમાં કોઈ વાસ્તવિક મનાતી વ્યક્તિના જીવનમાં કોઈ અસાધારણ ઘટના બને છે ત્યારે એ ઘટના લોકપરંપરામાં એક કથ્ય ટુચકા-એનેકડોટ રૂપે કહેવાતી આવે છે. આવી ઘટના પર ક્યારેક કોઈ ચારણ-બારોટ કે વાર્તાકથકે પોતાની કલ્પનાનું પણ ઉમેરણ કર્યું હોય છે અને તેના પર કેટલાક દુહાઓ રચાયા પણ હોય છે. પરંતુ એનું પરિશુદ્ધ લોકકથા તરીકેનું હજુ પૂરું રૂપ બંધાયું હોતું નથી અને એનું કથન સંબંધિત ક્ષેત્ર પૂરતું જ મર્યાદિત હોય છે. આથી ટુચકા-Anecdotરૂપ આવી ઘટનાને પૂર્ણ કે પરિશુદ્ધ લોકકથા કહી ન શકાય. 'સૌરાષ્ટ્રની રસધાર'માં મેઘાણીએ જે કથાઓ છે તે માંની મોટાભાગની કથાઓ આ પ્રકારની છે. સો-દોઢસો વર્ષ પહેલાં જે કંઈ નર કે નારીના જીવનમાં કોઈ અસાધારણ ઘટના બની તે ઘટનાઓ ટુચકા-Anecdotના રૂપમાં કંઠપ્રવાહમાં આવી. સૌરાષ્ટ્રની રસધાર, ભાગ-૧માં ૧. રંગ છે રવાભાઈને ૨. જટોહલકારો ૩. વલીમામદ ૪. ગરાસણી વગેરે લગભગ બધી જ અનુગામી કથાઓ આ પ્રકારની છે. આ બધા જ સ્થાનિક બનેલા કિસ્સાઓ જ હતા અને સંબંધિત એવાં સીમિત ભૌગોલિક ક્ષેત્રોમાં જ કહેવામાં આવતા હતા. પરંતુ મેઘાણીએ આવા કિસ્સાઓમાં પોતાનાં દૃષ્ટિ, વર્ણન, આલેખનશૈલીથી પ્રાણ પૂર્યા અને એનું લિખિત રૂપમાં જ લોકકથા તરીકેનું કાઠું બંધાયું.

૯. ભોળો કાત્યાળ ૧૪. રાણજી ગોકેલ ૧૮. ઓઢો ખુમાણ ૧૯. વાળાની હરણપૂજા ૨૦. ચાંપરાજ વાળો ૨૧. આઈ કામબાઈ વગેરે એવી કથાઓ છે, જેમનું લોકપરંપરિત તરીકેનું કેટલુંક રૂપ ચારણી પરંપરામાં બંધાયું હતું અને એને મેઘાણીએ પોતાનું રૂપ આપ્યું. એ રીતે સાંઈ નેકડી કે ૨૪. શૂરવીરની પહેલી મિલનરાત પણ આવી રચનાઓ છે.

આમ, 'રસધાર'ની કથાઓમાં કેટલીક મેઘાણીએ સંબંધિત ક્ષેત્રના વાર્તાકથકો પાસેથી કિસ્સા રૂપમાં સાંભળી અને એને પોતાની વિશિષ્ટ શૈલીમાં આલેખી એવી છે તો કેટલીક કથાઓ ચારણીસ્રોતની છે. દરબારની ડેલીએ ચારણાદિ વાર્તાકથકો દ્વારા મંડાતી કથાઓ છે. મેઘાણીએ એમના ગ્રન્થોની પ્રસ્તાવનામાં આની વિગતો આપી છે અને તેમના ઋણનો સ્વીકાર પણ કર્યો છે. મેઘાણીને આવી ડાયરામાં કહેવાતી કથાઓ આરંભમાં હડાળાના દરબાર વાજસૂર વાળા પાસેથી મળી રહી. મેઘાણી હડાળા જતા અને સાહિત્ય તથા લોકસાહિત્યના મર્મી દરબાર વાજસૂર વાળાને પોતાનાં રચેલાં કાવ્યો-ગીતો સંભળાવતા દરબાર વાજસૂર વાળા પણ ઉત્તમ વાર્તાકથક હતા. 'ભોળો કાત્યાળ' અને 'ચાંપરાજ વાળા'ની

તથા 'આહિરની ઉદારતા'ની કથાઓ ઝવેરચંદ મેઘાણીને દરબાર વાજસૂર વાળા પાસેથી મળેલી. વાજસૂર વાળા આવી કથાઓ કહેતા તે મેઘાણી નોંધી લેતા અને કેટલીક વાર્તાઓ તો વાજસૂર વાળા લખીને પણ મોકલતા જે મેઘાણી પોતાની રીતે આલેખતા.

**લોકકથા-આલેખનની મેઘાણીની શૈલી**

મેઘાણી પહેલાં જ ગુજરાતી સાહિત્યમાં કંઠપ્રવાહની લોકકથાઓ અને વીરોની લોકગાથાઓના રાસની કથાઓના સંગ્રહો પ્રગટ થઈ ગયા હતા. ઍલેક્ઝાંડર ફાર્બસ દ્વારા બારોટોના રાસડાની કથાઓ અંગ્રેજીમાં ગદ્યમાં પ્રકાશિત થઈ અને એનું ગુજરાતી ભાષાન્તર પણ પ્રગટ થયું. વીરોની અને રાજરજવાડાની વાર્તાઓ જે કંઠપ્રવાહમાં હતી એ પણ દુહાઓ સાથે જ ગુજરાતીમાં વિવિધ લોકકથાસંગ્રાહકો દ્વારા પ્રકાશિત થઈ હતી . એ સાથે ઊઢો જામ અને હોથલ પદમણી જેવી તથા જેને માત્ર દંતકથા - Legend જ ન કહી શકાય પરંતુ શુદ્ધ લોકરંજક અને કલ્પિત જેવી લોકકથા પણ કહી શકાય એવી કથાઓ સંપાદિત થઈ ચૂકી હતી. પારસી લેખકોએ ગુજરાતી ઉપરાંત પર્શિયન, વગેરે કથાઓ પણ પુનઃકથન-Relold પદ્ધતિએ, એટલે કે પોતાની ભાષાશૈલીમાં લખવાની પદ્ધતિ અપનાવી હતી. આમાં ફરામજી બહમનજી નામના પારસી લોકકથા સંપાદકે વિશેષ પરિશુદ્ધ અને શાસ્ત્રીય ગણાય એવી પદ્ધતિનો આરંભ ગુજરાત અને કાઠિયાવાડની લોકકથાઓથી કર્યો. એમણે વાર્તાકથક એવા ભાટ, ચારણ, તૂરી, ભવાયા-તરગાળા, નાથબાવા વગેરેનો સંપર્ક કર્યો અને એમની પાસેથી વાર્તાઓ સાંભળી લઈ નોંધી લીધી અને પોતાની કલ્પનાનો અંશ પણ ઉમેર્યા વગર એમણે વાર્તાઓને એના મૂળ રૂપમાં રજૂ કરી હતી.

આમ, મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધાર તથા બીજી લોકકથા, વ્રતકથા, સંતકથા, બહારવટિયાકથા વગેરે લોકકથાકુળના વિવિધ સંગ્રહો આપ્યા ત્યારે એમણે પોતીકી કહી શકાય એવી વિશિષ્ટ શૈલીએ લોકકથાત્મક વિષયવસ્તુ ધરાવતી કથાઓનું રૂપ બાંધ્યું, જેને આપણે ગુજરાતી લોકકથા આધુનિક સંપાદિત-લિખિત એવી 'મેઘાણી શૈલી'નું નામ આપી શકીએ.

મેઘાણીને લોકકથાત્મક કથાનકોનાં આલેખન-નિરૂપણ માટે નવી ને જુદી જ શૈલી ઘડવાની જરૂર પડી એનું મુખ્ય કારણ એમની સર્જક તરીકેની વિશિષ્ટ શક્તિ અને લોકકથાનું લિખિત રૂપ બાંધવાનો એમનો વિશિષ્ટ હેતુ છે.



**લોકકથા-આલેખનહેતુ**

આગલના કોઈ પણ લોકકથા-સંપાદક-આલેખક કરતાં મેઘાણીનો આવી કથાઓ પાછળનો હેતુ તાત્ત્વિક રીતે ભિન્ન છે. એ ભિન્નતાનું મુખ્ય કારણ એ છે કે મેઘાણી માત્ર વાચન રસને વધારે અને જિજ્ઞાસાને દ્રવતી રાખે એવી કથાઓ લખવાનો હેતુ ધરાવતા ન હતા. એમના આ હેતુને એમણે 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ની પ્રસ્તાવનામાં જ દર્શાવ્યો છે. તેમણે લખ્યું છે કે આપણા કવિઓ-લેખકોને પ્રેરણા લેવા માટે બહાર જવું પડે એવું નથી. આપણી તળપદી સંસ્કૃતિમાં જ પ્રેરણા આપે એવું ઘણું છું. અહીં સ્પષ્ટ થાય છે કે રાષ્ટ્રીય શાયર તરીકે જેમને ગાંધીજીને ઓળખાવ્યા હતા એ મેઘાણીએ સ્વાતંત્ર્ય-સંગ્રામના યુગમાં જેમ 'સિંધૂડો' જેવા એ કાળે બાનમાં મુકાયેલા કાવ્યસંગ્રહો દ્વારા નિર્બળ અને કાયર બનેલી પ્રજામાં શૌર્યનો પ્રાણ ફૂંક્યો અને બલિદાનની ભાવનાનું બીજારોપણ કર્યું તેમ એમણે આપણાં તળપદાં નર-નારીમાં પણ કેવાં-કેટલાં શૌર્ય, નિષ્ઠા, ખાનદાની, ખુમારી અને મૂલ્ય માટે મરી ખૂટવાની ભાવના છે તે આ પ્રકારની કથાઓમાં દર્શાવ્યું.

ગુજરાત-સૌરાષ્ટ્રની સંસ્કૃતિ ભાતીગળ છે. જે રીતે ભ્રમર જુદા જુદા રંગનાં પુષ્પોની પરાગ લઈને કોઈ એક પુષ્પમાં એનું આરોપણ કરતાં એનાં બીજમાં નવો બીજો એવો છોડ પાંગરે છે, જેમાં એક જ પુષ્પની પાંખડીઓમાં અનેક રંગ ખીલે છે, તે રીતે આપણે ત્યાં પણ એટએટલી જાતિઓનું સંમિશ્રણ થયું છે કે જેનાથી આપણી સંસ્કૃતિનું ભાતીગળ રૂપ બંધાયું છે. ભિન્ન ભિન્ન જાતિઓનાં નર-નારીનાં સંયોગથી જે વિશિષ્ટ લડાયક ખમીર ધરાવતી જ્ઞાતિજાતિ અસ્તિત્વમાં આવી તેનાં દૃષ્ટાન્ત પણ મેઘાણી આપે છે. તેમણે દર્શાવ્યું છે કે ગોહિલ, જેઠવા, ઝાલા જેવા રાજપૂતો અને ખાચર-ખુમાણ જેવા કાઠીઓમાં અનેક વીરો જન્મ્યા. ક્ષત્રિય અને બ્રાહ્મણ જાતિનાં નર-નારીથી કોટિલા, ક્ષત્રિય અને કોળીથી ખસિયા વગેરે પેટા જાતિજ્ઞાતિ અસ્તિત્વમાં આવી તે દર્શાવે છે. મૂલ્ય માટે મરી ફીટવામાં આપણી પ્રજાને ક્યારેય ધર્મ આડે નથી આવ્યો તે જતની કન્યા માટે મૂળીના પરમારોએ આપેલા આમરણાન્ત યુદ્ધના બલિદાનથી આપે છે.

મેઘાણીનો એક બીજો હેતુ ભદ્ર અને નિમ્ન વર્ગ વચ્ચેની ભેદદીવાલને તોડવાનો પણ છે. બ્રિટિશ અમલના ગાળામાં શિક્ષિત બનેલા ઉચ્ચ અને ભદ્ર વર્ગમાં સમાજના નિમ્ન મનાતા વર્ગ પ્રત્યે એક પ્રકારનો તિરસ્કાર હતો, અણગમો હતો, તુચ્છતાનો ભાવ હતો. સમજ અને સંસ્કૃતિ તો ઉચ્ચ ભદ્ર વર્ગમાં જ છે.

સમાજનો નિમ્ન વર્ગ તો આ દૃષ્ટિએ હીન અને પછાત છે. આવી જે મનોવૃત્તિ ભદ્ર સંસ્કૃતિના છત્રમાં રહેતા લોકોમાં હતી. ઉચ્ચ આચાર-વિચાર, ધર્મનિષ્ઠા, કર્તવ્યપાલન, સારાંનરસાંનો વિવેક ભદ્ર વર્ગમાં જ હોય. નિમ્ન વર્ગ અને તળપદો સમાજ આ દૃષ્ટિએ હીન, પછાત છે આવું માનવામાં આવતું હતું.

બીજી બાજુ લિખિત પરંપરાનું સાહિત્ય જ સાચું અને કલાત્મક સાહિત્ય છે, ઊંચું સાહિત્ય છે, જનસામાન્યની કંઠપરંપરાના સાહિત્યમાં જે કંઈ કથાઓ અને ગીતો છે તે હીનમૂલ્ય અને સ્થૂલ છે : આવું પણ ઉન્નતભ્રૂ સાહિત્યવિવેચકો અને સર્જકો માનતા હતા. ભાષા જ પ્રશિષ્ટ એવું માધ્યમ છે, બોલી - તળપદી બોલી તો ઊતરતી ગણાય : આવું પણ મનાતું હતું.

આમ ભદ્ર અને તળપદી સંસ્કૃતિ તેમજ ભાષા અને બોલી, નાગરિક અને ગ્રામીણ-આદિવાસી : આ વચ્ચે ભેદની જે ભીંત હતી તે મેઘાણીને લોકોની કંઠપરંપરાના સાહિત્યનું સામર્થ્ય દર્શાવી તોડવાની હતી. આથી 'દર્શક' મનુભાઈ પંચોલીએ જણાવ્યું છે તે પ્રમાણે મેઘાણીનો હેતુ 'ભેદોની ભીંત્યું મારે ભાંગવી'નો છે.

આ માટે મેઘાણીના માટે એક નવી, જુદી અને સમર્થ એવી લોકકથાના લિખિત રૂપના આલેખન માટે શોધવાની અનિવાર્યતા ઊભી થઈ અને મેઘાણીએ એક નવી અને જુદી જ એવી લોકકથાલેખનની શૈલીનું સર્જન કર્યું.

આ નવી શૈલીના સર્જનમાં મેઘાણીએ ૧. ચારણી વાર્તાકથનની શૈલી અને દુહા તથા વર્ણનથી વાર્તાને મઢવાની પદ્ધતિ, ૨. આધુનિક ટૂંકી વાર્તાની આરંભની સચોટતા અને અંતની ચમત્કૃતિની આધુનિક ટેકનિક તેમજ ૩. વિવિધ પ્રદેશ અને જાતિજ્ઞાતિમાં બોલાતી લાક્ષણિક એવી બોલી : આ ત્રણે તત્ત્વોનો સમન્વય કર્યો અને આ નવી જુદી શૈલીમાં સંઘેડાઉતાર વાર્તાઓ આપી, જે ખૂબ જ લોકપ્રિય બની તેમજ ઉચ્ચ અને શિક્ષિતવર્ગમાં આવી કથાઓ વંચાતી થઈ.

આ નવી નિરૂપણરીતિ-શૈલીમાં મેઘાણીને ચારણ, બારોટ, તૂરી, નાથબાવા, ઘરેલુ વાર્તા માંડનારા અનેક પ્રકારના કથાકથકોની શૈલીનો પ્રત્યક્ષ પરિચય કામમાં આવ્યો; તો બીજી બાજુ એમની ખુદની સર્જકતા પણ ખપમાં આવી. મેઘાણી પોતે નાટ્યકાર, કવિ, ટૂંકી વાર્તાકાર, નવલકથાકાર અને વિવેચક હતા. એમની કલ્પનાશક્તિ અને વાક્યે વાક્યમાં પ્રાણ પૂરવાની શક્તિ કામ આવી. તો ત્રીજી બાજુ અદ્ભુત સ્મરણશક્તિ અને વિવિધ ભાષા તથા બોલીને આત્મસાત્ કરવાની એમની સાહજિક શક્તિ પણ કામમાં આવી.



રસધારની ૨૪ કથાઓ જોતાં જણાશે કે મેઘાણીએ આ નવી શૈલી અજમાવી છે તેથી -

૧. વાર્તાના આરંભ, મધ્ય અને અંત ત્રણે સંઘેડાઉતાર છે.

૨. આરંભમાં ક્યાંક ચારણશૈલીએ વાર્તાના ઉઘાડમાં દુહાનો ઉપયોગ છે તો ક્યાંક રસપ્રદ રીતે જ સીધી કથાની માંડણી છે.

૩. 'જટોહલકારો' કે એવી બીજી કેટલીક વાર્તાઓના આરંભમાં તથા અંતમાં મેઘાણીએ આધુનિક ટૂંકીવાર્તાનો પણ ઉપયોગ કર્યો છે.

૪. અહીં કથામાં કૃષિકાર, ક્ષત્રિય, કાઠી, મુસ્લિમ, રાજવી, આયર, મેર, ગઢવી, પસાયતા - એમ અનેક જાતિજ્ઞાતિ અને પ્રકારનાં પાત્રો છે. અહીં બધે જ સંબંધિત પાત્રની બોલીનો જ ઉપયોગ કર્યો છે. વર્ણનમાં તથા સંવાદ અને અલંકારમાં પણ પાત્રાનુરૂપ બોલીનો સફળ પ્રયોગ કર્યો છે.

૫. વાર્તાનું વાતાવરણ અને પરિવેશમાં વર્ણન આવે ત્યાં પણ ક્યાંય નિરસતા પ્રગટ થતી નથી. જે પ્રદેશ કે જાતિજ્ઞાતિની કથા હોય એની જ બોલીમાં અને એનાં સ્થાન, દરજ્જા, પરિસ્થિતિ, વય, જાતિ પ્રમાણે જ સંવાદો-મનોભાવો આપ્યા છે.

૬. નાટ્યાત્મક પ્રસંગો, તાતા કટાક્ષો અને તળપદા કે ધારદાર સંવાદો એમની શૈલીનું વિશિષ્ટ અંગ છે. કેટલાક સંવાદો એટલા વેધક હોય છે કે પાત્રના મનોભાવ સાથે જ પ્રસંગને પણ યાદગાર બનાવે અને વાંચનારના મન-હૃદયમાં સીધા પ્રવેશે.

**મર્યાદા**

મેઘાણીશૈલીના આ બધા જ ગુણપક્ષ અને લાભની સામે કેટલાક ગેરલાભ કે મર્યાદા પણ છે. ગુણપક્ષ એ કે આ શૈલીએ આ વર્તાઓને ચોટદાર બનાવી, મર્મસ્પર્શી બનાવી, યાદગાર અને સીમાસ્તંભ જેવી બનાવી અને પ્રશિષ્ટ સાહિત્યમાં પણ લોકબોલીનો સુચારુ પ્રયોગ થયો. મેઘાણીના સહગામી-અનુગામી એવા પન્નાલાલ પટેલ અને મડિયા જેવા લેખકોએ વાર્તા-નવલકથામાં તળપદી બાનીનો પ્રયોગ કર્યો.

પરંતુ આ શૈલીની મોટી મર્યાદા એ છે લોકકથાનું દસ્તાવેજીકરણ, સંપાદિત રૂપ આથી દૂષિત બને છે. લોકકથાના મૂળ કથાનકમાં અને એના કથનમાં એના નિરૂપક કે સંપાદકે ક્યાંય પણ કશું પોતાનું ઉમેરવું ન જોઈએ. કલ્પનાનો અંશ પણ

પ્રવેશે કે શૈલીનું કોઈ તત્ત્વ પ્રવેશે તો સંપાદન અશાસ્ત્રીય ગણાય. આરંભ, મધ્ય અને અંતમાં ક્યાંય સંપાદકે કે આલેખકે પોતાનું કશું ઉમેરવું ન જોઈએ. આમ પરિશુદ્ધ લોકકથાના સંપાદન તરીકે સૌરાષ્ટ્રની રસધાર સામે વિવિધ પ્રશ્નો ઊઠ્યા હતા. અને મેઘાણીની આ શૈલીને મળેલી સફળતાથી પ્રેરાઈને અનેક સંપાદકો સંપાદક મટી 'લેખક' બની ગયા અને કથાના પરંપરાગત કથાનકમાં પોતાનું કલ્પિત ઉમેરતા થયા. આ કારણે ગુજરાતી લોકકથાનું સંપાદન ખોટું અને અશાસ્ત્રીય બની ગયું. પરંતુ પછી ધ્વનિમુદ્રણ સુલભ બન્યું અને શાન્તિભાઈ આચાર્ય જેવા ભાષાશાસ્ત્રીએ 'હેંડો વાત માંડીએ', 'અમે બોલીઓ છીએ' જેવા સંગ્રહો આપ્યા તેમાં મૂળ કથક દ્વારા કહેવાયેલી કથાઓનાં ધ્વનિમુદ્રણ કરીને, એમાં એક પણ શબ્દ પોતાના તરફથી ઉમેર્યા કે મૂળના કથનમાંથી બાદ કર્યા વગર લિખિત રૂપનાં સંપાદન આપ્યાં.

'લોકકથા' તરીકેની આ બધી મર્યાદા છતાં ઐતિહાસિક દૃષ્ટિએ મેઘાણીને ન્યાય કરવા કહેવું જોઈએ કે 'સૌરાષ્ટ્રની રસધાર'નું મૂલ્ય અલ્પ નથી. લોકકથાને, લોકજીવન અને તળપદી લોકસંસ્કૃતિને સાહિત્યમાં પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય સિદ્ધ કર્યું એમાં મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર'નું જ અભૂતપૂર્વ અને અદ્વિતીય અર્પણ છે.

## વિષયવસ્તુ

'સૌરાષ્ટ્રની રસધાર'ની કુલ ૨૪ કથાઓમાંથી ચાર-પાંચ કથાઓ બાદ કરીએ તો શેષ મોટાભાગની બધી જ કથાઓનું વિષયવસ્તુ વાસ્તવિક કે ઐતિહાસિક છે. અહીં મોટા ભાગની કથાઓમાં જે ઘટનાઓ છે તે સૌરાષ્ટ્રની તળભૂમિ પર જન્મેલાં કોઈ નર-નારીના જીવનમાં બનેલી છે. આમાં પણ કેટલીક કથાઓ તો સો-દોઢસો વર્ષ પહેલાં બની ગયેલી છે. મેઘાણીએ એનાં નિશ્ચિત સ્થળ-કાળ આપ્યાં છે. ક્યાંક કયા સમયગાળાની આ ઘટના છે, તેનો નિર્દેશ પણ કર્યો છે. મેઘાણી ભાવનગર શામળદાસ કૉલેજમાં ભણેલા અને ઈ. ૧૯૧૭ પછીની તેમની કર્મભૂમિ રાણપુર અને નિવાસ બોટાદમાં હતાં, પરિણામે રસધાર, ભાગ-૧ થી મોટાભાગની કથાઓનાં પાત્રો અને ઘટનાનો સંબંધ ગોહિલવાડનો છે. એમાં વજેસંગ જેવા રાજવી તથા રવાભાઈ જેવા ગામધણીથી માંડીને તે ખેડૂત, આહીરાદિ માલધારી, ચારણ-ગઢવીથી માંડીને તે સમયની નિમ્ન મનાતી ગધઈ જેવી વિવિધ જાતિઓના જીવનમાં જે અસાધારણ ઘટનાઓ બની એનેકડોટ રૂપે એટલે કે ટુચકા કે નાનકડી ઘટના તરીકે કહેવાતી હતી તે તેનાં કથાનકો વિવિધ નગરો, ગ્રામો, પહાડીઓ અને ગોહિલવાડના પૂર્વકાંઠાના દરિયાના કાંઠાના વિસ્તારોમાં ફરીને



આવાં કથાનકો સાંભળ્યાં, સંબંધિત સ્થળોની મુલાકાત લઈ પાળિયા જેવાં સ્મૃતિચિહ્નો-સ્મારકો જોયાં અને આવાં પાત્રોનો—વીરો, વીરાંગનાઓ, બહારવટિયાઓ વગેરેનો – જે લોકો પ્રત્યક્ષ રૂપમાં પરિચય ધરાવતા હતા એમનો પણ સંપર્ક કર્યો. આવાં કેટલાંક પાત્રો પર ચારણ-બારોટ તથા અન્ય લોકકવિઓએ દુહાઓ પણ રચ્યા હતા એ પણ ભેગા કર્યા, નોંધપોથીમાં ઉતાર્યા, એનો પાઠ શુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો અને પછી પોતાના ઘરમાં તેમજ કાર્યાલયમાં બેસીને આવી ઘટનાઓને રસપ્રદ વાર્તાના રૂપમાં લખતા. તેનું 'સૌરાષ્ટ્ર'માં પ્રકાશન થતું અને પછી તેના સંગ્રહો થતા ગયા. અહીં રસધાર ભાગ-૧માં છે તે ઘટનાઓ મેઘાણીએ વાર્તાના રૂપમાં ઉતારી એ પહેલાંનાં સો-દોઢસો વર્ષ પહેલાંની જ છે. મેઘાણીએ કેટલીક વાર્તાઓમાં આ સમયનો નિર્દેશ પણ કર્યો છે. 'રંગ છે રવાભાઈ'ની ઘટના ઈ. ૧૮૬૦ની, જટો હલકારાની ઘટના પણ એથી થોડાક આગળના સમયની, વલીમામદ આરબની ઘટના ઈ. ૧૮૫૬ની, 'ગરાસણી' તથા 'આહિરની ઉદારતા'ની ઘટના પણ એ સદીની, માત્રાવરૂની ઘટના ઈ. ૧૮૨૯ની, ઘેલાશાની ઘટના ૧૯મી સદીના પૂર્વાર્ધની, દાના ભક્તના ચેલા ગીગા પણ જેમાં પાત્ર રૂપે છે તે 'ભેંસોનાં દૂધ'ની ઘટના, તેમ જ ભોળો કાત્યાળ, વડોદના ગજાભાઈ ગોહિલ ('આનું નામ તે ધણી' વાર્તા), રાણજી ગોહિલ, વજેસિંહ ('બોળો' વાર્તા), ઓઢો ખુમાણ, મેરામણજી (કટારીનું કીર્તન) કે સાંઈ નેસડી વગેરેની સાથે સંકળાયેલી કથાઓ પણ ૧૯મી-૨૦મી સદીના આપણા નજીકના ભૂતકાળની જ છે. આ બની ગયેલી ઘટનાઓએ ગુલામીથી હતાશ બનેલી પ્રજામાં આત્મવિશ્વાસ જગાડ્યો, પોતાના પ્રજાકીય - સાંસ્કૃતિક ગૌરવનું ભાન કરાવી અસ્મિતા જગાડી.

આ રીતે જે કોઈ કિસ્સાઓ મેઘાણીએ મેળવ્યા તે બધામાં કોઈ એક અસાધારણપણાનું તત્ત્વ છે, કહેણી અને કથાવાર્તા બન્નેનો પ્રાણ. એટલે જ આવું પાત્રના વર્તનનું અને તે સાથે સંકળાતી ઘટનાનું અસાધારણપણું છે. રવાભાઈ પોતાના માલને અને જાતને બહારવટિયાઓ સામે બચાવી ભાગી છૂટ્યા હોત. આમ થવું સાધારણ છે. પરંતુ રવાભાઈ એવો ભયપ્રેરિત સ્વાર્થનો રસ્તો લેતા નથી. જે પ્રવાસીઓએ એમનો સાથ કર્યો એમના પ્રત્યે સહપ્રવાસી તરીકે તેમજ એક ક્ષત્રિય અને ગામધણી તરીકે રક્ષક તરીકેની જવાબદારીના કારણે, સ્વીકૃત એવા મૂલ્યને અનુસરીને બહારવટિયાનો સામનો કર્યો. જટા હલકારો પણ ગામની બહેનને લૂંટાતી અને લાજ લૂંટાતી મૂકી પોતાના માર્ગે જઈ જીવ બચાવી શક્યો હોત, મોત સુધી ઝઝૂમવાનું એના માટે અનિવાર્ય ન હતું, વલીમામદ પણ જુઠ્ઠા અને સ્વાર્થી શેઠ લૂંટાતો હોય ત્યારે પોતે-પોતાના માર્ગે જઈ શક્યો હોત કે પછી

વ્યંઢળ બનેલા પતિથી છૂટાછેડા લઈને પરણેલી પરણેતરને આહિરે પોતાની પત્ની તરીકે રાખી હતી તેને મૂળ પતિને સોંપવાનું કોઈ અનિવાર્ય એવું કારણ ન હતું ! આમ આ બધાં જ પાત્રો અને એમના જીવનમાં બનેલી ઘટનામાં સાધારણ બનતું હોય એ નથી બનતું, અસાધારણ - અનકૉમન બને છે અને એ જ striking element છે. ઘટનાની અને પાત્રની આવી અસાધારણતાને કારણે જ લોકો આવા પાત્રને કે એની ઘટનાને વર્ષો જાય તોપણ ભૂલતા નથી, પરંતુ પોતાના સ્મૃતિકોશમાં એ સંઘરી રાખે છે અને એવી ઘટનાઓ કહેવાતી રહે છે. આવી જ ઘટનાઓ પેઢીદરપેઢી કહેવાતી જાય, એમાં કલ્પનાના ચમત્કૃત કરે અને વિશેષ રસ પડે એવાં કથને કથને અવનવાં ઉમેરણો થાય તે પછી જ એમાંથી 'લોકકથા' બને છે. મેઘાણીએ અહીં જે કિસ્સાઓ-ઘટનાઓ આપ્યાં એ એટલા નજીકના સમયના ગાળાના છે કે એમાં આ પ્રક્રિયા થઈ નથી, એનું સ્વરૂપ હજુ લોકોમાં કહેવાતા કિસ્સાઓ જેવું છે, પરંતુ એનું જ લિખિત માધ્યમે મેઘાણી લોકકથાત્મક વાર્તામાં નિરૂપણ કરે છે અને આ પછી જ આ માંહેની કેટલીક કથાઓ એક સંપૂર્ણ લોકકથાના રૂપમાં લોકોની કંઠપરંપરામાં કહેવાતી જાય છે. દાખલો આપીને કહીએ તો જટો હલકારો આંબલા-સણોસરા ગામની ઘટના છે. ત્યાં પાળિયો છે. અને હલકારાના વીરતાપૂર્ણ સ્વાર્પણની ઘટના માત્ર સ્થાનિક હતી. પરંતુ મેઘાણીએ એને ટૂંકી વાર્તાનું રૂપ આપ્યું અને એ કથા બીજી લોકકથાની જેમ લોકોના કંઠપ્રવાહમાં કહેવાતી થઈ. ડૉ. શાન્તિભાઈ આચાર્ય દ્વારા બોલીના અભ્યાસ માટે ક્ષેત્રકાર્ય કરવાનું થયું ત્યારે એમના એક માહિતીદાતા કથકે જટા હલકારાની કથા કહી, જે 'અમે બોલીઓ છીએ' સંગ્રહમાં આપી છે. આથી સ્પષ્ટ થાય છે મેઘાણીની આ લોકકથાત્મક કૃતિઓની કેટલીક અસર કંઠપ્રવાહ પર પણ પડી છે. લોકોના કંઠપ્રવાહમાં તો બોટાદકર, મેઘાણી, કાગ, ઇન્દુલાલ ગાંધી કે ઉમાશંકર જોશીની 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' જેવી રચના ગવાતી થઈ, અને લોકગીત તરીકે ઓળખાતી થઈ. કવિકૃત આવી રચના લોકગીતના કુળની હોય ને લોકોમાં ગવાતી રહે તેથી એ કંઈ 'લોકગીત' ન કહેવાય, કેમ કે, તે વ્યક્તિકૃત એવા સાહિત્યની રચના છે. પરંતુ કથામાં પરિસ્થિતિ જુદી છે. કથનમાં મૂળકૃતિને કથક લેખકના જ શબ્દમાં કહેતો નથી, પોતાના શબ્દોમાં કહે છે અને પોતાની બોલીમાં પોતાની રીતે એનું રૂપ બાંધે છે. પરંતુ મેઘાણીની કથાની રચનાઓ પણ કંઠપ્રવાહમાં આવી એ દર્શાવે છે કે આ રચનાનો કેટલો વ્યાપક પ્રભાવ પડ્યો છે.

મેઘાણીનો રસધારની કથાઓનાં કથાનકો મેળવવાનો બીજો સ્રોત કેટલાક ચારણી સ્રોતના કલાકારો અને વિદ્વાનો છે. મોટાભાગના કથાસંલગ્ન દુહાઓ



મેઘાણીને આવી વ્યક્તિઓ દ્વારા મળ્યા છે. કેટલાકે તો આવી કથાઓ લખીને પણ મોકલેલી, જેનો ઋણસ્વીકાર મેઘાણીએ પ્રસ્તાવનામાં કર્યો છે. રા'નવઘણની કથા સેજકજીની કથાના છંદો એમને ભાવનગરના રાજકવિ પિંગળશી પાતાભાઈ પાસેથી મળ્યા. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં આ કથાઓ પ્રગટ થતાં અન્ય સાહિત્યરસિક મર્મજ્ઞ વિદ્વાનોએ લિખિત રૂપમાં કેટલીક સામગ્રી પૂરી પાડી. 'ચાંપરાજ વાળો' અને 'ભોળો કાત્યાળ'ની કથાઓ દરબાર વાજસૂર વાળા પાસેથી મળી.

આમ, મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારના પહેલા ભાગમાં જે કથાઓ આપી તે મુખ્ય બે સ્રોતોમાંથી :

૧. મોટાભાગની કથાઓ એમણે જાતે પ્રવાસ કરી માહિતીદાતાનો સંપર્ક કરીને નોંધી.

૨. ચારણીસ્રોતના કેટલાક વિદ્વાનોએ વાર્તાના છંદ, દુહાઓ પૂરા પાડ્યા તો કેટલીક વાર્તાઓ લખીને પણ વિગત પૂરી પાડી.

— પરંતુ આ બન્ને સ્રોતની કથાઓનાં કથાનકોનું, એની ઘટનાની સામગ્રીનું કથારૂપ મેઘાણીએ પોતે બાંધ્યું છે.

### કથાનિરૂપણરીતિ

લોકોના કંઠપ્રવાહમાં કહેવાતી આવતી વાર્તાઓને પોતાની નોંધપોથીમાં ઉતારી લઈ મેઘાણીએ એને લિખિત રૂપની લોકકથા તરીકેનું રૂપ આપ્યું છે. કથાને, લોકપ્રવર્તિત લૌકિકકથાઓને પોતાની શૈલીમાં, પોતાની રીતે રસપ્રદ રૂપમાં બાંધવું અને તેના આરંભ-મધ્ય-અંતમાં કેટલાંક કલ્પનાજન્ય અંગો-અંશો ઉમેરવાં એ ભારતીય લિખિત ધારાના સાહિત્યની પ્રાચીન-મધ્યકાલીન સુદીર્ઘ પરંપરા છે. 'કથાસરિત્સાગર', 'જાતકકથા' તથા અન્ય અનેક સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોમાં ગ્રન્થકારોએ આ રીતે જ લોકોમાં કહેવાતી આવતી કંઠપ્રવાહની કથાઓને પોતાની શૈલીમાં બાંધી છે. ગુજરાતી ભાષામાં પણ અસાઈત, ગણપતિકાયસ્થ, શિવદાસ અને શામળ જેવા વૈદિક સ્રોતના તથા જયવંતસૂરિ અને કુશળલાભ જેવા જૈનસ્રોતના વાર્તાકારોએ આ રીતે જ જે લોકકથાઓ લોકો દ્વારા કહેવાતી આવતી હતી અને કોઈ ગ્રન્થમાં લિખિત રૂપમાં બંધાયેલી-લખાયેલી હતી તેના આધારે વાર્તાકૃતિઓની રચના કરી. આમ આ રીત પ્રાચીન પરંપરાગત છે.

અઢારમી સદીના અંતભાગમાં અને ઓગણીસમી સદીના આરંભમાં જ્યારે લોકવિદ્યા-Folkloreની નવી ને જુદી એવી આધુનિક ગણાતી વિદ્યાશાખાનો આરંભ

થયો ત્યારે માત્ર જૂના ગ્રન્થની લિખિત સામગ્રીના બદલે લોકોના કંઠપ્રવાહમાં જે કથાઓ અને ગીતો કહેવાતાં-ગવાતાં હોય તે તેના માહિતીદાતા પાસેથી જ મેળવીને તેને લિખિત મુદ્રિત રૂપમાં જાળવી લેવાની પ્રવૃત્તિનો આરંભ થયો. આ પદ્ધતિ જ એવી હતી કે એમાં ગાનાર-કહેનારને શોધીને એના દ્વારા જે કંઈ ગવાય-કહેવાય તે નોંધી લેવાનું કે ધ્વનિમુદ્રિત કરવાનું જરૂરી હતું. અને આ પદ્ધતિએ જે કંઈ સામગ્રી મળે તેને તેના મૂળ રૂપમાં, એમાં બીજો કોઈ જ સુધારો કે વધારો કર્યા વગર, એનું સંપાદન કરવાનું હતું. આરંભમાં ધ્વનિમુદ્રણનાં ઉપકરણો સર્વસુલભ ન હતાં, હતાં તો તે સહુને પરવડે તેવાં ન હતાં. આથી આ યુગમાં માહિતીદાતા જે કંઈ કહે કે ગાય તે રચના નોંધી લેવામાં આવતી હતી. ગીતમાં તો જે રીતે ગવાય તે જ રૂપમાં શબ્દશઃ ઉતારી લેવાય. પરંતુ કથામાં તો કથકે કહેલી આખી કથા કંઈ શબ્દશઃ ઉતારી ન શકાય. એટલે માત્ર ટાંચણરૂપ સારસંક્ષેપ ઉતારી લેવું, નોંધવું પડતું અને તે પછી કથાનો સંપાદક તે કથા પોતાની રીતે માંડીને રજૂ કરતો હોય તેમ લખતો હતો. આમ કરવામાં પણ મૂળ કથાનકમાં કોઈ સુધારો-વધારો ન થાય તેનું ધ્યાન રાખવામાં આવતું હતું અને કથકની કથનની શૈલી જાળવવામાં આવતી હતી. આમ, મેઘાણીએ જ્યારે લોકગીત અને લોકકથાનાં સંશોધન-સંપાદનનો આરંભ કર્યો ત્યારે એમણે આ પદ્ધતિ અપનાવી. ગીતોના સંગ્રહોમાં તો તેના પ્રકાર, સ્વરૂપ, વિધિવિધાન-જીવન-સંસ્કૃતિ સાથેનો એનો સંબંધ વગેરેની ચર્ચા કરી અને અભ્યાસપૂર્ણ ભૂમિકા લખી. આવું જ કાર્ય, અભ્યાસ સાથેની પ્રસ્તાવના લખવાનું, મેઘાણીએ લોકકથાના સંગ્રહોમાં પણ કર્યું. પરંતુ અહીં લોકગીતની જેમ જે કંઈ લોકો ગાતાએને એ ને એ રૂપમાં ઉતારી લેવાનું ન હતું પરંતુ પોતાની ભાષામાં ઉતારી લેવાનું, રસપ્રદ રૂપમાં આલેખવાનું હતું. આ સામગ્રી વાચનરસિયા અને સાહિત્યતત્ત્વથી પરિચિત એવા વાચકો માટે આપવાની હતી. હેતુ માત્ર રસિક કથા આપવાનો કે કેવળ બોધક-ઉપદેશક વાર્તા જ લખવાનો ન હતો. લોકોના મર્મને સ્પર્શે, સાહિત્યના કલાપક્ષનો પણ રસાનંદ કરાવે, હતાશ બનેલી પ્રજામાં નવો પ્રાણ પૂરે, જાગૃતિ ને જોશ લાવે, પોતાની પ્રજા તરીકેની પૂરી, સાચી અને સમર્થ એવી ઓળખ અને પ્રતીતિ કરાવે એ રીતે આ કથાઓનું રૂપ બાંધવાનું હતું.

મેઘાણી આ હેતુ અંગે પૂરા જાગ્રત હતા, ગંભીર હતા.એ જોઈ શક્યા કે પરંપરાગત રીતે જ ચારણ-બારોટ-તૂરી-તરગાળા-ભવાયા-નાથબાવા-ઘરના દાદા અને ડોશીમા વગેરે જે રીતે, જે શૈલીમાં કથા કહે છે એ ને એ રૂપમાં કથાઓ આવે તો અસ્વાદ્ય ન બને. આજના શિષ્ટ સાહિત્યથી પરિચિત વાચકને તે આકર્ષી



ન શકે ! તો બીજી બાજુ આવા પરંપરાગત વાર્તાકથનનાં અંગો-અંશોનો સર્વથા ત્યાગ પણ કરી ન શકાય, કેમ કે, આ પ્રકાર કંઈ આધુનિક ટૂંકીવાર્તા જેવી કલ્પિત કથાઓના નિરૂપણનો નથી પરંતુ લોકકથાનો છે. અને લોકકથાના પણ દંતકથા, વ્રતકથા, સંતકથા, બહારવટિયાકથા વગેરે જેવા સંબંધિત એવા જુદા જુદા પ્રકારો છે તેની કહેણીના અંશો પણ જાળવવા જોઈએ. મેઘાણી જોઈ શક્યા કે ચારણીશૈલીના વાર્તાકથનમાં કથાની માંડણી, દુહા-છંદથી વાતાવરણ જમાવવાની અને પાત્રના મનોભાવના વ્યક્ત કરવાની જે શક્તિ છે અને વર્ણનમાં પણ ચિત્રાત્મકતા છે, પ્રસંગનિરૂપણમાં જે નાટ્યાત્મકતા છે, તે પણ અપનાવવા જેવી છે. બીજી બાજુ એમનામાં રહેલો સર્જક એ પણ જાણી શક્યો કે આધુનિક ટૂંકી વાર્તામાં આરંભના ઉઘાડ અને અંતની સચોટતા છે, તે પણ ઉપયોગમાં લેવા જેવી છે. આથી મેઘાણીએ ૧. ચારણી-બારોટી શૈલીની કથાકથનશૈલી ૨. સ્વકીય સર્જકતા અને ૩. ટૂંકીવાર્તાનો આરંભ-અંતની સચોટતા - માર્મિકતા આ ત્રણેનો સમન્વય કર્યો અને પોતાની એક નવી જુદી શૈલી સિદ્ધ કરી.

લોકવાર્તાના આલેખનની આ શૈલીને શોધવાની અને સિદ્ધ કરવાની મેઘાણીએ જે મથામણ કરી છે તે વિશેની કેટલીક વીગત એમણે 'પરકમ્મા' ટાંચણપોથીનાં પાનાં, (ઈ. ૧૯૪૬)માં આપી છે. મેઘાણીએ એમના ક્ષેત્રકાર્યની વીગતો 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' (૧૯૨૮) અને 'સોરઠને તીરે તીરે' (૧૯૩૩)માં આપી તેમાં 'પરકમ્મા' (૧૯૪૬)માં ૧. લોકકથા, લોકગીત વગેરેની સામગ્રી આપનારની વિગત ૨. આ સામગ્રીને લિખિત રૂપ આપવા માટે જે નવી શૈલી ઘડી, નવી પદ્ધતિ અજમાવી તેની વીગત તથા ૩. ચારણી સાહિત્ય અને સંતવાણી પરનાં સંશોધનની વિગત આપી છે. અહીં એમણે દુહાઓને વણી લેતી ચારણી વાર્તાકથનની શૈલી અને આધુનિક ટૂંકી વાર્તા જેવું ગદ્ય સ્વરૂપ, એ બન્નેના સંમિશ્રણે લોકકથાના લિખિત રૂપના આલેખનની પોતાની શૈલી કેવી રીતે સિદ્ધ કરી તેની વિગત મળે છે. લોકકથાનો કથક જે રીતે વાર્તાના આરંભની ભૂમિકા બાંધે, એમાં જિજ્ઞાસા અને રસને અનુકૂળ એવાં વર્ણનો, દુહાઓ આવતાં જાય અને કથા મંડાતી જાય તેની વિગત 'વાર્તાકથનની તાલીમ' એ શીર્ષકના લેખમાં આપી છે. તેઓ લખે છે : 'વાર્તાઓ તો હુંયે માંડતો, એની કહેણી મનમાં ગોઠવતો. દાખલા તરીકે માત્રાવરૂ અને જાલમસંગવાળી સોરઠી પ્રેમશૌર્યવંતોની ભાઈબંધીની વાત કહેલી છે. કચ્છ દેશના એક વીરને વર્ણવવો છે. તો તેમાં શરૂઆતમાં આવે છે તે દેશનું વર્ણન : સંભારો કચ્છના દુહા... આમ દુહા કહીને વાર્તાની લીલાભૂમિનો ચિતાર ખડો કરવો.' (પૃ. ૬૭)

આમ સામગ્રી મેળવી એના લિખિતરૂપનો કલાદેહ મેઘાણી બાંધે છે અને આરંભ, મધ્ય અને અંત ત્રણે ભાગ ચોટદાર બને, વાર્તાનો કથાવેગ ક્યાંય શિથિલ ન બને, વાંચનાર દ્રવતી જિજ્ઞાસાએ એકધારો જ આ પ્રવાહમાં સાહજિક રીતે તણાતો રહે છે. લક્ષ્ય પર જ સીધી ગતિ કરતા બાણની જેમ ટૂંકીવાર્તાનું કથાનક આગળ વધે છે. ક્યાંય બીજા માર્ગે ફંટાતું નથી, એવું જ લોકકથાનું છે. અને કહેવાતી કથામાં પણ વર્ણનાદિનો ઉપયોગ કરવા છતાં ક્યાંય શિથિલતા ન આવે, શ્રોતાને કંટાળો ન આવે એની કથક દરકાર રાખે છે. કથાનકનું સંકલન, એનાં આદિ-મધ્ય-અંત, પાત્રાલેખન, વર્ણન, સંવાદ, વાતાવરણ : આ બધાં જ અંગોમાં મેઘાણી લાઘવ, ઔચિત્ય અને સચોટતા અહીં રજૂ કરે છે. બધી જ કથાઓ અહીં વાસ્તવિક રૂપમાં બનેલી છે, કોઈ એક વ્યક્તિના જીવનમાં, નિશ્ચિત સ્થળે અને નિશ્ચિત એવા સમયગાળામાં બનેલી છે અને તે પાત્રના જીવનમાં કટોકટીભરી નિર્ણાયક પળે બનતી ઘટના છે. આથી આવા સ્થળકાળનો પૂરો પરિવેશ અહીં મેઘાણી વર્ણન, સંવાદથી રચે છે. દરેક કિસ્સાની પાછળ વ્યક્તિની કસોટીએ ચડેલી મૂલ્યનિષ્ઠા છે એ જ મુખ્ય સંઘર્ષ લાવે છે. મેઘાણીના આલેખનમાં આથી જ કેન્દ્રમાં માત્ર પાત્ર કે ઘટના નથી, પરંતુ એ પાછળની મૂલ્યનિષ્ઠા છે. આથી એને જ મેઘાણી કેન્દ્રમાં લાવે છે. અહીં સ્થળ કે પ્રદેશ પણ મુખ્ય છે અને ભાષા કે બોલી એનો જ એક મુખ્ય ભાગ છે. આથી નિરૂપણના વર્ણનમાં, સંવાદમાં બધે જ તળપદી બાનીનો પાત્રાનુરૂપ પ્રયોગ મેઘાણીએ કર્યો છે. આમ પાત્રલેખન, સંવાદ, વર્ણન અને જીવનદર્શન એમ કથાનિરૂપણનાં બધાં જ અંગો જળવાયાં છે.

**પાત્ર અને પાત્રાલેખન**

'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ની પાત્રસૃષ્ટિ એક રાયથી માંડીને રંક સુધીની છે. અહીં રાજવી છે, ગામધણી ઠાકોર અને જાગીરદાર છે, સામાન્ય ખેડૂત અને ખેડમજૂર છે. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને અન્ય તમામ વર્ણ-જાતિ-જ્ઞાતિની વ્યક્તિઓ છે. પુરુષ અને સ્ત્રી હોય, હિંદુ કે મુસ્લિમ હોય : જે કોઈ મૂલ્યને વરેલાં છે, મૂલ્ય માટે માથાં આપ્યાં છે, સ્વાર્થ અને કાયરતાને બાજુએ મૂકીને જેમણે મૂલ્યનિષ્ઠ કર્તવ્ય બજાવ્યું છે તેવાં આ પાત્રો છે.

કથામાં સૌરાષ્ટ્ર છે, વિશેષતઃ ગ્રામીણ સમાજ છે. આ સામગ્રી જ આ પ્રદેશની છે. અને લેખકનો હેતુ પણ આ જ છે. તેઓ લખે છે : 'એકની એક જ વાત કહેવાની છે, કે પ્રાચીન સૌરાષ્ટ્રના હાર્દની એક પિછાન દેવાનો પરિશ્રમ છે. સૌરાષ્ટ્ર પોતાનાં પાંચ રત્નો વડે જ બીજા પ્રાન્તોથી જુદો પડે છે અથવા ઊંચો ચડે



છે, એમ નથી. સૌરાષ્ટ્રની વિશિષ્ટતા તો અનેક છે. સૌરાષ્ટ્ર એક અને એકલો જ છે. સૌરાષ્ટ્ર બે નથી. સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે તેથી અનેકગણો તો એ દટાયેલો પડ્યો છે.' (પુનઃમુદ્રણ : ૧૯૯૧, પૃ.૭)

અહીં રવાભાઈ, જટો, વલીમામદ, વીકમસી અને લખમસી (આહીરની ઉદારતા), બાબરિવાડનો માત્રાવરૂ, કચ્છનો જાલમસંગ, ઘેલાશા જેવા વીર તો વોળદાન રેફડિયા જેવા કાઠી, ભોળા કાત્યાળ, ધણીપણું ઊજળું દેખાડતા વડોદના ગજાભાઈ ગોહિલ, રાણજી ગોહિલ મોખડોજી, વજેસિંહ, વાજસૂર ખાચર, ઓઢો ખુમાણ, ચાંપરાજ વાળો, જેવાં પુરુષપાત્રો છે તો સ્ત્રીપાત્રોમાં પણ કેવાં-કેવાં ને ઉજ્જવળ !

રવાભાઈ ઘાયલ થાય છે તોય માતાને પોરસ ચડે છે – 'મારા દીકરાનું ગમે તે થાય, પણ મારી વસ્તીના જાનમાલનું રક્ષણ થયું એટલે રવોભા જીવતો છે એમ જ હું સમજું છું.' (૭) 'જટો હલકારો' પણ ક્ષત્રિયાણીનું સાચું રૂપ દર્શાવે છે. નમાલા પતિની સાથે જવાને બદલે તે સતી થાય છે. આ જ તત્ત્વ ચંડીનું રૂપ લેતી, અડપલું કરનારનું માથું લાકડાના આડે નાળિયેર જેમ વધેરનાર ગરાસણીનું રૂપાળીબાનું છે. પતિ કાપુરુષ હોવા છતાં ભરજુવાનીમાં પણ કામવૃત્તિને જીતનારી આયરાણી છે એવું જ ઉજ્જવળ પાત્ર સાંઈ નેસડીનું છે.

માત્ર ઉત્તમ અને આદર્શ પાત્રો જ અહીં નથી. જૂઠું બોલીને વાત છુપાવનાર, સ્વાર્થથી થેપલા ખવડાવનાર શેઠ પણ છે અને એવાં બીજાં પણ પાત્રો છે. એમ નારીપાત્રોમાં પણ માત્રાવરૂની પત્ની ધનલોભે નિર્દોષનું ખૂન કરે છે 'સેજકજી'ની વધૂ પણ ખૂની બદલો લે છે. પરંતુ ઉત્તમ, આદર્શ પાત્રોની સામે આવાં હીન પાત્રો ઓછાં છે. અને જે છે તે પાછળ મનોવૈજ્ઞાનિક ભૂમિકા જોઈ શકાય. 'સેજકજી'માં સાપનો નિર્ભય સામનો કરનાર પુત્રવધૂનો ત્યાગ થાય છે તે ડંખ જ એની વૈરવૃત્તિના મૂળમાં છે.

મેઘાણીના પાત્રાલેખનની વિશેષતા એ છે કે એ પોતે કેવળ વિધાન કે સૂત્રથી કોઈ પાત્રનું, એના ગુણ કે દોષનું આલેખન ન કરતાં એનાં કાર્યથી જ, ઘટનાથી જ પાત્રના આંતરનો પરિચય કરાવે છે અને સંવાદથી જ એમણે પાત્રના આંતરને તથા કોઈ પણ ઘટનાના મર્મને પ્રગટ કર્યાં છે.

**ભાષાશૈલી, વર્ણન અને સંવાદ**

લોકકથાના આલેખનમાં મેઘાણીએ સૌરાષ્ટ્રની તળપદી બોલીનો ઉપયોગ કરેલો છે. એક જ પ્રદેશની સર્વસામાન્ય બોલીમાં પણ કેટલાક જાતિગત તથા પેટા-

પ્રદેશના ભેદ હોય છે. સૌરાષ્ટ્રમાં કાઠી, મેર, આહીર, ચારણ વગેરેની બોલીમાં કેટલોક ભેદ હોય છે. મેઘાણીએ આવા બોલીભેદને પણ લક્ષમાં રાખ્યા છે તે સાથે પુરુષ તથા સ્ત્રીના કેટલાક રૂઢ પ્રયોગોમાં, વલણોમાં જે ભેદ છે તે લક્ષમાં રાખ્યા છે. કથાના નિર્વહણમાં, આલેખનમાં, વર્ણનાદિમાં સામાન્ય રીતે સર્વસામાન્ય કે શિષ્ટ એવી ગુજરાતી ભાષાનો ઉપયોગ કર્યો છે પરંતુ આમ કરતાં પાત્ર, પ્રદેશ અને ખાસ તો ગ્રામીણ પરિવેશને જ લક્ષમાં રાખ્યાં છે. ખૂબ ઊંચા મોલ માટે તેમણે 'ઊંટ પણ ઓરાઈ જાય એવા મોલ' (એટલે કે મોલ વચ્ચે ઊભેલો ઊંટ પણ ન દેખાય એવો ઊંટથી પણ ઊંચો મોલ) કે ભેંશનાં વાંકાં શીંગડાં માટે 'માથે દીવડો ઠેરવાય એવાં વાંકાં શિંગ' એવો પ્રયોગ કર્યો છે. તળપદી વાણીના નર્મ-મર્મ-લાઘવ, હાસ્ય-મજાક, માર્દવ ખાસ ધ્યાન ખેંચે છે એટલું જ નહીં, ઉપમા જેવા અલંકાર અને વાક્છટામાં તળપદી બોલીનો પ્રયોગ કર્યો છે. બહુ ઓછા-આછા શબ્દોમાં પાત્રનું કે પદાર્થનું વર્ણન કરવામાં આવ્યું છે. અને પ્રસંગનું આલેખન નાટ્યાત્મક હોય છે. એમાં પ્રસંગને તાદૃશ કરવાની શક્તિ સાથે જ ગતિ દેખાય છે. દૃશ્ય શબ્દો અને માર્મિક રૂઢપ્રયોગો અહીં છે. 'ધંધે લાગી ગઈ' જેવા દુહાના લાક્ષણિક પ્રયોગો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. હાથ માટે 'હેમની દીવી જેવો' હોય, કે આરબ દ્વારા બોલાતા સંવાદોની અર્ધ હિંદી-ગુજરાતી બોલી હોય, રોંઢો ને રોંઢાટાણું જેવો પ્રયોગ હોય કે 'કાઠી ભાગે તોય ભડનો દીકરો' (પૃ. ૭૧) બધે જ તળપદી બોલીનો ધબકાર છે. ચારણી બોલીના 'મામાહી ભણો સૂરજનો પુત્રો મું કીં સંતાડીને બેઠો છે ? (મામાને કહો સૂર્યપુત્ર એટલે કે કાઠી મોઢું સંતાડીને કેમ બેઠો છે ?) (પૃ. ૧૬); 'વાવણી ને ઘી-તાવણી ! મ્હું ઢાંકીનેય વાવણી કરવી પડે ઠાકોર !' (પૃ. ૮૪); 'કંગાળ બે બળદો... કાગડાએ ઠોલી ઠોલીને લોહીલુહાણ કરી નાખેલાં કાંધ' (પૃ. ૧૦૬); 'કરણ મહારાજનો પહોર' (=સવાર) (પૃ. ૧૧૮); 'હસલીના મોઢા જેવું અંધારું' (પૃ. ૧૨૬) વગેરેમાં આ તળપદી બાનીનું સામર્થ્ય જોવા મળે છે.

**સંવાદ**

પાત્રના વ્યક્તિત્વને, એના મનોગતને અને પ્રસંગને મેઘાણી એના સંવાદના માધ્યમે જ પ્રગટ થવા દે છે. અહીં ૨૪માંથી ભાગ્યે જ કોઈ એવી કથા હશે જેમાં તળપદી બોલીનું સામર્થ્ય, પાત્રની મનોદશા અને પ્રસંગનું મૂળ હાર્દ અને માર્મિકતા ન હોય ! સંવાદ પાત્ર અને પ્રસંગ બન્ને વિશે ઘણું કહી જાય છે.

જુઓ કેટલાંક દૃષ્ટાન્ત : પૃષ્ઠાંક પુનર્મુદ્રણ, ઈ.સ. ૧૯૯૧ના છે.



૧. સોનેમઢ્યું સવાર. ઉપમા. પૃ.૩
મારા પ્રાણ જાય તો ભલે, પણ મને મારા ભાઈઓ દવા તરીકે પણ દારૂ પાવા દેશો નહીં : રવાભાઈ : પૃ.૭
મારા દીકરાનું ગમે તે થાય, પણ મારી વસ્તીના જાનમાલનું રક્ષણ થયું એટલે : રવાભાઈના મા : પૃ. ૭

૨. બાયલા ધણીની ઘરનાર સમી શોકભરી સાંજ : જટોહલકારો : પૃ. ૯
આવનારો અજાણ્યો પુરુષ પણ સ્ત્રીજાતને મન સગા ભાઈ જેવો લાગે છે. પૃ. ૧૧
અલ્યા પછાડો ઈ સતીની પૂંછડીને : કોળી લુટારો : પૃ. ૧૧
હાલશે ક્યાં ? બાયલા ! શરમ નથી થાતી ? પાંચ ડગલાં હારે હાલનારો ઓલ્યો બ્રાહ્મણ ઘડીકની ઓળખાણે મારા શિયળ સાટે મરેલો પડ્યો છે : પૃ. ૧૨

૩. વાવને માથે માના ખોળા જેવી ઘટા પાથરીને એક જૂનો વડલો ઊભો હતો. વર્ણન : ઉપમા : પૃ. ૧૩
ના રે બાપુ ! અમે તે જોખમ રાખીએ ! પંડે પંડ જ છું. પૃ. ૧૩
હઠ્ઠ બનિયા ! ખોટું બોલ્યો હતો કે ! લાવ હવે ડબો : પૃ.૧૪
વલીમામદ હવે તું તારે ઘોડી હાંકી મૂક. જા, તારી જિંદગી બચાવ. મને એકને મરવા દે : પૃ. ૧૪
હમ ઉસકા અનાજ ખાયા. પૃ.૧૪
ચાઉસ વલીમામદ
અરે શરમ છે ! બાર બાર જણાની વચ્ચે આરબ ડબરો લઈને જાશે ? : પૃ.૧૫
મારો ચોર સોંપી દિયો નહીં તો... ગામ સળગાવી દઈશ : પૃ. ૧૬
ગીગા, શરણે આવેલાને ન સોંપાય. હું ચારણ છું : પૃ. ૧૬
વીકાભાઈ-ગીગાને પારકી થાપણ હવે એને સાપના ભારા જેવી થઈ પડી હતી : પૃ. ૧૬
ઓ જાય ઊંટ ઉપર ચડેલા સંધીઓ - બંદૂક અને શેઠાણી બેયને લઈને : પૃ.૧૭

૪. કે મારે પરણવું નથી : ઠાલા મારા વીવા કરશો નહીં : વીકમશી : પૃ. ૨૫
તું મને અડીશ મા ! આયરાણી હું નકામો છું. વીકમશી : પત્ની સોનબાઈને : પૃ. ૨૬

હું પુરુષાતનમાં નથી. માબાપને-
માવતર જઈને ખુશીથી બીજો વીવા ગોતી લેજે : પૃ. ૨૬
તું સુખેથી જા. હું રાજીખુશીથી રજા દઉં છું : પૃ. ૨૭
આયર ! ધક્કો દઈને સીદ કાઢો છો ?
છીંક આવે તેવું ફળિયું ફૂલ જેવું ચોખ્ખું. વર્ણન : ઉપમા : પૃ. ૨૭
મારી પદમણી જેવી દીકરી જીવતા રંડાપામાંથી ઊગરી ગઈ : પૃ. ૨૯
હું તો સુખી જ હતી. છતાં શું કામ રઝળાવી ? : પૃ. ૩૧
ત્યારે તારો ભવ બગાડું ?
બગાડવામાં હવે શી બાકી રહી આયર ?
ભાઈ ! મારા જીવનદાતા ! માતાજીની મહેર થઈ ગઈ.
મારો નવો અવતાર થયો : વીકમશી - લખમશી : પૃ. ૩૪
લખમશીભાઈ ! ચામડાનાં જોડાં સિવડાવું : ૩૪

૫. આવા ઉપર બાબરિયાણી મોહે ? આ મુદડા ઉપર ? માત્રાવરૂ : પૃ. ૩૮
ઠીક જા. જલદી શિરામણ તૈયાર કર : પૃ. ૩૮
બસ માત્રાવરૂ, હવે તો અધૂરી મહેમાનગતિ પૂરી કરો. જાલિમસિંહ : પૃ. ૩૯
ભાઈ ! જો આમ હતું તો એ વખતે ઘોડી કાં ન લીધી ? : પૃ. ૩૯
અરે બાપ ! મારી દશા ફરી, એટલે જ મને કુમત્ય સૂઝી : પૃ. ૩૯
હા, આવ બેટા ! હું જ તારી ફુઈ છું. આવ મારા ખોળામાં : પૃ. ૪૧
તેં - તેં - આ ગજબ કર્યો ? : પૃ. ૪૨
શા માટે નિર્દોષને પીટો છો ? આ રહ્યાં અપરાધી : માત્રાવરૂ-જાલીમને : પૃ. ૪૨
અરે ! ગજબ થયો. ગગુ પડી ગયો. જાલિમસિંહ, માત્રાવરૂ પત્નીને બચાવવા : પૃ. ૪૩
ગગુ તો ઘણા મળશે પણ તમ સરખો ભાઈ ખોઈ બેસું ? : પૃ. ૪૩

૬. આ લે મારી ઘોડી. જા નાસી જા. ઘેલાશા : પૃ. ૪૯
માળો કાઠી લોંઠકો ! મારી ઘોડી લઈને ભાગી ગયો ! પૃ. ૪૯
તુંને એમ ન મારું. મારે તો તારો ગર્વ ઉતારવો હતો : પૃ. ૪૯
કાં ગઢવા શું થયું છે ? કેમ ટૂંટિયા વાળીને સૂતા છો ? : પૃ. ૫૧
અન્નદાતા, બરવાળાને સીમાડે મારા પગ ઠબે છે : પૃ. ૫૧
માગાં તો દીકરીનાં જ હોય, વહુનાં ન હોય : પૃ. ૫૩



મારે મારા ધણીને લૂણહરામ નથી થવું... ભલું ચિંતવીશ : પૃ. ૫૪
શેઠ ! ત્યારે તો હવે મારી દીકરી લીંબડીમાં જ વરશે : પૃ. ૫૬ (વટ)
તમારા દીકરા મોરભાભાઈનું વેવિશાળ આ ધાંધલપુર : પૃ. ૫૬

૭. ભેંશનું વર્ણન : મોટાં માથાં :કોડિયામાં દીવા કરીને મૂકી શકાય તેવાં વળેલાં બબ્બે ત્રણ ત્રણ આંટા લઈ ગયેલાં શીંગ : પૃ. ૬૩
આપણી ભેંશુ કાઠીને ઘેર એટલે તો ભગવાનને ખોળે : પૃ. ૬૫

૮. એમ કે ? કાઠીભાઈ ભાગે તોય ભડનો દીકરો કે ? દરબારનો ટોણો : પૃ.૭૧

૯. એક વાર મરી જુઓ, પછી જોઈ લેશું.. આવડતા : પૃ. ૭૬

૧૦. પટેલ ! જાવ તો ભલે જાવ; પણ જે ધણી કેડનો ટેકો દઈ... : પૃ. ૮૨

૧૧. વાવણી ને ઘી-તાવણી ! મ્હું ઢાંકીનેય વાવણી કરવી પડે ! : પૃ. ૮૪
ઊંટ ઓરાઈ જાય તેટલા ઊંચા છોડવા : વર્ણન-ઉપમા : પૃ. ૮૫

૧૨. કરણ મહારાજનો પહોર : પૃ. ૧૮. ઉપમા. કર્ણ સવારે દાન દેતો તેથી સવાર = કરણનો પ્રહર
ભાઈ કહીને ભાણેજનાં રખવાળાં ભળાવે છે : પૃ. ૧૧૮
આવ્ય, બાપ ઉન્નડ, આવ્ય... તને પાલીતાણાની ગાદી ઉપર બેસાડું : પૃ. ૧૧૯

૧૩. હબસીના મોઢા જેવું અંધારું - ઉપમા. વર્ણન : પૃ. ૧૨૬
પીઆલા જેવી તલવારો - ઉપમા : ૧૨૯

**શીર્ષક**

કહેવાતી કથાને તો કોઈ શીર્ષક હોતું નથી, પરંતુ એને જ્યારે લિખિત રૂપ અપાય ત્યારે શીર્ષક જરૂરી બને છે. અહીં મોટે ભાગે પાત્ર કે ઘટનાને જ કેન્દ્રમાં રાખીને કથાનાં શીર્ષક આપ્યાં છે તો ક્યાંક કોઈ પાત્રની સંવાદની ચોટદાર ઉક્તિનો ઉપયોગ કર્યો છે. જટો હલકારો, વલી મામદ આરબ, ગરાસણી, ઘેલાશા, ભોળો કાત્યાળ, દેપાળ દે, સેજકજી, રાણજી ગોહિલ, મોખડોજી, ઓઢો ખુમાણ, ચાંપરાજ વાળો, સાંઈ નેસડી એમ મોટા ભાગની કથાઓને ઉચિત રીતે જ પાત્રનાં નામનાં શીર્ષક અપાયાં. 'રંગ છે રવાભાઈ'માં અંતની પાત્રની ઉક્તિ છે એમાં કલાત્મક રીતે પાત્રનામ આવ્યું છે તે સાથે આ ઉક્તિ જે બહારવટિયાઓને રવાભાઈએ મારી હટાવ્યા તેની છે. અહીં એક વિશિષ્ટ મૂલ્ય છે તે શત્રુની પણ વીરતાને બિરદાવવાની ઉદારવૃત્તિ, વીરપૂજાનો આ પ્રજાનો આદર્શ. આહીરની ઉદારતા, ભાઈબંધી, ભેંશોનાં દૂધ, આહીર યુગલના કોલ, આનું નામ તે ધણી,

બોળો વગેરેમાં મૂળભૂત જે ઘટના છે તેને જ કેન્દ્રમાં રાખીને શીર્ષક આપ્યું.

**મૂલ્યનિષ્ઠા**

રસધારની બધી જ કથાઓ કોઈ એક મૂલ્યને અને એને જીવનમાં ઉતારતાં નર કે નારીને પ્રતિષ્ઠિત કરે છે. અહીં રાજધર્મ, શત્રુની પણ વીરતાને બિરદાવવાની વૃત્તિ, શીલરક્ષા, નમકહલાલી, વચનપાલન, અજાણ્યા કે કૃતઘ્ન બનેલા પ્રત્યે પણ સદ્‌ભાવ, પ્રાણાન્તે આશ્રિતનું અને વચનનું પાલન, સતીત્વ માટે શૌર્ય અને જાતકુરબાની, લગ્ન એટલે પવિત્ર પ્રેમનું બંધન - માત્ર કામવૃત્તિનો સંતોષ નહીં; મૈત્રી માટે બલિદાન, શત્રુને જગાડી - તક આપીને યુદ્ધનું આહ્‌વાન, પરાજિત શત્રુને જીવનદાનનો વીરધર્મ, પ્રજાના નાના સ્વાર્થ સામે આંખ આડા કાન કરવા જેવાં મૂલ્યોની પ્રતિષ્ઠા આ ઘટનાઓ કરે છે. મૂલ્યનિષ્ઠા અને મૂલ્ય માટે બલિદાન આ કથાઓનો મુખ્ય સૂર છે.

આમ શુદ્ધ શાસ્ત્રીય નિરૂપણની દૃષ્ટિએ નકારાતી આ કથાઓ લોકકથાને લોકપ્રિય અને આધુનિક વાચકોને રસ લેતા કરવામાં એક સીમાચિહ્ન ગણી શકાય.

આમ, અહીં કેવળ ભાગ ૧ ની કથાઓના આધારે સાહિત્ય અને લોકસાહિત્ય બન્નેના પરિપ્રેક્ષ્યમાં વિચાર કર્યો છે. તે સ્પષ્ટ કરે છે કે વિકસિત કે પરિપક્વ એવા શાસ્ત્રીય પદ્ધતિના ધોરણને જ દૃષ્ટિમાં રાખી અમુક ગાળાના અમુક સંગ્રહો લોકસાહિત્યમાં સમાવેશ ન જ પામે એવા આત્યંતિક દૃષ્ટિબિન્દુને બદલે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આજે પણ આ કથાશ્રેણી કૃતિનિષ્ઠ સાહિત્યિક અને લોકસાહિત્યિક દૃષ્ટિએ તપાસવી અનિવાર્ય છે. એ જ લોકસાહિત્યના સિદ્ધાંતલક્ષી અધ્યયનમાં સહાયક છે. નવી વિદ્યાશાખાના અભ્યાસમાં ઇતિહાસનો કોઈ તબક્કો તજી ન શકાય. અહીં બીજી એ બાબત પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે વિશ્વના બધા જ દેશોમાં કથ્ય તેમજ પૂર્વે જેનાં લિખિતરૂપ બંધાયેલાં તેવી લોકકથાઓનાં સંપાદકો દ્વારા આધુનિક વાચકોને દૃષ્ટિમાં રાખીને લેખન થયાં જ છે, કથક દ્વારા કહેવાતી કથાનું જ યથાતથ મુદ્રણ-સંપાદન ટેપરોકોર્ડરની સુવિધા પછીનો બીજો તબક્કો છે. પહેલા તબક્કામાં વિશ્વમાં બધે જ સંપાદકોએ લેખક તરીકેની કામગીરી બજાવી છે અને લોકસાહિત્ય-ફૉકલોર વિશે નેટમાં તપાસ કરશો તો એમાં 'હાઉ ટુ રાઈટ અ ફૉકટેઇલ' પણ મળશે. જોકે એ સાચી કે શુદ્ધ પદ્ધતિ નથી. પરંતુ એક તબક્કાની અનિવાર્યતા હતી. વેદથી આરંભી જાતકકથા, ઉપદેશપદ, વસુદેવ-હિંડી, કથાસરિત્સાગર વગેરેમાં પણ કથાનકના હાર્દને જાળવીને તેનાં પુનઃલેખન થયાં છે. ડેકોમેરૉન વગેરેમાં પણ Retold છે જ. અને દાદા-દાદી કે આપણો કોઈ માહિતીદાતા પણ જ્યારે કોઈ કથા કહે તે self told છે, retold છે, એમાં પણ કથકનાં પોતાનાં વલણો-વળગણો-રૂપાન્તરો-ઉમેરણો હોય છે. અભ્યાસીએ આવા વ્યક્તિગત અંશો ગાળવાના હોય છે. તાત્પર્ય એટલું જ કે આપણા પૂર્વસંચિત સંચયોનું આ દૃષ્ટિએ અધ્યયન-મૂલ્યાંકન થવું જરૂરી અને ઉપયોગી છે. તેમાં પણ મેઘાણીનાં કથાસંપાદનો તો શ્રી. જયંત મેઘાણી જેવા દૃષ્ટિસંપન્ન તટસ્થ સંપાદક દ્વારા પુનઃસંપાદન પામ્યાં છે અને એમાં મેઘાણીએ કેટલાંક કારણથી રદ કરવાપાત્ર માનેલી કથાઓ પણ છે. આથી આ કથાઓ સાહિત્યિક-લોકસાહિત્યિક દૃષ્ટિના સમતોલ અભ્યાસમાં લેવી અનિવાર્ય છે.



❖

૯

# મેઘાણી : લોકકથાઓના સંપાદક કે સર્જક ?

**ડૉ. સુહાસ એ. ડાભી**

'સૌરાષ્ટ્રની રસધાર'ના સંદર્ભોને આધારે જ જણાવી શકાય કે મેઘાણીએ લોકકથાના ક્ષેત્રમાં ઘણું મૂલ્યવાન પ્રદાન કર્યું છે. એમણે એકલે હાથે લોકસાહિત્યની ધૂણી ધખાવી હતી. લોકકંઠે જળવાયેલ અપ્રગટ સાહિત્યને એકઠું કરવાની જહેમત મેઘાણીએ કરી. મેઘાણીએ માત્ર સાહિત્યસર્જન કર્યુ નથી, તેમણે લોકસાહિત્યના સંશોધન, સંપાદન, સમાલોચનને પોતાનું જીવનકાર્ય બનાવી દીધું હતું. કવિતા, નવલિકા, નવલકથાઓનું વિપુલ માત્રામાં સર્જન કરી તેમણે ગાંધીયુગના પ્રમુખ સર્જકોમાં આગલી હરોળમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પરંતુ તેમની ખરી ઓળખ તો લોકસાહિત્યના સંશોધક-સંપાદક તરીકેની જ રહી છે. તેમનું મૂળભૂત કાર્ય જ લોકસાહિત્ય એકત્રીકરણનું-સંપાદનનું અને આલોચનાનું હતું.

મેઘાણીના સંપાદકત્વ અને સર્જકત્વ પરત્વેના મારા અભ્યાસ લેખમાં મેં મેઘાણીનું દષ્ટિબિંદુ, અન્ય અભ્યાસીઓના મંતવ્યો અને લોકકથાઓનાં દષ્ટાંતો ટાંકીને મારા સ્વાધ્યાયના નિષ્કર્ષરૂપે મેઘાણી સંપાદિત લોકકથાઓ સંદર્ભે એમના કર્તુત્વનાં પ્રભાવનું પરિણામ નિષ્કર્ષરૂપે પ્રસ્તુત કરાવનો ઉપક્રમ યોજ્યો છે.

**મેઘાણીનું દષ્ટિબિંદુ :**

લોકવાણીમાં તેમનો પ્રધાન રસ ઉલ્લાસલક્ષી છે. અને તેમાંથી તેમણે



રસોલ્લાસક સૌંદર્યનું શોધન કર્યું છે. અને આ રસોલ્લાત્સતામાં જ તેમણે સર્જનની સાર્થકતા પ્રમાણી છે. એટલું જ નહિ, તેમણે એવી કબૂલાત પણ પ્રામાણિક રીતે કરી છે કે આ પુસ્તકોમાં પડેલું તમામ લેખન શુદ્ધ શાસ્ત્રીય ન કહેવાય. પણ લોકસાહિત્યના વિષય ઉપર જેમને ઉદ્યમ કરવો હોય તેમના ખપની અસલ સામગ્રી તેમણે એકઠી કરી છે.[૨]

(લોકસાહિત્ય : ધરતીનું ધાવણ. ખંડ—૧ (૧૯૭૨), પૃ.૯)

મેઘાણીએ સૌરાષ્ટ્રની વિલુપ્ત થતી જતી તળપદી લોકસાહિત્યની સંસ્કારિતાના અર્કને સાચવી લેવાનો પ્રયાસ કર્યો છે — એમ તેમણે પોતે જ સૌરાષ્ટ્રની રસધાર-૧ ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે. સૌરાષ્ટ્રની રસધાર-૧ની પ્રસ્તાવનામાં તેમણે નિર્દેશ કર્યો છે : સૌરાષ્ટ્રની કેટલીએક કવિતા કેટલીએક શૌર્યવંત વ્યક્તિઓના ઈતિહાસની સાથે આલિંગીને ઊભી છે. બધી જ કવિતાઓ કોઈ નાલાયક પુરુષોની નથી. ગોહિલકુળ, જેઠવાકુળ, ઝાલાકુળ અથવા ખારાર ખુમાણ વગેરે નામાંકિત કાઠી-કુળોના એ બધા પુરુષો મહાન હતા. તેઓની જીવનકથાઓ, વિના-કવિતાઓ પણ કવિતા સરખી જ રસવતી છે. જ્યાં જ્યાં જીવનની મહત્તા, ત્યાં ત્યાં કવિતા તો સદાય પોતાની મૌન-વીણા લઈને બેઠેલી જ હોય છે. એ બધું સાહિત્ય પ્રગટ કરવાનો સૌરાષ્ટ્રનો મનોરથ છે. પ્રાચીન સૌરાષ્ટ્રના હાર્દની આ એક પિછાન દેવાનો પરિશ્રમ છે. (સૌરાષ્ટ્રની રસધાર – ૧, પૃ. ૬)

'સૌરાષ્ટ્રની રસધાર'ના ૧ થી ૫ ભાગોમાં સંપાદિત કરેલી લોકકથાઓ માટે તેમણે 'વાર્તાઓ - વાતો' શબ્દોનો વિનિયોગ કર્યો છે. તેમણે કહ્યું છે :

આજથી બરાબર એક વરસ પહેલાં સૌરાષ્ટ્રની અંદર ચાર વાર્તાઓ પ્રગટ થયેલી. 'રસધાર'નો ઝરો તે વખતથી શરૂ થયો. એ વાર્તાઓને મળેલા લોક-સત્કારથી જ રસધારને પુસ્તકાકારે પ્રયોજવાની પ્રેરણા થઈ. એ મંગળમુહૂર્તનું ને પ્રેરણાનું માન હડાળાના વિદ્વાન તેમજ રસજ્ઞ દરબારશ્રી વાજસુરવાળાને ઘટે છે. 'ચાંપરાજવાળો'ને 'ભોળો કાત્યાળ' એમની જ કહેલી વાતો છે. કેટલાયે વાચક યુગલોની આંખોમાંથી આંસુ પડાવનાર 'આહીરની ઉદારતા' અને પ્રબળ પાપનું પરિણામ પણ એમણે જ લખી મોકલેલી બે વાતો. રસધારના આરા પર એમનું નામ કાયમ અંકાયેલું રહેશે. (સૌરાષ્ટ્રની રસધાર - ૧, પૃ.૬)

સૌરાષ્ટ્રની રસધાર-૧ની 'રંગ છે રવાભાઈને' લોકકથા મેઘાણીને વડોદવાળા પોપટલાલ છગનલાલ પાસેથી મળી હતી. લીંબડીના રાજકવિ શ્રી શંકરદાનભાઈ રસધારની અશુદ્ધિઓ દૂર કરવામાં અને કેટલીક વાર્તાઓને લગતી

દુહા કવિતા વગેરે સાહિત્ય મેળવી આપવામાં ઉપયોગી થયા છે એની નોંધ મેઘાણીએ હર્ષભેર લીધી છે.[૩] (એજન. પૃ.૭)

એ જ રીતે, કાઠિયાવાડની ચારણ કોમના મુરબ્બી - ભાવનગરના રાજકવિ પિંગળશીભાઈએ 'રસધાર'ના વહેણનો ખડબચડો માર્ગ સરખો કરી આપ્યો હતો અને 'રા' નવઘણ'ની વાર્તા એમની પાસેથી મેળવી હતી એની નોંધ પણ મેઘાણીએ ઊલટભેર લીધી છે.[૪] (એજન. પૃ. ૭)

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આપણે જેને લોકકથાઓ તરીકે ઓળખવા માગીએ છીએ એ લોકકથાઓ મેઘાણીજીને આ રીતે લોકસાહિત્યના જાણતલ, રસજ્ઞો, તજ્જ્ઞો પાસેથી ટાંચણરૂપે કે શ્રવણપાનથી મળી છે. મેઘાણીએ તેમનું સંપાદન વાર્તા-કથા રૂપે કર્યું છે. મતલબ કે મેઘાણીએ કંઠોપકંઠ ચાલી આવેલી એ લોકકથાઓનું માત્ર પુનઃકથન નથી કર્યું. પણ, પુનઃસર્જન કે પુનઃઘટન પણ કર્યું છે. એ હિસાબે આપણે મેઘાણીને સંપાદકની સાથે સર્જક પણ કહેવા જ પડે.

**અન્ય અભ્યાસીઓના મંતવ્યો :**

દિનેશ કોઠારીએ નોંધ્યું છે તેમ, લોકસાહિત્યનું સેવન કરતાં કરતાં તેમણે સૌરાષ્ટ્રના આત્માને પિછાણ્યો હતો. લોકસાહિત્ય પ્રત્યેની સમાજની સૂગ દૂર કરીને લોકસાહિત્યના કસુંબાને ઘરઘરનું પીણું બનાવવાનો તેમને મનોરથ હતો.

મેઘાણીએ સંપાદનમાં મુખ્યત્વે સાહિત્યિક અને ગૌણપણે સામાજિક દષ્ટિકોણની મર્યાદામાં રહીને જ કામ કરવાનું સ્વીકાર્યું છે.[૧]

(એજન, પૃ. ૫૪૦)

ડૉ. હસુ યાજ્ઞિકના મત મુજબ, કથક વાર્તા જાણે છે એની કહી શકે છે, એવા કથક પાસેથી વાર્તા સાંભળી, ધ્વનિમુદ્રિત કરી કે લખી લઈને 'લોકકથા' મેળવી શકાય છે. આવા કથકોમાં ભાટ-ચારણાદિ વ્યાવસાયિકો, વૃદ્ધ જાણકારો, વાર્તાની કહેણીની કુનેહ ધરાવતા માહિતીદાતાઓનો સમાવેશ થાય છે. શ્રી ઝવેરચંદ મેઘાણીની સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર વગેરેની જે કૃતિઓ છે, તે આ પ્રકારના સંપાદનની છે. શ્રી મેઘાણીનો મુખ્ય હેતુ લોકસાહિત્યનાં સંશોધન, સંપાદનની સાથે જ તેમના પર બીજી મોટી જવાબદારી હતી અને તે એ હતી કે (લોકસાહિત્ય એટલે) નિમ્ન અને નિરક્ષર લોકોની સામાન્ય ઘેલી વાતો - એવા ખ્યાલ અને ભ્રમ દૂર કરવાનો હતો અને લોકસાહિત્યમાં લિખિત શિષ્ટ સાહિત્ય પરંપરામાં જ ઉત્તમ સાહિત્યતત્ત્વ છે તે પ્રગટ કરીને 'લોકસાહિત્ય'ને એના વાસ્તવિક



પ્રતિષ્ઠિત સ્થાને બેસાડવાનો હતો એ સાથે જ આપણી ગ્રામસંસ્કૃતિ, લોકસંસ્કૃતિ, પુરાણો સમાજ, એમનાં નીતિ-રીતિ, જીવનના ખ્યાલો અને અભિગમો કેટલાં ઉત્તમ છે કે એ બતાવવાનો અભિનિવેશ પણ હતો. રંગદર્શિતાનો અનુરાગ હતો. અને પોતે માત્ર પંડિત નહીં, મર્મજ્ઞ કલાકાર પણ હતા. આથી કોઈ પણ પ્રકારની, કોઈ પણ બાનીને, ભાષાશૈલીને અદ્ભુત સામર્થ્યથી આલેખી શકતા હતા. 'સોરઠી બહારવટિયા' અને 'સૌરાષ્ટ્રની રસધાર'થી 'માણસાઈના દીવા' ભાવ-ભાષા-શૈલી-મિજાજ-હેતુ વગેરેથી કટેલા જુદા પડે છે. ('ગુજરાતી લોકસાહિત્ય', ગુસા. અકાદમી, પ્ર.આ. ૧૯૯૫ પૃ. ૩૭૦)

નજીકના કે દૂરના ભૂતકાળમાં બનેલી ઘટનાઓ, પ્રસંગો અને એમાં દિવ્ય-ઉદાત્ત ભાવોથી આકર્ષાઈને મેઘાણીએ આ બધી કથાઓ વૃત્તાંતોને સાંભળ્યાં છે. અલબત્ત, એ વખતે ધ્વનિમુદ્રણની આધુનિક સગવડો નહોતી જ, તેમ છતાં હાથવગાં સાધનોનો ઉપયોગ કરી તેમનું વાર્તારૂપ સંપાદન કરીને તેનું પુનઃસર્જન કરી બતાવીને સૌરાષ્ટ્રની ધીંગી ધરાનો પરિચય કરાવવા માટે એ બધી વાતો-વૃત્તાંતો-કથાઓનું સંવહનકર્મ કર્યું છે એમ પણ કહી શકાય. સંવાહક બનવું એ પણ બહુ મોટું કાર્ય છે. મેઘાણી જેવા લોકસાહિત્યના, લોકકથાઓના સર્જક-સંવાહક ન મળ્યા હોત તો શું થાત ? એ પણ વિચારવું જોઈએ. કારણ કે ડૉ. હસુ યાજ્ઞિકે નિર્દેશ્યું છે તેમ, મેઘાણીની લોકકથાઓનાં વાર્તારૂપ સંપાદનોને લોકોનો અદ્ભુત આવકાર મળ્યો અને વાચકોનો જે ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો એથી પ્રેરાઈને મેઘાણી-અનુયાયીઓનો ખૂણે-ખૂણેથી લોકકથાસંચયોનો રાફડો ફાટ્યો ત્યારે પ્રો. કનુભાઈ જાની જેવાને જાહેર આક્રોશ કરવો પડ્યો. (એજન, પૃ. ૩૭૧)

આ મેઘાણી સંપાદિત વાર્તારૂપ લોકકથાઓમાં એવું તે શું છે એમાં ? કે જેના કારણે 'સૌરાષ્ટ્રની રસધાર' આજે પણ આપણને ધ્યાનાકર્ષિત કરતી રહે છે ?

મેઘાણીના શબ્દોમાં જ કહીએ તો બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલતાં હોય છે તેમ સોરઠી પ્રજાની દુનિયામાં પણ બની ગયું. આજે 'કાંટિયા વરણ' કહીને જેની આપણે અવગણના કરી છે, તે બધી જાતિઓના ચહેરા નીરખી જુઓ : એના પહેરવેશ, રીત-રિવાજ, દાઢીમૂછના વળાંક, આંખોની અણીઓ અને ભમ્મરના ભાલા નિહાળો : એની રમણીઓનાં અંગ-લાવણ્ય, અવાજની મીઠાશ, ગાવાની હલક, ઓરડાની કલાકારીગરી, સીવણગૂંથણના શણગાર એ બધું તપાસો, એ બધાંમાં અનેકવિધ સંસ્કારોની રળિયામણી ભાત પડી છે. એક મેઘાણીના દેહને નિહાળો, ચોવીસે કલાક પરિશ્રમ કરતા કણબણ જેવા એના સ્નાયુઓ છે, રાતદિવસ

ધૂળમાં રોળાતાં એ અંગોમાં રાણીવાસની કોઈ તન્વંગી રજપૂતાણીનાં રૂપ નીતરે છે. અને છતાંય કામદેવની કામઠી સરીખાં એનાં નેણની કોઈ ચારણી જોગમાયાની અગ્નિ ઝરતી આંખો ઝબે છે. (સૌરાષ્ટ્રની રસધાર : ભાગ-૩, પૃ. ૧૦)

મેઘાણીજીએ સરસ ઉપમા પ્રયોજી છે :

બગીચાની અંદર વસંતના વાયરા વાયા અને સેંકડો પુષ્પો જાણે હોરી ખેલવા નીસરીને સામસામાં પોતાના પરમાણુઓ ફેંકી ફૂલદડે રમ્યાં. ભભક પણ અક્કેક ફૂલમાંથી જાણે વિવિધ જાતની ફોરી. એમ કાઠીઓ અને કોટીલાઓ, મેરો અને ખસિયાઓ, આયરો અને ચારણો, એ બધા પણ ભાતભાતના લોહી-મિશ્રણમાંથી રંગાઈને ખીલેલાં માનવપુષ્પો છે. અને એવી મિલાવટમાંથી જન્મેલી સુવાસ સોરઠી સાહિત્ય રૂપે, શૌર્ય-કથાઓને અને પ્રેમકથાઓને રૂપે, સુખદુઃખના રાસડાઓ, વાજિંત્રો, કલા-કારીગરીઓ અને ગાર-ગોરમટીને રૂપે મંદ મંદ મહેકી રહી હતી. સોરઠી જીવનને એણે સુવાસિત બનાવ્યું હતું. આજ એ સુવાસ બંધ પડી છે. એ રંગોની ઉપર રજ પડી છે. આજ સંસ્કૃતિનાં પારણાંમાં હીંચેલી એ બધી જાતિઓ બળાત્કારે જીવે છે. વિકૃત બનીને ઊલટું આપણી સંસ્કૃતિને વિશે ભુલાવો ખવરાવે છે. (સૌરાષ્ટ્રની રસધાર – ૩, પૃ. ૧૦) મેઘાણીએ એ શૌર્ય-પરાક્રમની, પ્રેમકથાઓના ભવ્યોદાત્ત આદર્શોથી મઢેલી, ભુલાઈ ગયેલી, ધૂળમાં દટાઈ ગયેલી, કથાઓ ઉપરથી રજોટી ઉડાડીને હૃદયસ્પર્શી પ્રસંગોને સંપાદનસુઝ દ્વારા પુનઃસર્જિત કરવાનું સર્જકકર્મ નિભાવી બતાવ્યું છે. કેવી કેવી કથાઓ છે સૌરાષ્ટ્રની રસધારમાં ? ભાગ-૧ માં કુલ ૨૪ કથાઓ છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

**લોકકથાનાં સંપાદન સર્જનાત્મક દૃષ્ટાંતો :**

'સાંઈ નેહડી' કથાની માંડણી, એનો કથાવેગ, કથનશૈલીના વાંકા-વળોટો જુઓ :

'મધરાત હતી. બારે મેઘ ખાંગા બનીને તૂટી પડ્યા હતા. ઊંચે આભ ભાંગે તેવા કડાકા-ભડાકા અને નીચે મહાસાગરે માઝા મેલી હોય તેવું જળબંબાકાર :

સમજદાર ઘોડો ડુંગરાળ જમીન પર ડાબલા ઠેરવતો ઠેરવતો ચાલ્યો જાય છે. એક ઝૂંપડાની ઓસરી પાસે આવીને ઊભો. ઊભીને એણે દૂબળા ગળાની હાવળ દીધી.

સુસવાટ દેતા પવનમાં ઘોર અંધારે ઝૂંપડીનું કમાડ ઊઘડ્યું. અંદરથી એક કામળી ઓઢેલી સ્ત્રી બહાર નીકળી, પૂછ્યું, કોણ ?



કોઈ અસવારનો બોલાશ ન આવ્યો. નેસડાની રહેનારી નિર્ભય હતી. ઢૂંકડી આવી. ઘોડાના મોં ઉપર હાથ ફેરવ્યો. ઘોડાએ જીભેથી એ માયાળુ હાથ ચાટી લીધો.

માથે કોણ છે, મારા બાપ ? કહીને બાઈએ ઘોડાની પીઠ ઉપર હાથ ફેરવ્યો. અસવાર ટાઢોહીમ થઈને ઢળી પડ્યો છે અને ઘોડાની ડોક અસવારના બે હાથની મડાગાંઠ વસી છે.

વીજળીનો ઝબકારો થયો તેમાં અસવાર પૂરેપૂરો દેખાયો.

'જે હોય ઈ ! નિરાધાર છે. આંગણે આવ્યો છે. જગદંબા લાજ રાખશે.' કહી બાઈએ અસવારને ઘોડા ઉપરથી ખેંચી લીધો. તેડીને ઘરમાં લઈ ગઈ, ખાટલે સુવાડ્યો. ઘોડાને ઓશરીમાં બાંધી દીધો.

આદમી જીવે છે કે નહીં ? બાઈએ એના હૈયા ઉપર હાથ મૂકી જોયો. ધબકારા ચાલતા લાગ્યા. સ્ત્રીના અંતરમાં આશાનો તણખો ઝગ્યો. સગડી ચેતાવી અડાયા છાણાં અને ડુંગરાઉ લાકડાનો દેવતા થયો. ગોટા ધગાવીને સ્ત્રીએ ટાઢા-બોળી શરીરને શેકવા લાગી પડી. ઘરમાં બીજું કોઈ નહોતું.

શેક્યું શેક્યું પહોર સુધી શેક્યું પણ શરીરમાં સળવળાટ થતો નથી. બેભાન પુરુષને ભાન વળતું નથી. છતાં જીવતો છે. ઊંડા ઊંડા ધબકારા ચાલી રહ્યા છે.

સ્ત્રીનો જીવ મૂંઝાવા માંડ્યો. ઉપાય જડતો નથી. માનવી જેવા માનવીનું ખોળિયું પોતાની સામે મરવા પડ્યું છે. ઓચિંતો એના અંતરમાં અજવાસ પડ્યો. પહાડોની રહેનારીને પહાડી વિદ્યાનું ઓસાણ ચડ્યું. ઘડીક તો થડકીને થંભી ગઈ.

''ફકર નહિ ! દીવો તો નથી. પણ ઈશ્વર પડે તો અંધારેય ભાળે છે. ફકર નહિ. આ મળમૂતરની ભરેલી કૂડી કાયા બીજે ક્યાં કામ લાગશે ? અને આ તો મડું છે. મારું પટે છે ફરક નહિ.'' (સૌરાષ્ટ્રની રસધાર, પૃ. ૧૫૦, ૧૫૧)

જુવાન ચારણીએ પોતાનું શરીર એ ઠરેલા ખોળિયાની પડખે લાંબું કર્યું. કામળીની સોડ તાણી દીધી. પોતાની હૂંફાળી ગોદમાં એ પુરુષને શરીરનો ગરમાવો આપવા લાગી.

ધીરે ધીરે ધબકારા વધ્યા. અંગ ઊનાં થવા લાગ્યાં. શરીર સળવળ્યું અને સ્ત્રીએ ઊભી થઈ લૂગડાં સંભાળ્યાં. ટોપલી ભરીભરીને એ પુરુષના મોંમાં દૂધ ટોયું.

પ્રભાતે પુરુષ બેઠો થયો. ચકળવકળ ચારે બાજુ જોવા માંડ્યો. એણે પૂછ્યું 'હું ક્યાં છું ? તમે કોણ છો, બોન ?' તું તારી ધરમની બોનની ઘેર છો બાપ. બીશ મા. બાઈએ બધી વાત કહી. આદમી ઊઠીને એના પગમાં પડી ગયો.

બાઈએ : તું કોણ છો, ભા ?

'બોન, હું એભલવાળો.'

'એભલવાળો ? તળાજુ ? તું દેવરાજા એભલ ?'

ત્યારપછી એભલવાળો આખી વાત માંડે છે કે એક વાણિયાએ પોતાની જારની ખાણો ખપાવવા શ્રાવકના કોઈક જતિ પાસે દોરો કરાવી કાળિયારની શિંગડીમાં ડગળી પોડી તેમાં દોરો ભરી, ડગળી બંધ કરી, બારે મેઘ બાંધ્યા છે.એ દોરો નીકળે ત્યારે જ મેં વરસે જંગલમાં કાળિયારો કેડો લીધો. આઘે આઘે નીકળી પડ્યો. ડુંગરમાં કળિયારને પાડીને શિગડું ખોલાવ્યું ત્યાં તો મેઘ તૂટી પડ્યો. હું રસ્તો ભૂલ્યો. થીજી ગયો. પછી શું થયું તેની ખબર નથી રહી. (એજન, પૃ. ૧૫૨)

સ્ત્રીનું નામ સાંઈ નેહડી : એનો પતિ ચારણ સાત વરસથી ગયો છે. એભલવાળો વીર પસલી લેવા આવજે, એવું કહી પ્રયાણ કરે છે.

સ્ત્રીનો પતિ આવે છે. સાંઈ નેહડી પતિને આખી વાત કરે છે. ચારણને આ ઠીક ન લાગ્યું. વળી કોઈની કાનભંભેરણીને કારણે ચારણના મનમાં શંકાનો કીડો સળવળવા લાગ છે. ટાણે-કટાણે ખિજાઈ જાય છે. કડવાં વેણ સાંભળે છે. એક વાર તો શેલાયાનો પ્રહાર કરે છે. નેહડીથી ન રહેવાયું તેથી દૂધના બોધરણામાંથી અંજલિ ભરીને આથમતા સૂરજ સંમુખ બોલે છે : હે સૂરજ ! આજ સુધી ખમી લીધું, પણ હવે બસ, હદ થઈ. જો હું પવિત્ર હોઉં તો આને ખાતરી કરાવો, ડાડા. એમ કહીને ચારણ ઉપર અંજલિ છાંટી. છાંટતાં તો સમ! સમ! સમ! કોઈ અંગારા છંટાણા હોય તેમ ચારણને રોમે રોમે આગ લાગી અને ભંભોલા ઊઠ્યા. થોડા દિવસમાં ચારણનું શરીર સડી ગયું. લોહી શોષાઈ ગયું. એક દિવસ એક કરંડિયાના રૂનો પોલ કરી, અંદર પોતાના સ્વામીના શરીરે સંતાડી તળાજા આવી એભલવાળાને ખબર કહેવડાવે છે. રાજાએ પૂછ્યું : આ કરંડિયામાં શું છે ? નેહડી માંડીને વાત કહે છે. પછી કહે છે : બત્રીસલક્ષણા પુરુષના લોહીથી આ શરીરને નવરાવું તો જ મારો ચારણ બેઠો થશે.

વાહ વાહ ! કોણ છે બત્રીસલક્ષણો ?

એક તો તું, ને બીજો તારો દીકરો અણો.



વાહ વાહ બોન ! ભાગ્ય મારાં કે મારું રુધિર આપીને હું તારો ચૂડો અખંડ રાખીશ. એક સામાન્ય ચારણબાઈની વાત છે. આમાં ત્રણ વાર્તાઓ એકમાં છે. તેના વળોટ-વળાંકો મેઘાણીની વાર્તાકલાના જણાય છે.

લોકભાષામાં વાત કરે છે. એટલે જીવંત ભાષા છે. બોલચાલની ભાષા છે. તેમાં ચારણ શૈલીનો ઉપયોગ છે. દુહાઓ પણ છે. પણ માટીમાંથી જન્મેલા આ લોકોની ઊંચાઈ દેવી-દેવતાઓ જેવી છે એ આ વાર્તાઓની આ વાર્તાઓની કથનકળામાંથી પ્રગટતી મહત્તા છે.

કુંવર અણો કહે છે કે બાપુ, એ પુણ્ય તો મને જ લેવા દો.

બાપે પોતાના સગે હાથે જ તલવાર ચલાવી. પેટના એકના એક પુત્રનું માથું વધેર્યું. ચારણીનો સ્વામી એ લોહીમાં સ્નાન કરીને સાજો થયો. એભલે પ્રાણ સાટે પ્રાણ આપીને કરજ ચૂકવ્યાં. (એજન, પૃ. ૧૫૪)

'સૌરાષ્ટ્રની રસધાર - ૧'માં 'ગરાસણી', 'આહીરની ઉદારતા', 'ભોળો કાત્યાળ', 'આહીર યુગલના કોલ', 'દેપાળ દે', 'ચાંપરાજવાળો', 'આઈ કામબાઈ', અને 'સાંઈ નેહડી' જેવી કથાઓ કથાનક અને વર્ણનશૈલીની દૃષ્ટિએ લોકકથાનાં લક્ષણો તથા કથનકળા સંદર્ભે વાર્તાના લક્ષણો ધરાવતી કથાઓ છે.

બસો-પાંચસો-સાતસો વર્ષ પહેલાંની આ બધી વાતો મેઘાણીએ નેસડે નેસડે ફરીને સંગ્રહિત કરી છે અને પ્રસિદ્ધ કરી છે. એ જમાનામાં ન્યાત-જાતના ભેદભાવ કે વાડાબંધી જેવા સંકુચિત મનોભાવોને ત્યજીને હૃદયની શુદ્ધ ભાવનાઓ વ્યક્ત કરનારા લોકો પણ હતા. હમીરજી ગોહિલનો પ્રસંગ પણ મેઘાણીએ જીવંત રીતે આલેખ્યો છે. ગંગાજળિયા ગોહિલને પ્રેમ થાય છે. કોની સાથે ? વેગડા ભીલની કાળી કાળી કન્યા સાથે. જીવનના ગોધૂલિ સમયે. એક ઊંચી રજપૂત જાતિ, બીજી ભીલ જાતિઃ એક જ રાત્રિનો ઘરવાસ... બીજે દિવસે સોમૈયાને શિર-સમર્પણ : એ લગ્નમાં વાસના ક્યાં હતી ? એક જ રાત્રિના સંબંધ માટે જીવનપર્યંતનું વૈધવ્ય સ્વીકારનાર એ ભીલ કન્યા કેવી હશે ? એક રાત્રિના એ દામ્પત્યમાંથી એક જાતિ જન્મી ચૂકી. એ જાતિને કોઈએ અપનાવેલ નથી. કોલવાણીએ સત્કારેલ છે. એવાં બેનમૂન અને જાતવંત લોહીમિશ્રણ આ ભૂમિ પર થયાં છે.

(સૌરાષ્ટ્રની રસધાર - ૪, પૃ. ૧૪)

સોરઠના પ્રેમભક્તોએ જ્યારે જ્યારે આત્માના ઉચ્ચ આદેશો સાંભળ્યા

ત્યારે ત્યારે રૂઢિનાં બંધનો તોડ્યાં છે અને આત્માની દિલાવરીમાંથી ઊંચાં માનવકુળો જન્મ્યાં છે. મેઘાણીએ આવી કથાઓનું સંપાદન કર્યું છે. જેમ જાતિ જાતિ વચ્ચે ઝનૂનો નહોતાં. તેમ ધર્મભેદનાં ઝનૂનો પણ ઉચ્ચ માનવધર્મનો આદેશ ઊતરતાં કેવી રીતે શમી જતાં ! મેઘાણીએ આવાં દૃષ્ટાંતોને રજૂ કરતી કથાઓનાં સંપાદનો કર્યાં છે.

'એક અબળાને કારણે' કથામાં સિન્ધના લંપટ રાજ સુમરાની મદભરી આંખ એક જત મુસ્લિમની ખૂબસૂરત કન્યા ઉપર ઠરી. દોઢ હજાર જેટલા જતો એ દીકરીનું શિયળ રક્ષવા નાઠા. ભલભલાએ જાકારો દીધો. મૂઠીભર પરમારોએ મૂળીમાં આશરો આપ્યો. પછી તો સૂમરાઓની તલવારો સાથે જત અને પરમારોની તલવારો તાળી દેતી લોહીને રંગ હોળી ખેલે છે. મુસલમાનની દીકરીને માટે રંગભીના ક્ષત્રિયો કપાય છે : સેંકડો પરમારણોના કસુંબલ ચૂડલા ઊતર્યા. યુદ્ધના નાદ શમી ગયા હતા. ડુંગર પર બે યોદ્ધા પડખે પડખે સૂતા સૂતા છેલ્લી સલામો દેતા હતા : એક જત બીજો પરમાર : એક મુસ્લિમ : બીજો હિન્દુ : બેઉના શરીરમાંથી લોહીની ધારા પડીને ધરતી પર રેલાવા લાગી. છેલ્લી ઘડીએ એ બેહોશ મુસલમાનને ભાન થયું કે હમણાં મારા લોહીની ધાર પરમારના લોહીની ધાર સાથે ભળશે અને છેલ્લી ઘડીએ આ પાક ક્ષત્રિય નાપાક બની અસદ્‌ગતિ પામશે. જખ્મોમાં વેતરાઈ ગયેલો જત એ લોહીનો સંગમ અટકાવવા માટે પોતાની કમજોર ભુજાને ભોંય પર પસારી પોતાના લોહી આડી પાળ બાંધીને એ પ્રવાર બીજી બાજુ વાળવા લાગ્યો. ત્યાં છેવટના શ્વાસ ઘૂંટતો પરમાર પોકારી ઊઠ્યો :

*'ઈસા સુણ, આસો કહે, મરતાં પાળ મ બાંધ*
*જત પરમારાં એક જો, રાંધ્યો ફરી મ રાંધ.'*

વીખી નાખ, ઓ ઈસા ! પાળ વીખી નાખ, પાળ તૂટી, લોહી ભેટ્યાં; સદાને માટે જતને પરમાર, લોહી ભાઈ કહેવાયા. (એજન, પૃ. ૧૬)

મેઘાણીએ હિન્દુ-મુસ્લિમ લોહીસગાઈની આવી હૃદયસ્પર્શી કથાઓનું સંપાદન કર્યું છે.

આવી જ એક કથા વાછરા ડાડાની છે. એ હતા એક ક્ષત્રિય. મહુવા પાસે દુંદાસ ગામના એ વતની હતા. વાછરા-વચ્છરાજ સોલંકી એનું નામ. ચોરીમાં પરણતાં પરણતાં રજપૂતે ધા સાંભળી.

*પોપટ પારેવા તણી રાણા રમતું મેલ્ય,*
*ઘણ આવ્યું ઘણસેર, વેગડ નાવી વાછાર.*



(હે વાછરા, જેને દૂધે દીવા બળે છે દીવા એવી વેગડ નામની ગાયને દુશ્મનો વાળી જાય છે. વારે ચડ્ય મારા બાપ.) ચોથો ફેરો અધૂરો રાખી વત્સરાજ ચડ્યો. વેગડની વહાર કરતાં ખપી ગયો. એ ત્યાગ ને એ વીરત્વને લોકોએ દેવપદ દીધું. આ વાછરો કેવળ હિન્દુનો જ નહિ મુસલમાનોનો પીર પણ બન્યો.

*વાય ઉડાણું વાછરા, મક્કે મદીનાં,*
*પોતરો અલી હુસેન જો, ભડ બુસેન જો વીય.*

કહીને પોતાનેય પીર તરીકે સ્થાપ્યો છે. આ દુહો એની સાહેદી દે છે. સૌરાષ્ટ્રના હિન્દુ-મુસ્લિમ તત્ત્વની બંધુતાની લગતી કથાઓ મેઘાણીએ સંપાદિત કરી છે.

''ગરાસણી'' એના લાઘવને કારણે ક્ષત્રિયાણીના ખમીરને વ્યક્ત કરતી કથા છે.

સૌરાષ્ટ્રી બોલીના લય-લહેકા, રૂઢિપ્રયોગો, કહેવતોથી યુક્ત ગુજરાતી ભાષા મેઘાણીની આ લોકવારતાઓની અસલ તાકાત છે અને એનું રસતત્ત્વ પણ છે.

આહીર યુગલના કોસનમાં છકડિયા દુહા જોવા મળે છે. કથાના અંત ભાગમાં બે ચરણનો દુહો પણ છે. નિહાળી જોય, પોળાં મન પાથરીએ નહિ, કાઠ ચડ્યાં નહિ કોય, (આ તો) ધંધ લાગ્યાં ધમળાઉત. અહીં પ્રયોજાયેલ 'ધમળાઉત' શબ્દનો અર્થ ધમળાના પુત્ર એવો થાય છે. આવા શબ્દ 'સુરાઉત' (સુરા ખાચરનો પુત્ર), 'કાશપરાઉત' (કાશ્યપનો યુગ), 'ઓટો ખુમાણ' કથામાં અને 'એભલ રાઉત', 'એભાઉત' (એભલનો પુત્ર), 'ચાંપરાજવાળો' કથામાં પ્રયોજાયા છે. 'ચાંપરાજવાળો', 'આઈ કામબાઈ' અને 'સાંઈ નેહુડી'માં પણ પ્રસંગોપાત્ત દુહા ટાંકેલા જોવા મળે છે. (મેઘાણી અને લોકસાહિત્ય પૃ. ૧૨૪)

સૌરાષ્ટ્રની રસધાર - ૨માં કુલ ૨૦ કથાઓ છે. રા'નવઘણ' ઐતિહાસિક કથાનક પર રચાયેલી કથા છે. એમાં સોરઠી લોકબોલીનું પ્રાચુર્ય જોવા મળે છે. કથાનું વાતાવરણ આબેહૂબ ખડું કરવા માટે જરૂરી છે એવી મેઘાણીની માન્યતા હતી. આશ્રિત નવઘણને સ્વીકારતાં દેવાયતની પત્ની કહે છે : તમ તમારે હવે ઉચાટ કરશો મા. મારે તો એક થાનોલે વાહુણ અને બીજા થાનોલે આ આશ્રિત બેયને સગા દીકરાની જેમ સરખા ઉછેરીશ. જાહલ તો વાટ્યમાં પડી પડીય વધશે. એને વાંધો નહિ. (એજન, પૃ. ૧૨૫)

'ઘોડી અને ઘોડેસવાર' એ મેઘાણીની બહુચર્ચિત કથા છે. ચારણ શૈલીની આ કથાનો આરંભ ત્રણ દુહાથી થાય છે. આ કથામાં શેત્રુંજી નદીનાં ઘસમસતાં

પૂર, વહેતાં ત્રાપો, ત્રાપા પર બેઠેલાં કાઠિયાણી અને બાળક, ત્રાપાના દોરડા પર થઈ ચડતો નાગ, માણકી વગેરેનું વર્ણન રોચક શૈલીમાં કરવામાં આવ્યું છે.

'હોથલ', 'ઓળીપો', 'દસ્તાવેજ' લોકકથાના અંશો ધરાવતી કથાઓ છે. સ્વરૂપની દૃષ્ટિએ ટૂંકી વાર્તા જેવી બની આવી છે. ડૉ. નલિન દેસાઈ કહે છે : એમાં લોકકથાના અંશો પડ્યા છે, તેમ છતાં તેમને શુદ્ધ લોકકથા ન કહી શકાય. હોથલ, પ્રેમશૌર્યને વિષય બનાવતી કથા છે. એમાં પણ ઠેર ઠેર દુહાઓનો વિનિયોગ થયો છે.

'શેત્રુંજીને કાંઠે'માં લોકજીવનની વિવિધતા - વિશેષતા નિરૂપતા સંખ્યાબંધ દુહાઓ પ્રયોજાયા છે અને તેમાં લોકકથા જેવું અસલી વાતાવરણ ખડું થયું છે. આણલદેનું અનિચ્છાએ ઢોલરા સાથે લગ્ન થાય છે. ઢોલરો પોતાની પત્ની દેવરાને સોંપવા જાય છે. લેખકે અહીં સમાજજીવનના પ્રશ્નો અને તેના ઉકેલો પણ સૂચવી બતાવ્યા છે.

'રસધાર'ની કથાઓમાં લોકજીવનના રંગો ઠેર ઠેર હોવા છતાં, તેમાં મેઘાણીના સર્જકત્વની છાપ ઝિલાયેલી જોવા મળે છે. તેથી મેઘાણી અહી સર્જક તરીકે પણ ઊપસી આવ્યા છે. એટલું જ નહિ, એમાં લેખક તરીકે - સંપાદક તરીકે નહિ - એમનું નામ મુકાયેલું છે એથી શું સૂચવાય છે ? એ જ કે મેઘાણી લોકકથાના રૂપમાં ઢાળેલી વાર્તાઓના સર્જક લેખક છે. આ વાર્તાઓ બની આવી હોય એવી લોકકથાઓ જ છે. પણ તે શુદ્ધ લોકકથાઓના ક્ષેત્રમાં ન મૂકી શકાય.

(એજન, પૃ. ૧૨૭)

**નિષ્કર્ષ :**

ધીરુ પરીખ, યશવંત શુક્લ, વિનોદ અધ્વર્યુસંપાદિત 'ઝવેરચંદ મેઘાણી જન્મશતાબ્દી અધ્યયન ગ્રંથ'માં પ્રકાશિત લેખમાં હસુ યાજ્ઞિક યથાર્થ રીતે કહે છે :

'સૌરાષ્ટ્રની રસધાર'ના પાંચ ભાગ ગુજરાતી સાહિત્ય માટે તો ગૌરવરૂપ છે જ, તે સાથે જ લોકસાહિત્યના પ્રેમ — પ્રચાર — પ્રસારમાં એનું જે યોગદાન છે તે બહુમૂલ્ય છે. વહી ગયેલા કાળને શૌર્ય, શીલ, વટ, વહેવાર, ખાનદાની, ઊંડી, અને વ્યાપક સૂઝશક્તિ, મર્મમાં પ્રવેશી જાય એવાં આલેખનો, લાક્ષણિક સોરઠી પ્રયોગ, રસ-જિજ્ઞાસા ઉત્તેજવા—પોષવાની શક્તિ... આવી અનેક દૃષ્ટિએ આ કથાઓ ઉત્તમ છે. એ વિશે કોઈ શંકા નથી, પરંતુ સર્વસામાન્ય રીતે સ્વીકારાતું આવ્યું છે તેમ, આ ગ્રંથશ્રેણીની મોટાભાગની કથાઓ તાત્ત્વિક રીતે લોકકથા નથી. આથી ''સૌરાષ્ટ્રની રસધાર'' લોકકથાઓનું સંપાદન નથી પરંતુ વ્યક્તિવિશેષ



માટે સંબંધિત પ્રદેશવિસ્તારમાં પ્રચલિત બનેલા કિસ્સાઓ છે. એ રીતે LEGENDના પ્રતિરૂપ જેવા ANECDOTES છે (એનેકડોટ્સ) ટુચકો નથી પણ કોઈ વ્યક્તિ-વિષયક ઘટના છે.

(ઝવેરચંદ મેઘાણી જન્મશતાબ્દી અધ્યયનગ્રંથ, પૃ. ૧૫)

આ રીતે 'સૌરાષ્ટ્રની રસધાર'ની લોકકથાઓમાં મેઘાણીએ લોકકથાઓના આલેખનમાં સંપાદક ઉપરાંત સર્જનાત્મક દૃષ્ટિકોણ અને કૌશલ્યને કારણે વાર્તા-લેખક તરીકે પોતાની ઓળખ ઊભી કરી છે એમ કહેવું એ ઉચિત ગણાશે. તેઓ લોકસંસ્કૃતિનાં પુરા જ્ઞાતા હતા એમને ખરીમાહિતિ પૂરી પાડનારા અનેક તજ્જ્ઞોની સહાય હતી. પરંતુ એમને પ્રાપ્ત પ્રાણવાન માહિતી સૌંદર્યાનુભવ કરાવે એવી રીતે પ્રસ્તુત કરવાની એમની પોતીકી મેઘાણીશૈલી એમની પાસે હતી, એટલે મેઘાણી સંપાદિત લોકકથાઓ એમાં મેઘાણી માત્ર સંપાદક જ નથી પરંતુ એમનું સમુચિત સર્જક કર્મ કથનશૈલીના માધ્યમે પ્રવેશ્યું છે. જે એમની લોકકથાઓને સર્જનાત્મક તેજ અર્પનાર જીવંત બનાવનારું ઘટક જણાય છે.

મેઘાણી પાસે સચોટ અને બળકટ એવી કથનશૈલી છે જ અને સોરઠી બોલીના પ્રયોગોથી તે વિશેષ અસરકારક પણ બની છે.

પ્રમોદકુમાર પટેલ પણ બહુ સાચી રીતે નોંધે છે :

'મેઘાણીમાં દૂરના કે નજીકના ભૂતકાળની લોકોની વાર્તા છે. પણ તે ઇતિહાસ કે ગર્ભમાં પડેલી કે માટીમાં દબાઈ ગયેલી હોય પણ તે કંઠોપકંઠ ચાલી આવેલ લોકકથાઓનું વાર્તા રૂપે સંકલન કર્યું છે. જેના તેઓ લેખક છે, સંપાદક નહીં લોકકથાઓ ને વાર્તારૂપ અભિવ્યક્તિના સર્જક છે. ઘટના ક્યાંક ને ક્યાંક બની ગયેલી છે ને લોકમુખે આવે છે. પૈશાચી ભાષા છે. લોકોની ભાષા છે. દૃશ્ય હોય; સુસંસ્કૃત ના હોય. કેળવાયા વગરના અને અશિક્ષિત લોકોની વાર્તા છે. તેમાં પશુપંખીની વાતો, લોકોની વાતો છે. એમાં વર્ગભેદ, જાતિભેદ, ભાષાભેદ એવો ભેદ નથી; માત્ર પ્રેમનો પક્ષપાત લીધો છે. એમાં શૌર્ય, પરાક્રમ, વીરતા, પ્રમાણિક, ખુદ્દારી છે. અહીં દુષ્ટો ઓછા છે અને નાયક-નાયિકા વધારે છે. દરેક જાતિમાંથી આવેલા છે. નીચલા વર્ણમાંથી પણ આવેલા છે. પૌરાણિક પાત્રો, સ્વર્ણિમ ભવ્ય-દિવ્ય પુરુષોનું આલેખન હોય એમ નથી પણ જનસાધારણમાંથી જ આ નાયિક-નાયિકાઓ આવે છે. રાજાનું વાણી-વર્તન પણ જનસાધારણ જેવું જ હોય છે.

વીરકથા - પ્રેમકથા - સાહસકથા છે. આપણે આઝાદીના જંગે ચડ્યા એ વાતાવરણ હતું તેનો પ્રભાવ અહીં ઝિલાયો છે. જીવનની મુક્તિને માણનારા લોકો

હતા તો લોકોમાં પરાક્રમ વીરતા ત્યાં, બલિદાનની વાર્તાઓ સાંભળવા મળે છે. આ સંઘોર્મિનું સર્જન આમ જનતાના હૃદયમાંથી નીકળેલુંને આનંદ આપતું લોકસાહિત્ય છે. તળપદા, નિરાલંકાર, નિખાલસ, જીવન પાછળ રહેલા સંસ્કાર છે. લોકસાહિત્યમાં પ્રગટ થાય છે. જનવાણીનો નિચોડ છે.

(ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૪, પૃ. ૫૩૯, ૫૪૦)

‘સૌરાષ્ટ્રની રસધાર’નો ઉંડાણથી અભ્યાસ કરતાં પ્રતીતિ થાય છે કે મેઘાણી શૈલીથી આલેખાયેલી એ લોકકથાઓમાં વાર્તાકળા સ્વરૂપનાં ઘટકો સહજતાથી સચવાયા હોઈને એ જેટલી લોકકોઠાની છે એટલી જ મેઘાણીકોઠાની પણ છે. મેઘાણી સ્પર્શે એ ખીલી-ખૂલી અને વિશેષ આસ્વાદ્ય બની રહે છે.

૧૦

# અતુલ્ય વારસો : લોકવાદ્ય ડેરા

## વિક્રમ ચૌધરી

ભારતની સૌથી પ્રાચીન સભ્યતાની લોક કલાઓમાં લોકસંગીત, લોકનૃત્ય અને લોકવાદ્યોનું સર્જન રહ્યું છે. લોકકલાઓ લોકજીવનમાં સહજ જન્મે અને પરંપરામાં આગળ વધે છે. લોક હૃદયનું આનંદ-સ્પંદન ગીત-સંગીત, કલા, નૃત્ય, મેઘધનુષી વેશ વગેરે સંયોજનનું સુંદરતમ પ્રતિબિંબ અને તેની અભિવ્યક્તિ એટલે લોક સંગીત. લોક સંગીત આદિમકાળથી લોક જીવનનું અંગ બની લોક હૃદયમાં સતત ધબકે છે. લોક ધબકાર સુર, તાલ અને લય, નૃત્ય, ગીત, વગેરે જુદા જુદા રૂપમાં સંભળાય છે. લોક હૃદયને સ્પંદિત કરતા આ ધબકારમાં આંતરિક ભાવજગતનો વાસ્તવિક પરિચય પણ મળે છે.

માનવ મનની નાજુક અનુભૂતિઓની અભિવ્યક્તિ સંગીતમાં સહજરૂપમાં થાય છે. જીવનના જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા સ્વરૂપમાં ગાતા રહેવાની પરંપરા એજ માનવ સ્વભાવ બનીને પ્રગટતો જોવા મળે છે. બાળ જન્મના સ્પંદનો, યુવા સંવેદનાઓ, અભિસારીકાના સ્વપ્નાઓ, મિલન-વિરહ, લગ્ન, પૂજા, પ્રાર્થના, સામાજિક જીવનના પ્રસંગો કે કુદરતની વિવિધ લીલાઓનું દર્શનથી શબ્દો સહજ જન્મે ને સરી પડે છે.

જગતની ઘણી પરંપરાઓ પ્રાચીન કાળથી એના એ સ્વરૂપે વહેતી



પરંપરાઓ પૈકીની આદિવાસી ઓની લોક સંગીતની પરંપરા એક છે. આદિવાસીઓના સંગીતના વાદ્યો બનાવવાની અને એમાંથી સૂર સર્જનની સંગીતની પરંપરા અદભૂત રહી છે. જુદા જુદા આકારના ઢોલ, તુર, માદળ, ઢાક, પાવો, પાવરી, કાહળે, વિવિધ આકારનું ડોવળું (ડોબરું), જુદી દેવ ડોવળી, નાની મોટી થાળી, ટીંગરી, ઘાંઘળી, ટારપું, તંબુરો, દેવ લાકડી, કીરચો, ડેરા, વાંસળી, નગારું વગેરે વાદ્યો પ્રકૃતિના જુદા જુદા તત્ત્વો ભેગા કરી બનાવવા ને તેનું જ્ઞાન મૌખિક પરંપરા આગળ વધવું એ લોકસંગીતની વિશેષતા છે.

આદિવાસીઓના વાદ્યો પ્રકૃતિના તત્ત્વોનો ઉપયોગ કરી બનાવવામાં આવે છે. લાકડું, વાંસ, ઝાડ, છોડ, તુંબડા, દૂધી, જાનવરોના શિંગડા, ચામડાં, પક્ષીઓનાં પીંછા અને જુદા જુદા ઝાડ કે વનસ્પતિના પાંદડામાંથી બનાવવામાં આવે છે. આ વાદ્યો પૈકી દેવ ડોવળી, પાવરી, ડેરા, દેવ લાકડી, ઢાક, માદળ વગેરે વાદ્યો દેવવાદ્યો હોવાથી વગાડનાર કલાકાર એની પવિત્રતા જાળવે છે અને બીજા માટે પણ એવો આગ્રહ દરેક રાખે છે. વાદ્યો બનાવવા, વાગડવા, સુર વગેરે બાબતો સાથે જુદી જુદી માન્યતા અને શ્રદ્ધા જોડાયેલી છે.

આ વાદ્યો પૈકી કેટલાક કાળમાં લુપ્ત થઈ ગયા હશે એવું અનુમાન જરુર કરી શકાય. વાદ્યો ખુલ્લામાં વગાડી અને સાંભળી શકાય એવા ને પ્રકૃતિ-ઋતુચક્ર સાથે જોડાયેલા જોવા મળે છે. આ જોડાણ માનવ જીવનના પ્રસંગો અને સમય સાથે રહ્યું છે.

કુદરતી તત્ત્વોના ઉપયોગથી કલાત્મક વાદ્યોનું સર્જન, એમાંથી નીકળતી કર્ણપ્રિય સુરાવલી, એનો લય અને તાલમાં દરેક વાદ્યના કે નૃત્યના જુદા જુદા ચાળા આદિવાસીઓની સંગીતની વિશેષતા રહી છે. જેમાં આદિવાસી પ્રાચીનતમ સભ્યતાના આદિમ સંગીત અને લોક કલાના ઉત્તમ દર્શન થાય છે. આ લોક સુર આજે અસુરક્ષાની સ્થિતિ તરફ જઈ રહ્યો તેનું ચિંતન સૌએ કરવું રહ્યું.

આદિવાસી સંસ્કૃતિની કલ્પના ગીત, સંગીત અને નૃત્ય વગર શક્ય નથી. લોકસંગીત આદિવાસીઓના જીવનનો એક ભાગ રહ્યો છે. સહજ કળા નિર્માણની શક્તિ તેમના દરેક જીવન ઉપયોગી સાધન સામગ્રી બનાવવાની દરેક ક્રિયાઓમાં જોવા મળે છે. જીવન ઉપયોગી સાધન સામગ્રીને કલાત્મક રૂપમાં ઢાળી સંગીત રેલાવવાની અદભૂત શક્તિ દર્શન આદિવાસીઓના જુદા જુદા સંગીતના વાદ્યો જોતા હોય છે.

ડેરા પશ્ચિમ ભારતના ગુજરાતની દક્ષિણે આવેલ ડાંગ જિલ્લાની આદિવાસી

જાતિ કુંકણાઓનું લોકવાદ્ય છે. ડેરા કુંકણા સ્ત્રીઓનું ઘન અને તંતુ બેંને પ્રકારોના ગુણો ધરાવતું લોકવાદ્ય છે. ડેરા વાદ્યનો વારસો સાચવીને શ્રીમતિ ઝીમાબેન શીવાજીભાઈ ભોયે, શ્રીમતિ સરૂબેન સયુભાઈ, શ્રીમતિ સુંદરબેન બાપુભાઈ ગાંવીત, શ્રીમતિ સુરગબેન સોમાભાઈ અલવર, શ્રીમતિ સાયકુબેન માહરુભાઈ ભોયેનો એક માત્ર સમુહ ગાઢવી તા. આહવા-ડાંગમાં છે. આ બહેનો ડેરા પરંપરા પ્રમાણે નહીં પરંતુ આદિવાસી કલાની પ્રસ્તુતી માટેનું આમંત્રણ મળે ત્યાં જ વાદન કરે છે. આ સ્થિતિ જોતા થોડા સમયમાં ડેરાનો સુર ભૂતકાળ બની જવાની સંભાવનાઓ રહેલી છે. થોડા વર્ષો પહેલાં ડાંગ જિલ્લાના દરેક ગામમાં વાઘ બારસના દિવસથી શરુ કરી બાઈ બીજના દિવસ સુધી ડેરા વાદન થતું હતું.

વાઘ બારસને દિવસે વગાડવાની પરંપરા આજે ભૂતકાળ બની ગઈ છે ત્યારે ડેરા વાદ્ય બનાવવાની કળાને વારસો સાચવવાના એક ભાગ રુપે આ પ્રયાસ છે. ડેરા બનાવવા માટે એક માટીનો ઘડો, સાગના પાન, ત્રણેક હાથ લાંબું મોર પીચ્છ, સુતરનો દોરો, શણની દોરી અને ઘડા પર ચિત્રો દોરવા માટે ચૂનો, શણગાર માટે સિંદુર અને વડની વડવાઈમાંથી બનાવેલ પીંછીની જરુર પડે છે. આ સામગ્રીનો કલાત્મક ઉપયોગ કરી ડેરામાંથી કર્ણપ્રિય સૂર નીકળે એવી કલાનું સર્જનની કલા ધીરે ધીરે પણ લુપ્ત થવાના આરે છે ત્યારે ડેરા વાદ્યનો સામાન્ય પરિચય મહત્ત્વનો બનેશે એવી અપેક્ષા છે.

કુંભાર પાસેથી માટીનો ઘડો ખરીદી, ઘડા પર સફેદ ચૂનો અને સિંદૂરથી વાઘ, નાગ, વીંછી વગેરના ચિત્રો દોરી સુંદર અને પ્રતીકાત્મક બંને રૂપમાં ઢાળવાનું કામ પુરુષ કરે છે. (આદિવાસીઓ વાઘ, નાગ, વીંછી જેવા જંગલી જીવ જંતુઓ માણસ, ગાય, ભેંસ, બકરી વગેરે પશુ ધનને નુકશાન કરે તે માટેની માનતા ચોમસાની શરૂઆતમાં રાખવામાં આવે છે. આદિવાસીઓનું જીવન જંગલ આધારિત હતું ને આજે પણ છે. વાઘબારસને દિવસે એની પૂજા પરંપરા આદિકાળથી કરતા આવ્યા છે.) માટીના ઘડામાં ત્રણ ચાર ખોબા ડાંગર-ભાતના દાણાં નાખી, દાથરા (સાગના બે પાના ભેગા કરવા)થી ઘડાનું મુખ બંધ થાય એ રીતે ગોઠવી કાઠામાં શણની દોરીથી બાંધવામાં આવે છે. દાથરા બાંધતા પહેલા સાગના પાંદડાની વચ્ચે સુતરનો દોરો પસાર કરી બે ઈંચનો ગોળાકાર બને એવી રીતે બાંધવામાં આવે છે. છેલ્લે ઘડાના કાઠાની ફરતે મોખવલે (ગલગોટા)ના ફૂલહારથી શણગારી વાદન માટે તૈયાર કરવામાં આવે છે.

મોર પીંચ્છ નીચેના ભાગે બે ઈંચ જેટલું વાળી સુતરથી બાંધવાથી સાગના



પાંદડાં વચ્ચે દોરામાં ભેરવી શકાય એવો હુક બને છે. મોર પીંચ્છના આ હુકને દોરામાં ભેરવી તંગ રાખી નીચેથી ઉપર હળવા હાથે એક પછી એક વારા ફરથી બંને હાથે ખેંચવાથી જંગલમાં વાઘ અવાજ કરે એવો સૂર સંભળાય-નીકળે છે. ખેંચવાનું સહજ અને હળવે રીતે ખેંચાય તે માટે હાથના આંગળા પાણીથી થોડી થોડી વારે ભીંના રહે તે માટે વાદન કરનારી સ્ત્રીઓ પૈકીની એક પાણી ભરેલાં લોટામાંથી પીંચ્છાને ભીનું કરે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની વસ્તીવાળા ગામોમાં દરેક ગામને સીમાડે વાઘ દેવના સ્થાનકો છે. આસો વદ વાઘ બારસને દિવસે વાઘ દેવના સ્થાનકે ગામના લોકો વાઘ દેવની પૂજા કરે છે. ડાંગમાં વાઘ દેવની પૂજા ગામના પુરુષો કરે તે પહેલાં સ્થાનક પર ગામની બહેનો ડેરાનું વાદન કરતી હતી. ડેરાનો અવાજ સાંભળીને વાઘ દેવના સ્થાનકે વાઘ આવતો ને ડેરા વાદ્યને જીભથી ચાંટીને જતો એવું વડીલો પાસેથી સાંભળવા મળે છે. વાઘ દેવના સ્થાનકે ડેરા વાદન કર્યા પછી ગામની સ્ત્રીઓ ગામમાં વગાડવાનું શરું કરે.

વાઘ બારસે વાઘ દેવની પૂજા, વાઘ દેવના સ્થાનકે ડેરા વગાડવાની પરંપરા અને દરેક ગામને સીમાડે વાઘ દેવના સ્થાનકોએ થતી વાઘ દેવની પૂજા જોતા એટલું ચોક્કસ કહી શકાય કે દક્ષિણ ગુજરાતના જંગલો વાઘના નિવાસ્થાનો રહ્યા હતા. મને પદમડુંગરીના જંગલોમાં બાળપણમાં વાઘને જોયાની સ્મૃતિ મનના કોઈ એક ખૂણામાં આજે પણ છે. પરંતુ આજે ગુજરાતના જંગલમાં વાઘ નામશેષ થઈ ગયા છે. તેની જેમ ડેરા વાદન પણ નામશેષ થવાની સ્થિતિમાં છે. વાઘ બારસને દિવસે ગામના સીમાડે વાઘ દેવના સ્થાનકે પૂજા કરવાની પરંપરા દક્ષિણ ગુજરાતના ગામોમાં આજે પણ જોવા મળે છે. પરંતુ વાઘ અને ડેરા વાદ્ય આજે દરેક ગામોમાં રહ્યાં નથી. ગઢવીનું એક સમુહ વાઘની જેમ ગુજરાતમાંથી નામશેષ થવાની સ્થિતિમાં છે.

જંગલી અને પાલતું પ્રાણીઓ અને પક્ષીઓની સાથે આદિવાસીઓના સંબંધો સદીઓથી કોઈ ને કોઈ રૂપેમાં રહ્યાં છે. ડેરા વાદ્ય આ સંબંધને જોડતી એક કડી છે. વાઘ બારસની વાઘની પૂજા, હરખી-હોબ, ડુંગર દેવ, માવલી, (નવું ધાન્ય પ્રથમ દેવને અર્પણ કરવાની પૂજા) નાંદરવો, ટેરા, લીલી ચારી (નવું ઉગેલ ઘાસ, ઝાડ-પાન અને ભાજી પૂજા અને ઔષધીની પૂજા) વગેરે પૂજાઓમાં આદિવાસીઓની દાર્શિકતાના દર્શન થાય છે. વાઘ દેવની પૂજામાં ડેરા વાદન એનું જ એક પ્રતીક છે.

ડેરા વાદન સાથે ગવાતા ગીતમાં ડેરાની સર્જન કલાનો પરિચય મળે છે એવો પરિચય કોઈ વાદ્યનો કદાચ મળતો હશે. હળવા હાથે મોરના પીંચ્છને નીચેથી ઉપર હળવા હાથે ખેંચવાથી હુંઉં..... હુંઉં.... હુંઉં... હુંઉં.... ધ્વનિની સાથેના શબ્દો સાંભળીએ ત્યારે જ ખરો પરિચય કેળવાય. ધ્વની અને ગીતના શબ્દો ભૂતકાળ બને તે પહેલાં સાંભળવાની જીજ્ઞાસા કદાચ ડેરાને નવું જીવન બક્ષે એવું પણ બને.

હયે...કુંભારી ઘડા વ...અ... (૨)
હયે...સાગને પાના વ...અ... (૨)
હયે...રાવયે સુતા વ...અ... (૨)
હયે...મોરયે પીંછા વ...અ... (૨)
હયે...મુખવલે ફૂલા વ...અ... (૨)
હયે...ડોંગરે પાની વ...અ... (૨)
હયે...વાગુયે દેવાં વ...અ... (૨)
હયે...નાંગુયે દેવાં વ...અ... (૨)
હયે...મહાદેવાં વ...અ... (૨)
હયે...પાર્વતી દેવાં વ...અ... (૨)
હયે...ખંડેરાંવ દેવાં વ...અ... (૨)
હયે...બરમ દેવાં વ...અ... (૨)
હયે...સૂરેય દેવાં વ...અ... (૨)
હયે...ઈમાયી દેવાં વ...અ... (૨)

આ...કુંભારનો... ઘડો... હો
આ...સાગના...પાંદડા...હો
આ...સુતરનો દોરો...હો
આ...મોરનું... પીંછું...હો
આ...ગલગોટાના...ફૂલ...હો
આ...ડુંગરનું પાણી...હો.
આ...વાઘ દેવ...હો
આ...નાગ દેવ...હો

ડેરા વાદ્ય બનાવવાની સામગ્રીનો પરિચય અને દેવોની સ્તુતિગાન ગીતમાં વણાયેલો જોવા મળે છે. વાદ્યની સામગ્રી ગીતમાં વણી લેવાની પરંપરાથી કળા



સર્જનને મહત્ત્વનો આધાર મળે છે.

વાઘ દેવના સ્થાનકે ડેરા વાદન કર્યા પછી ગામનાં દરેક ઘરે જઈ વાદન કરવાની પરંપરા હતી. ત્યારે વાઘ દેવને માનનારા લોકો બહુ જ શ્રદ્ધાથી ડેરાની આરતી ઉતારે, નમન કરી, પૈસા, અનાજ સુપડામાં ઘરમાંથી લાવીને ડેરા વાદન કરનારી બહેનોને આપે છે. આ વખતે વાઘ દેવનો પવન ઘણાં લોકોને આવી જાય ને વાઘ જેવો અવાજ કાઢી ચાર પગે ડેરા પાસે જઈ નમન કરે. જે તે ગામ વાદન કર્યા પછી આસપાસના ગામડાંઓમાં ભાઈબીજ સુધી વાદન કરવાની પરંપરા હતી. વાઘ બારસથી ભાઈ બીજ અને અખાત્રી ત્રીજના દિવસે એમ વર્ષમાં માત્ર સાત દિવસ જ વાદન થતું હતું. ભારતીય સભ્યતાની નાની છતા મહત્ત્વની ડેરા વાદનની પરંપરા ભૂતકાળ ન બને એની ચિંતા દરેકને થાય એ સ્વાભાવિક છે.

❖

૧૧

# દક્ષિણ ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિની આછી ઝલક : 'ઘોડિયા જાતિની અન્ય લોકવિદ્યા'

બિપિન આશર

સૌરાષ્ટ્ર લોકસાહિત્યની ફળદ્રુપ ભૂમિ છે. આ ભૂમિમાં જેટલું લોકસાહિત્ય લોકોની કંઠસ્થ પરંપરામાં આજ પર્યંત વહેતું રહ્યું છે તે વિશે કંઈ-કેટલાય લોકસાહિત્યજ્ઞોએ સંશોધનો કર્યાં છે અને કંઠસ્થ પરંપરાને લિખિત પરંપરામાં પરિવર્તિત કરીને આધુનિક સમાજમાં સુલભ બનાવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા પાંચેક દાયકાઓથી આ ક્ષેત્રમાં વિવિધ પ્રકારનાં સંશોધનો થતાં રહ્યાં છે. કંઠસ્થ પરંપરાની સાથે જ સંકળાયેલ લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, સંતસાહિત્ય સંદર્ભે ત્રીસેક જેટલા પીએચ.ડી. શોધનિબંધો લખાયા છે અને એંશીથી વધુ લઘુશોધનિબંધો તૈયાર કરાવાયેલા છે. લોકસાહિત્યના એક મહત્ત્વના કેન્દ્ર તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ગુજરાત સરકારનું ધ્યાન પણ ખેંચ્યું છે અને છેલ્લાં ત્રણેક વર્ષ પૂર્વે 'મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'ની સ્થાપના કરી છે. આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્યનાં સંશોધન, સંરક્ષણ, સંવર્ધન અને સંપાદનને જુદી જુદી રીતે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયા છે જે ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના એક વિદ્વાન તરીકે સમગ્ર ગુજરાતમાં સુપ્રસિદ્ધ થયા છે. એમના માર્ગદર્શન હેઠળ વીસ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને ૬૦



વિદ્યાર્થીએ એમ.ફિલ.ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓએ મુખ્યત્વે કંઠસ્થ પરંપરાને કેન્દ્રમાં રાખીને શોધનિબંધો - લઘુશોધનિબંધો તૈયાર કરાવ્યા છે. એમણે જુદી જુદી જાતિના લોકસાહિત્ય વિશે જે સંશોધનો કરાવ્યાં છે તેમાંનું એક છે : 'દક્ષિણ ગુજરાતના ઘોડિયા જાતિનાં સંસ્કારગીતો : એક અધ્યયન.' આ શોધનિબંધ જે.જે. કુંડલિયા કૉલેજ-રાજકોટમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતાં ડૉ. ભારતી એમ. પટેલે તૈયાર કર્યો છે અને એના જ એક ભાગ રૂપે **'ઘોડિયા જાતિની અન્ય લોકવિદ્યા'** પુસ્તક તાજેતરમાં પ્રકાશિત થયું છે.

ડૉ. ભારતી એમ. પટેલ દક્ષિણ ગુજરાતનાં રહેવાસી છે અને ઘોડિયા જાતિનાં જ છે તેથી એમણે પોતાના શોધનિબંધના વિષય તરીકે પોતાની જાતિનાં સંસ્કારગીતો જ પસંદ કર્યાં છે. આ વિષય નિમિત્તે તેઓએ જે સંશોધનકાર્ય કર્યું છે તે એમની વિષય પરત્વેની નિષ્ઠાનો તો પરિચય કરાવે છે, પરન્તુ સાથોસાથ એમણે લીધેલા અથાગ પરિશ્રમની ગવાહી પૂરે છે. 'ઘોડિયા જાતિની અન્ય લોકવિદ્યા' શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલું પુસ્તક રૂપેરંગે તો આકર્ષે તેવું છે જ, પરન્તુ તેમાં ડોકિયું કરીએ છીએ ત્યારે તેમાં સંશોધકે જે રીતે વિષયની માંડણી કરી છે અને સાદ્યન્ત સંશોધનની શિસ્તને જાળવી રાખી છે એ અને તેની આ આંતરસામગ્રી પણ સત્ત્વશીલ લાગે છે.

આદિવાસી લોકસાહિત્ય વિશે હમણાં હમણાં ઘણું કામ થતું રહે છે. દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતી આદિવાસી ઘોડિયા જાતિ વિશે પણ કેટલાક વિદ્વાનોએ કામ કર્યું છે, પરન્તુ ભારતીબહેને શોધનિબંધ સંદર્ભે અહીં જે કામ કર્યું છે તે વિશેષ નોંધપાત્ર છે. આ પુસ્તક મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ જે જાતિની લોકવિદ્યા વિશે વાત કરવાની છે તેની ભૂગોળ, ઈતિહાસ, પર્યાવરણ, ઉત્પત્તિ વગેરેની વિગત આપતો પ્રથમ વિભાગ છે : 'દક્ષિણ ગુજરાત અને તેનું લોકપર્યાવરણ' તેમજ બીજો વિભાગ છે 'દક્ષિણ ગુજરાતની ઘોડિયા જાતિની અન્ય લોકવિદ્યા' જેમાં લોકનૃત્યો, લોકમાન્યતા, બાળરમતો, લોકસંગીતના લોકવાદ્યો અને લોકનાટ્યની ચર્ચા કરવામાં આવી છે. આ બંને વિભાગોમાં મુકાયેલી વિગતો શાસ્ત્રીયતા અને શ્રદ્ધેયતા ધરાવે છે.

પ્રથમ વિભાગમાં દક્ષિણ ગુજરાતનો ભૌગોલિક રીતે પરિચય કરાવતાં આ પ્રદેશમાં આવેલી નર્મદા, તાપી, ઓરંગા, અંબિકા, પૂર્ણા જેવી નદીઓ; સાપુતારા જેવા હિલસ્ટેશન; કાકરાપાર, ઉકાઈ ડેમ, કેલિયા, ઝૂઝ મધુબાડેમ જેવા જળસંગ્રહો, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં આવેલાં નાનાં-મોટાં જંગલો અને

તેના પ્રાકૃતિક સૌંદર્યનો સંક્ષિપ્ત નિર્દેશ કરવામાં આવ્યો છે. આ સાથે આદિવાસી પ્રજાનાં લોકજીવન, ખેતી-ધંધા-ઉદ્યોગ, ખનિજ-સંપત્તિ, આબોહવા-વરસાદ, માર્ગ અને વાહનવ્યવહાર તથા પ્રાચીન ઐતિહાસિક સ્થળોની માહિતી આપવામાં આવી છે. ગુજરાતની આદિવાસી જાતિઓ, આદિવાસી શબ્દનો અર્થ, આદિવાસીની વિવિધ વ્યાખ્યાઓ, આદિવાસીઓની વિવિધ શાખાઓ-જાતિઓ, ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ (ભીલ, દુબળા, નાયક-નાયકડા, ઘોડિયા વગેરે) વિશે વિદ્વાનોએ જે પૂર્વે સંશોધનો કર્યાં છે તેનો આધાર લઈને અહીં એ વિશેની વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે. ઘોડિયા જાતિ સંશોધનનો વિષય હોવાથી ઘોળિયા શબ્દની ઐતિહાસિકતા વિશે સરસ તારણો આપ્યાં છે. ઘોડિયા જાતિની ઉત્પત્તિ અંગેનો ઇતિહાસ આ જાતિની કેટલીક દંતકથા કે વાયકાઓને આધારે આપવામાં આવ્યો છે. આ સાથે ઘોડિયા જાતિની જીવનરીતિનો પરિચય આપતાં એમનાં જાતિમાં ચાલતી લગ્નવ્યવસ્થા, મૃત્યુવિધિ, ધાર્મિક ઉત્સવો, તહેવારો પ્રતિ આછો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ વિભાગના અંતે દક્ષિણ ગુજરાતની જિલ્લાવાર ઘોડિયા જાતિની વસ્તીના આંકડા આપવામાં આવ્યા છે. સંશોધકે આ આખાય વિભાગની સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ વિગતો માટે 'ઐતિહાસિક સંશોધન', 'અતીતના ઓવારેથી', 'ભારતીય આદિવાસી સંસ્થાઓ', 'આદિવાસી - ગઈ કાલ અને આજે', 'ભારત કે આદિવાસી', 'આદિવાસી ઓળખ', 'ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ', 'ઢોરિયા સમાજનો ઇતિહાસ', 'ગુજરાતનો કલાવૈભવ' જેવા અનેક સંદર્ભગ્રંથોનો વિવેકપૂર્ણ આધાર લીધો છે.

'દક્ષિણ ગુજરાતની ઘોડિયા જાતિની અન્ય લોકવિદ્યા' શીર્ષક હેઠળ લોકવિદ્યા એટલે શું તેનો સામાન્ય પરિચય કરાવીને ઘોડિયા જાતિમાં જોવા મળતી કેટલીક લોકવિદ્યાના સ્થાન વિશે ચર્ચા કરવામાં આવી છે. આ જાતિમાં સંસ્કાર અને સંસ્કૃતિને ધ્વનિત કરતી ઘર-રહેઠાણની વ્યવસ્થાની કલા, ઘર-શણગારની કલા, લીંપણકલા, શિલ્પ-સ્થાપત્ય-ગૂંથણ-વણાટની કથા વગેરે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શાસ્ત્ર મુજબ જગ્યાનું પરીક્ષણ કરીને ઘર બાંધવાનું મુહૂર્ત કાઢીને ઘોડિયા જાતિના લોકો ઘર બાંધે છે અને આવાં ૨૦-૨૫ ઘરોના સમૂહને 'ફળિયા' તરીકે ઓળખાવે છે. ઘરમૂરતની થાંભલીના રોપણ પ્રસંગે ઘરનાં બધાં કુટુંબીજનો ઉપસ્થિત રહેતાં હોય છે. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થાંભલીનું રોપણ થતું હોય છે. આ વિધિ ઘોડિયા જાતિના ભારતીય સંસ્કારોને પ્રગટ કરે છે. સંશોધકે અહીં ઘોડિયા જાતિના મકાનોના પ્રકારો પણ દર્શાવ્યા છે. ઘરો પ્રાયઃ લાકડાં, ઘાસ અને માટીમાંથી તૈયાર કરાતાં હોય છે. ઘરની રચના, ઘર-શણગાર, લીંપણ, ભીંતચિત્રો વગેરે આ



જાતિના ઘરની કલાત્મકતા અંગેના વલણને પ્રગટ કરે છે. આ લોકો ઘાસ-વણાટ, પાંદડાંનું ગૂંથણ, વાંસનું ગૂંથણ, રેસાનું વણાટ, દોરા, ગૂંથણ-વણાટ કરતાં જોવા મળે છે. આ ગૂંથણકલા ઘોડિયા જાતિના લોકોના કલાકૌશલ્યનો સહેજેય ખ્યાલ આપે છે.

આદિવાસીનાં લોકનૃત્યો સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. દક્ષિણ ગુજરાતની ઘોડિયા જાતિનાં લોકનૃત્યો પ્રાયઃ પ્રાકૃતિક જનસંપત્તિની સાથે આગવો નાતો ધરાવે છે. પ્રાકૃતિક અવસ્થાની જ પ્રાણીની સાહજિક વૃત્તિ સાથે એમનાં લોકનૃત્યો જોડાયેલાં છે. આ પ્રકારનાં વિશિષ્ટ લોકનૃત્યો સંદર્ભે સંશોધકે નોંધ્યું છે :

''મયૂરના લયબદ્ધ ચલનની ઢેલનું આકર્ષવું, મોરપંખ ધ્રૂજવવા, કબૂતરનું ડોલવું, નાગનું ફેણ ચડાવી ડોલવું, સિંહ, શ્વાન, શિયાળ, ગાય, ભેંસ કે સાવકોનું એકબીજા સાથે ખીલવું, માછલીનું જળસપાટી પર લયબદ્ધ, ગતિ કરવું, ઊછળવું, પતંગિયાની જેમ કતારબંધ ઊડવું, ભમરાની જેમ ગોળાકારે ઘૂમવું, શ્વાન-માંજારની જેમ અવયવો સંકોચીને શક્તિ બતાવવી. કીડી જેવા જીવજંતુની ધીમી ચાલની જેમ સ્વસ્થ બનીને ચાલવું. આવી અનેકગણી ક્રીડા, લાગણી, દેહલયતા ઇત્યાદિનો પ્રભાવ આદિવાસી લોકનૃત્યોમાં અચૂક જોવા મળે છે.'' (પૃ. ૬૪)

ઘોડિયા જાતિમાં તુરનૃત્ય, ઘેરનૃત્ય અને માતાજીના સાંનિધ્યમાં રમાતું 'રમાલીનૃત્ય'ની વિગતે ચર્ચા ઉપરાંત આ નૃત્યો કયા કયા પ્રસંગે થાય છે અને નૃત્યમાં કયાં કયાં વાજિંત્રો વગાડવામાં આવે છે તેની વિગતો પણ આપવામાં આવી છે. આ લોકનૃત્યો વિશેની ચર્ચાવિચારણા સંશોધકની સંશોધનપ્રીતિની ગવાહી પૂરે છે.

ઘોડિયા જાતિની લોકમાન્યતા અને લોકસંસ્કૃતિ લોકવિદ્યાના આધારસ્તંભો છે. લોકમાન્યતા પોતે જ લોકવિદ્યાનો એક પ્રકાર ગણાય છે. અને તે લોકોનાં વિધિનિષેધોમાં, વલણોમાં તથા કહેવતોમાં ક્યાં અને કેવી રીતે પ્રગટ થાય છે તેની અહીં સદષ્ટાંત ચર્ચા કરવામાં આવી છે. અહીં આ જાતિની સંતાનપ્રાપ્તિ અંગેની વિવિધ માન્યતાઓ એમની શ્રદ્ધા-અંધશ્રદ્ધાને છતી કરે છે. આ ઉપરાંત શુકન-અપશુકન વિશેના ખ્યાલો, પશુ-પંખીવિષયક માન્યતાઓ, જીવજંતુને લગતી માન્યતાઓ, બાળકને નજર ન લાગે તે માટેની માન્યતાઓ, વરસાદને લગતી માન્યતાઓ, ખેતીવિષયક માન્યતાઓ, ઔષધીય માન્યતાઓ, મૃત્યુવિષયક માન્યતાઓની જે પ્રકારે ક્રમમાં વિગતો આપી છે તે સંશોધકની સુબોધશૈલીનો પરિચય કરાવે છે.

અહીં ઘોડિયા જાતિની બાળરમતોમાં છોકરા-છોકરીની રમત, વૃક્ષો પર રમાતી રમતો, પાણીમાં રમાતી રમતો, ઉકરડાની રમત, ખળીમાં રમાતી રમત, ઘરઆંગણાની રમત, મેદાનમાં રમાતી રમતની ચર્ચા કરતાં તેની સાથે જે જોડકણાં-બાળગીતો જોડાયાં છે તેની પણ સરસ નોંધ લેવામાં આવી છે. આ જાતિના લોકસંગીતમાં જે લોકવાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે તેનો પણ અહીં વિગતે પરિચય આપવામાં આવ્યો છે અને આ જાતિના લોકનાટ્ય વિશે પણ સંક્ષિપ્ત નોંધ લેવામાં આવી છે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં પ્રસ્તુત પુસ્તક ડૉ. ભારતી પટેલની સંશોધનપ્રીતિ, અભ્યાસનિષ્ઠાની સાથે એમણે લીધેલા અથાગ પરિશ્રમની ગવાહી પૂરે છે. આ પુસ્તકમાં આદિવાસી સંસ્કૃતિની એક આછી ઝલક પ્રસ્તુત થઈ છે. પીએચ.ડી. નિમિત્તે તૈયાર થતા શોધનિબંધોમાં આજે જ્યારે છીછરાપણું આવી ગયેલું જોવા મળે છે ત્યારે આ શોધનિબંધના એક ભાગ રૂપે પ્રકાશિત થયેલું પુસ્તક ક્ષેત્રકાર્યને કારણે તથા પૂરોગામીઓના અભ્યાસના અર્કરૂપ જ્ઞાન અને માહિતીને કારણે સંશોધન પરત્વેની આપણી શ્રદ્ધાને ટકાવી રાખે તેવું છે.

❖



## ૧૨

# લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન

### મણકો - ૨

## કૃષ્ણ-રાધાની રમ્ય રમણા

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

*કૂવાને કાંઠે એક ઝૂંપડી રે લોલ.*
*તેને ફરતી રચાવી ફૂલવાડી રે લોલ.*
*તેમાં વસે છે વનમાળી રે લોલ.*

*ફૂલવાડીમાં ફૂલ બહુ ખીલતાં રે લોલ.*
*એ તો રાધાજીને મન બહુ ભાવતાં રે લોલ.*
*ફૂલ લેવાને રાધાજી આવિયાં રે લોલ.*

*કા'ને ચૂંટ્યાં ને રાધાએ ઝીલિયાં રે લોલ.*
*તેની રાધાએ બનાવી ફૂલમાળા રે લોલ.*
*તે તો પ્રભુજીને કંઠ પહેરાવી રે લોલ.*

*વા'લા પ્રભુજીએ સ્નેહે સ્વીકારી રે લોલ.*
*તેથી રાધા બની બડભાગી રે લોલ.*
*કૂવાને કાંઠે એક ઝૂંપડી રે લોલ.*

આ લોકગીતની પ્રથમ પંક્તિ જ ગીતની અંતિમ પંક્તિ છે અને શીર્ષકમાં પણ તેને સ્થાન આપવામાં આવ્યું છે એટલે એની અગત્યતા ધ્રુવ પંક્તિ જેટલી કહી શકાય. આમેય આ ગીતમાં કોઈ ધ્રુવ પંક્તિ છે નહીં તેથી પ્રથમ પંક્તિ તેની ગરજ સારે છે. આ પંક્તિમાં બે વસ્તુઓ ઉલ્લેખાઈ છે. કૂવો અને ઝૂંપડી. અર્થાત્ કૂવો છે અને ઝૂંપડી છે. બંને ક્યાં છે ? ઝૂંપડી તો કૂવાને કાંઠે એટલે કે તેની નજીકમાં છે. કૂવો ક્યાં છે એ જાણવા માટે પ્રથમ કડીની બીજી બે પંક્તિઓ પર દૃષ્ટિપાત કરવો પડે. કૂવાની આજુબાજુ ફૂલવાડી છે અને તેમાં વનમાળી શ્રીકૃષ્ણ વસે છે. બીજી કડીમાં રાધાનો ઉલ્લેખ પણ છે. અર્થાત્ કૃષ્ણ અને રાધા જ્યાં વસે છે ત્યાં, વ્રજમાં, વૃંદાવનમાં કૂવો આવેલો છે.

આ ગીતના કૃષ્ણ મથુરા કે દ્વારકામાં રાજા બન્યા તે પૂર્વેના બાલકૃષ્ણ છે, તે ગોકુળમાં વસનાર યશોદાનંદન, ગોપીકૃષ્ણ કે રાધાકૃષ્ણ છે. લોકગીતના અનામી કવિ મોટેભાગે ગ્રામીણ વિસ્તારમાં રહેતો સીધો સાદો સામાન્ય માણસ હોય છે અને તે લોકગીતમાં પણ પોતાના જેવા માણસની જ વાત કરતો હોય છે. કૃષ્ણ-રાધા પણ તેને માટે પોતાનાં જેવાં સામાન્ય માણસો જ છે. તેથી તો લોકકવિ કૃષ્ણને ઝૂંપડીમાં વસતા બતાવે છે, મહેલમાં વસતા નહિ.

ગીતનો પ્રથમ શબ્દ છે 'કૂવો'. નગરો અને શહેરોમાંથી તો કૂવાઓ ક્યારના અદૃશ્ય થઈ ગયા છે, પણ હવે તો નાનાં ગામોમાંથી પણ અદૃશ્ય થઈ રહ્યા છે. નવી પેઢી માટે 'કૂવો' શબ્દ અપરિચિત બની રહે તો નવાઈ નહીં. આપણા જીવનમાં કૂવાનું મહત્ત્વ શું છે એવો પ્રશ્ન કદાચ કોઈને થાય. હવા, પાણી અને ખોરાક માત્ર મનુષ્ય માટે નહીં, અન્ય પશુ-પક્ષીઓ, પ્રાણીઓ માટે પણ જીવનજરૂરિયાત છે. એના વિના જીવન શક્ય નથી. શેરી, કપડાં અને મકાન એ પછીની આવશ્યકતા છે અને મનુષ્યત્વે મનુષ્ય માટે છે.

ઈશ્વરે જીવન માટે અનિવાર્ય એવી હવા સહુને નિઃશુલ્કપણે સરળતાથી ઉપલબ્ધ કરાવી છે. પાણી પણ નદી, સરોવર, ઝરણાં મારફતે ઉપલબ્ધ કરાવ્યું છે પણ આ સ્રોતો સર્વત્ર ઉપલબ્ધ નથી. એવો ઘણો વિસ્તાર હોય છે જ્યાં આ સ્રોતો સાંપડતાં નથી. ત્યાં મનુષ્યે મહેનત કરી, પુરુષાર્થ કરી કૂવો ખોદવો પડે છે. એ રીતે કૂવો માનવ પુરુષાર્થનો સૂચક છે. તે પાણી પૂરું પાડે છે અને પાણીની મદદથી મનુષ્ય અન્ન-શાકભાજી વગેરે પણ પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ જીવનની બીજી બંને જરૂરિયાત પૂરી પાડવામાં કૂવો ઉપયોગી છે. તેથી તો લોકકવિએ આ ગીતના આરંભે અને શીર્ષકમાં તેનો ઉલ્લેખ કર્યો છે. ઝૂંપડી જંગલમાં હોઈ શકે, ગામડાં



પણ હોઈ શકે, અહીં કૂવાને કાંઠે છે. વળી કૂવો બનાવનાર માણસોએ કૂવાની મદદથી કૂવાને ફરતે ફૂલવાડી રચાવી છે. કૂવા કાંઠે ફળની વાડી કે શાકભાજીની વાડી રચાવી શકાય પણ રસિક પ્રેમી લોકકવિએ ફૂલવાડીની રચના કરી છે. તેથી તો રસિકશિરોમણિ વનમાળી તેમાં વસે છે. શાક કે ફળની વાડીમાં માળી વસે, ફૂલવાડીમાં વનમાળી !

જેમાં વનમાળી વસે છે એ ફૂલવાડી માત્ર નામની જ ફૂલવાડી નથી, તેમાં પુષ્કળ પ્રમાણમાં જાતજાતનાં, ભાતભાતનાં ફૂલો ખીલે છે. રાધાજીને ફૂલો અતિ પ્રિય છે. એ ફૂલો લેવાને નિમિત્તે રાધાજી ત્યાં આવે છે. કવિએ ભલે કહ્યું કે રાધાજીને ફૂલો બહુ ભાવે છે. કવિએ 'ગમતાં' નથી લખ્યું, 'ભાવતાં' લખ્યું છે. 'ભાવતાં'માં 'ભાવ' છે, લાગણી-પ્રેમ છે. વાસ્તવમાં આપણે જાણીએ છીએ તેમ રાધાજીને કૃષ્ણ વિશેષ પ્રિય હતા. પરંતુ કૃષ્ણને મળવા આવવા માટે કશુંક બહાનું, નિમિત્ત જોઈએ જે ફૂલો પૂરું પાડતાં.

રાધાને કૃષ્ણ માટે જેવો ભાવ છે, લાગણી છે એવો જ ભાવ, પ્રેમ કૃષ્ણને પણ રાધા માટે છે. Action and reaction are equal and opposite - આ માત્ર ભૌતિકશાસ્ત્રનો નિયમ નથી, પ્રેમશાસ્ત્રનો પણ છે. રાધા ફૂલ લેવા ફૂલવાડીમાં આવે છે ત્યારે કૃષ્ણ તેમની ઝૂંપડીમાં બેસી બંસી નથી બજાવતો, તેઓ પણ ફૂલવાડીમાં આવી રાધાજીને પ્રિય પુષ્પો ચૂંટી આપે છે અને રાધાજીએ હોંસેહોંસે, પ્રેમપૂર્વક ઝીલે છે. અહીં કવિએ 'ઝીલિયાં' ક્રિયાપદ પ્રયોજી પ્રેમક્રીડાનું સૂચન સુપેરે કરી દીધું છે. કૃષ્ણે ચૂંટેલાં ફૂલો રાધાજી લેતાં નથી પણ ઝીલે છે અર્થાત્ નટખટ નંદકિશોર એ ફૂલો રાધા પર વરસાવતા હશે, ફેંકતા હશે કે પછી મારતા હશે. આવી પરિસ્થિતિમાં જ ફૂલો ઝીલવાં પડે ! કવિતામાં પ્રયોજાતો એકાદ શબ્દ પણ કેવો વ્યંજક, સૂચક હોય છે એ ભાવક જોઈ શકે છે.

કૃષ્ણે ફૂલ ચૂંટીને રાધા પર વરસાવ્યા અને રાધાએ ઝીલી લીધાં ત્યાં પ્રેમની પ્રક્રિયા પૂરી થતી નથી પણ શરૂ થાય છે. ફૂલ ઝીલી લઈ રાધા ચૂપચાપ ચાલી નથી જતી, તે પ્રેમપૂર્વક તેની ફૂલમાળા બનાવે છે અને કૃષ્ણને કંઠે પહેરાવે છે. અહીં કવિએ 'કૃષ્ણને કંઠે' નથી કહ્યું પણ 'પ્રભુજીને કંઠે' કહ્યું છે એમાં રાધાનો કૃષ્ણ પ્રત્યેનો ઉત્કટ આદરયુક્ત પ્રેમ પ્રગટ થાય છે. કૃષ્ણ રાધાનો માત્ર પ્રિયતમ નથી, પ્રભુ પણ છે.

ગીતની અંતિમ કડીમાં કૃષ્ણ-રાધાના પ્રેમની પરિણીતી વ્યક્ત થઈ છે. રાધા ફૂલમાળા બનાવી પ્રભુજીને પ્રેમપૂર્વક પહેરાવે છે ત્યારે કવિ કહે છે કે

''વા'લા પ્રભુજીએ સ્નેહે સ્વીકારી રે લોલ.'' આપણે કોઈ પ્રિય પાત્રને પ્રેમપૂર્વક ભેટ આપીએ એ જેટલું મહત્ત્વનું છે તેટલું જ બલકે તેથીયે વિશેષ તે પાત્ર તેનો સ્વીકાર કરે છે કે કેમ તથા કરે છે તો કેવી રીતે કરે છે એ મહત્ત્વનું છે. કૃષ્ણ રાધાની ભેટનો સસ્નેહ સ્વીકાર કરે છે તેથી રાધા બડભાગી બને છે, કૃતાર્થ બને છે. વાસ્તવમાં પ્રેમની પ્રક્રિયામાં બંને પાત્રોનું સરખું મહત્ત્વ હોય છે. કૃષ્ણે ફૂલો ચૂંટ્યાં તેમાં તેમનો રાધાજી પ્રત્યેનો પ્રેમ પ્રતિબિંબિત થાય છે. રાધાજી ફૂલમાળા ગૂંથે છે એમાં એમનો અનુરાગ અનુભવાય છે. પરંતુ ફૂલમાળા ગૂંથવી એ પૂરતું નથી એ પ્રેમપૂર્વક પ્રભુજીને કંઠે પહેરાવવામાં આવે અને પ્રભુજી તેનો સ્નેહપૂર્વક સ્વીકાર કરે ત્યારે જ પ્રેમ પરિપૂર્ણ થાય છે, બડભાગી બને છે. અને આ આખી ઘટના જ્યાં આકાર ધારણ કરે છે એ કૂવાને કાંઠે આવેલી એક ઝૂંપડી પણ બડભાગી બની રહે છે.

કાવ્યમાં કૂવાના કાંઠાનું કે ઝૂંપડીનું મહત્ત્વ નથી પણ તેમાં કૃષ્ણ-રાધા જે પ્રેમક્રીડા કરે છે, લીલા કરે છે એનું મહત્ત્વ છે. લોકગીતની પ્રત્યેક પંક્તિને અંતે આવતું લટકણિયું 'રે લોલ' કેવળ લયહિલ્લોળ સર્જતું નથી, કૃષ્ણરાધાની રમ્ય રમણાનો ઉલ્લાસ પણ પ્રગટાવી રહે છે.

❖



## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તરફથી નીચેની યોજનાઓ માટે હસ્તપ્રતો, સંશોધન પ્રોજેક્ટની દરખાસ્ત અને આવેદનપત્રો મંગાવવામાં આવે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય સરકાર અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના ગતવર્ષે કરવામાં આવી છે. આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, સંતસાહિત્યના સંશોધન, સંપાદન, વિવેચન, ક્ષેત્રકાર્ય અને દસ્તાવેજીકરણ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તો આ ક્ષેત્રે કાર્ય કરવા ઈચ્છનાર લોકપરંપરાના સંશોધકો-વિદ્વાનોએ પોતાની દરખાસ્ત મોકલી આપવી.

૧. આ ત્રિવિધધારા વિષયક સંશોધન પ્રોજેક્ટ રૂ. ૫૦,૦૦૦ની મર્યાદા.
૨. આ ત્રિવિધધારાના સંશોધન, સંપાદન, વિવેચન અને ક્ષેત્રકાર્ય વિષય ગ્રંથોના પ્રકાશનાર્થે રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય.
૩. આ ત્રિવિધધારા વિષયક પરિસંવાદો, તાલિમ શિબિરો, વર્કશૉપ અને લોકસાંસ્કૃતિક ડાયરાઓનું આયોજન.
૪. આ ત્રિવિધધારા વિષયક મહત્ત્વના ગ્રંથોના અનુવાદ માટે આર્થિક સહાય.
૫. લોકપરંપરા-મૌખિક પરંપરાની સામગ્રીનું ઓડિયો-વિડિયો દ્વારા દસ્તાવેજીકરણ કરવા માટે આર્થિક સહાય.
૬. 'લોકગુર્જરી' ત્રૈમાસિક-સામયિક માટે લેખો મોકલવા અંગે.

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રવર્તમાન નિયમાનુસાર કુલ ખર્ચના ૭૫ ટકા કે યોજના સામે દર્શાવેલ રકમમાંથી ઓછી હશે તે રકમ ચૂકવાશે. દરખાસ્ત મોકલવાનું સરનામું નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**અંબાદાન રોહડિયા**
નિયામક, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
ગુજરાતી ભવન, બિલ્ડીંગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

# આ અંકના લેખકો

**ડૉ. રાજેશ મકવાણા,** ગુજરાતી વિભાગ, મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ અર્બન સાયન્સ કૉલેજ, મહેસાણા. મો. ૯૮૨૪૪૨૬૫૬૨

**પ્રા. મુકેશ સ્વામી,** ૩૦૪, દર્શન ફ્લેટ, ચિંતામણી ફ્લેટની સામે, કોલેજ રોડ, પાટણ-૩૮૪૨૬૪

**ભરત પંડ્યા**, આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટસ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, મો. ૯૪૨૭૪૪૧૪૦૦

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, સંત સાહિત્ય કેન્દ્ર, ગૌસેવા - ગોસંવર્ધન ગૌશાળા, મુ.પો. ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦૩૧૧ ફોન. ૦૨૮૨૫-૨૭૧૫૮૨, ૨૭૧૪૦૯. મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪

**ડૉ. બળવંત જાની,** પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૫

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯

**ડૉ. સુહાસ એ. ડાભી,** શ્રી જે. પી. કૉલેજ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ

**ડૉ. વિક્રમ ચૌધરી**, ગુજરાતી વિભાગ, પી. આર. બી. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, બારડોલી, જિ. સૂરત. મો. ૯૪૨૮૨ ૭૮૬૯૯

**ડૉ. બિપિન આશર**, પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પ્રસાદ બ્રહ્મભટ્ટ,** ૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોર માર્ગ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧



